ન[illegible] [illegible]ાય

[ટોલ્સ્ટોયના નિબન્ધોનો અનુવાદ]

અનુવાદક

ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

ચૂપ નહીં રહેવાય

[ટૉલ્સ્ટૉયના નિબન્ધોનો અનુવાદ]

અનુવાદક

ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ

પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન પ્રકાશન મંદિર, કાળુપુર, અમદાવાદ

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૨૦૦ સન ૧૯૪૫

મુદ્રક
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ

પ્રસ્તાવના

આ પુસ્તકમાં ટૉલ્સ્ટૉયના જુદે જુદે વખતે ને જુદા જુદા અનેક વિષય પર લખેલા કેટલાક નિબન્ધોનો અનુવાદ આપેલો છે. આત્માને જીવનદીપ બનાવી તે બતાવે તે રસ્તે ચાલવું; ધર્માચરણ કરતાં રાજાની નહીં પણ રામની આણ માનવી, ને તેમ કરતાં જે કષ્ટો ને યાતનાઓ વેઠવાં પડે તે વેઠવાં; બૂરાઈનો — હિંસાનો — પ્રતિકાર બૂરાઈથી નહીં પણ ભલાઈથી — અહિંસાથી — કરવો; પ્રેમધર્મ એ જ જીવનનો સર્વોચ્ચ નિયમ છે એમ માનવું ને તેને નિરપવાદપણે અનુસરવું; ને એટલા સારુ આપણા માનવબન્ધુઓનું શોષણ આપણે ન કરવું, એટલું જ નહીં પણ બીજાઓને હાથે પણ ન થવા દેવું; ને તેને માટે જીવનને શુદ્ધ, સાદું, ખડતલ ને નિષ્પાપ બનાવવું; — આ એમના કેટલાક મુખ્ય સિદ્ધાન્તો તેમણે આ નિબન્ધો દ્વારા ઉપદેશેલા છે. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો, “ તેમનો ઉપદેશ આપણે કાને ધરવો ને અંતરમાં ઉતારવો ઘટે છે. ”

ગોધરા, ૧૪-૧-૪૫ ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ

અનુક્રમણિકા

	પ્રસ્તાવના	૨
૧.	માણુસ નશો કેમ કરે છે?	૩
૨.	પ્રથમ પગલું	૩૨
૩.	બે રસ્તા	૭૦
૪.	વિચાર કરો	૭૭
૫.	ધર્મની શક્તિ	૮૧
૬.	કલા અને સત્ય	૮૬
૭.	ભાવિ કલાનું સ્વરૂપ	૯૦
૮.	અહિંસા	૧૦૧
૯.	ચૂપ નહીં રહેવાય	૧૧૦
૧૦.	આજનો જમાનો	૧૩૪
૧૧.	શું કરવું?	૧૬૫
૧૨.	એક હિંદુને પત્ર	૧૭૯
૧૩.	ગાંધીજી જોડેનો પત્રવહેવાર	૧૯૮
૧૪.	એક જપાનીને પત્ર	૨૦૬
૧૫.	મારું પરિવર્તન	૨૧૨

ચૂપ નહીં રહેવાય

“હું માનું છું કે મારું જીવન, મારી બુદ્ધિ, મારો અંતરદીપ મને કેવળ મારા ભાઈઓમાં જ્ઞાનનો પ્રચાર કરવા માટે જ અપાયેલાં છે. હું માનું છું કે સત્યનું મારું જ્ઞાન એ ઈશ્વરે મને આ જ કામને સારુ આપેલી સંપત્તિ છે; અને એ સંપત્તિ એક એવા પ્રકારનો અગ્નિ છે કે તેનો જ્યારે વ્યય થતો હોય ત્યારે જ તે અગ્નિરૂપે પ્રજળે છે. હું માનું છું કે મારા જીવનનો એકમાત્ર અર્થ એ છે કે મારો અંતરદીપ જે રસ્તો દેખાડે તે જ રસ્તે મારે ચાલવું, અને એ દીપકને માણસો આગળ ઊંચો ધરી રાખવો જેથી માણસો તેને જોઈ શકે.”

ટૉલ્સ્ટૉય

૧

માણસો નશો કેમ કરે છે?

૧

લોકો દારૂ, ભાંગ, ગાંજા, અફીણ, તમાકુ, અને ઇથિર, મોરફિયા ચરસ વગેરે કેફ ચડાવનારી ચીજોનો ઉપયોગ કરે છે એનું કારણ શું? એ પદાર્થોનો ઉપયોગ આટલો ઝપાટાભેર કેમ ફેલાયો છે, અને હજુ પણ તે જંગલી તેમજ સુધરેલા તમામ જાતના લોકોમાં કેમ ફેલાતો જાય છે? વોડકા, વાઇન અને બીઅર જેવા દારૂ ન મળે ત્યાં અફીણ, ભાંગ, ગાંજા, ચરસ જેવી ચીજો શા સારુ વપરાય છે? અને તમાકુનો ઉપયોગ સર્વત્ર કેમ થતો હશે?

માણસોને નશો ચડાવવાનું શા સારુ ગમે છે?

દારૂ પીનાર કોઈ પણ માણસને પૂછો કે "તમે દારૂ પીવાનું કેમ શરૂ કર્યું અને હવે કેમ પીઓ છો?" તો તે કહેશે, "વાહ, શી એની લહેજત છે! દારૂ તો સહુ પીએ છે!" વળી કદાચ એ એમ પણ કહેશે, "એ પીવાથી મને સ્ફૂર્તિ આવે છે." પોતે દારૂ પીવામાં સારું કરે છે કે ખોટું એનો એક પણ વેળા વિચાર કરવાની તકલીફ જેમણે લીધી નથી એવા કેટલાક વળી કહેશે કે દારૂ આરોગ્યને લાભકર્તા છે ને શક્તિવર્ધક છે; એટલે કે તેઓ એવી વાત કહેશે જે લાંબા વખતથી નિરાધાર પુરવાર થઈ ચૂકી છે.

બીડી પીનારને પૂછો કે "તમે બીડી પીવાનું શરૂ કેમ કર્યું ને હવે કેમ પીઓ છો?" તો તે પણ કહેશે: "વખત પસાર કરવા. બીડી તો સહુ પીએ છે."

અફીણ, ભાંગ, મૉરફિયા અથવા ગાંજા કે ચરસનું સેવન કરનારાઓ પણ એવા જ જવાબ આપશે.

"વખત પસાર કરવા; સ્ફૂર્તિ લાવવા; સહુ પીએ છે." આવા જવાબ આપણે એ લોકો પાસેથી સાંભળીશું. 'વખત પસાર કરવા', 'સ્ફૂર્તિ આણવા', અથવા 'સહુ કરે છે એટલા માટે' આંગળીના ટાચકા ફોડવા, સીટી વગાડવી, સંગીતના સૂર ગગણવા, વાંસળી વગાડવી, કે એ જાતનું કંઈક કરવું તો કદાચ ક્ષમ્ય ગણાય — એટલે કે જેમાં કુદરતી સંપત્તિનો બગાડ ન હોય, અતિશય મહેનતે પેદા કરેલી ચીજનો વાપર ન હોય, અથવા તો જેનાથી પોતાને ને બીજાને દેખીતી હાનિ થાય એમ ન હોય, એવું કંઈ કામ ઉપર જણાવેલા હેતુથી કરવું કદાચ ક્ષમ્ય ગણાય. પણ તમાકુ, દારૂ, ભાંગ, ગાંજો અને અફીણ પેદા કરવાને તો કરોડો માણસો મહેનત કરે છે, અને કરોડો એકર સારામાં સારી જમીન (ઘણીવાર તો એવા મુલકમાં જ્યાં લોકોને જમીનની ભારે તંગી હોય છે) બટાટા, ભાંગ, અફીણ, દ્રાક્ષ અને તમાકુના વાવેતરમાં વપરાય છે. વળી આ દેખીતી હાનિ કરનારી ચીજોના સેવનથી એવાં ભયંકર કુપરિણામ નીપજે છે જે સહુ જાણે છે ને કબૂલ કરે છે, અને જે સર્વ યુદ્ધો ને ચેપી રોગોના સામટા સંહાર કરતાં પણ વધારે માણસોના જીવ લે છે. અને લોકોને આ વાતની ખબર હોય છે; એટલે 'વખત પસાર કરવા', 'સ્ફૂર્તિ આણવા' કે 'સહુ કરે છે એટલા માટે' આ ચીજોનું સેવન અમે કરીએ છીએ એમ એ લોકો કહે તો તે વાત સાચી નથી.

ખરું કારણ બીજું કંઈક હોવું જોઈએ. હમેશાં ને હરજગાએ આપણને એવા માણસો મળે છે જે પોતાનાં બાળકો પ્રત્યે પ્રેમ રાખે છે અને તેમને માટે સર્વ પ્રકારના આપભોગ આપવાને તત્પર હોય છે, અને છતાં જેઓ પોતાનાં ભૂખ્યાં ને દારિદ્રયપીડિત બાળકોનાં પેટ પૂરાં ભરાય, અથવા ઓછામાં ઓછું તેમની હાડમારી ટળે એટલા પૈસા દારૂ, અફીણ, ભાંગ, ગાંજા અથવા તમાકુ પાછળ ખરચે છે. એક તરફ પોતાનાં પ્રિયજનોનું — બૈરી અને બાળબચ્ચાંનું — દારિદ્રય અને કષ્ટ, અને બીજી તરફ કેફી ચીજોનો ત્યાગ, એ બેની વચ્ચે જે માણસને પસંદગી કરવાની હોય તે જો એમાંની પહેલી વસ્તુ પસંદ કરે, તો તેને તેમ કરવા લલચાવનારું કારણ દેખાદેખી કે લહેજતના કરતાં વધારે પ્રબળ હોવું જોઈએ, એ દેખીતું છે. 'વખત પસાર કરવા' કે માત્ર 'સ્ફૂર્તિ આણવા' તે આવું કામ ન જ કરે. તેને તેમ કરવા પ્રેરનારું કારણ વધારે બળવાન હોવું જોઈએ.

મેં આ વિષય પર ઘણું વાંચ્યું છે, અને બીજા માણસોનું અવલોકન કર્યું છે — ખાસ કરીને હું પોતે દારૂ ને બીડી પીતો તે કાળની મારી અવસ્થાનું સૂક્ષ્મ અવલોકન કર્યું છે. એ વાચન તથા અવલોકન પરથી આ કારણ વિષે મારો જે ખ્યાલ બંધાયો છે તે આ પ્રમાણે છે:

પોતાના જીવનનું નિરીક્ષણ કરતી વખતે માણસ ઘણીવાર પોતાની અંદર બે ભિન્ન વૃત્તિઓ વસતી જુએ છે: એક આંધળી ને દેહના સુખોપભોગમાં રાચનારી હોય છે; બીજી દેખતી ને આત્મ-પરાયણ હોય છે. આંધળી વૃત્તિ, ચાવી ચડાવેલા સંચાની પેઠે, ખાય છે, પીએ છે, બેસે છે, સૂએ છે, પ્રજોત્પત્તિ કરે છે, અને હરેફરે છે. આ દૈહિક જીવનની સાથે સંલગ્ન એવી જે દેખતી, આત્મપરાયણ વૃત્તિ છે તે પોતે પોતાની મેળે કંઈ કરતી નથી, પણ માત્ર દૈહિક વૃત્તિની ચર્યા નિહાળે છે; તેની ચર્યા જ્યારે પોતાને ગમે

ત્યારે તેના સૂરમાં પોતાનો સૂર ભેળવે છે, અને એ ચર્યા જ્યારે ન ગમે ત્યારે વિરોધી સૂર કાઢે છે.

આ જે દેખતી વૃત્તિ છે તેને હોકાયંત્રની સોય સાથે સરખાવી શકાય. એ સોયની એક અણી ઉત્તર તરફ ને બીજી દક્ષિણ તરફ રહે છે; તેનાં ઉપર કંઈક આચ્છાદન હોય છે; જ્યાં લગી સોય અને આચ્છાદન બે એક જ દિશાએ વળેલાં હોય ત્યાં લગી આચ્છાદન દેખાતું નથી, પણ બેની દિશામાં જરાક પણ ફેર પડ્યો કે તરત જ એ આચ્છાદન નોખું દેખાઈ આવે છે. એવું જ માણસની આત્મનિષ્ઠ વૃત્તિનું છે.

એ જ રીતે આ દેખતી, આત્મનિષ્ઠ વૃત્તિ, જેના પ્રગટ રૂપને આપણે સામાન્ય રીતે અંતરાત્મા કે અંતરનાદ કહીએ છીએ, તેની એક અણી હંમેશાં પુણ્ય તરફ ને બીજી પાપ તરફ હોય છે; અને એ બતાવે તે રસ્તે — એટલે કે પાપ છાડીને પુણ્યને રસ્તે — આપણે ચાલીએ ત્યાંલગી એ સોય આપણી નજરે પડતી નથી. પણ માણસ અંતરાત્માના અવાજથી સહેજ પણ ઊલટું કંઈક કામ કરે કે તરત જ આ અંતરાત્માની હસ્તીની તેને જાણ થાય છે; અને દૈહિક જીવનની પ્રવૃત્તિ અંતરાત્માએ ચીંધેલા માર્ગથી કેટલી આડી ગઈ તેનું નિદર્શન થઈ જાય છે. અને જેમ પોતે અવળે રસ્તે ચડી ગયેલો છે એવી કોઈ નાવિકને ખબર પડ્યા પછી તે હલેસાં, એંજિન કે સઢ ચલાવીને તેની તે જ દિશામાં હંકારી શકતો નથી — તેણે કાં તો પોતાની ગતિને હોકાયંત્રે સૂચવેલી દિશામાં વાળવી રહી, અથવા તો પોતે અવળી દિશાએ જાય છે એ ભાન જ મનમાંથી ભૂંસી નાંખવું રહ્યું; તે જ પ્રમાણે, જે માણસને પોતાની દૈહિક પ્રવૃત્તિ અને પોતાના અંતરનાદ વચ્ચે વિરોધ દેખાઈ ગયો છે તે માણસને પોતાની પ્રવૃત્તિ પૂર્વવત્ ચાલુ રાખવી હોય તો તેણે કાં તો પોતાનું આચરણ અંતરનાદને અનુકૂળ

બનાવવું જોઈએ, અથવા તો તેની દૈહિક પ્રવૃત્તિ અયોગ્ય છે એમ અંતરમાંથી ઊઠતો જે અવાજ કહેતો હોય તે અવાજને દાબી દેવો જોઈએ.

એમ કહી શકાય કે મનુષ્યનું સર્વ જીવન માત્ર આ બે પ્રવૃત્તિમાં જ સમાયેલું છે: (૧) પોતાની રહેણીને અંતરનાદ સૂચવે એ માર્ગે વાળવી, અથવા (૨) પૂર્વવત્ આચરણ બેખટકે ચાલુ રાખી શકાય એટલા માટે અંતરાત્માનો અવાજ કાને પડે જ નહીં એવી પેરવી કરવી.

કેટલાક એમાંથી પહેલી વસ્તુ કરે છે, કેટલાક બીજી. પહેલી વસ્તુ કરવાનું સાધન એક જ છે: અને તે એ કે નૈતિક ભાવનારૂપી પ્રકાશને — અંતરદીપને સતેજ રાખવો, ને તે જે રસ્તો બતાવે તે રસ્તે ચાલવું. અંતરાત્માનો અવાજ કાને પડે જ નહીં એવી ઉપર કહેલીમાંની જે બીજી અવસ્થા છે તે પ્રાપ્ત કરવાને બે સાધન છે: એક બાહ્ય, ને બીજું આંતરિક. અંતરાત્માના અવાજે સૂચવેલી વાતમાંથી મન આડું દોરાય એવા વ્યવસાયોમાં રોકાઈ જવું એ થયું બાહ્ય સાધન; અંતરાત્માની ઉપર જ અંધકારનું આવરણ પેદા કરવું એ થયું આંતરિક સાધન.

માણસને પોતાની નજર સામેની ચીજ ન જોવી હોય તો તેમ કરવાના બે રસ્તા છે: કાં તો આંખને વાળી લઈ બીજા વધારે આકર્ષક પદાર્થો પર ઠેરવવી; અથવા તો આંખ ઉપર જ પડળ બાંધવાં જેથી તે જોતી બંધ થઈ જાય. તે જ પ્રમાણે માણસને અંતરાત્માનો અવાજ કાને ન પડવા દેવો હોય તો તેના બે ઉપાય છે: કાં તો મનને વિવિધ વ્યવસાયો, ચિન્તાઓ, વિનોદો, કે રમતોમાં પરોવી દેવાનો બાહ્ય ઉપાય; અથવા તો મનની ગતિને જ રોકી લઈ તેને જડ કરી નાંખવાનો આંતરિક ઉપાય. જે માણસોની નૈતિક ભાવના મંદ ને સંકુચિત હોય છે તેઓ — જો અંતરાત્માએ

તેમની રહેણીની અયોગ્યતા વિષે કરેલા પોકારો કાને પડવા દેવા ન માગતા હોય તો — તેમને માટે બાહ્ય વ્યવસાયો ને વિનોદો પૂરતા થઈ પડે છે. પણ જેમની નૈતિક ભાવના સતેજ ને જાગૃત હોય છે તેમને માટે એ ઉપાયો અધૂરા નીવડે છે.

પોતાની રહેણી અને અંતરાત્માની આજ્ઞા એ બે વચ્ચેના વિસંવાદનું ભાન ભુલાવી મનને બીજી કોઈ વાતમાં પરોવવાને બાહ્ય ઉપાયો પૂરેપૂરા સફળ થતા નથી. આ ભાન માણસને જીવનમાં આગળ વધતો અટકાવે છે; એટલે, અગાઉના જેવું આચરણ બે-ખટકે ચાલુ રાખી શકાય એટલા માટે, લોકો ઉપર જણાવેલા બે પ્રકારના ઉપાયોમાંથી સચોટ ઉપાયનો — એટલે કે આંતરિક ઉપાયનો — આશ્રય લે છે. આ ઉપાય એ છે કે મગજને કેફી પદાર્થોથી ઝેર ચડાવી અંતરાત્મા ઉપર જ અંધારાનું આવરણ પેદા કરી દેવું.

એક માણસ અંતરનાદને અનુસરીને વર્તતો નથી; છતાં અંતરનાદની આજ્ઞા અનુસાર પોતાના જીવનને નવેસર ઘડવાનું જોમ તેનામાં નથી. આ વિસંવાદનું ભાન ભુલાવી બીજા કશામાં મનને પરોવે એવાં વિનોદો ને રમતગમતો એ કામ માટે અધૂરાં નીવડે છે, અથવા તો ઘણા વપરાશથી વાસી થઈ ગયાં હોય છે; અને તેથી — તેમના આચરણની અયોગ્યતા વિષે તેમને અંતરાત્મા જે ઉદ્બોધન કરે છે તેને અવગણીને પૂર્વવત્ આચરણ ચાલુ રાખી શકાય એટલા માટે — દેહના જે અવયવ દ્વારા અંતરાત્મા પ્રગટ થાય છે તે અવયવને લોકો થોડા વખત માટે ઝેર દઈ તેની પ્રવૃત્તિને અટકાવી દે છે. કોઈ માણસ જેમ આંખે પાટા બાંધી અકારી વસ્તુને આંખથી અળગી રાખે, તેવું આ લોકોનું વર્તન છે.

૨

ગાંજા, અફીણ, દારૂ અને તમાકુનાં વ્યસન જગતભરમાં ફેલાયેલાં છે તેનું કારણ એ નથી કે એ ચીજોમાં કંઈ સ્વાદ કે

લહેજત, વિનોદ કે આનંદ રહેલાં છે; તેનું કારણ એટલું જ છે કે માણસ અંતરાત્માની આજ્ઞાને કાન પર પડવા દેવા માગતો નથી.

એક દિવસ હું રસ્તા પર ચાલતો હતો. ત્યાં મેં કેટલાક ગાડી-વાળાને વાતો કરતા સાંભળ્યા. એમાંનો એક જણ કહેતો હતો : "માણસનું મગજ ઠેકાણે હોય ત્યારે આવું કામ કરતાં તે જરૂર શરમાય!"

માણસ પીધેલ હોય ત્યારે જે કામ તેને યોગ્ય લાગે તેની તેનું મગજ ઠેકાણે હોય ત્યારે તેને શરમ ઊપજે છે. માણસો કેફી પદાર્થોનું સેવન કરે છે તેનું ખરું કારણ ઉપરના શબ્દોમાંથી આપણને મળી રહે છે. માણસો એનું સેવન બે કારણસર કરે છે—કાં તો તેઓ અંતરનાદની વિરુદ્ધ કંઈક વર્તન કર્યા પછી તેનાથી ઊપજનારી શરમ ભૂલી જવા માગે છે; અથવા તો જે કામ અંતરનાદથી ઊલટાં હોય છતાં જે કરવાને તેમનો પશુસ્વભાવ તેમને પ્રેરતો હોય તે કામ કરી શકાય એવી મનની સ્થિતિ તેમને અગાઉથી પેદા કરવી હોય છે.

માણસની સુધબુધ ઠેકાણે હોય ત્યારે તે વેશ્યાને ત્યાં જતાં, ચોરી કરતાં, કોઈનો જીવ લેતાં શરમાય છે. પીધેલ માણસને એ કશાની શરમ રહેતી નથી; અને તેથી, જો માણસને પોતાનો અંતરાત્મા નિંદે એવું કંઈક કામ કરવું હોય તો, તે કેફ ચડાવી ભાન ભૂલી જાય છે.

એક રસોઇયા પર તેની ઘરડી શેઠાણી — જે મારી સગી હતી — નું ખૂન કર્યાનો મુકદ્દમો ચાલેલો. તેમાં તેણે આપેલી જુબાની સાંભળીને મારા મન પર ઊંડી છાપ પડેલી મને યાદ છે. તેણે કહ્યું કે તેણે પોતાની રખાતને — ઘરની ચાકરડીને — ઘર બહાર મોકલી દીધી; અને ખૂન કરવાની વેળા આવી ત્યારે તેને શેઠાણીના શયનગૃહમાં છરો લઈને જવાનું હતું. પણ તેને લાગ્યું કે તેની સુધબુધ ઠેકાણે હશે ત્યાં સુધી જે કુકર્મ તેણે કરવા ધાર્યું હતું તે તેને હાથે થઈ નહીં

શકે......"માણસનું મગજ ઠેકાણે હોય ત્યારે તેને શરમ ઊપજે છે." એટલે તે પાછો ફર્યો; પોતે અગાઉથી બનાવી રાખેલા દારૂના બે જામ ચડાવ્યા; તે પછી જ તેનું મન તયાર થયું, ને તેણે ગુનો કર્યો.

નવ-દશાંશ ગુના આ રીતે થાય છે : "હિંમત ટકાવવા દારૂ પીઓ."

જે સ્ત્રીઓ પતિત બને છે તેમાંની અડધી દારૂના કેફમાં જ આડે રસ્તે ચડી જાય છે. વેશ્યાને ઘેર જનાર લગભગ બધા માણસો નશાથી ચકચૂર થયેલા હોય છે. અંતરાત્માના અવાજને દાબી દેવાની દારૂની આ શક્તિ લોકો જાણતા હોય છે, ને તેથી એ કામ માટે ઇરાદાપૂર્વક તેનો ઉપયોગ કરે છે.

માણસો પોતાના અંતરનાદને દાબી દેવા માટે તો નશો કરે જ છે; પણ તે ઉપરાંત, દારૂની અસરથી વાકેફ હોઈ, તેઓ જ્યારે બીજાઓ પાસે અંતરનાદનાં વિરોધી એવાં કામ કરાવવા માગતા હોય ત્યારે તેમની પાસે પણ જાણીબૂજીને કેફ કરાવે છે, એટલે કે તેઓ માણસોને અંતરનાદથી વંચિત કરવા માટે તેમને કેફી ચીજો પાઈ તેમની સુધબુધ ભુલાવી દે છે. યુદ્ધમાં હાથોહાથ લડાઈ થવાની હોય તે પહેલાં સામાન્ય રીતે સૈનિકોને દારૂ પાવામાં આવે છે.

કોઈ ગઢ જિતાયો હોય, પણ સૈનિકો તેના પર છાપો મારીને નિરાધાર ઘરડાં ને બાળકોની કતલ ન કરતા હોય, ત્યારે ઘણીવાર તેમને દારૂ પાવાનો હુકમ કરવામાં આવે છે. એટલે પછી તેઓ ઉપરીઓના ધાર્યા પ્રમાણે વર્તે છે.

પોતે કરેલા કંઈક કુકર્મને સારુ અંતર ડંખ્યા કરતું હોય તેને લીધે દારૂની લતમાં પડી જનાર માણસોના દાખલા દરેક જણની જાણમાં હશે. કોઈ પણ જોઈ શકશે કે અનીતિમય જીવન ગાળનારને બીજાના કરતાં કેફી પદાર્થોનું આકર્ષણ વધારે હોય છે. ચોર ડાકુની ટોળીઓને અને વેશ્યાઓને કેફી ચીજો વિના ચાલતું નથી.

દરેક જણુ જાણે છે ને કબૂલ કરે છે કે કેફી પદાર્થોનું સેવન એ અંતરના ડંખનું પરિણામ હોય છે, અને અમુક પ્રકારની અનીતિમય રહેણીમાં અંતરના અવાજને દાબી દેવાને કેફી પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે. દરેક જણુ જાણે છે ને કબૂલ કરે છે કે કેફી પદાર્થોના ઉપયોગથી અંતરનો અવાજ અચૂક દબાઈ જાય છે, અને જે કામ માણુસ તેની સાન ઠેકાણે હોય ત્યારે કરવાનો વિચાર સરખો ન કરે તે કામ તે દારૂથી ચકચૂર હોય ત્યારે કરી શકે છે. આ વસ્તુ દરેક જણુ કબૂલ કરે છે. પણુ વિચિત્ર વાત એ છે કે જ્યારે કેફી ચીજોના ઉપયોગને પરિણામે ચોરી, ખૂન, બળાત્કાર વગેરે કામો થતાં નથી ત્યારે — જ્યારે કેફી ચીજો કોઈ ભયાનક ગુના પછી નથી લેવાતી, પણુ આપણે જેને ગુનારૂપ નથી ગણુતા એવા ધંધા કરનાર માણસો તે લે છે, અને જ્યારે એ ચીજો એક-સામટી ઘણા પ્રમાણુમાં નથી લેવાતી પણુ મધ્યમ પ્રમાણુમાં રોજ લેવાય છે — ત્યારે (કંઈક કારણુસર) એમ માની લેવામાં આવે છે કે કેફી પદાર્થોમાં અંતરાત્માના અવાજને દાબી દેવાનો ગુણુ રહેલો નથી.

એટલે એમ મનાય છે કે ખાધેપીધે સુખી એવા રશિયનનો ખાણા પહેલાંનો વોડકાનો ગલાસ અને ખાણા સાથેનો વાઈનનો જામ, અથવા ફ્રેંચનો શૅમ્પેન, અથવા અંગ્રેજનો પોર્ટ વાઈન અને પોર્ટર, અથવા જર્મનનો બીઅર, અથવા શ્રીમંત ચીનવાસીનો અફીણ-નો મધ્યમસરનો ડોઝ, અને એ બધાની સાથેનું ધૂમ્રપાન—એનું સેવન કેવળ લહેજતને ખાતર કરવામાં આવે છે, અને તેની આ લોકોના અંતરાત્મા પર કશી જ અસર થતી નથી.

વળી એમ પણુ મનાય છે કે જો આ રિવાજી કેફ પછી કંઈ પણુ ગુનો ન થાય — ચોરી કે ખૂન ન થાય, પણુ માત્ર રૂઢિગત બૂરાં ને બેવકૂફીનાં કામો થાય — તો આ કામો એની મેળે આપોઆપ

નીપજ્યાં છે ને કેફને લીધે થવા પામ્યાં નથી. એમ પણ મનાય છે કે ફોજદારી કાયદાની રૂએ ગુના ગણાય એવાં કામ જો આ લોકોએ ન કર્યાં હોય તો તેમને અંતરાત્માનો અવાજ દાબી દેવાની કશી જરૂર રહે નહીં; અને આ લોકો જેઓ એક આદત તરીકે કેફી ચીજો વાપરે છે તેમની રહેણી સાવ સારી હોય છે, અને તેઓ કેફ ન કરતા હોય તોપણ તેમની રહેણી આબેહૂબ એવી જ હોય. વળી એમ પણ મનાય છે કે કેફી ચીજોના ચાલુ વાપરથી એમના અંતરાત્મા પર અંધારાનું આવરણ જરા પણ ફેલાતું નથી.

દરેક જણ અનુભવે એમ જાણે છે કે દારૂ અથવા તમાકુના ઉપયોગથી માણસની મનોદશામાં ફેરફાર થાય છે; એ કેફ વિના તેને જે કામ કરવાની શરમ ઊપજત તે કેફ કર્યા પછી ઊપજતી નથી; અંતરાત્માના — ભલે ગમે તેટલા નાના — દરેક ડંખ પછી તેને કંઈક કેફી ચીજ લેવાનું મન થાય છે; કેફી ચીજોનું ઘેન ચડ્યા પછી તેને પોતાનાં જીવન અને મોભા વિષે સ્વસ્થ ચિત્તે વિચાર કરવાનું મુશ્કેલ થઈ જાય છે; અને કેફી ચીજોના સતત ને નિયમિત સેવનથી શરીર ઉપર એવી જ અસર થાય છે જેવી તેના પ્રાસંગિક ને હદ બહારના ઉપયોગથી થાય છે. આ બધું છતાં, જે માણસો દારૂ ને તમાકુનું માફકસર સેવન કરે છે તેમને લાગે છે કે તેઓ એ કેફી ચીજો અંતરાત્માના અવાજને દાબી દેવાને બિલકુલ વાપરતા નથી, પણ એ ચીજોની સુવાસ અને લહેજતને ખાતર જ વાપરે છે.

પણ માણસ જો માત્ર આ વિષયનો ગંભીરપણે ને તટસ્થભાવે વિચાર કરે અને પોતાના વર્તનને માટે આડાંતેડાં બહાનાં ન કાઢે, તો તે આટલું જરૂર સમજી શકશે : એક તો એ કે કેફી ચીજોનો પ્રસંગોપાત મોટા પ્રમાણમાં ઉપયોગ કરવાથી જો માણસનો અંતરનાદ દબાઈ જતો હોય તો તેના નિયમિત ઉપયોગની પણ તેવી જ અસર થવી જોઈએ, પછી ભલે તે વધારે પ્રમાણમાં લેવાય કે ઓછા

પ્રમાણમાં; એની અસરથી પહેલાં તો મગજની પ્રવૃત્તિ અતિ તીવ્ર વેગથી ચાલવા લાગે છે ને પછી મંદ પડી જાય છે. બીજી વાત એ કે તમામ કેફી ચીજોમાં અંતરનાદને દાબી દેવાનો ગુણ રહેલો હોય છે, અને એ ગુણ તેમનામાં હંમેશાં — તેના ઘેનમાં ખૂન, ધાડ ને બળાત્કારો થાય ત્યારે, તેના નશામાં, નશા વિના અશક્ય એવાં વચનો બોલાય, વિચારો થાય કે લાગણીઓ ઊપજે એ સર્વ પ્રસંગે — મોજૂદ હોય છે. ત્રીજું એ કે ચોર, ડાકુ ને વેશ્યાઓના અંતરનાદને શાંત પાડવા ને દબાવી દેવા જેમ કેફી ચીજોના ઉપયોગની જરૂર પડે છે, તેમ પોતાના અંતરનાદે વખોડેલા ધંધાઓમાં રોકાયેલા માણસોને પણ તેની જરૂર જણાય છે — પછી ભલે એ ધંધાને બીજા માણસો યોગ્ય ને આબરૂદાર ગણતા હોય.

ટૂંકામાં કહીએ તો, એ વાત દીવા જેવી છે કે મોટા કે નાના પ્રમાણમાં, પ્રસંગોપાત કે નિયમિતપણે, સમાજના ઉપલા કે નીચલા વર્ગમાં, કેફી ચીજોનો ઉપયોગ થાય છે તેનું કારણ એક જ છે; અને તે એ કે પોતાની રહેણી અને અંતરાત્માની આજ્ઞા એ બેની વચ્ચે રહેલા વિસંવાદની જાણ મનને થવા ન દેવી.

૩

સર્વ કેફી પદાર્થોનો — અને ખાસ કરીને તમાકુનો — ઘણા મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે તેનું કારણ કેવળ આ જ છે. તમાકુનો ઉપયોગ સૌથી વધારે થાય છે, ને એ ચીજ સૌથી વધારે હાનિકારક છે.

લોકો માને છે કે તમાકુથી માણસની સુસ્તી ઊડી જાય છે, તેનું મગજ સાફ વિચાર કરતું થાય છે, અને તે માત્ર બીજી કોઈ ટેવની માફક જ માણસને આકર્ષે છે; દારૂની પેઠે તે માણસના અંતરાત્માને જરાયે જડ કરી નાંખતી નથી. પણ તમે જો ધ્યાન દઈને નિહાળો કે માણસને બીડી પીવાની તલબ કેવા સંજોગોમાં થઈ

આવે છે, તો તમારી ખાતરી થાય કે અંતરાત્માની ઉપર તમાકુના કેફની અસર પણ દારૂના જેટલી જ થાય છે, અને માણસો જ્યારે અંતરાત્માને જડ બનાવવા માગતા હોય ત્યારે જ જાણીબૂજીને આ કેફી ચીજનો ઉપયોગ કરે છે. તમાકુ જો માત્ર મગજને સાફ બનાવતી હોત ને સુસ્તી ઉડાડતી હોત તો માણસોને તેની આટલી સખત તલબ ન હોત, ને એ તલબ અમુક નિશ્ચિત પ્રસંગોએ જ દેખા દે છે તેમ ન બનવા પામત. બીડી વિના રહેવા કરતાં ભૂખ્યા રહેવું બહેતર છે એમ લોકો ન કહેત, અને ઘણીવાર ભૂખ્યા રહીને પણ બીડી પીવાનું પસંદ ન કરત.

જે નોકરે તેની શેઠાણીનું ખૂન કર્યું તેણે કહેલું કે તે જ્યારે શેઠાણીના શયનગૃહમાં દાખલ થયો ને તેના ગળા પર છરાનો કાપ મૂક્યો, અને તે ગળે ડચકિયું ખાઈને પડી ને લોહીની છોળ ઊડીને નદી વહેવા લાગી ત્યારે તે નાહિંમત બની ગયો. “હું એને પૂરી કરી શક્યો નહીં, પણ શયનગૃહમાંથી પાછો દીવાનખાનામાં ગયો, ત્યાં બેઠો, ને એક બીડી પીધી.” આમ તમાકુનો કેફ ચડાવ્યા પછી જ તે શયનગૃહમાં પાછો જઈ શક્યો. ત્યાં જઈને તેણે ડોસીનું ગળું પૂરું કાપી નાંખ્યું ને તેની ચીજો તપાસવા માંડી.

એ ક્ષણે એના મનમાં બીડી પીવાની તલબ થઈ આવી તેનું કારણ એ નહોતું કે તેને મગજ સાફ કરવું હતું કે લહેર કરવી હતી; તેને તો જે કામ કરવાની યોજના કરી હતી તે પૂરું કરતાં જે ચીજ તેને રોકતી હતી તેને દબાવીને ગૂંગળાવી દેવી હતી.

કોઈ પણ બીડી પીનાર પોતાનું અંતર તપાસીને જોશે, તો જોઈ શકશે કે અમુક વિશેષ મૂંઝવણ કે વિમાસણની ઘડીએ તેને તમાકુનો કેફ ચડાવવાની એવી જ ચોક્કસ તલબ થઈ આવે છે. હું જે દિવસોમાં બીડી પીતો તે દિવસો તરફ પાછી નજર નાંખીને જોઉં છું : મને તમાકુની ખાસ તલબ ક્યારે થઈ આવતી ? એવે જ

વખતે થઈ આવતી જ્યારે મારી સ્મૃતિ આગળ ખડી થતી અમુક વસ્તુઓ યાદ કરવાની મારી ઇચ્છા ન થતી, જ્યારે હું ભૂલી જવા — વિચાર ન કરવા — માગતો. એવે વખતે હું એકલો, નિષ્ક્રિય બેસી રહું છું. હું જાણું છું કે મારે કંઈક કામ કરવા મંડવું જોઈએ, પણ મને તેમ કરવાનું મન થતું નથી, એટલે હું બીડી પીઉં છું ને બેઠો રહું છું. મેં એક જણને ઘેર પાંચ વાગ્યે પહોંચવાનું વચન આપ્યું છે, પણ બીજી એક જગાએ હું વધારે વાર બેસી રહ્યો છું. પહેલી જગાએ પહોંચવાની વેળા વીતી ગઈ છે એમ મને યાદ આવે છે, પણ મને એ યાદ કરવાનું ગમતું નથી, એટલે હું બીડી સળગાવીને ધુમાડાના ગોટા કાઢવા માંડું છું. હું ચિડાઈ જાઉં છું ને કોકને કડવી વાતો કહી બેસું છું. હું સમજું છું કે હું ખોટું કરું છું, ને મને ભાન થાય છે કે મારે અટકી જવું જોઈએ; પણ મારે મારી ચીડ કાઢવી છે — એટલે હું બીડી પીઉં છું ને ચીડ ચાલુ રાખું છું. હું પાનાં રમું છું ને હોડમાં મૂકવા ધારેલા તે કરતાં વધારે પૈસા ખોઈ બેસું છું — એટલે બીડી પીવી શરૂ કરું છું. હું હાથે કરીને કફોડી સ્થિતિમાં મુકાયો છું, મેં ખરાબ કામ કર્યું છે, ભૂલ કરી છે, અને હું ગોટાળામાં પડી ગયો છું એમ કબૂલ કરીને મારે તેમાંથી છૂટી જવું ઘટે છે; પણ હું તે કબૂલ કરવા માગતો નથી, ને તેથી બીજા પર આળ ચડાવું છું — ને બીડી પીઉં છું. હું કંઈક લખું છું ને મેં જે લખ્યું છે તેનાથી મને પૂરો સંતોષ થતો નથી. મારે તે રદ કરવું ઘટે છે; પણ મને તો મેં જે યોજના ઘડી છે તે પૂરી કરવાનું મન છે — એટલે હું બીડી પીઉં છું. હું વાદવિવાદમાં ઊતરું છું, અને જોઉં છું કે મારો સામાવાળિયો ને હું એકબીજાને સમજતા નથી તેમ સમજી શકવાના પણ નથી, છતાં મારે મારો કક્કો ખરો કરવો છે, એટલે હું બોલ્યાં જ કરું છું — ને બીડી પીઉં છું.

બીજી ઘણીખરી કેફી ચીજો અને તમાકુની વચ્ચે અમુક ફરક

છે. તમાકુનો નશો માણસ સહેલાઇથી કરી શકે છે, અને એ ચીજ દેખીતી નિર્દોષ લાગે છે; તે ઉપરાંત તે ખીસામાં નાંખીને સહેજે એક જગાએથી બીજી જગાએ લઈ જવાય છે, અને માણસને બેચેન કરનારા નાના, છૂટાછવાયા બનાવોમાં એનો પ્રયોગ કરી શકાય છે. અફીણ, દારૂ, ને ચરસના ઉપયોગમાં અમુક સાધનો વાપરવાની જરૂર પડે છે, ને એ સાધનો હમેશાં સુલભ હોતાં નથી; જ્યારે તમાકુનો સૂકો ને કાગળ તો માણસ હમેશાં પોતાની જોડે ફેરવી શકે છે. વળી અફીણી ને શરાબીને જોઈ બીજા માણસોને ત્રાસ છૂટે છે, જ્યારે બીડી પીનારને વિષે જરાયે સૂગ ઊપજતી નથી. બીજી કેફી ચીજો કરતાં તમાકુમાં લાભ એ છે કે અફીણ, ચરસ કે દારૂના કેફની અસર અમુક લાંબા વખત લગી માણસનાં સર્વ લાગણીઓ, સંવેદનો અને કાર્યોને વ્યાપી વળે છે, ને એટલો વખત માણસ સર્વ પ્રકારે જડવત્ બની જાય છે; જ્યારે તમાકુનો કેફ કોઈ એક વિશિષ્ટ ઘટનાને વિષે જ લાગુ પાડી શકાય છે, ને એટલી ઘટના પૂરતું જ માણસ ભાન ભૂલી જાય છે. માણસ કંઈક અનુચિત કામ કરવા માગે છે એટલે બીડી ફૂંકે છે. તેથી અનુચિત કામ કરી શકાય એટલો કેફ તેને ચડે છે, અને તે કામ કર્યા પછી પાછી તેની સુધબુધ ઠેકાણે આવે છે, ને તે સ્પષ્ટપણે વિચાર કરીને બોલી શકે છે; અથવા માણસને લાગે છે કે તે કંઈક ન કરવાનું કરી બેઠો છે — એટલે તે બીડી કાઢીને ફૂંકવા માંડે છે, તેથી અઘટિત કે કઢંગું કામ કર્યાનું દુઃખદ ભાન મનમાંથી ભૂંસાઈ જાય છે, ને માણસ બીજી ચીજોમાં પરોવાઈ જઈ પેલા બનાવની વાત ભૂલી જાય છે.

માણસ અમુક ટેવને લીધે નહીં કે વખત પસાર કરવાને નહીં, પણ પોતે કરવા ધારેલાં કે કરી ચૂકેલાં અમુક કામોને વિષે તેના અંતરાત્માનો ડંખ દાબી દેવાના સાધન તરીકે બીડી પીએ છે, એ એનો વ્યક્તિગત ઉપયોગ તો છે જ; પણ માણસોની રહેણી ને તેમના

બીડીના અડંગ વ્યસનની વચ્ચે સ્પષ્ટ ને ચોક્કસ સંબંધ છે, એ વાત સાવ દીવા જેવી નથી શું?

છોકરાઓ બીડી પીવાનું ક્યારે શરૂ કરે છે? સામાન્ય રીતે તેઓ બાળપણની નિર્દોષતા ગુમાવે છે ત્યારે. બીડી પીનારાઓ વધારે નીતિમય વાતાવરણમાં આવે છે ત્યારે બીડી કેમ છોડી શકે છે, ને દુરાચારીઓના સંગમાં જઈ પડે છે ત્યારે પાછા ફરી બીડી કેમ પીવા માંડે છે? જુગારીઓ લગભગ બધા બીડી કેમ પીએ છે? સ્ત્રીઓમાં જેઓ નિયમિત ને સરળ જીવન ગાળે છે તેમનામાં બીડીનો વાપર ઓછામાં ઓછો કેમ છે? વેશ્યાઓ ને પાગલ માણસો નિરપવાદ-પણે બીડી કેમ પીએ છે? ટેવ પડી એટલે પડી એ વાત ખરી, પણ અંતરાત્માને દાબી દેવાના તલસાટની સાથે બીડી પીવાને કંઈક ચોકસ સંબંધ છે ને એનાથી ધાર્યો હેતુ સધાય છે એ વાત દેખીતી છે.

લગભગ દરેક બીડી પીનારની ચર્યાનું નિરીક્ષણ કરીને આપણે તપાસી શકીએ છીએ કે બીડી તેના અંતરનાદને કેટલે અંશે દબાવી શકે છે. બીડીનો દરેક વ્યસની તેની તલપને વશ થતી વખતે સમાજ-જીવનના છેક ધરમૂળના નિયમોને ભૂલી જાય છે કે ઠોકરે ઉડાવે છે. તેનો અંતરાત્મા તમાકુના કેફથી ઘેરાયો ન હોય ત્યાં સુધી એ નિયમો તે પાળે છે, ને બીજાઓ તે પાળે એવી અપેક્ષા રાખે છે. પોતાના મોજશોખની ખાતર બીજાઓનાં શાંતિ, સુખચેન, અને એથીયે વધારે તેમનાં આરોગ્યને હાનિ પહોંચાડવી એને દરેક સાધારણ સુશિક્ષિત માણસ અઘટિત, અશિષ્ટ ને નિર્દય કામ માને છે. જેમાં માણસો એઠા હોય એવા ઓરડાને બીનો કરી મૂકવો, અથવા તેમાં ઘોંઘાટ કે ઘુમરાણ કરવાં, કે તેમાં ઠંડી, ગરમ કે દુર્ગંધી હવા છોડવી, અથવા તો બીજાઓને અગવડ કે હાનિ થાય એવાં કામો કરવાં, એને દરેક જણ અનુચિત ગણશે ને પોતે એવું કંઈ કામ નહીં કરે. પણ બીડીના હજાર વ્યસનીમાંથી એક એવો નહીં નીકળે જે

બીડી ન પીનાર સ્ત્રીઓ ને બાળકોથી ભરેલા ઓરડામાં દુર્ગંધી હવા ફેલાવતાં અચકાશે.

બીડી પીનારા સામાન્ય રીતે આસપાસ બેઠેલાંને પૂછે છે: "તમને વાંધો તો નથી ને?" સહુ જાણે છે કે એનો રૂઢિમાન્ય ઉત્તર એ જ અપાય કે "ના રે." (જોકે ગંધાતી હવા નાકમાં જવા દેવી, અને જામમાં ને પ્યાલીઓમાં અથવા રકાબીઓ ને મીણ-બત્તીની દીવીઓ પર, અથવા કહો કે બીડીની રાખદાનીઓમાં, ગંધાતાં બીડીઓનાં ઠૂંઠાં પડેલાં જોવાં એ બીડી ન પીનારને માટે આહ્લાદજનક હોઈ જ ન શકે.) પણ બીડી ન પીનાર આધેડ સ્ત્રીપુરુષો ભલે બીડીના ધુમાડા સામે વાંધો ન લેતાં હોય, બાળકોને માટે તો એ ધુમાડો આહ્લાદક કે લાભકર્તા ન જ હોઈ શકે; ને એ બાળકોની તો બીડી પીતા પહેલાં કોઈ પરવાનગી માગતું જ નથી. છતાં, જે માણસો બીજી બધી બાબતોમાં શીલવાન ને દયાળુ હોય છે તેઓ જમતી વખતે નાની ઓરડીઓમાં બાળકોની હાજરીમાં બીડી પીએ છે, તમાકુના ધુમાડાના ગોટાથી હવાને દૂષિત કરે છે, ને તેમ કરતાં તેમના અંતરાત્માને જરાયે ક્ષોભ કે સંકોચ થતો નથી.

સામાન્ય રીતે કહેવાય છે (ને હું પોતે કહેતો) કે બીડી પીવાથી મગજનું કામ કરવામાં સરળતા થાય છે; અને મગજના કામના કેવળ જથાનો જ વિચાર કરીએ તો એ વાત બેશક સાચી છે. જે માણસ બીડી પીએ છે, ને જે પરિણામે પોતાના વિચારોને તોળી જોવા ને તેના સારાસારનો નિર્ણય કરવા અસમર્થ બની જાય છે, તેને લાગે છે કે તેના મગજમાં એકાએક ઘણા વિચારો જાગ્યા છે. પણ આમ લાગવાનું કારણ એ નથી કે તેના મનમાં ખરેખર ઘણા વિચારો જાગ્યા છે; ખરું કારણ તો એ છે કે તે પોતાના વિચારો પરનો કાબૂ ખોઈ બેઠો છે.

માણસ જ્યારે કામ કરે છે ત્યારે તે પોતાના અંતરમાં એ

વૃત્તિઓને કામ કરતી જોઈ શકે છે: એક વૃત્તિ કામ કરે છે, ને બીજી તેના સારાસારનો વિચાર કરી તેનું મૂલ્યાંકન કરે છે. એ તપાસ ને મૂલ્યાંકન જેટલાં વધારે કડક તેટલું કામ વધારે ધીમું ને વધારે સારું થાય છે; ને તે જ પ્રમાણે જ્યારે એ સારાસાર તપાસનાર ને મૂલ્યાંકન કરનાર વૃત્તિ જ્યારે કંઈ પણ નશાથી ઘેરાઈ મંદ બનેલી હોય ત્યારે કામ જથામાં વધારે થાય છે ખરું, પણ ગુણની દૃષ્ટિએ તે હલકું હોય છે.

લેખકો સામાન્ય રીતે કહે છે: "હું બીડી ન પીઉં તો મારાથી લખી શકાતું નથી. હું આગળ વધી શકતો નથી; શરૂઆત તો કરું છું, પણ આગળ ચલાતું નથી." હું પણ આમ કહેતો. એનો ખરો અર્થ શો છે? એનો અર્થ એ છે કે તમારી પાસે લખવાનું કશું નથી, અથવા તો તમે જે વસ્તુ લખવા ઇચ્છો છો તે તમારા મગજમાં પરિપક્વ થઈ નથી પણ તમને હજુ હમણાં જ તેની જરાતરા ઝાંખી થવા લાગી છે; અને તમારા અંતરમાંની પરીક્ષક વૃત્તિ, જ્યારે તમાકુથી જડ ન થઈ ગઈ હોય ત્યારે, તે પ્રમાણે તમને કહે પણ છે. તમે બીડી ન પીતા હો તો કાં તો તમે લખવાનું શરૂ કરેલું છોડી દો, યા તો તમારો વિચાર તમારા મગજમાં સ્પષ્ટ રૂપ ધારણ કરે ત્યાં સુધી થોભી જાઓ; તમારી નજર આગળ જે વસ્તુ ઝાંખા, અસ્પષ્ટ રૂપે પ્રગટ થઈ હોય તેને ભેદીને તમે તેનો તાગ કાઢવાનો પ્રયત્ન કરો, તેની સામે જે વાંધા ઉપસ્થિત થયા હોય તેની સમીક્ષા કરો, અને તમને ઊપજેલા વિચારનું સ્પષ્ટીકરણ કરવામાં એકાગ્રપણે પરોવાઈ જાઓ. પણ તમે બીડી પીઓ છો, એટલે અંતરમાંની પરીક્ષક વૃત્તિ કેફથી ઘેરાઈ મંદ પડી જાય છે, અને તમારા કામમાંથી આડખીલી દૂર થાય છે. તમને જ્યારે તમાકુનો નશો ચડેલો નહોતો ત્યારે તમને જે વસ્તુ તુચ્છ લાગતી હતી તે ફરી અગત્યની લાગવા માંડે છે; જે અસ્પષ્ટ લાગતું હતું તે

અસ્પષ્ટ લાગતું મટી જાય છે; જે વાંધા તમને અંતરાયરૂપ લાગતા હતા તે અદૃશ્ય થાય છે. તમે લખવું ચાલુ રાખો છો, ને પાનાંનાં પાનાં ઝપાટાભેર લખી કાઢો છો.

૪

પણ દારૂ કે તમાકુના મર્યાદિત ઉપયોગથી ઊપજતો, સહેજસાજ ફેરના જેવો, નાનો — અરે, નજીવો — ફેરફાર આવાં મોટાં પરિણામ લાવી શકે ખરો? સામાન્ય દલીલ આ છે: "માણસ બેભાન થઈને પડે એટલી હદ સુધી અફીણ કે ગાંજો ફૂંકે કે દારૂ પીએ તો તેનાં પરિણામ ઘણાં ગંભીર આવે એમાં શક નથી; પણ માણસ સહેજસાજ ચરસ કે તમાકુનો નશો ચડવા દે એટલાથી જ કશું ગંભીર પરિણામ આવે એ ન માની શકાય એવી વાત છે." લોકોને લાગે છે કે મગજને સહેજસાજ કેફ ચડે કે બુદ્ધિને જરાક ઘેરી ચડે એથી તેના પર ભારે અસર થતી નથી. પણ આમ કહેવું એ એમ માનવા બરોબર છે કે ઘડિયાળને પથરા જોડે અફાળો તો તો તેને હાનિ થાય, પણ તેના અંદરના ભાગમાં જરાક કચરો પેસી જાય તો તેથી કશી હાનિ થાય નહીં.

પણ એટલું યાદ રાખો કે માણસના સમગ્ર જીવનમાં ગતિ પ્રવર્તાવનારું કામ તેના હાથપગથી કે વાંસાથી થતું નથી પણ તેના મગજથી — તેની ચેતનાથી થાય છે. માણસ પગથી કે હાથથી કંઈ પણ કામ કરી શકે તે પહેલાં તેની ચેતનામાં અમુક ફેરફાર થવો આવશ્યક હોય છે. અને આ ફેરફાર જે પ્રકારનો થાય તે પ્રમાણે માણસની તે પછીની સર્વ હાલચાલ થાય છે. છતાં આ ફેરફારો હમેશાં સૂક્ષ્મ અને લગભગ અદૃશ્ય હોય છે.

બ્રિયુલોવ રશિયાનો એક પ્રસિદ્ધ ચિત્રકાર હતો. તેણે એક દિવસ એક શિષ્યના ચિત્રમાં સુધારો કરી આપ્યો. શિષ્ય સુધરેલું ચિત્ર

જોઈ બોલી ઊઠ્યો : "વાહ, તમે સહેજ પીંછી ફેરવીને ઝીણો ફેરફાર કર્યો એટલામાં ચિત્રનો દેદાર જ ફરી ગયો." બ્રિયુલોવે કહ્યું : "એ ઝીણી વાત શરૂ થાય છે ત્યાંથી જ કલાનો આરંભ થાય છે."

એ કથન એકલી કલાને વિષે જ નહીં પણ સમગ્ર જીવનને વિષે સાચું છે. એમ કહી શકાય કે જ્યાં નજીવી લાગતી વાતનો આરંભ થાય છે — આપણને નાના ને સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાસતા ફેરફારો થાય છે — ત્યાં જ સાચા જીવનની શરૂઆત થાય છે. જ્યાં મોટા બાહ્ય ફેરફારો થાય છે — જ્યાં લોકો હરેફરે છે, લડેવઢે છે ને એકબીજાનો સંહાર કરે છે — ત્યાં નહીં, પણ આ ઝીણા ઝીણા, સૂક્ષ્માતિસૂક્ષ્મ ફેરફારો થાય છે ત્યાં જ, સાચું જીવન જિવાય છે.

ડોસ્ટોએવસ્કીની* એક નવલકથાના નાયક રાસ્કોલનિકોવે પેલી ડોસી કે તેની બહેનનું ખૂન કર્યું તે વખતે તે સાચું જીવન જીવ્યો નહોતો. ડોસીનું પોતાનું ખૂન કરતાં, અને એથીયે વધારે તેની બહેનનું ખૂન કરતાં, તે સાચું જીવન જીવ્યો નહોતો, પણ યંત્રની જેમ વર્ત્યો હતો, ને જે વસ્તુ કર્યા વિના તેનાથી રહેવાયું નહીં તે તેણે કરી — જે કારતૂસ તેણે બંદૂકમાં ઘણા વખતથી ભરી રાખ્યો હતો તે તેણે બંદૂકમાંથી છોડ્યો. એક ડોસીનો પ્રાણ ગયો, બીજી તેની સામે ઊભી હતી, ને તેના પોતાના હાથમાં કુહાડી હતી.

રાસ્કોલનિકોવ તેનું સાચું જીવન જીવ્યો તે ડોસીની બહેનનો ભેટો તેને થયો ત્યારે નહીં, પણ એ વખતે કે જ્યારે તેણે કોઈ ડોસીનો જીવ લીધો ન હતો, યા તો જ્યારે તે જીવ લેવાના ઇરાદાથી કોઈ અજાણ્યાના ઘરમાં પેઠો ન હતો, અથવા જ્યારે તેણે કુહાડી હાથમાં ઝાલી ન હતી, અથવા તો કુહાડી લટકાવવાને તેના ઓવર-

*પ્રસિદ્ધ રશિયન નવલકથાકાર

કોટમાં કડી ન હતી. તે સાચું જીવન તો ત્યારે જીવ્યો જ્યારે પોતાના ઓરડામાં સોફા પર પડ્યો હતો, અને પેલી ડોસી વિષે, અથવા તો એક માણસને પોતાની મરજી પડચે બીજા નકામા ને હાનિકર્તા માણસને ભૂતળ પરથી નાબૂદ કરવાની છૂટ છે કે નહીં એ વિષે વિચાર કરતો નહોતો. પણ પોતે પીટર્સબર્ગમાં રહેવું કે નહીં, મા પાસેથી પૈસા લેવા કે નહીં, ને પેલી ડોસી સાથે કશો સંબંધ ન ધરાવનારા બીજા પ્રશ્નો વિષે તેના મનમાં ઘડભાંજ ચાલી રહી હતી. અને એ વખતે — તેની પશુપ્રવૃત્તિઓથી સાવ અલિપ્ત એવા પ્રદેશ માં — તેણે પેલી ડોસીનો જીવ લેવો કે નહીં એ પ્રશ્નનો નિર્ણય થઈ ગયો. એક ડોસીને મારીને તે હાથમાં કુહાડી સાથે બીજીની સામે ઊભો હતો તે વખતે નહીં, પણ તે કશું જ કરતો નહોતો, માત્ર વિચાર જ કરતો હતો, ને માત્ર તેની ચેતના જ કામ કરતી હતી તે વખતે એ પ્રશ્નનો નિર્ણય થઈ ગયો : એ વખતે એ ચેતનામાં ઝીણા ઝીણા, સૂક્ષ્મ ફેરફારો થઈ રહ્યા હતા. એવે જ વખતે માણસને પોતાની સામે ખડા થયેલા પ્રશ્નોનો સાચો નિર્ણય કરવાને મગજની વધારેમાં વધારે સ્પષ્ટતા જોઈએ છે; અને એવે જ વખતે દારૂનો એક જામ, કે એક બીડી, સંભવ છે કે એ પ્રશ્નનો નિકાલ આવતો અટકાવે, નિર્ણયને મુલતવી રખાવે, અંતરાત્માના અવાજને દાબી દે, અને માણસની હીન, આસુરી વૃત્તિની તરફેણમાં નિર્ણય કરાવે. રાસ્કોલનિકોવની બાબતમાં એવું જ બન્યું હતું.

આ ફેરફારો ઝીણા ઝીણા હોય છે પણ તેના ઉપર અતિશય વિશાળ ને ભયંકર પરિણામોનો આધાર રહે છે. માણસ નિશ્ચય કરે ને કામ કરવા માંડે એટલે એમાંથી ઘણા ભૌતિક ફેરફારો થવાનો સંભવ રહે છે : ઘરબાર, ધનદોલત, અને માણસોનાં શરીરોનો કચ્ચરઘાણ વળી જાય એમ સંભવે; પણ માણસની ચેતનામાં જે વસ્તુ છુપાયેલી હતી તેના કરતાં વધારે અગત્યની કોઈ ઘટના જગતમાં બનવી શક્ય

નથી. જેટલી માણસની ચેતનાની પ્રવૃત્તિ હોય તેના કરતાં વધારે ભૌતિક જગતમાં કશું બની શકતું નથી.

અને ચેતનાના ક્ષેત્રમાં થતા સૂક્ષ્મમાં સૂક્ષ્મ ફેરફારોમાંથી અકલ્પ્ય મહત્ત્વવાળાં પરિણામો નીપજવાનો સંભવ રહે છે.

માણસને પોતાનો રસ્તો સ્વેચ્છાએ નક્કી કરવાની છૂટ ઈશ્વરે રાખી છે, કે દૈવે જે નિર્મ્યું હોય તે પ્રમાણે જ તેને વિવશ થઈને ચાલવું પડે છે — એ પ્રશ્નની સાથે હું કહી રહ્યો છું એ વાતને કશો સંબંધ છે એમ ન માનશો. એ પ્રશ્નની ચર્ચા, હું જે કહેવા માગું છું તેને સારુ કે બીજી કોઈ પણ બાબતને સારુ, નકામી છે. માણસ મરજીમાં આવે તેમ વર્તી શકે છે કે નહીં એ પ્રશ્નનો નિર્ણય કર્યા વિના (એ સવાલ યોગ્ય રૂપમાં મૂકવામાં આવ્યો નથી એમ હું માનું છું) હું ફક્ત એટલું જ કહું છું કે મનુષ્યની પ્રવૃત્તિ તેની ચેતનામાં થતા સૂક્ષ્માતિસૂક્ષ્મ ફેરફારો પર આધાર રાખે છે, તે ઉપરથી (માણસને સ્વેચ્છા પ્રમાણે વર્તવાની છૂટ ઈશ્વરે રાખી છે એમ આપણે ભલે માનીએ કે ન માનીએ) એટલું ફલિત થાય છે કે જે સ્થિતિમાં આ સૂક્ષ્મ ફેરફારો થવા પામે છે તે સ્થિતિ પ્રત્યે આપણે ખાસ ધ્યાન આપવું જોઈએ; જેમ જેના પર બીજી ચીજો તોળવાની હોય તે ત્રાજવાંની સ્થિતિ તરફ વિશેષ ધ્યાન આપવું પડે છે. આપણાથી બને એટલે અંશે આપણે પોતાને તેમજ બીજાઓને એવી સ્થિતિમાં મૂકવા મથવું જોઈએ જેથી અંતરાત્મામાં અબાધિત પ્રવૃત્તિને માટે આવશ્યક એવી વિચારની સ્પષ્ટતા ને સૂક્ષ્મતામાં ખલેલ ન પહોંચે. એથી ઊલટી દિશાનું આપણું વર્તન ન હોવું જોઈએ; કેફી ચીજોના ઉપયોગથી અંતરાત્માની પ્રવૃત્તિને રોકવાનો ને ગૂંચવાડામાં નાંખવાનો પ્રયત્ન આપણે ન કરવો ઘટે.

કેમકે માણસમાં જેમ પશુનો અંશ છે તેમ દૈવી અંશ પણ છે. ઘડિયાળને જેમ તેના કાંટા વડે અથવા તો તેના અંદરના મુખ્ય

ચક્ર વડે બંને રીતે ફેરવી શકાય, તેમ માણસના મનને તેના પશુ-સ્વભાવ વાટે હલાવી શકાય અને તેના દૈવી સ્વભાવ વાટે પણ હલાવી શકાય. અને જેમ ઘડિયાળની ગતિનું નિયમન તેના અંદરના સંચાઓ વડે કરવું એ જ ઉત્તમ છે, તે પ્રમાણે માણસ — પોતાનું કે બીજાનું — નિયમન તેની ચેતના વડે કરે એ સારામાં સારો રસ્તો છે. અને જેમ ઘડિયાળના અંદરના સંચાઓને જે કળ વડે સારામાં સારી રીતે ફેરવી શકાય તે કળની ખાસ સંભાળ રાખવી પડે છે, તેમ માણસના સકળ જીવનને સારામાં સારી રીતે ગતિમાન કરી શકે એવી જે ચેતના છે તેની નિર્મળતા ને સ્પષ્ટતા જાળવવા માટે ખાસ કાળજી રખાવી ઘટે છે. આ વસ્તુ વિષે શંકા ઊઠવી અશક્ય છે; દરેક જણ તે જાણે છે, પણ પોતાને છેતરવાની જરૂર માણસના જીવનમાં ક્યારેક ઊભી થાય છે. પોતે જે કામ કરે છે તે યોગ્ય છે એમ પોતાને ને બીજાને દેખાડવા વિષે માણસોને જેટલી આતુરતા હોય છે તેટલી આતુરતા પોતાની ચેતના ભૂલ વિના કામ કરે એ વિષે નથી હોતી; અને પોતાની ચેતનાને સાચી રીતે કામ કરવામાં વિઘ્ન નાંખનારા પદાર્થોનો તેઓ જાણીબૂજીને ઉપયોગ કરે છે.

૫

માણસો દારૂ ને બીડી પીએ છે તે આકસ્મિક રીતે નહીં, સુસ્તી ઉડાડવાને નહીં, સ્ફૂર્તિ આણવાને નહીં, એ ચીજો લહેજતદાર છે એટલા માટે નહીં, પણ પોતાના અંતરાત્માનો અવાજ ડુબાડી દેવાને સારુ. અને એવી સ્થિતિમાં એનાં પરિણામ કેટલાં ભયાનક આવવાનાં! જે માણસો ભીંતો સીધી બનાવવાને સીધો ઓળંબો ન વાપરે કે ખૂણા માપસર બનાવવાને ખરો કાટખૂણો ન વાપરે, પણ ભીંત ગમે એટલી વાંકીચૂકી હોય તોયે તેને બંધ બેસે એવો ઓળંબો વાપરે અને સાંકડા કે પહોળા ગમે તેવા ખૂણાને બેસી

રહે એમ નાનો મોટો થાય એવો ખોટો કાટખૂણો વાપરે તે માણસો કેવું મકાન બાંધે એનો વિચાર કરો.

હા, કેફી ચીજો વાપરીને જીવનમાં એ જ પ્રમાણે કરવામાં આવે છે. જીવનની રહેણી અંતરાત્મા જોડે મેળ ખાતી નથી, એટલે અંતરાત્માને વાળીને તેનો રહેણી જોડે મેળ બેસાડવામાં આવે છે.

વ્યક્તિઓનાં જીવનમાં આ પ્રમાણે કરવામાં આવે છે; અને સમગ્ર માનવજાતિ — જે વ્યક્તિઓનાં જીવનની બનેલી છે — તેના જીવનમાં પણ એ જ પ્રમાણે કરવામાં આવે છે.

માણસની ચેતનાને કેફી પદાર્થોથી જડ કરી નાંખવી એનો પૂરેપૂરો અર્થ શો છે તે સમજવા સારુ, દરેક જણે પોતે પોતાના જીવનની પ્રત્યેક અવસ્થામાં તે કેવી આધ્યાત્મિક સ્થિતિમાંથી પસાર થયેલો તે યાદ કરવું ઘટે છે. દરેક જણ જોઈ શકશે કે તેના જીવનની પ્રત્યેક અવસ્થામાં અમુક નૈતિક પ્રશ્નો તેની સામે આવીને ઊભેલા, જેનો તેણે નિકાલ કરવો ઘટતો હતો, અને જેના નિકાલ પર તેની જિંદગીના આખાયે હિતાહિતનો આધાર રહેલો હતો. આ પ્રશ્નોના નિકાલ માટે ઘણા એકાગ્ર ધ્યાનની જરૂર હતી. ધ્યાનની એવી એકાગ્રતા એ એક પરિશ્રમ છે. દરેક પરિશ્રમમાં, ખાસ કરીને આરંભમાં, એવો એક કાળ આવે છે જ્યારે કામ કઠણ ને કષ્ટદાયક લાગે છે, અને જ્યારે માણસના મનની નબળાઈ તેને તે કામ છોડી દેવા પ્રેરે છે. શારીરિક કામ શરૂઆતમાં કષ્ટદાયક લાગે છે; માનસિક કામ એથીયે વધારે કષ્ટદાયક લાગે છે. લેસિંગ કહે છે: વિચાર જે ક્ષણે અઘરો થવા માંડે છે તે ક્ષણે વિચાર કરવો છોડી દેવાનું માણસોને મન થાય છે; હું એમાં એટલું ઉમેરું કે તે ક્ષણે જ વિચાર ફળદાયી નીવડવાની શરૂઆત થાય છે. માણસને લાગે છે કે તેની સામેના પ્રશ્નોનો નિર્ણય કરવામાં પરિશ્રમ — ઘણીવાર કષ્ટદાયક પરિશ્રમ — પડે છે; એટલે તે એમાંથી છટકી જવા માગે છે. તેની પાસે જો તેની

ચેતના વગેરે શક્તિઓને કેફ ચડાવવાનાં સાધન ન હોત તો સામે આવી પડેલા પ્રશ્નોને તે પોતાની ચેતનામાંથી હાંકી કાઢી ન શકત, ને તેને એ પ્રશ્નોનો નિકાલ પરાણે પણ લાવવો પડત. પણ માણસ જુએ છે કે આ પ્રશ્નો જ્યારે જ્યારે ઊઠે ત્યારે તેને હાંકી કાઢવાનું સાધન દુનિયામાં છે — એટલે તેનો તે ઉપયોગ કરે છે. નિકાલની રાહ જોઈ રહેલા પ્રશ્નો તેને ત્રાસ દેવા માંડે કે તરત તે આ સાધનોનો ઉપયોગ કરે છે, અને પેલા ઉપાધિ-કારક પ્રશ્નોએ પેદા કરેલી બેચેની દૂર કરે છે. ચેતના એ પ્રશ્નોના નિકાલ માગતી મટી જાય છે; અને જ્ઞાનોદયનો બીજો કાળ આવે ત્યાં લગી અણઊકલ્યા પ્રશ્નો અણઊકલ્યા જ રહી જાય છે. પણ એ કાળ આવે ત્યારે પાછી એની એ ઘટમાળ ચાલે છે; અને માણસ એના એ નૈતિક પ્રશ્નોની સામે ઊભો રહી, તેના નિકાલ તરફ એક ડગલું પણ આગળ વધ્યા વિના, મહિનાઓ, વરસો, અથવા આખી જિંદગી પણ કાઢી નાંખે છે. છતાં, વાસ્તવિક રીતે તો, નૈતિક પ્રશ્નોના ઉકેલમાં જ જીવનનો પૂરો પુરુષાર્થ રહેલો છે.

આ ઘટના એના જેવી છે જાણે કોઈ માણસ કોઈ મેલા પાણીના ખાબોચિયાનું તળિયું જોવા ને ત્યાં પડેલું કીમતી મોતી મેળવવા માગે છે, પણ તેને પાણીમાં પેસવું ગમતું નથી, ને તેથી જેટલીવાર પાણી શાંત થઈ નીતરું બનવા માંડે તેટલીવાર તે એને હલાવીને ડહોળું બનાવે છે. ઘણા માણસો જિંદગીભર કેફ કર્યા જ કરે છે; અને એકવાર સ્વીકારેલી, અસ્પષ્ટ, આત્મવિરોધી એવી જીવનની ફિલસૂફી આગળ જ અટકી જાય છે ને ત્યાંથી આગળ વધતા જ નથી; અને જ્યારે જ્યારે જ્ઞાનનો ઉદય થવા માંડે ત્યારે તે એકની એક દીવાલ સામે અફળાયા કરે છે. એ જ દીવાલ સામે તે દસ કે વીસ વરસ પહેલાં પણ અફળાતા હતા, અને એ દીવાલ એમનાથી ભેદાતી નથી, કેમકે વિચારની જે તીણી અણી જ તેને

ભેદી શકે એમ હોય છે તે અણીને તેઓ જાણીજૂઈને બૂઠી કરી નાખે છે.

દરેક માણસ યાદ કરી જુએ કે પોતે દારૂ ને બીડી પીતો તે વરસોમાં તે કેવો હતો. બીજા એવા માણસોનો એને જે અનુભવ હોય તેનો પણ ચિતાર નજર આગળ આણે. તેમ કરતાં દરેક જણ જોશે કે જેઓ કેફી વ્યસનોના પાશમાં સપડાયેલા છે ને જેઓ તેનાથી મુક્ત છે એ બેને જુદા જુદા વિભાગમાં વહેંચનારી એક ચોકસ ને એકધારી લીટી સ્પષ્ટ દેખાય છે. માણસ જેટલો કેફ વધારે કરે તેટલી તેનામાં નૈતિક જડતા વધારે આવે છે.

૬

આપણી આગળ જે વર્ણનો કરવામાં આવે છે તે પરથી આપણે જાણીએ છીએ કે અફીણ ગાંજાનાં પરિણામ વ્યક્તિઓ પર ભયંકર થાય છે; આપણે નજરે જોઈને જાણીએ છીએ કે અઠંગ દારૂડિયાઓ પર દારૂની અસર ભયંકર થાય છે; પણ આસવો, દારૂ, અને તમાકુના, નિર્દોષ ગણાતા, માફકસર ઉપયોગનું જે વ્યસન મોટા ભાગના માણસોને, ખાસ કરીને આપણા સંસ્કારી કહેવાતા વર્ગોને, લાગેલું હોય છે તેનાં પરિણામ આપણા આખા સમાજ પર અનંતગણાં વધારે ભયંકર થાય છે.

સમાજને દોરનારી — રાજકીય, અમલદારી, વૈજ્ઞાનિક, તથા સાહિત્ય અને કલાને લગતી — પ્રવૃત્તિઓ મોટે ભાગે અસાધારણ દશામાં રહેતા લોકોને હાથે — દારૂ પીધેલા લોકોને હાથે — ચાલે છે. એ હકીકત કબૂલ કરીએ — ને કરવી જોઈએ — તો આપણે સહેજે સમજી શકીશું કે એનાં પરિણામ ભયંકર આવ્યા વિના ન જ રહે.

સાધારણ માન્યતા એવી છે કે જે માણસ, આપણા સુખી

શ્રીમંત વર્ગના ઘણાખરા લોકોની પેઠે, જ્યારે જ્યારે ખાય ત્યારે લગભગ દરેક ટંકે દારૂ પીએ તે બીજે દિવસે કામ કરવાને વખતે પૂરેપૂરી નીરોગી ને સ્વસ્થ સ્થિતિમાં હોય છે. પણ આ નરી ભૂલ છે. જે માણસે કાલે દ્રાક્ષના દારૂની એક બાટલી ચડાવેલી, આસવનો એક જામ પીધેલો, કે મહુડીના બે જામ અડાવેલા તે આજે, નશા પછી સામાન્યપણે આવતી તંદ્રા કે શિથિલતાની સ્થિતિમાં હોય છે, ને તેથી તેનું મન સાવ ઢીલું ને બેચેન થઈ ગયું હોય છે, ને એ સ્થિતિમાં ધૂમ્રપાનથી ઉમેરો થાય છે. જે માણસ આદતરૂપે માફક પ્રમાણમાં બીડી ને દારૂ પીએ છે તેને પોતાનું મગજ સામાન્ય સ્વસ્થતાની સ્થિતિમાં લાવતાં ઓછામાં ઓછું એક અઠવાડિયું કે એથી કંઇક વધારે વખત દારૂ ને તમાકુનો ત્યાગ કરીને રહેવું પડે. પણ એમ જવલ્લે જ બને છે. *

કશી જ જરૂર વિના એકાદ કંપની સ્થપાય છે, મૂડી ભેગી કરવામાં આવે છે, માણસો મજૂરી કરે છે, ગણતરીઓ કરે છે, ને નકશા દોરે છે; એક મિનારો બાંધવાને કરોડો માણસોનો શ્રમ અને હજારો ટન લોઢું વપરાય છે; અને કરોડો માણસો તેના પર ચડી,

* પણ એમ કેમ બને છે કે જેઓ દારૂ કે બીડી પીતા નથી તેઓ દારૂ બીડી પીનાર બીજાઓના કરતાં નીતિની દૃષ્ટિએ એટલી નીચી કક્ષાએ હોય છે કે બેની વચ્ચે કંઈ સરખામણી જ ન થઈ શકે? અને દારૂ બીડી પીનારા માણસો ઘણીવાર મનના તેમજ નીતિના ઘણા ઊંચા ગુણો દાખવે છે એનું શું કારણ?

એનો જવાબ આ છે: પહેલી વાત એ કે દારૂ બીડી પીનારાઓ દારૂ બીડી ન પીતા હોત તો કેટલા ઊંચે ચડ્યા હોત તે આપણે જાણતા નથી. બીજી વાત એ કે અસાધારણ નીતિબળવાળા માણસો કેફી ચીજની અધઃપાત કરાવનારી અસર છતાં મોટાં કામો કરી શકે છે, એ હકીકત પરથી આપણે એજ અનુમાન બાંધી શકીએ કે તેમણે જાત કેફ ન કર્યો હોત તો તેઓ એથી પણ મોટી સિદ્ધિઓ સાધી શક્યા હોત. એક મિત્રે મને કહેલું કે કેટ

તેના પર જરાક થોભી, પાછા નીચે ઊતરવું એને પોતાનું કર્તવ્ય માને છે. એ ચણતર ને એ મિનારો જોઈને માણસોનાં મનમાં માત્ર એટલાં જ વિચાર ને ઇચ્છા થઈ આવે છે કે આપણે બીજાં ગામમાં આથી પણ મોટા બીજા મિનારા બાંધીએ તો કેવું સારું! કેફ ન કરનારા માણસો આવી રીતે વર્તી શકે ખરા? અથવા બીજો દાખલો લો. ગયા કેટલાયે દસકા થયાં યુરોપની સર્વ પ્રજાઓ માણસોને મારવાની સારામાં સારી તરકીબો યોજવામાં, અને જુવાનો પુખ્ત ઉમરના થાય કે તરત તેમાંના બને એટલા વધારેને ખૂન કેમ કરાય એ શીખવવામાં મશગૂલ થઈ ગયેલી છે. દરેક જણ જાણે છે કે જંગલી લોકોની ચડાઈ આવવાનો તો લવલેશ સંભવ નથી, પણ જુદી જુદી સુધરેલી ને ખ્રિસ્તી પ્રજાઓ આ તૈયારીઓ કરી રહી છે તે એકબીજાનો સંહાર કરવા માટે જ છે; દરેક જણ જાણે છે કે આ કામ બોજારૂપ, કષ્ટદાયક, અગવડભરેલું, વિનાશકારી, અનીતિમય, અધર્મરૂપ, ને બેવકૂફીવાળું છે — છતાં દરેક જણ પરસ્પર સંહારને માટે તૈયારી ચાલુ રાખે છે. કેટલાક કોણ કોને અને કયા સાથીઓને જોડે રાખીને મારે એનો નિશ્ચય કરવાને રાજદ્વારી સંધો રચે છે; બીજાઓ જેમને ખૂન કરતાં શીખવાય છે તેમને શિક્ષણ આપે છે;

જો અતિશય બીડી ન પીતો હોત તો તેનાં લખાણો આવી વિચિત્ર ને ભમરાળી શૈલીમાં ન લખાયાં હોત. આ વાતમાં વજૂદ હોવાનો સંભવ છે. છેલ્લી વાત એ કે માણસની માનસિક ને નૈતિક ભૂમિકા જેટલી નીચી તેટલું તેને પોતાના અંતરનાદ અને પોતાની રહેણી વચ્ચેના વિસંવાદનું ભાન ઓછું હોય છે, અને તેથી તેને કેફ ચડાવવાની તલબ ઓછી લાગે છે; બીજી બાજુ, એથી ઊલટે કારણે લાગણીને વધારેમાં વધારે વશ એવા લોકો — જેમને પોતાની રહેણી અને પોતાના અંતરનાદ વચ્ચેનો વિસંવાદ વધારેમાં વધારે વેગથી ને તીવ્રતાથી લાગી વિષાદ ઉપજાવે છે તેવાઓ — ઘણીવાર કેફી પદાર્થોની લતમાં પડી જાય છે ને એનાથી પાયમાલ થઈ જાય છે.— લીઓ ટૉલ્સ્ટૉય

અને બીજા કેટલાક વળી — પોતાની ઇચ્છા વિરુદ્ધ, પોતાના અંતરનાદની વિરુદ્ધ, ને પોતાની બુદ્ધિની વિરુદ્ધ — ખૂનામરકીની આ તૈયારીઓને વશ થાય છે. કેફ ન કરનારા આવી ચીજો કરી શકે ખરા ? માત્ર દારૂબાજો, જેઓ માનસિક ઠરેલપણાની સ્થિતિને કદી પહોંચતા નથી, તેઓ જ આવી ચીજો કરી શકે. અને આપણા સમાજના લોકો, ફક્ત આ બાબતમાં જ નહીં પણ બીજી બધી બાબતોમાં, પોતાના આચરણ અને અંતરનાદના વિસંવાદની જે ભયાનક દશામાં રહે છે તે દશામાં તો તેઓ જ કાયમ રહી શકે.

મને લાગે છે માણસોના અંતરાત્માની આજ્ઞા અને તેમના આચરણની વચ્ચે જેવો હડહડતો વિરોધ ને વિસંવાદ આજે છે તેવો માનવજાતિના ઇતિહાસમાં અગાઉ કોઈ કાળે નહીં હોય.

માનવજાતિ આજે જાણે કાદવમાં ખૂંચી ગઈ છે. જાણે કોઈ બહારનું કારણ તેને તેનાં જ્ઞાન અને બુદ્ધિને છાજે એવું સ્થાન લેતાં અટકાવી રહ્યું છે. આપણા સમાજના ઘણા જ મોટા ભાગના માણસોએ દારૂ ને તમાકુની કેફી ચીજોનું સેવન કરી પોતાનાં શરીરના જે હાલ કર્યાં છે તે જ એ કારણ છે — એકમાત્ર નહીં તો મોટામાં મોટું તો ખરું જ.

આ ભયાનક વ્યસનમાંથી મુક્તિ એ માનવજાતિના જીવનમાં એક યુગપરિવર્તન ગણાશે; અને એવું યુગપરિવર્તન હાથવેંતમાં જણાય છે. એ લત બૂરી છે એમ કબૂલ થઈ ચૂક્યું છે. કેફી ચીજોના ઉપયોગને વિષે આપણા વિચારોમાં ફેરફાર થઈ ચૂક્યો છે. લોકો આ ચીજોથી થતી પાયમાલી કળી ગયા છે, ને તે આંગળી ચીંધીને બતાવવા લાગ્યા છે. આ લગભગ અણદીઠ એવા મતપરિવર્તનને પરિણામે માણસો કેફી ચીજોના પાશમાંથી મુક્તિ પામ્યા વિના નહીં રહે — એ તેમના અંતરાત્માના અવાજ તરફ તેમનું ધ્યાન અચૂક

ખેંચશે, અને તેઓ પોતાને થયેલા જ્ઞાન અનુસાર પોતાની રહેણીની નવેસર રચના કરવા લાગશે.

આ વસ્તુનો આરંભ થઈ ચૂકયો દેખાય છે. પણ હમેશની જેમ નીચલા ગણાતા સર્વ વર્ગોને એનો ચેપ લાગશે તે પછી જ ઉપલા કહેવાતા વર્ગોમાં એ જ્ઞાનનો ઉદય થવા પામશે.

(જૂન ૧૮૯૦)

૨

પ્રથમ પગલું

૧

કોઈ પણ માણસ પોતે હાથમાં લીધેલું કામ પૂરું કરવાને મહેનત કરતો હોય ને કામનો માત્ર ડોળ ન કરતો હોય, તો તેની ક્રિયાઓ એક પછી એક એમ તેના કામને સારુ આવશ્યક એવા ક્રમમાં ચાલશે. તેનું કામ સાધવા માટે કોઈ વસ્તુ પહેલી કરવાની જરૂર હોય તે કરવાનું જો તે આગળ પર કરવાને મુલતવી રાખે, અથવા તો કંઈક આવશ્યક અંશ કરવાનો છેક જ છોડી દે, તો એમ જ કહેવાય કે તે સાચા દિલથી કામ નથી કરતો પણ કેવળ કામનો ડોળ કરે છે. એ કામ શરીરશ્રમનું હોય કે ન હોય તોપણ આ નિયમ તેને અટળપણે લાગુ પડે છે. જે માણસને ખરેખાત રોટી બનાવવી હોય તે જેમ પહેલાં લોટ કેળવે છે, ને પછી ભઠ્ઠીને ગરમ કરે છે, તેમાંની રાખ વગેરે સાફ કરે છે, તેમ સદાચારી જીવન ગાળવાની ખરા દિલની ઇચ્છા ધરાવનાર માણસ આવશ્યક સદ્ગુણો પ્રાપ્ત કરવાને સાધનાનો અમુક ક્રમ ઠરાવી તેને અનુસરે છે.

આ નિયમ સદાચારની બાબતમાં વિશેષ અગત્યનો છે. કેમકે શરીરશ્રમના કામમાં, જેમકે રોટી બનાવવામાં, માણસ કામ ખરા દિલથી કરે છે કે માત્ર કામનો ડોળ કરે છે એ શોધી કાઢવું સહેલું

છે; પણ સદાચારની બાબતમાં એવી કશી કસોટી કરી શકાય એમ હોતું નથી. માણસો લોટને કેળવ્યા વિના કે ભઠ્ઠીને તપાવ્યા વિના રોટી બનાવવાનો માત્ર ડોળ કરે — જેમ રંગભૂમિ પર કરે છે — તો રોટીનો અભાવ સાફ દેખાડી આપે છે કે તેઓ નર્યો ડોળ કરતા હતા. પણ માણસ જ્યારે સદાચારી જીવન ગાળતો હોવાનો ડોળ કરે ત્યારે આપણી પાસે એવી કશી કસોટી નથી કે જેના વડે જાણી શકાય કે એ ખરા દિલથી પ્રયત્ન નથી કરતો પણ માત્ર ડોળ કરે છે; કેમકે સદાચારી જીવનનાં પરિણામ આસપાસનાં માણસો હમેશાં નરી આંખે જોઈ શકે એવાં સુસ્પષ્ટ નથી હોતાં, એટલું જ નહીં પણ ઘણી વેળા એવાં પરિણામ તેમને હાનિકારક પણ ભાસે છે. કોઈ માણસના સમકાલીન લોકો તેની પ્રવૃત્તિને વિષે માન ધરાવતા હોય ને તેના કામની ઉપયોગિતા ને આહ્‌લાદકતા કબૂલ રાખતા હોય, તે પરથી તેનું જીવન સાચે જ સદાચારી છે એવો પુરાવો મળતો નથી.

તેથી, સદાચારી જીવન તે સાચેસાચ સદાચારી છે કે તેનો આભાસમાત્ર છે એનો નિર્ણય કરવામાં એ વસ્તુ જાણવી ખાસ અગત્યની થઈ પડે છે કે આવશ્યક સદ્‌ગુણોની પ્રાપ્તિમાં તે અમુક નિયમિત ક્રમને અનુસરે છે કે નહીં. અને બીજા માણસોની સદાચારની સાધના સાચી છે કે ખોટી એની પરીક્ષા કરવામાં આ કસોટી કામ લાગે છે તેના કરતાં વધારે તો તે આપણી પોતાની એ બાબતની પરીક્ષા કરવામાં વધારે ઉપયોગી નીવડે છે; કેમકે આ બાબતમાં આપણે બીજાને ઠગીએ એના કરતાં આપણી પોતાની જાતને વધારે ઠગીએ એવો સંભવ રહે છે.

સદ્‌ગુણોની પ્રાપ્તિમાં યોગ્ય ક્રમનું અનુસરણ એ સદાચારી જીવન પ્રત્યેની પ્રગતિ માટે અનિવાર્ય શરત છે, અને તેથી માનવ-જાતિના ગુરુઓએ એ ગુણોની પ્રાપ્તિમાં અમુક અવિચળ ક્રમ હંમેશાં બતાવ્યો છે.

સદાચારના સર્વ ઉપદેશોમાં એક સીડી બતાવેલી હોય છે જે, ચીની ધર્મજ્ઞાનીઓએ કહ્યું છે તેમ, પૃથ્વીથી સ્વર્ગ લગી પહોંચે છે; અને તેના પર ચડવું હોય તો છેક નીચલે પગથિયેથી જ શરૂઆત કરવી જોઈએ. જેમ બ્રાહ્મણોના, બૌદ્ધોના, કન્ફ્યુશિયનોના, તેમજ ગ્રીક ઋષિઓના ઉપદેશોમાં આ સીડીનાં પગથિયાં ચોક્કસ ઠરાવેલાં છે, અને નીચલે પગથિયે પહેલાં ચડ્યા વિના તે પછીને પગથિયે પગ પહોંચી શકે જ નહીં. માનવજાતિને નીતિધર્મનો ઉપદેશ આપનાર સર્વ શિક્ષકો ને આચાર્યોએ કબૂલ કર્યું છે કે સચ્છીલ જીવનને સારુ આવશ્યક એવા સદ્‌ગુણોની પ્રાપ્તિ માટેની સાધનામાં અમુક ચોક્કસ ક્રમ આવશ્યક છે જ. આ ક્રમની આવશ્યકતા અનિવાર્ય છે, ને તે વિના પ્રગતિ શક્ય જ નથી. તેથી તેનો સ્વીકાર સહુ કોઈ અવશ્ય કરે જ એમ માની શકાય.

પણ વિચિત્ર વાત એ છે કે જ્યારથી ચર્ચ (ધર્મસંઘ)ના અંકુશવાળો ખ્રિસ્તી ધર્મ ઝપાટાભેર ફેલાયો ત્યારથી આ આવશ્યક ક્રમનું ભાન લોકોનાં મનમાંથી ઘટતું ગયું છે, અને હવે ફક્ત તપસ્વીઓ ને સાધુઓનાં મનમાં જ બાકી રહ્યું છે. સંસારી ખ્રિસ્તીઓ તો માની લે છે કે નાના સદ્‌ગુણો કેળવ્યા વિના મોટા સદ્‌ગુણો પ્રાપ્ત કરી શકાય (વસ્તુતઃ નાના સદ્‌ગુણો એ મોટાની પ્રાપ્તિ માટે આવશ્યક શરતરૂપ છે), એટલું જ નહીં, તેઓ એમ પણ માને છે કે એ મોટા ગુણોની પ્રાપ્તિ મોટામાં મોટા દુર્ગુણોની સાથોસાથ પણ થઈ શકે. તેથી, સદાચારી જીવન કોને કહી શકાય એ વિષે ઘણા મોટા ભાગના સંસારી લોકોનાં મનમાં આજે ભારેમાં ભારે ગોટાળો પેદા થઈ ગયેલો છે.*

---

* અહીં ખ્રિસ્તી ધર્મશાસ્ત્રની તાત્ત્વિક ચર્ચાનો કેટલોક ભાગ મૂળમાં છે તે અનુવાદમાં છોડી દીધો છે.

૨

પ્રાચીન કાળમાં, ખ્રિસ્તી ધર્મનો ઉદ્ભવ નહોતો થયો ત્યારે, સૉક્રેટીસથી માંડીને સર્વ ધર્મોપદેશકોએ સંયમને જીવનના પ્રથમ સદ્ગુણ તરીકે ગણાવ્યો હતો; અને લોકો સમજતા કે દરેક સદ્ગુણનો આરંભ સંયમથી જ થાય, ને સંયમ વાટે જ કોઈ પણ સદ્ગુણની સાધના થઈ શકે. વળી એ પણ સ્પષ્ટ સમજાયેલું હતું કે જે માણસમાં સંયમ ન હોય, જેણે અગણિત વાસનાઓ કેળવી હોય ને તેની તૃપ્તિમાં રચ્યોપચ્યો રહેતો હોય, તેનાથી સદાચારી જીવન ગાળી શકાય જ નહીં. એ નિર્વિવાદ હતું કે, ઉદારતા કે પ્રેમની તો વાત જ જવા દો, પણ નિઃસ્વાર્થપણા ને ન્યાયનો વિચાર સરખો કરી શકે તે પહેલાં તેણે પોતાની વાસનાઓ પર કાબૂ રાખતાં શીખવું જોઈએ. આપણી અત્યારની કલ્પના પ્રમાણે એવા કશાની જરૂર છે જ નહીં. આપણે નિશ્ચયપૂર્વક માનીએ છીએ કે આપણા સમાજમાં વિષયભોગની જે ચરમ સીમા હોય તેટલી પોતાની વાસનાઓ જેણે વધારી મૂકી હોય, ને જે માણસ તેને ગુલામ બનાવનાર સેંકડો અનાવશ્યક ટેવો ને હાજતોને તૃપ્ત કર્યા વિના રહી જ ન શકતો હોય તે, આ બધું કર્યા છતાં પણ, નીતિમય ને સદાચારી જીવન ગાળી શકે. નીચામાં નીચી એટલે કે ઉપયોગિતા-વાદની; એથી ચડિયાતી એટલે કે પેગન ધર્મની — એટલે કે ન્યાયને સર્વોત્તમ ગુણ માનનારી, અને ખાસ કરીને ખ્રિસ્તી ધર્મની એટલે કે પ્રેમને પરમ સદ્ગુણ માનનારી; એમ ગમે તે દૃષ્ટિએ જુઓ તોયે સહુને એટલું તો સાફ સમજાવું જ જોઈએ કે જે માણસ પોતાના મોજ-શોખ (જે તે સહેજે જતા કરી શકે)ને ખાતર બીજાઓના પરિશ્રમને — ઘણીવાર કષ્ટદાયક પરિશ્રમને — વાપરી નાંખે તે અયોગ્ય વર્તન કરે છે; અને તેની સદાચારી જીવન ગાળવાની ઇચ્છા હોય તો તેણે સૌથી પહેલાં આ અયોગ્ય વર્તનનો ત્યાગ કરવો જ જોઈએ.

દરેક વસ્તુને ઉપયોગિતાની દૃષ્ટિએ કસી જોનારની દૃષ્ટિએ આવું વર્તન અયોગ્ય છે; કેમકે માણસ જ્યાં લગી પોતાનાં સુખચેન-ને માટે બીજાઓ પાસે પરાણે મહેનત કરાવે ત્યાં લગી તે હમેશાં અસ્થિર સ્થિતિમાં રહેવાનો. તે પોતાની વાસનાઓને તૃપ્ત કરવાની ટેવ પાડે છે અને એ વાસનાઓનો ગુલામ બની જાય છે; બીજી બાજુ, તેને માટે કામ કરનાર માણસો તેના પ્રત્યે દ્વેષ ને મત્સર સેવે છે ને આવું કામ પરાણે કરવાની જરૂરમાંથી છૂટકો મેળવવાનો લાગ શોધતા જ હોય છે. પરિણામે એવા માણસને માથે હમેશાં એક ભય ઝઝૂમતો હોય છે. તેની વાસનાઓ ઊંડી જડ ઘાલીને બેઠી હોય છે, પણ તેની માગણીઓ સંતોષવાની શક્તિ તેનામાં રહી નથી હોતી.

ન્યાયની દૃષ્ટિએ જોતાં આવું વર્તન ખરાબ છે; કેમકે જે માણસો પોતે જે શેઠને માટે મહેનતમજૂરી કરે છે તેનાં સુખચેનનો સોમો ભાગ પણ ભોગવવાની જેમની પાસે જોગવાઈ નથી એવા માણસોની પાસે પોતાના સુખોપભોગને માટે મહેનત કરાવનાર માણસ સારું કરે છે એમ ન કહી શકાય.

ખ્રિસ્તી પ્રેમધર્મની દૃષ્ટિએ વિચાર કરતાં તો એમ પુરવાર કરવાની જરૂર પણ નથી કે જે માણસ બીજાઓને વિષે પ્રેમ ધરાવે છે તે પોતાનાં સુખચેનને માટે તેમના શ્રમનું ફળ પોતે લેવાને બદલે પોતે મહેનત કરીને તેમને સુખી રાખશે.

પણ આપણો આધુનિક સમાજ ઉપયોગિતા, ન્યાય અને પ્રેમની આ માગણીઓને છેક જ અવગણે છે ને ઠોકરે ઉડાવે છે. આપણે માનીએ છીએ કે આપણી વાસનાઓને અંકુશમાં રાખવાનો પ્રયત્ન સદાચારી જીવનને માટે પહેલી તો શું છેલ્લી પણ શરત નથી, એટલું જ નહીં એની બિલકુલ જરૂર જ નથી.

એથી ઊલટું, આજે પ્રચલિત અને અતિશય બહોળા પ્રમાણમાં ફેલાયેલા જીવનધર્મ અનુસાર, માણસ પોતાની હાજતો વધાર્યે જ

રાખે એ સ્તુત્ય વસ્તુ મનાય છે; તે વિકાસની, સુધારાની, સંસ્કૃતિની ને સંપૂર્ણતાની નિશાની મનાય છે. સુશિક્ષિત કહેવાતા લોકો એશ-આરામની, એટલે કે સ્ત્રૈણપણાની, ટેવોને માત્ર નિર્દોષ જ નહીં, લાભકર્તા પણ માને છે; અને તે અમુક નૈતિક ઉન્નતિ — લગભગ સદ્‌ગુણ — ની સૂચક છે એમ ગણે છે.

આજનો સમાજ એમ માને છે કે હાજતો સંખ્યામાં જેટલી વધારે, ને જેટલી વધારે શિષ્ટ અને સંસ્કારી, તેટલું વધારે સારું.

ગયાં બે સૈકાંની વર્ણનાત્મક કવિતા, અને એથીયે વધારે નવલકથાઓ, પરથી આ વસ્તુ બહુ સાફ દેખાઈ આવે છે.

એ કવિતા ને નવલકથાઓમાં સદ્‌ગુણની પ્રતિમારૂપ નાયકો ને નાયિકાઓ કેવાં ચીતરેલાં છે?

ઘણાખરા દાખલામાં જે પુરુષોને કંઈક ઉચ્ચ ને ઉદાત્ત ગુણોની મૂર્તિરૂપ ચીતર્યા છે તેઓ સાવ ભ્રષ્ટ ને એદી લોકો છે, હજારો માણસની મહેનત પોતાના ભોગવિલાસમાં વેડફી નાંખે છે, અને પોતે કોઈને માટે કશું ઉપયોગી કામ કરતા નથી. નાયિકાઓ — આ પુરુષોનું એક યા બીજી રીતે ઓછુંવત્તું મનોરંજન કરાવનારી રખાતો — એ પુરુષોના જેટલી જ આળસુ હોય છે, અને પોતાના ભોગ-વિલાસની પાછળ બીજાઓની મહેનત વેડફી નાંખવાને એટલી જ તત્પર હોય છે.

સાહિત્યમાં ખરેખરા સંયમી ને ઉદ્યમી માણસોનાં જે શબ્દ-ચિત્રો ક્વચિત્ જોવા મળે છે તેની હું અહીં વાત નથી કરતો. હું તો જે જાતનાં સ્ત્રીપુરુષો જનસમૂહને માટે આદર્શરૂપ થઈ પડે છે તેમની — મોટા ભાગનાં સ્ત્રીપુરુષો જેમનું અનુકરણ કરવા મથે છે તે પાત્રોની — વાત કરું છું. હું નવલકથાઓ લખતો ત્યારે મને એક મુશ્કેલી નડતી (જેનું કારણ હું તે વેળા કળી શકતો નહોતો); તે મુશ્કેલી સામે મારે ઝઘડવું પડતું; ને સાચું સદ્‌ગુણનું સૌંદર્ય શામાં

રહેલું છે એની ઝાંખામાં ઝાંખી પણ કલ્પના જેમને છે એવા સર્વ નવલકથાકારોને અત્યારે એ મુશ્કેલી સામે ઝઘડવું પડે છે. તે મુશ્કેલી એ છે કે સચ્ચારિત્ર અને દયાના આદર્શ ગુણો જેમનામાં હોય એવાં, અને છતાં સંસારમાં સાચોસાચ મળી આવે એવાં, સ્ત્રીપુરુષોનાં પાત્રોના નમૂના ઉપલા વર્ગોમાંથી કઈ રીતે મેળવવા. સંસારમાં નજરે પડે છે એવી સાચી સ્થિતિનો ચિતાર આપવો હોય તો, ઉપલા, સુશિક્ષિત વર્ગનાં પુરુષ કે સ્ત્રીને તેના હમેશના વાતાવરણમાં વિચરતાં — એટલે કે ભોગવિલાસમાં રચ્યાંપચ્યાં, શરીરશ્રમ ન કરનારાં, ને પાર વિનાની ચીજો માગ માગ કરનારાં — આલેખવાં જોઈએ. સદાચારની દૃષ્ટિએ એવું માણસ હીન ગણાય એ નિઃશંક વાત છે. પણ આ માણસને એવું આલેખવું રહ્યું કે તે આકર્ષક ભાસે. એટલે નવલકથાકારો તેમ કરવાનો પ્રયત્ન કરે છે. મેં પણ કરેલો. અને વિચિત્રતા એ છે કે વંઠેલ, વ્યભિચારી અને ખૂની (દ્વંદ્વયુદ્ધ લડનાર અથવા સોલ્જર)ને, સાવ નકામા, કશા કામ કે ધ્યેય વિના આળસમાં વખત વેડફનાર, વરણાગિયા વિદૂષકને આકર્ષક આલેખી બતાવવો એમાં ઝાઝી કળા કે મથામણની જરૂર પડતી નથી. નવલકથાના વાંચનારા પણ ઘણાખરા આમેહૂબ એ જ પ્રકારના માણસો હોય છે, અને તેથી સહેજે માની લે છે કે એ નવલકથાના રંગીલા, છેલબટાઉ નાયકો ખરેખરા ઉમદા ને ગુણવાન માણસો છે.

૩

આપણા જમાનાના માણસો પેગન ધર્મે ઉપદેશેલો સંયમ ને ખ્રિસ્તી ધર્મે ઉપદેશેલો ત્યાગ બેમાંથી એકેને પૂજવા ને કેળવવા યોગ્ય સદ્‌ગુણ માનતા નથી, પણ ઊલટું હાજતોની વૃદ્ધિને સારી ને ઉન્નતિકારક માને છે; એનો સ્પષ્ટ પુરાવો આપણા સમાજમાં ઘણા મોટા ભાગનાં બાળકોને અપાતી કેળવણીમાંથી

મળી રહે છે. એ બાળકોને નથી પેગનોમાં અપાતી એવી સંયમની તાલીમ અપાતી, કે નથી ખ્રિસ્તીઓને ઉચિત એવા ત્યાગની તાલીમ અપાતી, પણ તેમને સ્ત્રૈણત્વ, શારીરિક એદીપણું ને ભોગવિલાસ એની ટેવો ઇરાદાપૂર્વક શીખવવામાં આવે છે, ને એનો ચેપ એમનાં મનને લગાડવામાં આવે છે.

મને આ જાતની એક પરીની વાર્તા લખવાનું મન ઘણા વખતથી છે: એક સ્ત્રી તેની વેરણની બૂરાઈનો બદલો વાળવા ઇચ્છે છે. તે વેરણના બાળકને ઉપાડી જાય છે, ને એક ભૂવા પાસે જઈને પૂછે છે, 'આ મારી વેરણનો એકનો એક છોકરો છે. તેને હું ચોરી લાવી છું. પેલી પર મારે વેર વાળવું છે; તે વધારેમાં વધારે ક્રૂરતાથી કઈ રીતે વાળી શકાય?' ભૂવો તેને કહે છે, 'બાળકને હું કહું છું ત્યાં લઈ જા, એટલે અચૂક ઘોરમાં ઘોર વેર વળી રહેશે.' પેલી દુષ્ટા ભૂવાની સલાહ પ્રમાણે વર્તે છે; પણ છોકરા પર દેખરેખ રાખતી હોઈ તેને ખબર પડે છે કે તે એક ધનિક, નસંતાન માણસને જડ્યો છે ને તે માણસે એને દત્તક લીધો છે. એ જોઈ બાઈને આશ્ચર્ય થાય છે. તે ભૂવા પાસે જઈ તેને વઢે છે, પણ ભૂવો કહે છે, 'જરા ખામોશ રહે ને જો શું થાય છે તે.' છોકરો ભોગવિલાસ ને સ્ત્રૈણપણાના વાતાવરણમાં મોટો થાય છે. બાઈ અકળાય છે, પણ ભૂવો તેને હજુ રાહ જોવાનું કહે છે. છેવટે એવો કાળ આવે છે જ્યારે એ દુષ્ટા રાજી થાય છે, એટલું જ નહીં પણ પેલા છોકરાની તેને દયા આવે છે. છોકરો ધનદોલતના, સ્ત્રૈણપણા ને સ્વચ્છંદના, વાતાવરણમાં ઊછરે છે, ને તેના સાલસ સ્વભાવને લીધે પાયમાલ થઈ જાય છે. ત્યારબાદ એક પછી એક એમ શારીરિક કષ્ટો, દારિદ્રય, અને અપમાનની પરંપરા શરૂ થાય છે. છોકરાના સુંવાળા મનને એથી વિશેષ દુઃખ થાય છે, પણ એ બધાંની સામે કેવી રીતે ઝઘડવું એની એને સૂઝ પડતી નથી. એક બાજુ તેના મનમાં

સદાચારને રસ્તે ચાલવાની ઇચ્છા થઈ આવે છે. બીજી બાજુ એશઆરામ ને એદીપણાને ટેવાયેલું તેનું બૈરી જેવું સુકુમાર શરીર તેને રોકે છે. આમ તે રહેણી બદલવાનાં વૃથા ફાંફાં મારે છે; દહાડે દહાડે નીચે ને નીચે ધસડાતો જાય છે; મનના વિચારોને દાબી દેવા દારૂની લતે ચડે છે; ને અંતે ગુના, ગાંડપણ કે આપઘાતમાં તેના જીવનની સમાપ્તિ થાય છે.

અને ખરેખર આપણા જમાનામાં શ્રીમંત વર્ગનાં બાળકોને અપાતી કેળવણી જોઈને મનમાં ત્રાસ છૂટ્યા વિના રહેતો નથી. આજે એ બાળકોમાં તેમનાં માબાપો, ખાસ કરીને માતાઓ, એબો ને દુર્ગુણોના કુસંસ્કારોનું જે સિંચન કરે છે તેવું તો બૂરામાં બૂરો શત્રુ જ કરી શકે એમ મનમાં થઈ આવે છે. માબાપે કાળજી લઈલઈને વંઠેલ કરી મૂકેલાં આ બાળકોમાંથી સારામાં સારાંના આત્મામાં શું શું ચાલી રહ્યું છે એ નીરખવાની કળા માણસને આવડતી હોય, તો આ દેખાવ — અને એથી વધારે એનાં પરિણામો —જોઈને દિઙ્મૂઢ થઈ જવાય એવું છે. એ બાળકોનાં મનમાં સ્ત્રૈણપણા ને એશઆરામના સંસ્કારોનું સિંચન, તેનો નૈતિક દૃષ્ટિએ થનારો અર્થ બાળકો સમજતાં થાય તે પહેલાં જ, કરવામાં આવે છે. મિતાહાર ને સંયમની ટેવો વિષે દુર્લક્ષ કરવામાં આવે છે, એટલું જ નહીં પણ—સ્પાર્ટાની અને સામાન્યપણે પ્રાચીન જગતની શિક્ષણપ્રથાથી ઊલટું — આ સદ્‌ગુણોની જડ જ ઉખાડી નાંખવામાં આવે છે. માણસને કામ કરવાની, અને ફળદાયક પરિશ્રમને સારુ આવશ્યક એવા સર્વ સદ્‌ગુણોની — ચિત્તની એકાગ્રતા, ખંત, સહનશક્તિ, ઉત્સાહ, બગડેલી ચીજોને સમારવાની આવડત, થાક સહેવાની ટેવ, ધ્યેયસિદ્ધિનો આનંદ વગેરેની —તાલીમ નથી અપાતી, એટલું જ નહીં પણ તેને એદી થઈને પડ્યા રહેવાની ને પરિશ્રમથી પેદા થયેલી ચીજોને તુચ્છકારવાની આદત પાડવામાં આવે છે: તેના મનમાં જેટલા તરંગો ઊઠે એટલી ચીજો બગાડવી, ફેંકી દેવી, પૈસા ખરચીને ફરી વસાવવી,

ને એ ચીજો કેમ બને છે એનો વિચાર સરખો ન કરવો એ કેળવણી તેને અપાય છે. બીજા સર્વ સદ્‌ગુણોની પ્રાપ્તિ માટે અનિવાર્ય એવો જે સમજુપણાનો પ્રાથમિક સદ્‌ગુણ તે પ્રાપ્ત કરવાની માણસની શક્તિ જ હરી લેવામાં આવે છે; અને તેને એવા જગતમાં છૂટો મૂકી દેવામાં આવે છે જ્યાં લોકો ન્યાય, માનવસેવા, અને પ્રેમના ઉદાત્ત સદ્‌ગુણોનો ઉપદેશ કરે છે ને તેની વાહવા ગાય છે.

આવી રીતે ઊછરેલા જુવાનમાં જો કુદરતે નૈતિક વિષયમાં શિથિલ અને મંદ એવો સ્વભાવ મૂકેલો હોય, અને તેને લીધે તે સાચું સદાચારી જીવન અને તેનો કૃત્રિમ દેખાવ એ બે વચ્ચેનો ભેદ કળી શકતો ન હોય, ને સમાજમાં ચાલી રહેલી એકબીજાની છેતર-પિંડીથી તૃપ્તિ માનતો હોય, તો તો ઠીક છે. એવું હોય તો સંસારમાં એનું ગાડું નભી જાય છે; અને એવો માણસ શાંતિથી ને સ્વસ્થપણે જીવે છે, ને છેક મરણ લગી તેનામાં સદાચારનું ભાન જાગૃત થતું નથી.

પણ આવું હમેશાં હોતું નથી. અત્યારે, જ્યારે એવી રહેણીનો ભ્રષ્ટાચાર વાતાવરણને વ્યાપી વળ્યો છે ને હૃદયમાં વણમાગ્યો પ્રવેશ કરે છે, તે વખતે તો ખસૂસ એવું બનતું નથી. ઘણીવાર — અને એવા પ્રસંગો દહાડે દહાડે વધતા જાય છે — એમ બને છે કે માણસના મનમાં સાચા, ડોળ વિનાના સદાચારને માટે ઇચ્છા જાગે છે; તે પછી અંતરમાં દુઃખદ સંગ્રામ અને મનોવ્યથા ચાલે છે, ને તેનો અંત નીતિભાવનાના વિજયમાં ભાગ્યે જ આવે છે.

કોઈ માણસને લાગે છે કે તેની રહેણી ખરાબ છે ને તેણે તે ધરમૂળથી સુધારવી જોઈએ, એટલે તે પ્રયત્ન કરે છે; પણ પછી જેઓ એવા મનોમંથનમાંથી પસાર થયા હોય ને પરાજય પામ્યા હોય તેવાઓ એના પર ચોમેરથી હુમલો કરે છે. તેઓ હરેક યુક્તિ પ્રયુક્તિ વડે તેના મનમાં એમ ઠસાવવા મથે છે કે આ સુધારો સાવ

અનાવશ્યક છે; સદાચારનો આધાર સંયમ ને ત્યાગ પર જરાયે નથી; અને માણસ અતિઆહાર, શરીરશૃંગાર, આળસ, અને વ્યભિચાર સુધ્ધાંની મોજ માણવાની સાથેસાથે સર્વાંશે સદાચારી ને ઉપયોગી બની શકે છે. મનના આ સંગ્રામનો અંત ઘણાખરા દાખલામાં દુ:ખદાયક આવે છે. કાં તો એ માણસ, તેની નિર્બળતાથી વિવશ બની જઈ, સમાજના પ્રચલિત મતને તાબે થાય છે, અંતરાત્માના અવાજને દાબી દે છે, પોતાનું વર્તન વાજબી ઠરાવવા બુદ્ધિને વક્ર બનાવી દે છે, જૂનું વિષયી જીવન ગાળવું ચાલુ રાખે છે; અને પોતાના મનને ખાતરી આપે છે કે ધર્મના આચારો વિષે શ્રદ્ધા રાખવાથી, અથવા તો વિજ્ઞાનની કે રાજ્યની કે કલાની સેવા કરવાથી પોતે તરી જશે. અથવા તો તે મનોવ્યથાથી તરફડિયાં મારે છે, કષ્ટ ભોગવે છે, ને અંતે ગાંડો બની જાય છે કે ગોળી ખાઈને આપઘાત કરે છે.

અત્યારે જ્યાં ચોમેર પ્રલોભનો માણસને ઘેરી વળેલાં છે એવા વાતાવરણમાં આપણા સમાજનો કોઈ માણસ, જે વસ્તુ હજારો વરસ પૂર્વે સર્વ બુદ્ધિશાળી માણસોને માટે પ્રાથમિક સત્યરૂપ હતી અને હજુ છે તે વસ્તુને સમજી શકે એવું જવલ્લે જ બને છે. એ વસ્તુ તે આ છે: સદાચારી જીવન પ્રાપ્ત કરવા માટે સૌથી પહેલાં તો દુરાચારી જીવનનો ત્યાગ કરવો જોઈએ; ઊંચા સદ્દગુણોની પ્રાપ્તિ માટે સૌથી પહેલાં જેને પેગનો મનોનિગ્રહ અથવા સંયમ કહે છે, અથવા જેને ખ્રિસ્તી ધર્મ ત્યાગ કહે છે, તે સદ્દગુણ પ્રાપ્ત કરવો આવશ્યક છે; અને તેથી આ પ્રાથમિક સદ્દગુણ આસ્તે આસ્તે પ્રયત્ન કરીને મેળવવામાં માણસ ભાગ્યે જ સફળ નીવડે છે.

આ સૈકાની ચાળીસીનાં વરસોના આપણા મહાવિદ્વાન ને પ્રગતિશીલ પુરુષોમાંના એક, દેશવટો ભોગવતા, ઓગારિયેવે બીજા

એથીયે વધારે વિદ્વાન ને પ્રતિભાશાળી પુરુષ હરઝનને લખેલા પત્રો હું આજકાલ વાંચું છું. આ પત્રોમાં ઓગારિયેવે તેના ઊંડામાં ઊંડા વિચારો ને ઊંચામાં ઊંચી આકાંક્ષાઓ પ્રગટ કર્યાં છે. વાંચનાર સહેજે જોઈ શકે છે કે તેણે, જુવાન માણસને માટે સ્વાભાવિક એવી રીતે, પોતાના મિત્ર આગળ પોતાની ઊજળી બાજુ બતાવવાનો પ્રયત્ન કરેલો છે. તેણે પૂર્ણતાની સાધના, પવિત્ર મૈત્રી, પ્રેમ, વિજ્ઞાનની ઉપાસના, માનવસેવા વગેરેની વાતો કરી છે. અને સાથેસાથે ઠંડે પેટે એમ પણ લખ્યું છે કે "હું પીધેલ સ્થિતિમાં ઘેર આવું છું, અથવા કોઈ પતિત પણ પ્રિય સ્ત્રીની સાથે કલાકો સુધી અલોપ થઈ જાઉં છું, ને તેથી ઘણીવાર મારી પત્ની ખિજાય છે."

આ અતિ દયાળુ, બુદ્ધિશાળી ને સુશિક્ષિત માણસને કદી એમ સૂઝ્યું નથી લાગતું કે તેના જેવો વિવાહિત પુરુષ, જેની સ્ત્રીને પ્રસૂતિ થવાની છે (કેમકે આ પછીના કાગળમાં તે લખે છે કે તેની સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો છે), તે દારૂથી ચકચૂર થઈને ઘેર આવતો ને પતિત સ્ત્રીઓ સાથે અલોપ થઈ જતો એ વસ્તુમાં કંઈ પણ વાંધાભરેલું હતું. તેના મગજમાં એ ખ્યાલ જ આવ્યો નથી કે તે મનોમંથન શરૂ કરે નહીં, અને અમુક અંશે પણ દારૂ ને વ્યભિચારની લતોને જીતે નહીં ત્યાં લગી તેનાથી મૈત્રી અને પ્રેમનો અથવા કોઈ પણ માણસની સેવા કે કોઈ પણ વિષયની ઉપાસના કરવાનો વિચાર જ થઈ શકે નહીં. પણ એણે આ દુર્ગુણોની સામે યુદ્ધ ન ચલાવ્યું, એટલું જ નહીં પણ એમાં એને કંઈક શોભા ને ગૌરવ લાગ્યાં; એણે માન્યું કે એને લીધે સંપૂર્ણતાની એની સાધનામાં કશો જ અંતરાય આવતો નથી; અને તેથી જે મિત્રની આગળ તે સારો દેખાવા ઇચ્છે છે તે મિત્રથી પોતાનું એ આચરણ ઢાંકવાને બદલે વિસ્તારથી વર્ણવી બતાવે છે.

આવી સ્થિતિ અડધા સૈકા પહેલાં હતી. એ માણસો મારા સમકાલીનો હતા. હું ઓગારિયેવને અને હરઝનને, એમના જેવા આચારવિચારવાળા બીજાઓને, અને એ જ પરંપરામાં કેળવાયેલા માણસોને ઓળખતો. એ બધા માણસોના જીવનમાં કોઈ જાતનો એકરાગ નહોતો. સદાચાર અને સચ્ચારિત્ર માટેની ખરા જિગરની ને ઉત્કટ ઇચ્છાની સાથોસાથ તેમનાં મનમાં વાસનાનું ભારે પ્રાબલ્ય હતું, અને તેઓ માનતા કે એ વાસનાઓના સેવનથી તેમને સદાચારી જીવન ગાળવામાં કે સારાં તેમજ મહાન કાર્યો કરવામાં કશો અંતરાય આવી શકે એમ નથી. તેઓ અણકેળવ્યા લોટની રોટીઓ બનાવીને ઠંડી ભઠ્ઠીમાં મૂકતા ને માની લેતા કે રોટી શેકાઈ રહેશે. અને પછી, અવસ્થા થવાની સાથે તેમને દેખાવા માંડ્યું કે રોટી શેકાતી નથી — એટલે કે તેમનાં જીવનમાંથી કંઈ પણ સુફળ નીપજતું નથી — ત્યારે તેમને થવા લાગ્યું કે એ સ્થિતિમાં જ ખેદ અને કરુણાજનક એવું કંઈક વૈષમ્ય રહેલું છે.

અને એ જીવનોની નિષ્ફળતા ને તેનો કરુણ અંત સાચે જ ભયાનક છે. જે દુઃખદ દશા હરઝન, ઓગારિયેવ, અને તેમના જમાનાના બીજા માણસોનાં જીવનની થઈ તે જ આજે એ જાતના વિચાર ધરાવનાર ઘણા સુશિક્ષિત કહેવાતા માણસોનાં જીવનની થઈ પડી છે. એક માણસ સદાચારી જીવન ગાળવા ઇચ્છે છે, પણ એને માટે સાધનાનો જે અનિવાર્ય ક્રમ છે તે તેની આસપાસના સમાજમાં લુપ્ત થઈ ગયો છે ને જડતો નથી. પચાસ વરસ ઉપરના ઓગારિયેવ, હરઝન અને બીજાઓની પેઠે આજના જમાનાના મોટા ભાગના માણસો-નાં મનમાં પણ એવો ખ્યાલ ઘર ઘાલી બેઠો છે કે સ્રૈણ જીવન ગાળવું, જાતજાતનાં મિષ્ટાન્નો ખાવાં, દરેક જાતની મોજમજા માણવી ને સર્વ વાસનાઓને છૂટે દોર મૂકી દઈ તેને સંતોષવી, એ વસ્તુઓ કંઈ સદાચારી જીવન ગાળવામાં વિઘ્નકર્તા નથી. પણ તેમનાં જીવન

સદાચારી તો નથી બનતાં દેખાતાં; એટલે તેઓ નિરાશાવાદી બની જાય છે, ને કહે છે : "એવી વિષમતા માનવી જીવનની જોડે જડાયેલી જ છે."

બીજી વિચિત્ર વાત એ છે કે આ માણસો, જેઓ જાણે છે કે જગતમાં સુખચેનની વહેંચણી માણસોની વચ્ચે ઓછાવત્તા પ્રમાણમાં થયેલી છે, જેઓ એ અસમાનતાને બૂરી ગણે છે ને તેને દૂર કરવા મથે છે, તેઓ પોતાનાં સુખચેનમાં ઉમેરો કરતાં — એટલે કે સુખચેનની વહેંચણીની અસમાનતામાં ઉમેરો કરતાં — અટકતા નથી. આવી રીતે વર્તવામાં આ માણસો એવું આચરણ કરે છે જેઓ વાડીમાં પોતે પહેલા પેસવા પામ્યા એટલા માટે જેટલાં ફળ હાથમાં આવ્યાં તેટલાં ભેગાં કરી લે છે, અને વાડીનાં ફળની વહેંચણી પોતાની, ને પાછળથી આવનારની વચ્ચે વધારે સમાનતાથી થવી ઘટે છે એવી ઇચ્છા મોઢેથી પ્રદર્શિત તો કરે છે, છતાં જેટલાં ફળ હાથમાં આવે તેટલાં તોડી લેવાનું બંધ રાખતા નથી.

૫

માણસો વાસનાઓની તૃપ્તિ કરવામાં રચ્યાપચ્યા રહે ને એ કામોપભોગને સદાચારી જીવન માને, અને છતાં તેઓ સદાચારી, ઉપયોગી, ન્યાયી અને પ્રેમમય જીવન ગાળી શકે — એ ભ્રમ એટલો આશ્ચર્યજનક છે કે મને તો લાગે છે કે પાછળની પેઢીઓના લોકો તો સમજી જ નહીં શકે કે આપણા ધનિક વર્ગના ખાઉધરા — બાયલા, ને વિષયી એદી લોકો — સદાચારી જીવન ગાળતા એમ આપણા જમાનાના લોકો કહેતા એમાં 'સદાચારી જીવન'નો એમણે શો અર્થ કલ્પ્યો હશે. વસ્તુતઃ જો આપણે આપણા ધનિક વર્ગોના જીવન વિષેનો રૂઢ મત ક્ષણવાર બાજુએ મૂકીને એ વર્ગની રહેણી તરફ — હું ખ્રિસ્તી

ધર્મની દૃષ્ટિએ નથી કહેતો, પણ ખ્રિસ્તી ધર્મની સ્થાપના પૂર્વે ગ્રીસ અને રોમમાં પ્રચલિત અનેક દેવદેવીવાળા પેગન ધર્મની દૃષ્ટિએ, ન્યાયની અલ્પમાં અલ્પ માગણીની દૃષ્ટિએ — જોઈએ તો આપણા મનની પાકી ખાતરી થાય કે ન્યાય કે ઔચિત્યના જે સાદામાં સાદા નિયમોનો ભંગ પોતાની રમતમાં કરવાનું બાળકોને પણ ઉચિત નથી લાગતું તે નિયમોને દિવસરાત છડેચોક ઠોકરે ઉડાવવા છતાં સદાચારી જીવનની વાત સરખી કરવાનો આપણને ધનિક વર્ગના લોકોને કશો જ હક નથી.

આપણા સમાજના કોઈ પણ માણસે સદાચારી જીવનનો આરંભ કરવો, એમ હું નથી કહેતો. પણ એ દિશામાં પગલું પણ માંડવું હોય તો તેણે સૌથી પહેલાં દુરાચાર કરતા અટકી જવું જોઈએ; પોતાની આસપાસ વ્યાપી રહેલા દુરાચારના વાતાવરણનો નાશ કરવા મંડી પડવું જોઈએ.

સમાજની પ્રચલિત રહેણીથી વિરુદ્ધ હોય એવું કંઈ પણ કામ કૃત્રિમ, હાંસીપાત્ર લાગશે; પોતાની શ્રેષ્ઠતાનો દેખાવ કરવાના પ્રયત્ન જેવું લાગશે; અને તેથી તે સત્કાર્ય નહીં ગણાય; — આપણાં જીવનને ન સુધારવાના બહાના તરીકે આ દલીલ આપણે કેટલી બધી વાર સાંભળીએ છીએ! માણસોને કદી પણ પોતાનાં દુરાચારી જીવન બદલતા રોકવા માટે જાણીજોઈને આ દલીલ ઉપજાવેલી લાગે છે. આપણું આખું જીવન સદાચારી, ન્યાયપૂર્ણ, દયામય હોય તો, અને તો જ, પ્રચલિત રહેણીમાં ભળે એવું આપણું કાર્ય તે સત્કાર્ય ગણાય. આપણું અડધું જીવન સારું ને અડધું ખરાબ હોય તો પ્રચલિત રહેણી જોડે મેળ ન ખાનારું આપણું કાર્ય જેટલું સારું હોવાનો તેટલું જ ખરાબ પણ હોવાનો સંભવ રહે. પણ આપણા ઉપલા વર્ગોમાં છે તેમ રહેણી જ્યારે કેવળ ભૂરી ને અનુચિત હોય, ત્યારે તો માણસ પ્રચલિત જીવનપ્રવાહમાં ખલેલ પાડ્યા સિવાય

એક પણ સત્કર્મ કરી શકે જ નહીં. એ પ્રવાહમાં ખલેલ પાડ્યા વિના દુષ્કર્મ કરી શકાય, પણ સત્કર્મ ન કરી શકાય.

આપણા શ્રીમંત વર્ગના જીવનને ટેવાયેલો કોઈ પણ માણસ પોતે જે દુરાચારમાં ડૂબેલો છે તેમાંથી પહેલો નીકળ્યા વિના સદાચારી જીવન ગાળી શકે નહીં — પાપ કરતો મટે નહીં ત્યાં સુધી પુણ્ય કરવા માંડી શકે નહીં. ભોગવિલાસમાં રહેતા માણસને માટે સદાચારી જીવન ગાળવું અશક્ય છે. તે પોતાનું જીવન બદલે નહીં, તેણે જે કામ સૌથી પ્રથમ કરવું ઘટે છે તે કરે નહીં, ત્યાં સુધી સદાચારને રસ્તે ચડવાના તેના બધા પ્રયત્નો એળે જવાના છે. પેગન ધર્મની માન્યતા પ્રમાણે, અને એથીયે વિશેષપણે ખ્રિસ્તી ધર્મની માન્યતા પ્રમાણે, અહંપ્રેમ અને ઈતરપ્રેમ વચ્ચેનું પ્રમાણ તપાસીને જ સદાચારી જીવનનું માપ કાઢી શકાય. માણસમાં અહંપ્રેમ જેટલો ઓછો, અને એ પ્રેમને પરિણામે આવતી પોતા વિષેની કાળજી અને બીજાઓની મહેનત પોતાનાં સુખસગવડને સારુ લેવાની આતુરતા જેટલી ઓછી, અને જેટલો પરપ્રેમ વધારે, અને એ પ્રેમને પરિણામે આવતી બીજા વિષેની કાળજી અને બીજાઓની સેવા કરવાની આતુરતા જેટલી વધારે, તેટલું એ જીવન વધારે પુણ્યશીલ ગણાય.

જગતના સર્વ ઋષિમુનિઓએ અને સર્વ સાચા ખ્રિસ્તીઓએ સદાચારી જીવનનો આવો જ અર્થ કર્યો છે; અને આજે પણ સહુ સાદા માણસો એનો એવો જ અર્થ સમજે છે. માણસ બીજાને જેટલું વધારે આપે ને પોતાને માટે જેટલું ઓછું માગે તેટલો તે વધારે સદાચારી. બીજાને જેટલું ઓછું આપે ને પોતાને માટે વધારે માગે તેટલો તે વધારે દુરાચારી.

માણસમાં બીજાને માટે પ્રેમ જેટલો વધારે હોય ને પોતાને માટે જેટલો ઓછો હોય તેટલો એ વધારે સદાચારી બને છે, એટલું

જ નહીં પણ તે પોતાને વિષે જેટલો ઓછો પ્રેમ ધરાવે તેટલું તેને સદાચારી બનવું વધારે સહેલું પડે છે. એથી ઊલટી વાત પણ એટલી જ સાચી છે. માણસ જેટલો પોતાને વિષે વધારે પ્રેમ ધરાવે, અને પરિણામે બીજાની પાસેથી વધારે મહેનતની માગણી કરે, તેટલે અંશે તેને માટે બીજા પર પ્રેમ રાખવાનું ને તેમની સેવા કરવાનું ઓછું શક્ય બને છે; અહં પ્રેમ જેટલો વધારે તેટલી આ શક્યતા ઓછી એવું નથી, પણ એના કરતાં ઘણી જ ઓછી હોય છે — જેમ આપણે ત્રાજવાની વચલી દોરીને દાંડીના લાંબા ભાગ તરફથી ટૂંકા ભાગ તરફ ખસેડીએ ત્યારે આપણે માત્ર લાંબા ભાગને વધારે લાંબો જ નથી કરતા, પણ ટૂંકા ભાગને વધારે ટૂંકો પણ બનાવીએ છીએ. એટલે, જો અમુક શક્તિ (પ્રેમની) ધરાવનાર માણસ પોતાના સ્વપ્રેમમાં ને પોતા માટેની આળપંપાળમાં વધારો કરે, તો તે બીજા પ્રત્યે પ્રેમ રાખવાની ને બીજાની કાળજી રાખવાની શક્તિ પોતા પર ઢોળેલા પ્રેમના પ્રમાણમાં જ નથી ઘટાડતો, પણ ઘણી વધારે ઘટાડે છે. બીજાઓને ખવડાવવાને બદલે માણસ પોતે જ અકરાંતિયો બનીને ખાય છે; એમ કરવાથી તે વધારાનું અન્ન બીજાને આપી દેવાની શક્યતા ઓછી કરે છે, એટલું જ નહીં પણ પોતે અતિઆહાર કરીને બીજાઓને મદદ કરવાની પોતાની શક્તિ ગુમાવી બેસે છે.

બીજાઓને વિષે શબ્દમાત્રથી નહીં પણ સાચોસાચ પ્રેમ ધરાવવાને સારુ માણસે પોતાને વિષે પ્રેમ ધરાવતા ખરેખાત અટકવું જોઈએ. ઘણાખરા દાખલામાં આમ બને છે: આપણે બીજાને ચાહીએ છીએ એમ મનથી માનીએ છીએ, ખરેખર એમ જ છે એમ પોતાને ને બીજાને ખાતરી આપીએ છીએ, પણ તેમને આપણે માત્ર શબ્દથી ચહાતા હોઈએ છીએ ને વસ્તુતઃ તો પોતાને વિષે પ્રેમ ધરાવતા હોઈએ છીએ. આપણે બીજાને ખવડાવવાનું ને સુવાડવાનું ભૂલી

જઈએ છીએ; પોતે ખાવાનું ને સૂવાનું કદી ભૂલતા નથી. તેથી, બીજાઓને ખરેખાત ચાહવાને સારુ, આપણે ખરેખાત પોતાને ચહાતા મટી જવું જોઈએ; જેમ આપણે બીજાને ખવડાવવાનું ને સુવાડવાનું ભૂલી જઈએ છીએ, તેમ પોતે ખાવાનું ને સૂવાનું ભૂલતાં શીખવું જોઈએ.

એશઆરામનું જીવન ગાળવાને ટેવાયલા વિલાસી માણસને વિષે આપણે કહીએ છીએ કે તે 'સદાચારી માણસ છે' ને 'સદાચારી જીવન ગાળે છે.' પણ એવું માણસ — પુરુષ હોય કે સ્ત્રી —, એનામાં નમ્રતા, ભલાઈ વગેરે અતિશય સૌજન્યના ગુણો હોય તોપણ, એટલું જ સદાચારી બની શકે છે ને એટલું જ સદાચારી જીવન ગાળી શકે છે જેટલું સારામાં સારા કારીગરે ઘડેલું ને સારામાં સારા પાણીવાળા ગજવેલનું ચપ્પુ તેને સરાણ પર ઘસ્યા વિના ધારવાળું બની શકે ને કાપવાનું કામ કરી શકે. સદાચારી બનવું ને સદાચારી જીવન ગાળવું એનો અર્થ એ કે પોતે બીજા પાસેથી લે તેના કરતાં વધારે બીજાને આપવું. પણ એશઆરામને ટેવાયેલો વિલાસી માણસ તેમ કરી શકતો નથી. તેનું કારણ પહેલું એ છે કે તેને પોતાને ઘણું જોઈએ છે (એટલા માટે નહીં કે તે સ્વાર્થી છે, પણ એટલા માટે કે તે ભોગ ભોગવવાને ટેવાયેલો છે, ને જે ચીજની તેને ટેવ પડી ગઈ છે તે તેની પાસેથી લઈ લેવામાં આવે તો તેને દુઃખ થાય છે); અને બીજું કારણ એ કે તેને બીજાની પાસેથી જેટલું મળે છે તે બધાનો ઉપભોગ કરી લઈને તે પોતે નિર્બળ બને છે, અને શરીરશ્રમ કરવાને —અને તેથી બીજાઓની સેવા કરવાને — નાલાયક બની જાય છે. જે વિલાસી માણસ સુંવાળી પથારી પર સૂએ છે ને પુષ્કળ મિષ્ટાન્ન અને માલમલીદા ઉડાવે છે, જે હમેશાં ચોખ્ખાં ને ઋતુને અનુકૂળ એવાં કપડાં પહેરે છે, ને જેણે શરીરશ્રમની ટેવ પાડવાનો પ્રયત્ન કદી કર્યો નથી, તેનાથી કશું વળવાનું નથી.

આપણને પોતાનાં જૂઠાણાં તેમજ બીજાનાં જૂઠાણાં કોઠે પડી ગયાં છે; અને બીજાનાં જૂઠાણાં તરફ આંખમીંચામણાં કરવામાં આપણને બહુ સગવડ લાગે છે; કેમકે તેમ કરવાથી બીજા આપણાં જૂઠાણાં તરફ જોતા નથી. એટલે, જે લોકો સાવ સ્વચ્છંદી જીવન ગાળે છે તેઓ પોતે સદ્ગુણી, એટલું જ નહીં પણ કેટલીકવાર સાધુચરિત, હોવાનો દાવો કરે છે તેનાથી આપણને જરાયે આશ્ચર્ય થતું નથી, ને તે દાવાની સચ્ચાઈ વિષે આપણા મનમાં શંકા સરખી ઊપજતી નથી.

એક માણસ — પુરુષ કે સ્ત્રી — સ્પ્રિંગવાળા ખાટલા પર સૂએ છે; ખાટલા પર બે તળાઈઓ છે, તેના પર બે સુંવાળી, ઊજળી દૂધ જેવી, ચાદર બિછાવેલી છે, ને પીંછાંથી ભરેલાં ગલેફવાળાં ઉશીકાં મૂકેલાં છે. ખાટલાની બાજુમાં ભોંય પર ગરમ આસન બિછાવેલું છે, જેથી સેજમાંથી નીચે ઊતરતાં પગને ઠંડી ન લાગી જાય, જોકે પગનાં સપાટ તો પાસે પડેલાં જ હોય છે. શૌચાદિને માટે જે વાસણો વગેરે જોઈએ તે પણ ત્યાં જ રાખેલાં હોય છે, જેથી ઘર બહાર જવું ન પડે — જે કંઈ ગંદકી તે કરશે તે નોકરો ઊચકી જશે ને બધું સાફસુથરું કરી નાંખશે. બારીએ પડદા ટાંગી દીધેલા હોય છે, જેથી દિવસનું અજવાળું તેને જગાડે નહીં; અને તેથી એ પુરુષ કે સ્ત્રી મનમાં આવે ત્યાં લગી ઊંઘે છે. આ બધા ઉપરાંત, એવી પણ સગવડ કરવામાં આવે છે જેથી એ ઓરડો શિયાળામાં હૂંફાળો ને ઉનાળામાં શીતળ રહે, અને માખીઓ કે બીજાં જીવડાંનો અવાજ ખલેલ ન કરે. તેની ઊંઘ ચાલતી હોય ત્યાં જ મોં ધોવાને માટે ગરમ ને ઠંડું પાણી તૈયાર કરવામાં આવે છે, ને કેટલીકવાર હજામત અને સ્નાન માટેની તૈયારી પણ કરી રાખવામાં આવે છે. પથારીમાંથી ઊઠતાંવેંત પીવા માટે ચા કોફીનાં પીણાં પણ ગરમાગરમ તૈયાર રખાય છે. બૂટ, જોડા, સપાટ — જેની

અનેક જોડીઓ આગલે દહાડે મેલી થઈ ચૂકી હોય છે—તેની સફાઈ થવા લાગી હોય છે, તેના પરથી ધૂળનો એકએક રજકણ ઉખાડી નાંખવામાં આવે છે, અને તેને પાલીસ કરીકરીને કાચ જેવાં ચકચકતાં કરવામાં આવે છે. આગલે દહાડે મેલાં થયેલાં બીજાં અનેક વસ્ત્રોને પણ એવી રીતે ધોઈ કરીને સાફ કરવામાં આવે છે. આ વસ્ત્રો ઉનાળા શિયાળાને માટે જુદાં જુદાં હોય છે, એટલું જ નહીં પણ વસંત, પાનખર, વર્ષા, ભેજવાળી હવા ને બફારો એ બધા ઋતુના ફેરફારોને અનુકૂળ એવાં—અનેક પોતનાં ને અનેક રંગનાં—પણ હોય છે. કપડાં ધોવાય છે, તેને આર કરાય છે, ઇસ્ત્રી થાય છે, ખમીસને કફનાં ને ગળાનાં બટન ઘલાય છે, કોટનાં ખાસ બટનમાં ફૂલ ખોસાય છે, અને ખાસ નીમેલા માણસો કાળજીપૂર્વક આ કામની દેખરેખ રાખે છે.

માણસ જો સ્ફૂર્તિવાળો હોય તો વહેલો—સાત વાગ્યે—તોયે તેને માટે તૈયારી કરનારાઓના કરતાં તો બે કલાક મોડો જ, ઊઠે છે. દિવસનાં કપડાં ને રાતનાં ઓઢવાનાં ઉપરાંત, તે કપડાં પહેરતો હોય તે વખતે પહેરવા માટે ખાસ ઝભ્ભો અને સપાટ હોય છે. પછી તે શૌચ, મુખમાર્જન, કેશભૂષણ વગેરે કરે છે; આને માટે જાતજાતની પીંછીઓ, સાબુ અને પુષ્કળ પાણી વપરાય છે. (ઘણાં અંગ્રેજ સ્ત્રીપુરુષોને, કોણ જાણે શાથી, ઘણો સાબુ વાપરવાનો ને શરીર પર પુષ્કળ પાણી રેડવાનો શોખ હોય છે, ને તેને વિષે તેઓ ગર્વ ધરાવે છે.) પછી તે કપડાં પહેરે છે, એક ખાસ જાતના અરીસા આગળ ઊભો રહી વાળ ઓળે છે (આ અરીસો ઘરના લગભગ દરેક ઓરડામાં ટીંગાતા અરીસા કરતાં જુદી જાતનો હોય છે); ચશ્માં વગેરે પોતાને જોઈતી ચીજો લે છે; અને પછી જુદાં જુદાં ખીસાંમાં જુદી જુદી ચીજો ખોસે છે—એકમાં નાક સાફ કરવાનો હાથરુમાલ; એકમાં અછોડાવાળું ઘડિયાળ (જોકે તે જ્યાં જશે

ત્યાં દરેક ઓરડામાં ભીંતે મોટું ઘડિયાળ ટીંગાડેલું જ હશે); એકમાં જાતજાતનું નાણું — પરચૂરણ (કેટલીકવાર તો ખાસ ખાનાંવાળા પાકીટમાં ભરેલું, જેથી જોઈએ તે સિક્કો ખોળવાની તકલીફ લેવી જ ન પડે) — અને બેંકની નોટો; એક ખીસામાં નામ જેના પર છાપેલું હોય એવાં 'વિઝિટિંગ કાર્ડ' (જેથી નામ કહેવાની કે લખવાની તસ્દી ન લેવી પડે); ને એકમાં નાની નોંધપોથી ને સીસાપેન. સ્ત્રીઓના શણગાર એથી અટપટા હોય છે: માથું હોળવું, વસ્ત્રાભૂષણ સજવાં વગેરે અનેક ચીજો એમાં આવે છે.

પણ આખરે આ બધું પૂરું થાય છે; ને દિવસની શરૂઆત, સામાન્ય રીતે આહારથી, થાય છે: ખૂબ ખાંડ નાંખીને ચા કૉફી પિવાય છે; ઝીણામાં ઝીણા સફેદ મેદાની બનાવેલી રોટી, પુષ્કળ માખણ સાથે, ને કેટલીકવાર ડુક્કરના માંસ સાથે, ખવાય છે. પુરુષો મોટે ભાગે એ દરમ્યાન નાની કે મોટી બીડી ફૂંકે છે, ને તરતનાં આવેલાં તાજાં છાપાં વાંચે છે. પછી, એ ગંદા ને અવ્યવસ્થિત બનાવેલા ઓરડાને સાફ ને વ્યવસ્થિત કરવાનું કામ બીજાઓ પર છોડી તેઓ પોતાની કચેરીમાં કે દુકાને જાય છે, અથવા તો એવા લોકોને મહાલવા માટે ખાસ બનાવેલી ગાડીઓમાં સહેલ કરવા નીકળે છે. તે પછી પશુપંખીનું માંસ અને મચ્છીનું બીજું ખાણું (લંચ) આવે છે. ને તે પછી ત્રીજું ખાણું (ડીનર) આવે છે; તે બહુ હળવું હોય તોપણ તેમાં ત્રણ વાનીઓ, ફળ અને કૉફી એટલું તો હોય જ છે. તે પછી પાનાં રમાય છે, સંગીત ચાલે છે — અથવા તો થિયેટરમાં જઈને નાટક જોવાય છે —, મીણબત્તી, ગૅસ કે વીજળીના ઝગઝગાટવાળા દીવાના પ્રકાશમાં મુલાયમ આરામ-ખુરસીઓ પર બેસીને વાચન કે વાતચીત ચાલે છે. તે પછી પાછી ચા, પાછું ભોજન — રાતનું વાળુ (સપર) —, ને તે પછી શયન એ ક્રમ ચાલે છે. શયનગૃહમાંની સેજ ખંખેરી નાંખેલી હોય છે,

નવી ચાદરો બિછાવેલી હોય છે; ધોઈ રાખેલાં વાસણ પાછાં મેલાં કરવાને મૂકેલાં હોય છે.

આવી રીતે મધ્યમ શ્રેણીના માણસનો દિવસ પસાર થઈ જાય છે. એવો માણસ, જો સારા સ્વભાવનો હોય અને આસપાસનાં માણસોને ખાસ ત્રાસદાયક એવી કશી કુટેવો તેને ન હોય તો, તેને વિષે કહેવાય છે કે તે સારું ને સદાચારી જીવન ગાળે છે.

પણ સારું જીવન તો તે માણસનું કહેવાય જે બીજાનું ભલું કરતો હોય. અને આવી રીતે રહેવાને ટેવાયેલો માણસ બીજાનું ભલું કરી શકે ખરો? તે માણસોનું ભલું કરી શકે તે પહેલાં તેણે બૂરું કરતા અટકવું જોઈએ. આવો માણસ, ઘણીવાર અજાણતાં, બીજાઓને જે હાનિ કરે છે તેનો હિસાબ કાઢો, તો તમે જોશો કે ભલા કામને ને તેને સો ગાઉનું છેટું છે. તે જે બૂરું કરે છે તેનું વળતર વાળવા માટે તેને ઘણાં શૂરાતનનાં કામો કરવાં પડે એમ છે; પણ તેણે પોતે ઉપજાવેલી હાજતોએ તેને એવો પાંગળો કરી મૂક્યો હોય છે કે એવાં કશાં કામ કરવાનું શહૂર જ એનામાં રહ્યું હોતું નથી. જેમ રોમન બાદશાહ માર્કસ ઑરેલિયસ કરતો તેમ તે પોતાનો જાડો ઝભ્ભો ઓઢીને ભોંય પર સૂઈ જાય, તો એવી ઊંઘથી તેના શરીર અને મન બંનેને વધારે લાભ થાય. અને તે એમ કરે તો તળાઈઓ, સ્પ્રિંગો ને ઉશીકાં બનાવવાની બધી મહેનત ને કડાકૂટ બચી જાય; એટલું જ નહીં પણ આ મજબૂત માણસને કપડાં ધોઈ આપનારી ધોબણ, જેને માથે છોકરાં જણવા ને ઉછેરવાનો બોજો હોય છે, તેની રોજની મહેનત પણ બચી જાય. રાતે વહેલો સૂઈ સવારે વહેલો ઊઠીને એ માણસ બારીના પડદા ને રાતની દીવાબત્તીની બચત કરી શકે. તે ધારે તો દિવસે પહેરેલું પહેરણ પહેરીને જ રાતે સૂઈ રહે, જમીન પર ઉઘાડે પગે ચાલે, ને બહાર વાડામાં જાય; ને નળે મોઢું ધુએ. ટૂંકામાં, જો તે ધારે તો, તેને માટે મહેનત મજૂરી

કરનાર માણસોના જેવી જ રહેણીથી તે પોતે રહે, અને તેને માટે થતી બધી ઊઠવેઠ બચાવી લે. તેનાં કપડાંલત્તાં, તેના આહારની સ્વાદિષ્ટ વાનીઓ, ને તેના મનોરંજનની પાછળ થતો બધો પરિશ્રમ, જો તે ધારે તો, બચાવી શકે. એ બધો પરિશ્રમ કેવા સંજોગોમાં થાય છે: એ કરતાં માણસો કેમ મરી જાય છે ને બેહાલ થાય છે, અને જે લોકો તેમના દારિદ્રયનો લાભ ઉઠાવી તેમની પાસે આવાં કામો જબરદસ્તીથી કરાવે છે તેમને વિષે તેમનાં મનમાં ઘણીવાર કેવો દ્વેષ ભરેલો હોય છે, એ બધાની પેલા સુખચેન કરનાર માણસને ખબર હોય છે.

ત્યારે, આવો માણસ આ એશઆરામ ને ભોગવિલાસનો ત્યાગ કર્યા વિના બીજાનું ભલું શી રીતે કરી શકે ને સદાચારી જીવન કઈ રીતે ગાળી શકે ?

પણ બીજા લોકો આપણી નજરે કેવા દેખાય છે એ આપણે કહેવાની જરૂર નથી — દરેક જણે તે પોતાને વિષે નીરખી ને તપાસી જોવું જોઈએ.

મારાં વચનો સાંભળીને લોકો વિરોધ અને તુચ્છકાર દાખવનારું મૌન સેવે છે; છતાં આની આ જ વાત ફરીફરીને કહ્યા વિના મારાથી રહેવાય એમ નથી. સુખચેનનું જીવન ગાળનાર કોઈ પણ માણસને, મધ્યમ વર્ગના માણસને પણ (દરરોજ પોતાના મનના તરંગોને સંતોષવા સેંકડો માણસની મહેનતનું પરિણામ વેડફી નાખનાર ઉપલા વર્ગોની હું વાત નહીં કરું), જો એવી જાણ હોય કે તે પોતે વાપરે છે એ બધી ચીજો જેમણે પેદા કરી છે તે મજૂરોનાં જીવન કચડાઈ રહેલાં છે ને તેઓ નિરાશામાં મરી રહેલા છે — તે વાપરે છે એ ચીજો પેદા કરનાર માણસો તે ખાણોમાં, કારખાનાંમાં અને ખેતરોમાં મજૂરી કરતાં અજ્ઞાન, દારૂબાજ, વિષયી, અર્ધજંગલી

પ્રાણીઓ છે —, તો એમ જાણ્યા પછી સ્વસ્થ ચિત્તે જીવવું એ માણસને માટે અશક્ય બની જશે.

આ ઘડીએ મને લેખકને અને તમને વાચકને — તમે ગમે તે વર્ગના હો તોયે — નીરોગી, પૂરતો, કદાચ પુષ્કળ, અને જાતજાતના મેવામીઠાઈવાળો ખોરાક, સ્વચ્છ હૂંફાળી હવા, શિયાળા ને ઉનાળાનાં કપડાં, જાતજાતનાં મનોરંજનનાં સાધન, અને — સૌથી અગત્યની વસ્તુ તે — દિવસે ફુરસદ ને રાતે ઘસઘસાટ ઊંઘ — મળે છે. પણ અહીં આપણી નજર આગળ જે મજૂરો રહે છે તેમને નથી મળતો નીરોગી ખોરાક, નથી મળતાં હવાઉજાસ ને સગવડવાળાં ઘર, કે નથી મળતાં પૂરતાં કપડાં કે મનોરંજનનાં સાધન. તેમને દહાડે ફુરસદ તો શું, રાતે ઊંઘ સરખી નથી મળતી. એમાંનાં વૃદ્ધો, બાળકો, ને સ્ત્રીઓનાં શરીર વૈતરાથી, ઉજાગરાથી, રોગથી ઘસાઈ ગયેલાં છે. જે ચીજો તેમની પોતાની પાસે નથી, અને જે ચીજો આપણને જરૂરની નથી પણ વધારાની વગરકામની છે, એવી સુખચેન ને ભોગવિલાસની ચીજો આપણે માટે પૂરી પાડવામાં એમની આખી જિંદગી તેઓ વ્યતીત કરે છે. તેથી સદાચારી માણસને (હું ખ્રિસ્તી નથી કહેતો, પણ માત્ર દયાભાવ ધરાવવાનો દાવો કરનાર કે કેવળ ન્યાયનો વિચાર કરનાર માણસને) પોતાની રહેણી બદલવાની, અને આવી સ્થિતિમાં પેદા થયેલી મોજશોખની ચીજો વાપરવી બંધ કરવાની, ઇચ્છા થયા વિના રહે જ નહીં.

જો કોઈ માણસને તમાકુ પેદા કરનારા વિષે ખરેખરી દયા ઊપજે તો તે સ્વાભાવિક રીતે સૌથી પહેલાં બીડી પીવાનું બંધ કરશે; કેમકે તમાકુ ખરીદવાનું ને બીડી પીવાનું ચાલુ રાખીને તે માણસોનાં આરોગ્યનો હ્રાસ કરનાર તમાકુની પેદાશને ઉત્તેજન આપે છે. એવું જ મોજશોખની બીજી એકેએક ચીજને વિષે છે. રોટી પેદા કરવામાં સખત પરિશ્રમની જરૂર પડે છે છતાં માણસ તે ખાવાનું ચાલુ

રાખી શકે છે; તેનું કારણ એ છે કે મજૂરોની અત્યારની પરિસ્થિતિ બદલાય એની રાહ તે જોતો હોય તે સમય દરમ્યાન પણ જે ચીજ વિના ચલાવવું અશક્ય હોય છે તેનો તે ત્યાગ કરી શકતો નથી. પણ જે ચીજો બિનજરૂરી છે એટલું જ નહીં પણ નકામી છે તેને વિષે તો એક જ વાત કહી શકાય: અમુક ચીજોની બનાવટમાં રોકાયેલાં માણસો પ્રત્યે મને દયા ઊપજતી હોય તો મારે એ ચીજો વાપરવાની ટેવ હરગિજ ન પાડવી જોઈએ.

પણ આજકાલ માણસો ઊલટી દલીલ કરે છે. તેઓ અતિશય વિવિધ ને અટપટી દલીલો જોડી કાઢે છે, પણ જે વાત દરેક સાદા માણસને સહેજે સૂઝે છે તે તેઓ કદી કહેતા નથી. તેઓ તો કહે છે કે મોજશોખની ચીજોનો ત્યાગ કરવાની કશી જરૂર નથી. મજૂરોની સ્થિતિ વિષે સમભાવ ધરાવવો, તેમની વતી ભાષણો કરવાં ને પુસ્તકો લખવાં, અને સાથેસાથે જે પરિશ્રમ તેમની દેખીતી પાયમાલી કરતો હોય તે પરિશ્રમનો લાભ ઉઠાવવો ચાલુ રાખવો, એમાં એમની નજરે કશું અનુચિત દેખાતું નથી.

એક દલીલ એવી છે કે મજૂરોને હાનિકારક હોય એવા પરિશ્રમનો લાભ મારાથી ઉઠાવી શકાય, કેમકે એ લાભ હું નહીં ઉઠાવું તો બીજો કોઈ ઉઠાવશે. એ દલીલ લગભગ એ જાતની થઈ કે મને હાનિકારક એવો દારૂ મારે પીવો જોઈએ; કેમકે તે પૈસા આપીને ખરીદવામાં આવ્યો છે, ને તે હું નહીં પીઉં તો બીજા પીશે.

બીજી એક દલીલ એવી છે કે મજૂરોને મોજશોખની ચીજો પેદા કરવા દેવામાં આવે એમાં તેમને લાભ પણ છે, કેમકે એ રીતે આપણે એમને પૈસા પૂરા પાડીએ છીએ — એટલે કે આજીવિકાનું સાધન આપીએ છીએ: કેમ જાણે તેમને હાનિકારક અને આપણને નકામી એવી ચીજો તેમની પાસે પેદા કરાવ્યા સિવાય બીજી કોઈ રીતે એમને આજીવિકાનું સાધન આપી શકાય એમ જ ન હોય.

પણ ત્રીજી એક દલીલ એવી છે — ને તે અત્યારે સૌથી વધારે લોકપ્રિય છે — કે જગતમાં શ્રમવિભાગ જેવી કંઈ વસ્તુ છે જ નહીં, તેથી જે કોઈ કામમાં માણસ રોકાયલો હોય — પછી તે સરકારી અમલદાર, પાદરી, જમીનદાર, કારખાનદાર કે વેપારી ગમે તે હોય — તે કામ એટલું ઉપયોગી હોય છે કે એ માણસ મજૂરવર્ગના જે પરિશ્રમનો લાભ ઉઠાવતો હોય તેનું પૂરેપૂરું વળતર એના કામથી મળી રહે છે. એમાંનો એક માણસ રાજ્યની સેવા કરે છે, બીજો ચર્ચ (ધર્મસંઘ)ની, ત્રીજો વિજ્ઞાનની, ચોથો કળાની; અને પાંચમો માણસ રાજ્ય, વિજ્ઞાન અને કલાની સેવા કરનારાઓની સેવા કરે છે. એ સહુનાં મનમાં એવી પાકી ખાતરી હોય છે કે તેઓ માનવજાતિને જે કંઈ આપે છે તેના વડે, પોતે જે કંઈ લે છે તે બધાનું વળતર વળી રહે છે. અને નવાઈની વાત એ છે કે આ લોકો પોતાની પ્રવૃત્તિનું પ્રમાણ વધાર્યા વિના મોજશોખની હાજતો સતત વધાર્યે જાય છે; અને છતાં માને છે કે પોતે જે કંઈ ખાય છે ને ભોગવે છે તે બધાનું વળતર પોતાની પ્રવૃત્તિથી વળી રહે છે.

પણ જો તમે આ લોકોના એકબીજા વિષેના અભિપ્રાયો સાંભળો તો સ્પષ્ટ દેખાઈ આવે કે એમાંનો દરેક માણસ જે ખાય છે ને ભોગવે છે તેના જેટલી તેની લાયકાત નથી જ હોતી. સરકારી અમલદારો કહે છે કે જમીનદારો જેટલું ખરચે છે એટલી તેમના કામની કિંમત નથી હોતી. જમીનદારો વેપારીઓને વિષે, ને વેપારીઓ સરકારી અમલદારોને વિષે, એવી જ વાત કરે છે. પણ આથી એ લોકો અકળાતા નથી, અને લોકોને એવી ખાતરી આપ્યે જાય છે કે તેઓ (તેમનામાંનો દરેક જણ) જેટલી સેવા બીજાઓની કરે છે તેટલા પ્રમાણમાં જ તેઓ બીજાઓના પરિશ્રમનો લાભ ઉઠાવે છે. એટલે તેમના મહેનતાણાની રકમ કામ પરથી નક્કી નથી થતી, પણ એમના કાલ્પનિક કામની કિંમત એમને અપાતા મહેનતાણા

પરથી નક્કી કરવામાં આવે છે. આમ તેઓ એકબીજાને ખાતરી તો આપે છે ખરા; પણ તેમના અંતરાત્મામાં ઊંડે ઊંડે તેમને પૂરેપૂરી જાણ હોય છે કે તેમની બધી દલીલો તેમના વર્તનને વાજબી ઠરાવતી નથી, અને તેમની હસ્તીની મજૂરોને જરૂર નથી; અને તેઓ એ માણસોની મહેનતનો લાભ ઉઠાવે છે તેનું કારણ શ્રમ-વિભાગ નથી, પણ તેનું કારણ માત્ર એટલું જ છે કે તેમની પાસે તેમ કરવાની સત્તા છે, અને તેઓ એટલા બગડેલા હોય છે કે તેઓ એના વિના ચલાવી શકતા નથી.

આ બધાનું મૂળ કારણ લોકોના મનની એવી કલ્પના છે કે સદાચારી જીવનને માટે જે પ્રાથમિક ગુણ આવશ્યક છે તે પ્રાપ્ત કર્યા વિના સદાચારી જીવન ગાળવું શક્ય છે.

એ પ્રથમ ગુણ તે સંયમ છે.

૬

સંયમ વિના સદાચારી જીવન કદી શક્ય હતું નહીં અને નથી. સંયમ વિના સદાચારી જીવન કલ્પી શકાતું જ નથી. સદાચારની સાધનાનો આરંભ સંયમથી જ થવો જોઈએ.

સદ્‌ગુણની સાધના એક સીડી છે. એનાં ઉપલાં પગથિયાં પર ચડવું હોય તો છેક નીચલે પગથિયેથી શરૂઆત કરવી જોઈએ. માણસને જો બીજા સદ્‌ગુણ પ્રાપ્ત કરવા હોય તો પહેલો સદ્‌ગુણ સંયમ કે મિતાચારનો કેળવવો જોઈએ.

પણ સચ્છીલ જીવનમાત્રમાં પ્રથમ પગલારૂપ જે સંયમ, તે પણ એકદમ પ્રાપ્ત કરી શકાતો નથી; ક્રમે ક્રમે જ પ્રાપ્ત કરી શકાય છે.

સંયમ એટલે માણસની વાસનાઓના પાશમાંથી વિમુક્તિ — વાસનાઓને મર્યાદામાં રાખવી તે. પણ માણસની વાસનાઓ ઘણી

અને વિવિધ હોય છે, અને તેમની સાથે સફળતાથી લડવા માટે તેણે મૂળભૂત વાસનાઓથી — જે મૂળમાંથી વધારે જટિલ વાસનાઓ ઊગી નીકળે છે તેનાથી —શરૂઆત કરવી જોઈએ; મૂળભૂત વાસનાઓ પર ઊગી નીકળેલા જટિલ ને અટપટા વિષયવિકારોથી નહીં. શરીરનો શણગાર, રમતગમત, ટોળટપ્પા, કુથલી ને ખણખોદ, અને બીજી અનેક ચીજો તે જટિલ વિષયવિકારો છે. તેવી રીતે મૂળભૂત વિષયવિકારો પણ હોય છે — જેવા કે અકરાંતિયાપણું, આળસ, કામવિકાર. માણસે આ વિકારોની સામે છેક આરંભથી લડવાનું શરૂ કરવું જોઈએ — જટિલની સામે નહીં પણ મૂળભૂત વિકારોની સામે; અને તે પણ એક નિશ્ચિત ક્રમમાં. આ ક્રમ જગતની વસ્તુસ્થિતિ અને માનવી જ્ઞાનની પરંપરા એ બંને પરથી નક્કી થાય છે.

જે માણસ અકરાંતિયો થઈને ખાય તે આળસની સામે લડી ન શકે; અને અકરાંતિયો ને આળસુ માણસ કામવિકારની સામે કદી લડી ન શકે. તેથી સદાચારના સર્વ ઉપદેશોમાં એમ કહેલું હોય છે કે સંયમનો — આત્મનિગ્રહનો — આરંભ અકરાંતિયાપણાના વિકાર સામેની લડતથી થાય છે — ઉપવાસથી થાય છે. પણ આપણા જમાનામાં સદાચારી જીવનની સાધના એટલા લાંબા વખતથી ને એટલી બધી લુપ્ત થઈ ગઈ છે કે સહુથી પ્રથમ સદ્‌ગુણ જે સંયમ — જેના વિના બીજા સદ્‌ગુણો અપ્રાપ્ય છે — તે નકામો મનાય છે, એટલું જ નહીં પણ આ પ્રથમ સદ્‌ગુણની પ્રાપ્તિ માટે સાધનાનો જે આવશ્યક ક્રમ છે તેની પણ અવગણના થાય છે. ઉપવાસ તો સાવ ભુલાઈ ગયા છે; અથવા તો એને ઘેલો વહેમ, ને સાવ બિનજરૂરી વસ્તુ માનવામાં આવે છે.

અને છતાં, સદાચારી જીવનની સૌથી પહેલી શરત જેમ સંયમ છે, તેમ સંયમી જીવનની પહેલી શરત તે ઉપવાસ છે.

માણસ ઉપવાસ કર્યા વિના સદાચારી થવાની ઇચ્છા રાખી શકે, સદાચારનાં સ્વપ્નાં સેવી શકે; પણ પગ ઉપર ઊભા થયા વિના ચાલવું જેટલું અશક્ય છે તેના જેટલું જ ઉપવાસ વિના સદાચારી બનવું અશક્ય છે.

ઉપવાસ સદાચારી જીવનની એક અનિવાર્ય શરત છે; જ્યારે અકરાંતિયાપણું એથી ઊલટા પ્રકારના જીવનનું પ્રથમ ચિહ્ન છે અને હમેશાં હતું. અને દુર્ભાગ્યે આ દુર્ગુણ આપણા જમાનાના મોટા ભાગના માણસોના જીવનમાં ઘણા જ મોટા પ્રમાણમાં પ્રવર્તે છે.

આપણા વર્ગના ને જમાનાના માણસોના ચહેરા અને શરીરના બાંધા તરફ નજર નાંખી જુઓ. લબડતા ગાલ ને હડપચીવાળા એ બધા ચહેરાઓ પર, એ જાડી ચરબીવાળા હાથપગ ને ફાંદવાળાં પેટ પર, વિષયી જીવનની છાપ ન ભૂંસાય એવી પડેલી છે. એથી ઊલટું હોઈ શકે પણ નહીં. આપણી રહેણીકરણીનો, અને આપણા સમાજના મોટા ભાગના માણસોના જીવનના પ્રેરક હેતુનો, વિચાર કરી જુઓ. અને પછી તમારા મનને પૂછો કે આ મોટા ભાગના માણસોને વધારેમાં વધારે રસ શામાં પડે છે? આપણા ખરા રસો છુપાવવા, ને ન હોય તેવા ખોટા, કૃત્રિમ રસ હોવાનો ખોટો ડોળ કરવા, ટેવાયેલા આપણને ભલે વિચિત્ર લાગે, પણ એમને જીવનમાં વધારેમાં વધારે રસ સ્વાદેન્દ્રિયને સંતોષવામાં, ખાવાનો આનંદ માણવામાં — અકરાંતિયા-પણામાં પડે છે. ગરીબમાં ગરીબથી માંડીને ધનિકમાં ધનિક સુધીના આપણ સહુને મન, હું માનું છું કે, ખાવું એ જીવનનું મુખ્ય ધ્યેય, જીવનનો મુખ્ય આનંદ છે. ગરીબ મજૂરો આમાં અપવાદરૂપ છે; પણ તે એટલે જ અંશે જેટલે અંશે દારિદ્ર તેમને આ વિષયની લત લાગતી અટકાવે છે. એમને સમય અને સાધનની સગવડ મળી રહે કે તરત જ તેઓ, ઉપલા વર્ગોનું અનુકરણ કરીને, સ્વાદિષ્ટ મિષ્ટાન્નો મેળવે છે, અને ઠાંસીઠાંસીને ખાય પીએ છે. જેટલું વધારે ખાય છે તેટલા

તેઓ પોતાને કેવળ સુખી જ નહીં, પણ બળવાન ને નીરોગી માને છે. આહાર વિષે એવા જ વિચારો ધરાવનાર ઉપલા વર્ગો તેમની આ પ્રતીતિને ઉત્તેજન આપે છે. આહારની સૌથી વધારે ખરચાળ ચીજ જે માંસ તે સૌથી વધારે આરોગ્યપ્રદ છે એમ ફરી ફરીને કહેનાર ડાક્ટરોની વાત સાચી માનીને શિક્ષિત વર્ગો એમ કલ્પી લે છે કે સ્વાદિષ્ટ, પૌષ્ટિક, ને સહેલાઈથી પાચે એવા ખોરાકોમાં — ઠાંસીઠાંસીને ખાવામાં — સુખ ને આરોગ્ય રહેલાં છે; જોકે તેઓ આ વાત છુપાવવાનો પ્રયત્ન કરે છે.

ધનિક લોકોનાં જીવન જુઓ, તેમની વાતચીત સાંભળો. તેઓ કેવા ઉન્નત વિષયોની વાતોમાં રોકાયેલા હોય છે : ફિલસૂફી, વિજ્ઞાન, કલા, કવિતા, સંપત્તિની વહેંચણી, લોકોનું કલ્યાણ, અને બાળકોનું શિક્ષણ! પણ તેમાંના ઘણા મોટા ભાગને માટે તો આ બધું નર્યો ડોળ હોય છે. આ બધા વિષયો તેમના વ્યવસાયની — ખરેખરા વ્યવસાયની — વચ્ચેનો ફુરસદનો કાળ — એટલે કે 'લંચ' અને 'ડીનર' વચ્ચેનો, પેટ ભરેલું હોય અને વધારે ખાવું અશક્ય હોય એવો, સમય — ગાળવાનું એક સાધનમાત્ર હોય છે. પુરુષો તેમજ સ્ત્રીઓ — ખાસ કરીને ઊગતી જુવાની વટાવી ગયેલાં —બંનેનો એકમાત્ર સાચો ને જીવતો રસ ખાવામાં — કેમ ખાવું, શું ખાવું, ક્યાં ખાવું, ને ક્યારે ખાવું એમાં — જ હોય છે.

કોઈ પણ ગંભીર, મંગલ કે ધાર્મિક પ્રસંગમાં, કોઈ પણ ઉદ્‌ઘાટન સમારંભમાં, સાથે જમણ વિના ચલાવી શકાતું જ નથી.

લોકોને મુસાફરી કરતા નિહાળો. એમની બાબતમાં તો આ વસ્તુ વિશેષ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. તેઓ કહે છે : "સંગ્રહસ્થાનો, પુસ્તકાલયો, પાર્લમેન્ટ — કેવાં સુંદર સ્થળો છે! પણ આપણે જમીશું ક્યાં? સારામાં સારું જમણ ક્યાં મળે છે?" લોકો ખાસ પોશાક પહેરીને, ખુશબોદાર અત્તરો લગાવીને, ફૂલોથી શણગારેલાં ટેબલોની

આસપાસ, જમવા ભેગા થયા હોય એવી વેળાએ તેમને જુઓ — તેઓ કેટલા આનંદથી પોતાના હાથ ઘસે છે ને સ્મિત કરતા જાય છે!

આપણે જો મોટા ભાગના લોકોનાં હૃદયમાં ડોકિયું કરીને જોઈ શકીએ, તો તેઓ વધારેમાં વધારે શાની ઇચ્છા કરતા આપણને દેખાય? સવારના નાસ્તા અને સાંજના 'ડીનર' માટે કકડીને ભૂખ લાગવાની. બચપણથી માંડીને કડકમાં કડક સજા કઈ કરવામાં આવે છે? રોટી ને પાણી ખાઈને રહેવાની. વધારેમાં વધારે દરમાયા કયા કારીગરોને મળે છે? રસોઇયાઓને. ઘરની શેઠાણીને વધારેમાં વધારે રસ શામાં આવે છે? મધ્યમ વર્ગની ગૃહિણીઓની વાતચીત સામાન્યપણે કયા વિષય તરફ વળે છે? ઉપલા વર્ગોના માણસોની વાતચીત એ જ દિશામાં ન વળતી હોય તો તેનું કારણ એ નથી કે તેઓ વધારે સુશિક્ષિત હોય છે કે ઉચ્ચતર વિષયોમાં રોકાયેલા હોય છે; તેનું કારણ એટલું જ છે કે તેમને કોઈ ઘર સંભાળનાર કે ખવાસ હોય છે તે તેમને ભોજન વિષેની ચિંતામાંથી મુક્ત રાખે છે. પણ એમની આ સગવડ એકવાર છીનવી લો તો તમે જોશો કે તેમને વધારેમાં વધારે ચિંતા કઈ વાતની થાય છે. એ બધી આવીને ખાવાના વિષય પર ઊભી રહે છે: માંસમચ્છીની કિંમત, કોફી બનાવવાની ને કેક બનાવવાની સારામાં સારી રીત વગેરે. નામકરણ, દફન, વિવાહ, દેવળનું ઉદ્‌ઘાટન, મિત્રનું પ્રયાણ કે આગમન, લશ્કરી ધ્વજવંદન, કોઈ સ્મારક દિનની ઉજવણી, કોઈ મહાન વૈજ્ઞાનિક, ફિલસૂફ કે ધર્મોપદેશકની જયંતી કે પુણ્યતિથિ — એ પ્રસંગોએ માણસો એવી રીતે ભેગા થાય છે જાણે તેઓ ઊંચામાં ઊંચા વિષયોમાં રચ્યાપચ્યા હોય. પણ એ નર્યો ડોળ હોય છે. તેમને સહુને ખબર હોય છે કે એ પ્રસંગે જમણ થવાનું છે — સરસ, સ્વાદિષ્ટ આહાર ને પીણાં મળવાનાં છે; અને મુખ્યત્વે એનાથી આકર્ષાઈને તેઓ ભેળા થાય છે. એને માટે અનેક દિવસ

પહેલાંથી જાનવરોની કતલ થઈ હોય છે. મેવા મીઠાઈઓની દુકાનો-માંથી તરેહ તરેહની વાનીઓના કરંડિયા આણવામાં આવ્યા હોય છે. રસોઇયાઓ ને રસોડામાં કામ કરનાર તેમનાં મદદનીશ સ્ત્રીપુરુષો ચોખ્ખાં, ઇસ્ત્રીવાળાં ખાસ ફરાક અને ટોપીઓ પહેરીને 'કામે વળગેલાં' હોય છે. મહિને ૫૦ પાઉંડ કે વધારે પગાર મેળવનાર રસોડાના મુકાદમો હુકમો આપવામાં રોકાયેલા હોય છે. રસોઇયાઓ કાપવું, કેળવવું, શેકવું, ગોઠવવું, શણગારવું વગેરે ક્રિયાઓ કરતા હોય છે. એવા જ ભભકા ને રુઆબથી મુખ્ય હજૂરિયો કામ કરે છે, ગણતરી કરે છે, ઊંડો વિચાર કરે છે, ને કલાકારની પેઠે આંખના અણસારા વડે બધું ગોઠવે છે. એક માળીને ફૂલોના શણગારનું કામ સોંપાયેલું હોય છે. આમ માણસોની એક આખી ફોજ કામે લાગેલી હોય છે. હજારો દિવસની મહેનત વપરાઈ જાય છે. અને આ બધું એટલા માટે કે માણસો ભેગા મળીને કોઈ મોટા વૈજ્ઞાનિક કે ધર્મોપદેશકને વિષે વાતો કરે, અથવા કોઈ વિદેહ મિત્રને યાદ કરે, અથવા નવા જીવનમાં પગલાં પાડતાં કોઈ નવપરિણીત દંપતીને અભિનંદન આપે.

મધ્યમ અને નીચલા વર્ગોમાં એ સાવ સ્પષ્ટ દેખાય છે કે ઉત્સવ, મરણ યા વિવાહનો દરેક પ્રસંગ એટલે અકરાંતિયો આહાર. ત્યાં એ વિષયનો ખ્યાલ જ એવો હોય છે. અતિભોજન એ કોઈ પણ સંમેલનનો હેતુ એટલે બધે અંશે હોય છે કે ગ્રીક અને ફ્રેંચ ભાષામાં 'વિવાહ' અને 'જાફત' એ બે અર્થ એક જ શબ્દથી સૂચવાય છે. પણ ધનિકોના ઉપલા વર્ગોમાં, ખાસ કરીને જેની પાસે લાંબા સમયથી સંપત્તિ છે એવા સંસ્કારી લોકોમાં, ઘણી સિફતથી આ વસ્તુ છુપાવવામાં આવે છે, અને એમ દેખાડવામાં આવે છે કે જમણ એ ગૌણ વસ્તુ છે ને માત્ર શોભાને સારુ જ જરૂરની હોય છે. આ ડોળ કરવો સહેલો હોય છે, કેમકે મોટા ભાગના મહેમાનો ખરેખરા ધરાયેલા હોય છે — તેઓ કદી ભૂખ્યા થતા જ નથી.

તેઓ એવો ડોળ કરે છે કે જમણુ ને જાફત એમને માટે આવશ્યક નથી, બોજારૂપ પણ છે; પણ એ જૂઠી વાત છે. તેઓ જે સ્વાદિષ્ટ વાનીઓની અપેક્ષા રાખે છે તે આપવાને બદલે એમને રોટી ને પાણી આપો એમ હું નથી કહેતો, પણ ઘેંસ કે કાંજી કે એવું કંઈક આપો, અને જુઓ કે એને વિષે કેવો ઉત્પાત મચે છે, અને એ સંમેલનનો મુખ્ય રસ તે બહારથી દેખાડવામાં આવે છે તે નથી પણ અતિભોજન છે એ ખરેખરું સત્ય કેવું સ્પષ્ટ રૂપે પ્રગટ થઈ જાય છે.

માણસો શું વેચે છે તે જુઓ. કોઈ પણ મોટા ગામની શેરીઓમાં થઈને પસાર થાઓ ને જુઓ કે માણસો શું ખરીદે છે — શણગારની ને ખાવાની ચીજો. અને ખસૂસ એમ જ હોવું જોઈએ; એથી ઊલટું હોઈ શકે જ નહીં. ખાવાને વિષે વિચાર ન કરવાનું, એ વાસનાને અંકુશમાં રાખવાનું, ત્યારે જ બની શકે જ્યારે માણસ કકડીને ભૂખ લાગ્યા સિવાય ખાતો ન હોય. માણસ કકડીને ભૂખ લાગે ત્યારે જ ખાવાનો નિયમ ન રાખે — એટલે કે પેટ ભરેલું હોય ત્યારે ખાય — તો આજે છે એવી સ્થિતિ નીપજ્યા વિના ન જ રહે. માણસોને જો ખાવાની લહેજત ગમતી હોય, એ લહેજત જો તેઓ મનને ગમવા દેતા હોય, એ જો તેમને સારી લાગતી હોય (જેવું આપણા જમાનામાં ઘણા મોટા ભાગના માણસોને વિષે બને છે, અને જેટલું અશિક્ષિતોને વિષે તેટલું જ શિક્ષિતોને વિષે પણ બને છે, જોકે તેઓ ડોળ કરે છે કે એવું નથી), તો એ લહેજતમાં જે વિવિધ રીતે બીજી ચીજોના ઉમેરા કરવામાં આવે છે તેની કશી સીમા જ નથી રહેતી; એ લહેજતના વધારાની કશી હદ જ નથી રહેતી. કોઈ પણ જરૂરિયાતની તૃપ્તિને મર્યાદા હોય છે, પણ ભોગને કશી મર્યાદા નથી હોતી. આપણી ભૂખ સંતોષવાને રોટી, ઘેંસ કે ભાત ખાવાનું આવશ્યક ને પૂરતું હોય છે; પણ ખાવાની

લહેજત વધારવાને સારુ જે જાતજાતના મસાલા નાંખવામાં આવે છે, વધારો કરવામાં આવે છે, ચીજોને તળવામાં આવે છે, તેની કશી હદ હોતી નથી.

રોટી એ આવશ્યક અને પૂરતો ખોરાક છે. (જે કરોડો માણસો માત્ર રાઈના* રોટલા ખાઈને મજબૂત, ચપળ, નીરોગી બને છે ને સખત મહેનતમજૂરી કરે છે તેઓ આ વાતનો પુરાવો આપે છે.) પણ રોટીને કશાકના રસા સાથે ખાતાં સ્વાદ આવે છે. જેમાં માંસ ઉકાળ્યું હોય એવા પાણીમાં રોટીને ભીંજવવી એ સારું છે. એ પાણીમાં કંઈક શાક, અથવા બને તો અનેક શાકો, હોય તો વધારે સારું. માંસ ખાવું સારું છે. અને માંસને ઉકાળીને નહીં પણ શેકીને ખાવું સારું. એની જોડે માખણ હોય, માંસ સહેજ કાચું રખાયું હોય, અને માંસના અમુક ખાસ ભાગ પસંદ કરીને રંધાયા હોય તો એથીયે વધારે સારું. પણ એમાં શાક અને રાઈ નાંખો. અને એની સાથે દારૂ પીઓ; લાલ દારૂ પીઓ તો વધારે મજા આવે. એથી વધારે કશાની માણસને જરૂર નથી હોતી; પણ જો મસાલેદાર માછલી હોય તો તે થોડીક જરૂર ખવાય, ને તે સફેદ દારૂના ઘૂંટડા વડે ગળે ઉતારી દેવાય. હવે વધારે કંઈ પણ સ્વાદિષ્ટ કે મસાલેદાર ચીજ નહીં લઈ શકાય એમ લાગે; પણ એકાદ મીઠાઈ હોય તો હજુ પણ ચલાવી લેવાય: ઉનાળામાં ઠંડાં પીણાં, શિયાળામાં બાફેલાં ફળ, મુરબ્બા વગેરે. આમ જમણ (ડીનર) પૂરું થાય. આ તો સાવ સાધારણ જમણ થયું. આવા જમણની લહેજતમાં ઘણી રીતે ઉમેરો કરી શકાય. એ ઉમેરો કરવામાં આવે જ છે, ને એ ઉમેરાને કશી સીમા નથી રહેતી: ચટકદાર વાનીઓ, જમણ પહેલાં સ્વાદને જાગૃત કરનારી ચીજો, અને ફળો, અને સ્વાદિષ્ટ ચીજોનાં વિવિધ મિશ્રણો, અને ફૂલો ને શણગાર,

* રશિયામાં પાકતું બંટીને મળતું એક ધાન્ય.

અને જમણુ દરમ્યાન સંગીત વગેરે અનેક વસ્તુઓ વડે એ ઉમેરો કરવામાં આવે છે.

અને વિચિત્ર વાત તો એ છે કે જે માણસો દરરોજ આવાં જમણોમાં અતિઆહાર કરે છે તેઓ ભોળપણથી માને છે કે પોતે તેમ કરવા છતાં સદાચારી જીવન ગાળે છે.

૭

ઉપવાસ એ સદાચારી જીવન માટેની અનિવાર્ય શરત છે; પણ ઉપવાસમાં, તેમજ સામાન્યપણે સંયમમાં, પ્રશ્ન એ ઊઠે છે કે આપણે શરૂઆત શાનાથી કરીશું? — ઉપવાસ કેવી રીતે કરવો, કેટલીવાર ખાવું, શું ખાવું, શું ન ખાવું? આપણે જેમ આવશ્યક પૂર્વાપર ક્રમનો વિચાર કર્યા વિના કશું કામ ખરા જિગરથી કરી શકતા નથી, તેમ ઉપવાસનો પણ આરંભ ક્યાંથી કરવો — આહારમાં સંયમની શરૂઆત શાનાથી કરવી — એ જાણ્યા વિના આપણાથી ઉપવાસ પણ ન કરી શકાય.

ઉપવાસ! અને ઉપવાસ કેવી રીતે કરવો ને ક્યાંથી શરૂઆત કરવી એનું પૃથક્કરણ પણ! મોટા ભાગના માણસોને એ કલ્પના હાંસીપાત્ર ને સાવ તરંગી લાગે છે.

મને યાદ છે કે એક પાદરી, જે ખ્રિસ્તી મઠોમાંના સાધુજીવન પર પ્રહારો કરતો હતો, તેણે એકવાર પોતાના મૌલિક વિચાર વિષે ગર્વપૂર્વક મને કહેલું: "આપણો ખ્રિસ્તી ધર્મ ઉપવાસ અને તપસ્યાનો નથી, પણ ગોમાંસનો છે." ખ્રિસ્તી ધર્મ, અથવા સામાન્ય સચ્છીલ જીવન — અને ગોમાંસ!

આપણે ત્યાં એવો એક લાંબો જમાનો આવી ગયો છે જ્યારે સર્વત્ર અંધકાર વ્યાપેલો હતો, અને પેગન કે ખ્રિસ્તી કોઈ પણ ધર્મની જ્યોત આપણો પંથ ઉજાળતી નહોતી. એ કાળમાં એટલા

બધા નિરંકુશ, અનીતિમય વિચારોએ આપણા જીવનમાં (ખાસ કરીને સદાચારી જીવનની સીડીનાં નીચલાં પ્રથમ પગથિયાંમાં — એટલે કે આપણો આહાર જેના પ્રત્યે કોઈએ લક્ષ આપ્યું જ નહીં તેમાં) પ્રવેશ કર્યો કે ખ્રિસ્તી ધર્મ કે સચ્ચારિત્રને ગોમાંસ વડે ટકાવી રાખવામાં રહેલી ધૃષ્ટતા ને બેવકૂફી આજના જમાનામાં આપણને સમજાવી પણ મુશ્કેલ થઈ પડી છે.

આ બે વસ્તુઓના સંયોગથી આપણે ત્રાસી ઊઠતા નથી તેનું કારણ માત્ર એ જ છે કે આપણે એક વિચિત્ર સ્થિતિમાં આવી પડ્યા છીએ. આપણે છતી આંખે દેખતા નથી: છતે કાને સાંભળતા નથી. જગતમાં કોઈ દુર્ગંધ, કોઈ અવાજ, કોઈ અત્યાચાર એવાં નથી જેને માણસ એટલે અંશે ટેવાઈ જાય છે કે એનાથી અપરિચિત માણસને જે ટીકા સૂઝે છે તે પેલા ટેવાઈ ગયેલા માણસને સૂઝતી નથી. બરાબર એવી જ સ્થિતિ નીતિધર્મને વિષે છે. ખ્રિસ્તીધર્મ તથા સદાચારનો ગોમાંસની જોડે સંયોગ ! !*

* * *

ત્યારે હું શું કહેવા માગું છું? સદાચારી બનવા લોકોએ માંસાહારનો ત્યાગ કરવો જોઈએ એમ? જરાયે નહીં.

હું તો માત્ર એટલું જ કહેવા માગું છું કે સદાચારી જીવન માટે સદાચારનો અમુક ક્રમ અનિવાર્ય છે; જો માણસની સદાચારી બનવાની ઝંખના સાચી હશે તો તે અમુક નિશ્ચિત ક્રમને અચૂક અનુસરશે; અને આ પૂર્વાપર ક્રમમાં તે સૌથી પહેલાં સંયમ યા આત્મનિગ્રહ સાધવા મથશે. સંયમ સાધવામાં પણ માણસ અચૂક એક નિશ્ચિત ક્રમને અનુસરશે; અને આ ક્રમમાં પ્રથમ વસ્તુ તે આહારમાં સંયમ — ઉપવાસ — હશે. અને જો તે માણસ સાચે જ

* અહીં ટુલા ગામના કતલખાનાનું લાંબું વર્ણન આપ્યું છે તે અનુવાદમાં છોડી દીધું છે.

સદાચારી જીવન ગાળવાનો પ્રયત્ન કરતો હશે તો સૌથી પહેલો ત્યાગ તે હંમેશાં માંસાહારનો કરશે; કેમકે, એવા આહારથી વિકારો ઉત્તેજિત થાય છે એ વાત કોરે મૂકીએ તોપણ, એ આહારમાં નરી અનીતિ રહેલી છે, કેમકે તેને અંગે પ્રાણીહિંસાનું જે કામ કરવું પડે છે તે નીતિભાવનાનું વિરોધી છે; અને એવું કામ લોભ તથા સ્વાદિષ્ટ આહારની ઇચ્છાને લીધે જ થવા પામે છે.

માંસાહારનો ત્યાગ એ ઉપવાસનું અને સદાચારી જીવનનું પ્રથમ પગલું કેમ છે એનું ચોકસ કારણ બહુ સુંદર રીતે 'આહારમાં નીતિધર્મ' (The Ethics of Diet) નામના પુસ્તકમાં સમજાવેલું છે; એ વાત એક જ માણસે કહેલી નથી, પણ માનવજાતિના સજ્ઞાન જીવનના આખા સમય દરમ્યાન તેના સારામાં સારા પ્રતિનિધિઓ દ્વારા આખી માનવજાતિએ એ જ વાત કહેલી છે.

"પણ જો માંસાહારની અયોગ્યતાની — એટલે કે અનીતિમયતાની — માનવજાતિને આટલા લાંબા વખત પહેલાં જાણ હતી, તો લોકોએ હજુ એ સિદ્ધાંતનો સ્વીકાર કેમ કર્યો નથી?" પોતાની બુદ્ધિથી નહીં પણ લોકમતથી દોરાનારા માણસો આવો પ્રશ્ન પૂછશે.

એ પ્રશ્નનો ઉત્તર એ છે કે માનવજાતિની નૈતિક પ્રગતિ — જે અન્ય સર્વ પ્રકારની પ્રગતિનો પાયો છે — હમેશાં ધીમી હોય છે; પણ સાચી પ્રગતિનું ચિહ્ન એ છે કે તેમાં અંતરાય આવતો નથી ને તે એકધારી ચાલે છે, એટલું જ નહીં પણ તેનો વેગ ઉત્તરોત્તર વધતો જાય છે.

નિરામિષાહારની પ્રગતિ આ પ્રકારની છે. એ પ્રગતિ ઉપર જણાવેલા પુસ્તકમાં આપેલા અનેક લેખકોનાં વચનોમાં તેમજ માનવજાતિના પ્રત્યક્ષ જીવનમાં પ્રગટ થાય છે. માનવજાતિ ઘણાં કારણોને લઈને અનાયાસે માંસાહાર પરથી અન્નાહાર પર આવતી જાય છે; તેમ જ તે ઇરાદાપૂર્વક પણ એ જ રસ્તે — એટલે કે નિરામિષાહારને રસ્તે — વળતી જાય છે, ને તે દિશાની

તેની હિલચાલ વધારે ને વધારે પ્રબળ બનતી જાય છે. એ હિલચાલ ગયાં દસ વરસમાં વધારે ને વધારે વેગથી આગળ ધપતી ગઈ છે. દર વરસે આ વિષય પર નવાં નવાં પુસ્તકો ને સામયિકો નીકળતાં જોય છે; જેમણે માંસાહારનો ત્યાગ કર્યો છે એવા માણસો વધારે ને વધારે મળી આવે છે; અને પરદેશોમાં — ખાસ કરીને જર્મની, ઇંગ્લંડ ને અમેરિકામાં —નિરામિષાહારી હોટેલો ને ઉપાહારગૃહોની સંખ્યા દર વરસે વધતી જાય છે.

પૃથ્વી પર ઇશ્વરનું રાજ્ય સ્થાપવાના પ્રયત્નમાં જેમનું જીવન વ્યતીત થાય છે તેમને આ હિલચાલથી વિશેષ આનંદ થવો જોઈએ. નિરામિષાહાર એ પોતે જ એ રાજ્ય પ્રત્યે એક અગત્યનું પગલું છે (જેમ અગત્યનાં ને બિનઅગત્યનાં બધાં સાચાં પગલાં એ દિશામાં લઈ જનારાં છે) એટલા માટે નહીં; પણ એ કારણસર કે એ વસ્તુ સૂચવે છે કે નૈતિક પૂર્ણતા વિષેની માનવજાતિની ઝંખના ખરા જિગરની ને સાચી છે, કેમકે તે એને માટે સ્વાભાવિક એવા અવિચળ ક્રમને અનુસરી છે, ને એને માટેનું જે પ્રથમ પગલું છે ત્યાંથી એણે શરૂઆત કરી છે.

આથી માણસને આનંદ થયા વિના ન જ રહે; જેમ કોઈ માણસો કોઈ ઘરની દીવાલો પર જુદી જુદી જગાએથી ચડવાના વ્યર્થ ને છૂટાછવાયા પ્રયત્ન કરીને ઉપલે માળે પહોંચવા મથ્યા પછી, છેવટે નિસરણીના પહેલા પગથિયા આગળ ભેગા થાય, ને સીડીનું આ પહેલું પગથિયું ચડ્યા વિના બીજો કોઈ રસ્તો જ નથી એવી મનની ખાતરી થવાથી ટોળે વળીને એ પગથિયા તરફ ધસે, એમને જેવો આનંદ થાય એના જેવો આ આનંદ હશે.

(૧૮૯૨)

[હાવર્ડ વિલિયમની The Ethics of Diet નામની અંગ્રેજી ચોપડીના રશિયન અનુવાદની પ્રસ્તાવનારૂપે ઉપલો નિબંધ લખાયો હતો.]

૩

બે રસ્તા

[૧૮૯૧ અને ૧૮૯૨માં તુલા પ્રાંતમાં દુષ્કાળપીડિતોને અપાયેલી રાહતના હેવાલનો ઉપસંહાર]

દુકાળથી પીડાતી વસ્તીમાં રાહતનું કામ કરવામાં, અને અમારી પાસે આવેલા નાણાંના ફાળા એ લોકોમાં વહેંચવામાં અમને એ વરસમાં જે અનુભવો થયા તેનાથી અમારો લાંબા વખતથી બંધાયેલો અભિપ્રાય વધારે દૃઢ થયો છે. તે એ કે રશિયાના એક નાનકડા ખૂણામાં જે તંગી અને ગરીબાઈ — ને તેની સાથે નીપજતાં દુ:ખ અને કલેશ — જેનું નિવારણ બાહ્ય ઉપાયો વડે કરવાનો લગભગ નિષ્ફળ પ્રયત્ન આપણે કર્યો છે, તેની ઉત્પત્તિ આપણાથી સ્વતંત્ર એવાં કોઈ અપવાદરૂપ, ક્ષણિક કારણોમાંથી નથી થઈ; પણ આપણા પર આધાર રાખનારાં એવાં સામાન્ય સ્થાયી કારણોમાંથી થઈ છે. જે ગરીબ સાદા મજૂરો નિરંતર દુ:ખ ને દારિદ્ર્ય અને તેની સાથે આવનારાં કડવાશ ને કષ્ટ વેઠે છે તેમના પ્રત્યે આપણે સુશિક્ષિત લોકોએ રાખેલો, ખ્રિસ્તીને ન છાજે એવો, ભાઈએ ભાઈ પ્રત્યે રાખવો ન ઘટે એવો, સંબંધ એ જ સર્વાંશે આ વિપત્તિનું મૂળ કારણ છે. આ સ્થિતિ ગયાં બે વરસ દરમ્યાન હમેશના કરતાં વધારે

સ્પષ્ટપણે દેખાઈ આવી છે એટલું જ. આ વરસે આપણે તંગી, ઠંડી અને ભૂખમરા વિષે અતિશ્રમથી ઘસાઈ ગયેલાં હજારો આધેડ માણસો, ને અધભૂખ્યાં ઘરડાં તથા બાળકો સેંકડોની સંખ્યામાં મરતાં હોવા વિષે — ન સાંભળીએ તો એનું કારણ એ નથી કે એ ઘટનાઓ બનવાની નથી; પણ તે આપણી નજરે ચડવાની નથી — આપણે તે વાતો ભૂલી જઈશું, અને આપણા મનને એવી ખાતરી આપીશું કે એ વસ્તુઓ બનતી નથી, ને બનતી હોય તો અનિવાર્ય છે ને તેનો ઇલાજ નથી.

પણ એવી ખાતરી ખોટી છે. એવી વસ્તુઓ ન બને એ શક્ય છે, એટલું જ નહીં પણ તે ન બનવી જોઈએ, અને એવો કાળ આવી રહ્યો છે જ્યારે એ નહીં બને. અને એ કાળ નજીક છે.

દારૂનો જામ મજૂરવર્ગથી ગમે એટલી કાળજીથી છૂપો રખાયેલો આપણને દેખાય — જે મજૂરવર્ગ વૈતરાના ભારથી કચડાતો ને અધભૂખ્યો હોવા છતાં આપણને એશઆરામનાં સાધનો પૂરાં પાડે છે તે વર્ગની વચ્ચે રહી ગાળેલા આપણા એશઆરામના જીવનને આપણે જે બહાનાં વડે વાજબી ઠરાવીએ તે બહાનાં ગમે એટલાં યુક્તિપૂર્ણ, પ્રાચીન કે બહુજનસંમત હોય — તોપણ એ લોકો સાથેના આપણા સંબંધ પર વધારે ને વધારે પ્રકાશ પડતો જાય છે; અને ઓચિન્તું પરોઢ થવાથી કોઈ ગુનેગાર ગુનાની જગાએ જ ઝલાઈ જાય તેના જેવી શરમભરી ને વિકટ સ્થિતિમાં આપણે થોડા જ વખતમાં આવી પડવાના છીએ. હાનિકારક કે નકામો માલ મજૂરોમાં ખપાવી બને એટલા પૈસા કઢાવનાર — અથવા સારી પણ જરૂરની, છતાં સસ્તી ખરીદેલી ને મોંઘી વેચેલી રોટી ખપાવનાર — વેપારી અગાઉ કહી શક્યો હોત કે હું પ્રમાણિક વેપાર કરીને લોકોની જરૂરિયાતો પૂરી પાડું છું. અથવા સુતરાઉ છીંટો, અરીસા, બીડીઓ, આસવો કે દારૂનો બનાવનાર કહી શકતો હતો કે

હું મજૂરોને કામ આપીને તેમનાં પેટ ભરું છું. અથવા લોકોની મૂડીના છેલ્લામાં છેલ્લા તાંબિયામાંથી કરરૂપે ઉઘરાવેલો સેંકડો પાઉંડનો પગાર વરસે દહાડે મેળવતો અમલદાર પોતાના મનને મનાવી શક્યો હોત કે હું લોકોનું ભલું કરું છું. અથવા (ગયાં થોડાંક વરસમાં દુષ્કાળપીડિત પ્રદેશમાં વિશેષે કરીને દેખાઈ આવ્યું છે તેમ) કોઈ જમીનદાર અગાઉ (તેની જમીન પર રોટી પણ ન ખરીદી શકાય એટલા ઓછા મજૂરીના દામ લઈને કામ કરનાર ખેડૂતોને, અથવા બેહદ ગણોતે તેની જમીન ખેડવા લેનારાઓને) કહી શકતો કે ખેતીની સુધરેલી રીતો દાખલ કરીને મેં ગામડાંની વસ્તીની આબાદી વધારી છે. એ બધું અગાઉ શક્ય હતું. પણ હવે જ્યારે જમીનદારોની માલિકીની એકરોની વિશાળ જમીનો, જેમાં દારૂ ગાળવા માટે કે સ્ટાર્ચ બનાવવા માટે બટાટા વાવી રાખ્યા છે, તે જમીનો પર લોકો રોટીને અભાવે ભૂખે મરી જાય છે, ત્યારે તો ખાસ કરીને આવી વાતો કહી શકાય એમ રહ્યું નથી. ચોમેર લોકો અન્નને અભાવે ને હદપારના કામના બોજાને લીધે મરે છે; તે વખતે એ વસ્તુસ્થિતિ ઢાંકી ઢંકાઈ શકે એમ નથી કે એમના કામની પેદાશને આપણે વાપરીએ છીએ તેને લીધે એક તરફથી તેમને આવશ્યક અન્ન મળી શકતું નથી, અને બીજી તરફ તેમનું કામ, જેને લીધે અત્યાર અગાઉ પણ તેમની શક્તિ પર વધારેમાં વધારે તાણ પડી રહી છે, તેમાં ઉમેરો થાય છે. મોટા મોટા બાગબગીચા, કુમળા છોડોને ઉછેરવાના મંડપો, અને શિકારની બેવકૂફીભરી મોજ-મજાની વાત તો જવા દો; પણ દારૂનો એકેએક જામ, ખાંડ, માખણ કે માંસનો એકેએક તોલો જે આપણે વાપરીએ છીએ તેને લીધે લોકોના ખોરાકમાં એટલો ઘટાડો થાય છે ને તેમના કામનો બોજો એટલો વધે છે.

આપણી સ્થિતિ સ્પષ્ટપણે જોવા માટે આપણને રશિયનોને

સંજોગોની વિશેષ અનુકૂળતા છે. આ દુકાળનાં વરસો પહેલાં લાંબા વખત પરનો એક પ્રસંગ મને યાદ છે. પ્રાગથી એક જુવાન ને એક ધર્મનિષ્ઠ વિદ્વાન મારે ગામડાને ઘેર મને મળવા આવ્યા હતા. શિયાળાનો વખત હતો. તે પ્રમાણમાં ખાધેપીધે સુખી એવા એક ખેડૂતનું ઝૂંપડું જોવા ગયા હતા. ઝૂંપડામાં તેમણે જોયું કે વૈતરું કરીકરીને થાકી ગયેલી, ને અકાળે વૃદ્ધત્વ પામેલી એક સ્ત્રીએ ફાટ્યાંતૂટ્યાં કપડાં પહેર્યાં છે, એક માંદું બાળક ચીસો પાડ્યાં કરે છે ને તેને લીધે તેના પેટમાંની ગાંઠ ફૂટી ગઈ છે (આવા દેખાવ ઘેરે-ઘેર હોય છે); અને, વસંત ઋતુમાં બધે હોય છે તેમ, એક વાછડું ખીલે બાંધેલું છે, એક ઘેટી તરતમાં વિયાઈ છે. ચોમેર કચરો, ભેજ ને દુર્ગંધ જામેલાં છે, ને એક હતાશ, ચિન્તાતુર ખેડૂત ઊભેલો છે. મને યાદ છે કે એ ઝૂંપડામાંથી બહાર આવીને મારા એ જુવાન મિત્ર મને કંઈક કહેવા લાગ્યા; ને બોલતાં બોલતાં એકાએક તે ગળગળા થઈ ગયા ને રડી પડ્યા. મૉસ્કો અને પીટર્સબર્ગમાં * તેમણે થોડાક મહિના ગાળ્યા હતા. ત્યાં તેઓ ફરસબંધીવાળા રસ્તા પર ચાલેલા, રોનકદાર દુકાનોમાં ફરેલા, એક શ્રીમંત ઘેરથી બીજે ગયેલા, ને અનેક ભવ્ય સંગ્રહસ્થાનો, પુસ્તકાલયો, મહેલો ને એવાં આલેશાન મકાનો નિહાળેલાં. એ અનુભવ પછી તેમણે પહેલી જ વાર આ ગામડામાં એ બધા ભભકા ને એશઆરામ જેમની મજૂરીથી પૂરા પડે છે એ લોકોને જોયા; ને તે જોઈને એમના હૃદયને આઘાત થયો ને ત્રાસ છૂટ્યો. ધનિક ને સુશિક્ષિત બોહીમિયામાં વસનારા આ વિદ્વાનની માન્યતા એવી હશે (જેવી પશ્ચિમ યુરોપના દરેક માણસની — ખાસ કરીને સ્વીડન, સ્વીટ્ઝરલૅંડ કે બેલ્જિયમના વતનીની — હોય છે) — જોકે એ માન્યતા અવાસ્તવિક છે — કે જ્યાં લોકોને પ્રમાણમાં ઠીકઠીક સ્વતંત્રતા હોય, જ્યાં કેળવણીનો પ્રચાર સારી પેઠે હોય, જ્યાં દરેક માણસને સુશિક્ષિત વર્ગમાં પ્રવેશ કરવાની

* હાલનું લેનિનગ્રાડ.

તક હોય, ત્યાં એશઆરામ એ પરિશ્રમનું વાજબી વળતર છે, અને તે માનવી જીવનનો હ્રાસ કરતું નથી. એશઆરામની ઘણીખરી ચીજો પેદા કરવાને જે કોલસા વાપરવા પડે છે તે ખાણુમાંથી કાઢનારા માણસોની અનેક પેઢીઓને તે કદાચ ભૂલી જાય; આપણા મનના તરંગો સંતોષવાને કામ કરતાં કરતાં મરી ફીટનારા વસાહતોમાંની રંગીન પ્રજાઓના માણસોને — દૂર દૂર, નજર બહાર વસતા હોવાથી — તે વીસરી જાય. પણ આપણે રશિયનો એવા વિચાર કરી શકીએ એમ નથી. આપણા એશઆરામની અને આપણાં જ દેશ ને જાતિના માણસોનાં કષ્ટ અને દારિદ્ર વચ્ચેનો સંબંધ એટલો દેખીતો છે કે તેના પ્રત્યે આંખ આડા કાન કરી જ ન શકાય. આપણાં સુખચેન ને એશઆરામને માટે માણસની જિંદગીઓ વાટે જે કિંમત અપાઈ રહી છે તે આપણે જોવા ન ધારીએ તોપણ આપણી નજરે ચડ્યા વિના રહે એવી નથી.

આપણે માટે સૂર્યોદય થઈ ચૂકચો છે, અને જે દેખીતી વસ્તુ છે તેને આપણે છુપાવી શકવાના નથી. સરકાર, લોકો પર અમલ ચલાવવાની જરૂર, વિજ્ઞાન, કે (લોકોને માટે આવશ્યક મનાતી) કલા, કે મિલકતના પવિત્ર હક, કે આપણા પૂર્વજોની પરંપરા ટકાવી રાખવાની જરૂર વગેરે વસ્તુઓનું ઓઠું આપણાથી હવે લઈ શકાય એવું રહ્યું નથી. સૂર્ય ઊગ્યો છે, અને આ પારદર્શક પડદાઓ કોઈની નજરથી કોઈ પણ ચીજને ઢાંકેલી રાખી શકે એમ નથી. દરેક જણ જુએ છે ને જાણે છે કે જેઓ સરકારની નોકરી કરે છે તેઓ લોકોના કલ્યાણને માટે તેમ કરતા નથી (લોકોએ તેમની સેવા કદી માગી નથી હોતી), પણ પગાર જોઈએ છે માટે જ કરે છે; તેમજ વિજ્ઞાન અને કલામાં રોકાયેલા માણસો લોકોના જ્ઞાનમાં ઉમેરો કરવાને નહીં પણ પગાર ને પેનશનો લેવાને એ કામો કરે છે; અને જેઓ લોકોને જમીનથી વંચિત રાખે છે ને જમીનની કિંમત વધારી

મૂકે છે તેઓ કોઈ પણ પવિત્ર હક જાળવવાને તેમ કરતા નથી, પણ તેમના પોતાના મનના તરંગો સંતોષવાને જોઈતી આવકમાં ઉમેરો કરવાને તેમ કરે છે. એ વસ્તુસ્થિતિ છુપાવવી ને જૂઠું બોલવું એ હવે બની શકે એવું રહ્યું નથી.

રાજ્ય ચલાવનાર વર્ગોને — ધનિક અને શ્રમ ન કરનાર માણસોને — માટે બે જ રસ્તા ખુલ્લા છે. એક રસ્તો એ છે કે માત્ર સાચા ખ્રિસ્તીધર્મને જ નહીં, પણ માનવદયા, ન્યાય ને એવી દરેક ચીજને ઠોકરે ઉડાવવી, અને કહેવું કે "આ અધિકારો ને લાભો પર મારો કબજો છે, ને ગમે તેમ થાય તોપણ એ કબજો હું કાયમ રાખવા માગું છું. જે કોઈ માણસ મારી પાસેથી એ લઈ લેવા માગશે તેણે મારી સાથે બાથ ભીડવી પડશે. મારા હાથમાં સત્તા છે: સૈનિકો, ફાંસી, કેદખાનાં, ચાબખા, અદાલતો એ બધું છે."

બીજો રસ્તો એ છે કે આપણો દોષ કબૂલ કરવો, જૂઠું બોલતા મટી જવું, પશ્ચાત્તાપ કરવો, અને લોકોને મદદ કરવી — શબ્દથી જ નહીં, અથવા ગયા બે વરસમાં થયું તેમ આના આપીને જ નહીં (એ આના તો અગાઉ એમની જ પાસેથી, એમને કષ્ટ ને વેદના ઉપજાવીને, ઝૂંટવી લીધેલા હતા); પણ આપણી અને મજૂરવર્ગની વચ્ચે જે કૃત્રિમ દીવાલો છે તે તોડી નાંખીને, અને શબ્દ વડે નહીં પણ કામ વડે એમને આપણા ભાઈ તરીકે સ્વીકારીને. તેની સાથેસાથે આપણે આપણી રહેણી બદલવી; આપણે જે લાભ ને વિશેષ અધિકાર ભોગવતા હોઈએ તેનો ત્યાગ કરવો; અને તેનો ત્યાગ કર્યા પછી, લોકોની હારોહાર સમાનભાવે ઊભા રહેવું ને ભળવું; અને રાજ્ય, વિજ્ઞાન અને સંસ્કૃતિના જે લાભો આજે આપણે તેમને બહારથી, તેમની ઇચ્છા અનિચ્છાની તપાસ કે પૂછપરછ કર્યા વિના, આપવા મથીએ છીએ તે લાભો તેમની જોડાજોડ રહીને આપણે મેળવવા.

આપણે બે રસ્તાના સંગમ પર ઊભેલા છીએ, ને કયે રસ્તે જવું એની પસંદગી આપણે કરવી રહી છે.

પહેલે રસ્તે જવાથી માણસને હમેશાં જૂઠું બોલવું ને આચરવું પડશે; આપણાં જૂઠાણાં રખેને ઉઘાડાં પડી જાય એ બીક સતત તેના મનમાં રહેશે; અને જે સ્થિતિને આપણે આટલી હદથી વળગી રહ્યા છીએ તેમાંથી આપણને વહેલામોડા અચૂક હાંકી કાઢવામાં આવશે એ વિચાર નિરંતર તેના મનને કોરી ખાશે.

બીજે રસ્તે જવાથી, જે વસ્તુ આપણે આજે કર્તવ્યરૂપ માનીએ છીએ, જે વસ્તુ આપણું હૃદય ને આપણી બુદ્ધિ માગે છે, ને જે વસ્તુ આપણે નહીં કરીએ તો વહેલામોડા બીજાઓ કરવાના છે, તે વસ્તુ આપણે સ્વેચ્છાએ સ્વીકારી તેને આચરણમાં મૂકી શકીશું. કેમકે જેમના હાથમાં આજે સત્તા છે તેઓ પોતાની સત્તાનો આ પ્રમાણે ત્યાગ કરે તો જ આપણું નામધારી ખ્રિસ્તી જગત તેને સતાવી રહેલાં અનેક દુઃખોમાંથી છૂટકો મેળવી શકે.

(ઑક્ટોબર ૨૮, ૧૮૯૩)

૪

વિચાર કરો

બે હજાર વરસ પર જૉન ધ બૅપટિસ્ટે, અને તે પછી ઈસુ ખ્રિસ્તે, લોકોને કહેલું: "મંગળ ચોઘડિયું આવ્યું છે, અને ઈશ્વરનું રાજ્ય હાથવેંતમાં છે. તમે વિચાર કરો, અને આ ધર્મસંદેશ પર શ્રદ્ધા રાખો." (માર્ક ૧. ૧૫) "અને જો તમે વિચાર નહીં કરો તો તમારો સૌનો વિનાશ થશે." (લ્યૂક ૧૩. ૫)

પણ માણસોએ આ વાત કાને ધરી નહીં, અને જે વિનાશની આગાહી એ વચનોમાં કરેલી હતી તે હાથવેંતમાં આવી ચૂક્યો છે, એ આપણા જમાનાના માણસો સ્પષ્ટ જોઈ શકે છે. આપણો વિનાશ શરૂ થઈ ચૂક્યો છે; અને તેથી, મુક્તિનું જે સાધન આપણને જૂના વખતમાં બતાવાયેલું, પણ જે આપણે માટે નવું છે, તેને આપણે સાંભળ્યું ન સાંભળ્યું કરી શકતા નથી. આપણે જોવા માગીએ કે ન માગીએ તોયે નરી આંખે જોઈએ છીએ કે આપણી બૂરી ને અક્કલ વિનાની રહેણીકરણીમાંથી બીજી જે વિપત્તિઓ નીપજે છે તે બધી ઉપરાંત, લશ્કરી તૈયારીઓ અને તેમાંથી નીપજતાં યુદ્ધો પણ આપણો નાશ કર્યા વિના રહેવાનાં નથી. આપણે નરી આંખે જોઈએ છીએ કે આ બૂરાઈ-

એમાંથી છૂટવાને યોજાયેલા સર્વ વહેવારુ ઉપાયો નકામા છે ને રહેવાના; અને એકબીજાનો સામનો કરવાને શસ્ત્રસજ્જ બનતાં રાષ્ટ્રોની દુર્દશા દહાડે દહાડે બગડતી જ જવાની. તેથી ઈસુ ખ્રિસ્તના શબ્દો બીજા કોઈ માણસો કે બીજા કોઈ જમાના કરતાં આપણને અને આપણા જમાનાને વધારે લાગુ પડે છે.

ઈસુએ કહેલું : "વિચાર કરો!" — એટલે કે દરેક માણસ પોતાનું કામકાજ થંભાવી પોતાના મનને પૂછે કે "હું કોણ? ક્યાંથી આવ્યો છું? અને મારું કર્તવ્ય શું છે?" અને, આ પ્રશ્નના ઉત્તર આપ્યા પછી, એ ઉત્તર અનુસાર તે પોતાના મનની સાથે નિશ્ચય કરે કે પોતે જે કંઈ કરી રહ્યો છે તે પોતાના ઈશ્વરનિર્મિત કર્તવ્યને અનુકૂળ છે કે કેમ? આપણા જગતના ને આપણા જમાનાના દરેક માણસની (એટલે કે ઈસુ ખ્રિસ્તના ઉપદેશના મર્મથી પરિચિત એવા દરેક માણસની) એ ફરજ છે કે તે ક્ષણભર પોતાની પ્રવૃત્તિ થંભાવે; લોકો તેને બાદશાહ, સૈનિક, પ્રધાન, કે પત્રકાર શું ગણે છે તે ભૂલી જાય; અને ગંભીરપણે પોતાના અંતરને પૂછે કે "હું શું છું ને ઈશ્વરે મારે માટે શું કાર્ય નિર્મ્યું છે?" એમ પૂછતાંવેંત તેના મનમાં પોતાની પ્રવૃત્તિની ઉપયોગિતા, યથાર્થતા, ને યોગ્યતાને વિષે અદેશો ઊપજશે. આપણા ખ્રિસ્તી જગતના દરેક માણસે પોતાના મનને કહેવું જોઈએ કે "હું બાદશાહ, સૈનિક, પ્રધાન કે પત્રકાર છું તે પહેલાં — એ બધા પહેલાં હું માણસ છું, એટલે કે સ્થળકાળની મર્યાદા વિનાના વિશ્વમાં પરમાત્માએ મોકલેલો એક જીવ છું, અને એ વિશ્વમાં પળવાર રહીને હું મરી જવાનો છું — એટલે કે તેમાંથી અલોપ થઈ જવાનો છું. અને મારી આવરદા ટૂંકી છે ને આ વિશ્વની આવરદા અનંત છે; તેથી અંગત, સામાજિક, અથવા આખી માનવજાતિને લગતાં સર્વ ધ્યેયો, જે હું મારી નજર સામે રાખું છું ને જે બીજા માણસોએ મારી નજર સામે રજૂ કર્યાં છે તે

સાવ નજીવાં છે; અને જે ઉચ્ચતર ધ્યેયની સિદ્ધિને માટે મને જગતમાં મોકલવામાં આવ્યો છે તેની આગળ મારાં આ ધ્યેયોને ગૌણ માનવાં જોઈએ. મારી મર્યાદિત શક્તિને લીધે હું એ અંતિમ ધ્યેયનું રૂપ કળી શકતો નથી, પણ તે ધ્યેય હસ્તી તો ધરાવે જ છે (જેમ જગતમાં હસ્તી ધરાવતી દરેક વસ્તુમાં કંઇક ઉદ્દેશ હોવો જ જોઈએ), અને મારું કામ એ ધ્યેયની સિદ્ધિમાં સાધનરૂપ બનવાનું છે. તેથી મારું કર્તવ્ય ભગવાનનો ચાકર બનવાનું, ને તેનું કામ પાર પાડવાનું છે." પોતાનું કર્તવ્ય આવી રીતે સમજી લીધા પછી, આપણા જગતના ને આપણા જમાનાના બાદશાહથી માંડીને સૈનિક લગીના દરેક માણસને પોતે માથે લીધેલી અથવા બીજાઓએ તેને માથે નાંખેલી ફરજો નવી જ દૃષ્ટિએ દેખાયા વિના નહીં રહે.

બાદશાહે પોતાના મનને કહેવું જોઈએ : "મારો બાદશાહ તરીકે અભિષેક થયો ને મને બાદશાહ તરીકે સ્વીકારવામાં આવ્યો તે પહેલાં, મેં રાજ્યના અધ્યક્ષની ફરજો અદા કરવાની પ્રતિજ્ઞા લીધી તે પહેલાં, હું જીવતો છું એ હકીકતથી જ હું મારા જન્મદાતા પરમાત્માએ મારી પાસે કરાવવા ધારેલાં કામો કરવાનું વચન આપી ચૂકેલો છું. એ પરમાત્માનો આદેશ હું માત્ર જાણતો નથી, પણ મારા હૃદયમાં ઊપજતી લાગણી વડે અનુભવું પણ છું. હું જે ખ્રિસ્તી ધર્મને અનુસરવાનો દાવો કરું છું તે ધર્મમાં કહ્યા પ્રમાણે એ આદેશ આ પ્રકારનો છે : મારે ઇશ્વરની ઇચ્છાને અધીન રહેવું અને એ ઇચ્છા મારી પાસે જે કરાવવા માગે તે કરવું — એટલે કે મારે મારા પડોશી પ્રત્યે પ્રેમ રાખવો, તેની સેવા કરવી, અને તે મારી જોડે જેવી રીતે વર્તે એમ હું ઇચ્છું તેવી રીતે મારે તેની જોડે વર્તવું. માણસો પર અમલ ચલાવીને, હિંસા કરવાના, ફાંસીના, ને સૌથી વધારે બીષણ વસ્તુ તે યુદ્ધોના હુકમો આપીને હું એ આદેશને અનુસરું છું ખરો ?

"માણસો મને કહે છે કે મારે આમ કરવું જોઈએ. પણ ઇશ્વર કહે છે કે મારે કંઇક સાવ જુદી જ વસ્તુ કરવી જોઈએ.

અને તેથી રાજ્યના અધ્યક્ષ તરીકે મારે હિંસાનાં કામો, કરની ઉઘરાણી, ફાંસીઓ, અને એ બધા ઉપરાંત યુદ્ધ — એટલે કે મારા માનવી બંધુઓની હત્યા, કરવાનો હુકમ આપવો જોઈએ, એમ મને ગમે તેટલું કહેવામાં આવે તોપણ, એ વસ્તુઓ કરવાની મારી ઇચ્છા નથી, મારાથી તે બની શકે એમ જ નથી."

જે સૈનિકને માણસોના જીવ લેવાને સિસકારવામાં આવે છે તેણે પોતાના મનને એ જ વાત કહેવી જોઈએ. તે જ પ્રમાણે યુદ્ધની તૈયારી કરવાનો સ્વધર્મ માનનાર પ્રધાને, માણસોને યુદ્ધ કરવા ઉશ્કેરનાર પત્રકારે, અને "હું કોણ છું ને જીવનમાં મારું કર્તવ્ય શું છે" એ સવાલ પોતાના મનને પૂછનાર દરેક માણસે કહેવું જોઈએ. રાજ્યનો અધ્યક્ષ યુદ્ધના ફરમાનો આપતો, સૈનિક લડતો, પ્રધાન લડાઈની સાધનસામગ્રીની તૈયારી કરતો, અને પત્રકાર યુદ્ધને માટે લોકોને ઉશ્કેરતો બંધ થશે કે તરત જ, લોકો, કેવળ યુદ્ધની જ બાબતમાં નહીં પણ તેમની બીજી બધી જાતે વહોરેલી આફતોની બાબતમાં હાથે કરીને જે દુ:ખદ સ્થિતિમાં મુકાયા છે તે સ્થિતિ મટી જશે; અને તેમ થવાને સારુ નવી સંસ્થાઓ, યુક્તિઓ, શક્તિ ને સત્તાનાં સમતોલનો, કે અદાલતો કશાની જરૂર નહીં પડે.

એટલે, કહેતાં ભલે વિચિત્ર લાગે, પણ માણસોને તેમની જાતે વહોરેલી આફતોમાંથી — તેમાંની સૌથી ભીષણ જે યુદ્ધ, તેમાંથી પણ — છૂટવાનો સૌથી ચોકસ અને અચૂક મુક્તિમાર્ગ બહારના સામાન્ય ઉપાયોથી મળી શકે એમ નથી. એને માટે તો દરેક મનુષ્યના આત્માને કરવાની જે સાદી વિનવણી ઇસુ ખ્રિસ્તે ઓગણીસ સો વરસ પર સૂચવી હતી એ જ એકમાત્ર રસ્તો છે — તે એ કે દરેક માણસે વિચાર કરવો જોઈએ ને પોતાના મનને પૂછવું જોઈએ કે "હું કોણ છું? શા માટે જીવું છું? અને મારે શું કરવું જોઈએ ને શું ન કરવું જોઈએ?"

(એપ્રિલ, ૧૯૦૪)

૫

ધર્મની શક્તિ

આપણા જમાનાના માણસો જે દુઃખ ભોગવે છે તેનું મૂળ કારણ એ છે કે તેમાંનો મોટો ભાગ માનવી પ્રવૃત્તિને બુદ્ધિપૂર્વક દોરવનારી એકમાત્ર વસ્તુ — એટલે કે ધર્મ — વિના જીવે છે. એ ધર્મ તે પરંપરાગત ધર્મમતનો સ્વીકાર નથી; તેમ સુખદ મનોરંજન, આશ્વાસન, કે ઉત્તેજના આપનારા કર્મકાંડનું અનુશીલન નથી; પણ તે એવી વસ્તુ છે જે માણસનો વિશ્વાત્માની સાથે, ઈશ્વરની સાથે, સંબંધ જોડી આપે છે; જે સર્વ માનવી પ્રવૃત્તિને ઊર્ધ્વગામી બનાવે છે; અને જેના વિના મનુષ્યો પશુની અથવા એથીયે હલકી કોટિએ રહી જાય છે. આ દુઃખ, જેમાંથી માણસનો વિનાશ અચૂક નીપજે છે, તે આપણા જમાનામાં વિશેષ પ્રબળ રૂપે પ્રગટ થયું છે; કેમકે માણસો જીવનને બુદ્ધિપૂર્વક દોરવનારી વસ્તુ ગુમાવી બેઠા હોવાથી, અને પોતાની સર્વ શોધો ને સુધારણાઓ કરવાના પ્રયત્નો મુખ્યત્વે યંત્રજ્ઞાનના ક્ષેત્રમાં વાપરતા હોવાથી, તેમણે કુદરતની શક્તિઓ પર અપાર પ્રભુત્વ મેળવ્યું છે ખરું પણ એનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કેમ કરાય એ તેમને કોઈ બતાવતું નથી, એટલે તેમણે સ્વાભાવિક રીતે એનો ઉપયોગ પોતાની પશુસહજ વૃત્તિઓને પોષવામાં કર્યો છે.

કુદરતની શક્તિઓ પર અપાર પ્રભુત્વ ધરાવતા પણ ધર્મવિહોણા મનુષ્યોની સ્થિતિ જેમને દારૂ કે સ્ફોટક વાયુ રમકડા તરીકે અપાયો છે એવાં બાળકોના જેવી છે. આપણા જમાનાના માણસો જે શક્તિ ધરાવે છે ને તેનો જે રીતે ઉપયોગ કરે છે તેનો વિચાર કરી જોતાં એમ લાગે છે કે રેલવે, વરાળશક્તિ, વીજળી, ટેલિફોન, ફોટોગ્રાફી, ને વાયરલેસ તારવહેવાર વાપરવાને, અથવા તો લોઢું અને પોલાદ બનાવવાને પણ, ખરેખરા સુપાત્ર ગણાવા જેટલો તેમનો નૈતિક વિકાસ થવા પામ્યો નથી — કેમકે તેઓ આ ચીજોનો ઉપયોગ કેવળ પોતાની વાસનાઓ તૃપ્ત કરવા, પોતાનાં મનનું રંજન કરવા, પોતાની શક્તિનો હ્રાસ કરવા, ને એકબીજાનો સંહાર કરવા સારુ જ કરે છે.

. . . .

ત્યારે કરવું શું? માણસજાતે કરેલા આ બધા સુધારાનો, તેણે મેળવેલી આ બધી શક્તિનો, ત્યાગ કરવો? એ તો અશક્ય છે! એ માનસિક સિદ્ધિઓનો ગમે તેટલો હાનિકારક ઉપયોગ કરવામાં આવે તોપણ એ સિદ્ધિઓ તો છે જ, અને માણસોથી તે ભૂલી શકાય એમ નથી. ત્યારે શું સૈકાંઓ દરમ્યાન રચાયેલાં રાષ્ટ્રોનાં દળ બદલવાં ને નવાં દળ બાંધવાં? નાના સમૂહો મોટા સમૂહોને છેતરતા ને ચુસતા અટકે એવી નવી સંસ્થાઓ યોજવી? જ્ઞાનનો બહોળો પ્રચાર કરવો? આ બધું અજમાવાઈ ચૂક્યું છે, ને આજે પણ ભારે ધગશથી અજમાવાઈ રહ્યું છે. આ બધા કલ્પિત સુધારાઓ માણસોને જે વિનાશ અચૂક થવાનો છે તેનું ભાન વિસારે પાડી તેમનું ધ્યાન બીજા વિષય પર ખેંચવાનું મુખ્ય સાધન પૂરું પાડે છે. રાજ્યોની હદો ફેરવવામાં આવે છે, સંસ્થાઓ બદલવામાં આવે છે, જ્ઞાનનો બહોળો ફેલાવો કરવામાં આવે છે. પણ આ નવી હદો, નવી સંસ્થાઓ ને જ્ઞાનવૃદ્ધિ છતાં માણસો એકબીજાને ફાડી ખાવાને ટાંપી રહેલાં પશુ જેવા અગાઉ હતા તેવા જ રહ્યા છે, અથવા જેવા ગુલામ હંમેશાં હતા તેવા રહ્યા છે; અને જ્યાં લગી

તેઓ ધર્મભાવનાથી નહીં પણ રાગદ્વેષો, તાત્ત્વિક વાદો અને બહારની સૂચનાઓથી દોરવાઈને ચાલશે ત્યાં લગી એની એ જ સ્થિતિમાં રહેશે.

માણસને ગમે તે પસંદગી કરવાનો અવકાશ જ નથી — તેણે કાં તો ગુલામોમાં પણ અતિ કુટિલ ને ઉદ્ધત એવાઓના ગુલામ બનવું રહ્યું, અથવા ઈશ્વરના બંદા બનવું રહ્યું; કેમકે માણસને માટે વિમુક્તિ પામવાનો એક જ રસ્તો છે — ને તે એ કે ઈશ્વરની ઇચ્છામાં પોતાની ઇચ્છાને ભેળવવી. કેટલાક ધર્મવિહોણા માણસો ખુદ ધર્મનો જ અસ્વીકાર કરે છે; બીજા કેટલાક ધર્મને નામે ચાલતાં ને ધર્મનું સ્થાન ઝૂંટવી બેઠેલાં બાહ્ય વિકૃત રૂપોને જ ધર્મ માની લે છે; અને કેવળ પોતાની વ્યક્તિગત વાસનાઓથી — ભયથી, માનવી કાયદાઓથી, કે એકબીજાના સંમોહનથી — પ્રેરાઈને ચાલતા હોવાથી તેઓ પશુ કે ગુલામની કોટિમાંથી ઊંચે આવી શકતા નથી. અને ગમે એટલા બાહ્ય પ્રયત્નો તેમને આ દશામાંથી છોડવી શકે એમ નથી. કેમકે કેવળ ધર્મ જ માણસને મુક્ત બનાવે છે.

અને એ ધર્મ આપણા જમાનાના ઘણાખરા માણસોમાં નથી. (મે ૧૯૦૪)

* * *

આ જે માણસો — સરકાર પક્ષના તેમજ સરકારવિરોધી પક્ષના — પ્રજાના કલ્યાણની આયોજના કરે છે તેમનામાં ધર્મનો પૂરો અભાવ છે. ધર્મ વિના માણસ પોતે નીતિમય જીવન ગાળી શકતો નથી; બીજાઓને માટે શું સારું ને શું નરસું, શું જરૂરી ને શું બીનજરૂરી તે તો એથીયે ઓછું સમજી શકે છે. એટલા જ કારણસર એકંદરે આપણા જમાનાના માણસો, અને ખાસ કરીને રશિયાનો બુદ્ધિશાળી વર્ગ (જેનામાં ધર્મભાવનાનો છાંટો સરખો નથી ને જે એ હકીકત ગર્વભેર કહી બતાવે છે), પોતે જે લોકોની સેવા કરવા ઇચ્છે છે તેમના જીવન વિષે ને તેમની માગણીઓ વિષે આટલા વિકૃત ને ખોટા

ખ્યાલો ધરાવે છે, ને તેમને ઘણી જુદી જુદી ચીજો અપાવવાની મહેનત કરે છે, પણ તેમને જે એક ચીજની ખરેખરી જરૂર છે તેની વાત સરખી કરતા નથી.

ધર્મ વિના માણુસો પ્રત્યે સાચો પ્રેમ ન ધરાવી શકાય; ને પ્રેમ વિના તેમને શાની જરૂર છે — શાની વધારે ને શાની ઓછી જરૂર છે — તે કળી ન શકાય. જેઓ ધર્મનિષ્ઠ ન હોય ને જેમનામાં સાચો પ્રેમ ન હોય તેઓ જ લોકોની સ્થિતિમાં નજીવા ને નાના નાના સુધારા યોજી શકે, ને એ લોકસમૂહનું જે મુખ્ય દુઃખ છે, ને જે તેમને મદદ કરવા ઇચ્છનારાઓએ જ કેટલેક અંશે ઊભું કર્યું છે, તે ન સમજી શકે. એવા માણુસો જ લોકોનાં જે વર્તમાન દુઃખો છે ને જેનું તાત્કાળિક નિવારણ કરવું આવશ્યક અને શક્ય છે તેના તરફ નજર ન નાંખતાં, અને તેનો ઇલાજ કરવાને બદલે, તેમના ભાવિ સુખને વિષે ચતુરાઈથી યોજેલા તાત્ત્વિક વાદોનો ઉપદેશ કરી શકે. કોઈ માણુસ ભૂખ્યા માણુસની પાસેથી ખોરાક પડાવી લઈને પછી તેને (ઘણીવાર બહુ શંકાસ્પદ એવી) સલાહ આપવા બેસે કે ભવિષ્યમાં ખોરાક ક્યાંથી મેળવવો; પણ પોતે તેની પાસેથી જે ખોરાક પડાવી લીધો છે તેમાંથી તેને ભાગ આપવાની જરૂર ન જુએ; — એના જેવી આવા માણુસોની સ્થિતિ છે.

સદ્ભાગ્યે જગતની મહાન અને હિતકારક હિલચાલો આમવર્ગનું હીર ચૂસીને માતેલા પરોપજીવી લોકોને હાથે નથી થતી — પછી ભલે તેઓ પોતાને સરકારી અમલદાર, ક્રાંતિકાર, કે ઉદારમતવાદી ગમે તે નામે ઓળખાવતા હોય. એ હિલચાલો ધર્મનિષ્ઠ માણુસોને હાથે, એટલે કે ગંભીર, વિચારશીલ, ઉદ્યમી, માણુસોને હાથે થાય છે. એવા માણુસો પોતાનાં સ્વાર્થ, અભિમાન કે મહત્ત્વાકાંક્ષાને પોષવા કે બહારથી દેખી શકાય એવાં પરિણામો મેળવવા નથી જીવતા, પણ પોતાનું ઈશ્વરનિર્મિત કર્તવ્ય ઈશ્વરની નજર આગળ રહી પાર પાડવાને જીવે છે.

આવા, અને આવા જ, માણસો પોતાની શાંત પણ અવિચળ પ્રવૃત્તિ વડે માનવજાતિને આગળ ધપાવે છે. લોકોની સ્થિતિમાં આ કે તે સુધારો યોજીને તેઓ બીજાની આગળ વિખ્યાત થવા નથી માગતા (એવા સુધારા તો અસંખ્ય હોઈ શકે; અને જો ખેડૂતોને જમીનની માલિકી અપાવવાની જે મુખ્ય આવશ્યક વસ્તુ છે તે ન કરવામાં આવે તો એ સુધારાની કિંમત નજીવી જ ગણાય). તેઓ તો ઈશ્વરી નિયમ અને પોતાના અંતરાત્માને અનુસરીને ચાલવા મથે છે. એ પ્રયત્ન કરતાં કરતાં તેમને આસપાસની દુનિયામાં ઈશ્વરી નિયમનો સ્પષ્ટમાં સ્પષ્ટ ભંગ થતો નજરે પડે છે, ને તેમાંથી પોતાને તેમજ બીજાઓને છોડવવાના ઉપાય તેઓ ખોળે છે.

(જૂન ૧૯૦૫)

૬

કલા અને સત્ય

('બાલોદ્યાન' નામના એક વાર્તાસંગ્રહની પ્રસ્તાવના)

આ પુસ્તકમાં ખરેખાત બનેલી ઘટનાઓની વાર્તાઓ ઉપરાંત, મનુષ્યના હિતાર્થે રચેલી ને લખેલી વાર્તાઓ, પુરાણકથાઓ, કહેવતો, દંતકથાઓ, રૂપકકથાઓ ને પરીકથાઓ પણ છે.

જે વાર્તાઓને અમે ઈસુ ખ્રિસ્તના શિક્ષણની અવિરોધી, અને તેથી સારી ને સાચી, માનીએ છીએ તેવી વાર્તાઓને અમે અહીં સ્થાન આપ્યું છે.

ઘણા લોકો — ખાસ કરીને બાળકો — કોઈ વાર્તા, પરીકથા, દંતકથા, કે રૂપકકથા વાંચતાં પહેલો જ પ્રશ્ન એ પૂછે છે: 'એ સાચી છે?' અને જો તેમને જણાય કે એમાં જે વર્ણવેલું છે તે બનવું અસંભવિત છે, તો તેઓ ઘણીવાર કહે છેઃ 'અરે, આ તો માત્ર કલ્પના છે, આ વાર્તા તો જોડી કાઢેલી છે, સાચી નથી.'

જેઓ આવો ખ્યાલ બાંધે છે તેમનો એ ખ્યાલ ખોટો હોય છે.

જે ઘટનાઓ બની ગઈ છે, અને ખરેખાત બને છે, તે ઘટનાઓનું જ જ્ઞાન ધરાવનાર માણસ નહીં, પણ ઈશ્વરેચ્છા અનુસાર શું બનવું જોઈએ એ સમજનાર માણસ જ સત્યને જાણશે.

જે ઘટનાઓ બની ગઈ હોય ને અમુક માણસે જે કંઈ કર્યું હોય તેનું વર્ણન કરનાર માણસ સત્ય નથી લખતો. સત્ય તો તે જ માણસ લખે છે જે બતાવે છે કે કયા લોકો સદાચરણ કરે છે એટલે કે ઈશ્વરેચ્છા અનુસાર વર્તે છે, અને કયા લોકો દુરાચરણ કરે છે એટલે કે ઈશ્વરેચ્છાથી ઊલટા વર્તે છે.

સત્ય એ એક આચારમાર્ગ છે. ઈસુ ખ્રિસ્તે કહ્યું છે: "હું એ માર્ગ છું, સત્ય છું, અને સર્વોચ્ચ જીવન છું."

અને તેથી જે નીચી નજર કરીને પોતાના પગ સામે જોશે તેને સત્ય નહીં જણાય, પણ સૂર્ય સામે નીરખીને પોતે કયે રસ્તે જવું તે શોધી કાઢશે તેને જ સત્યનું દર્શન થશે.

શાબ્દિક રચનાઓ સારી ને જરૂરની ક્યારે હોય છે? શું બન્યું છે એ વર્ણવે છે ત્યારે નહીં, પણ શું બનવું જોઈએ એ બતાવે છે ત્યારે; લોકોએ શું કર્યું છે એ કહે છે ત્યારે નહીં, પણ ભલાબૂરાનો, સારાનરસાનો ભેદ બતાવે છે — મનુષ્યોને સર્વોચ્ચ જીવન પ્રત્યે લઈ જનારો ઈશ્વરેચ્છાનો માર્ગ બતાવે છે — ત્યારે.

એ માર્ગ બતાવવાને સારુ માણસે જગતમાં જે ઘટનાઓ બને છે એટલી જ વર્ણવીને બેસી ન રહેવું જોઈએ. જગત પાપ અને દુરાચારથી ભરેલું છે. જગત જેવું છે એવું જ જો વર્ણવવાનું હોય તો તેમાં ઘણી બૂરાઈનું વર્ણન આવે, અને સત્ય બાતલ રહી જાય. માણસ જે વર્ણવે તેમાં સત્ય આવે એને સારુ તેણે જે કંઈ છે તેનું નહીં પણ જે કંઈ હોવું જોઈએ તેનું વર્ણન આપવું ઘટે છે; જગતમાં જે કંઈ આજે હસ્તીમાં છે તેનું નહીં, પણ ઈશ્વરનું જે રાજ્ય આપણી નજીક આવતું જાય છે પણ હજુ આવી પહોંચ્યું નથી તેનું, સાચું વર્ણન આપવું જોઈએ. એટલે, જે ઘટનાઓ ખરેખાત બની છે યા જો બની હોત તેનું વર્ણન આપનારી ચોપડીઓના તો દુનિયામાં ઢગલા પડેલા પડેલા છે, છતાં — જો

તેના લેખકો સારું શું ને નરસું શું એ પોતેજ ન જાણતા હોય, અને ઈશ્વરના રાજ્યની દિશામાં જનારો જે એકમાત્ર રસ્તો છે તે બતાવતા ન હોય તો — એ બધી ચોપડીઓમાં જૂઠાણું જ ભરેલું છે એમ કહેવું જોઈએ. અને પરીકથાઓ, રૂપકકથાઓ, પ્રાણીકથાઓ, દંતકથાઓ એવી હોય છે જેમાં વર્ણવેલી અદ્‌ભુત ઘટનાઓ કદી બની નથી હોતી અથવા બની શકે એવી પણ નથી હોતી. અને છતાં એ દંતકથાઓ, પરીકથાઓ ને પ્રાણીકથાઓમાં સત્ય સમાયેલું હોય છે; કેમકે એ કથાઓ બતાવે છે કે ઈશ્વરની ઇચ્છા અગાઉ હંમેશાં શી હતી, અત્યારે શી છે, ને ભવિષ્યમાં શી હશે; તે ઈશ્વરના રાજ્યનું સત્ય બતાવે છે.

એવી કોઈ ચોપડી હોય — અને એવી ઘણી નવલકથાઓ ને વાર્તાઓ છે પણ ખરી — જેમાં વર્ણવેલું હોય કે કોઈ માણસ તેની વિષયવાસનાઓને તૃપ્ત કરવા જીવે છે, મનોયાતના ભોગવે છે, બીજાંઓને દુઃખ દે છે, સંકટ અને દારિદ્રય સહન કરે છે, દગાફટકા કરે છે, બીજાઓની જોડે લડેવઢે છે, દારિદ્રયમાંથી છૂટી જાય છે, ને છેવટે પ્રેયસી જોડે તેનું મિલન થાય છે, ને તેને કીર્તિ, ધન અને સુખ આવી મળે છે. આવી ચોપડીમાં વર્ણવેલી એકેએક ઘટના ખરી હોય, અને એમાં અશક્ય કે અસંભવિત કશું ન હોય, તોપણ એ ચોપડી જૂઠી ને અસત્યમય છે એમ હું કહું; કેમકે જે માણસ પોતાને ખાતર ને પોતાની વિષયવાસનાઓને સંતોષવા સારુ જીવે છે તેની સ્ત્રી ગમે તેટલી રૂપવતી હોય ને તેને ગમે તેટલી કીર્તિ ને સંપત્તિ પ્રાપ્ત થાય તોપણ તે સુખી થઈ શકે નહીં.

બીજી તરફ, કોઈ આખ્યાયિકા એવી હોય કે ઈસુ ખ્રિસ્ત અને તેમના શિષ્યો એક શ્રીમંત માણસને ત્યાં ગયા પણ તે માણસે તેમને આવકાર આપ્યો નહીં; તેઓ એક વિધવાને ત્યાં ગયા, ત્યાં તેમને આવકાર મળ્યો. પછી ઈસુ ખ્રિસ્તે સોનાની ભરેલી એક કોઠીને

ગગડતી ગગડતી પેલા શ્રીમંતને ત્યાં જવાનો હુકમ કર્યો, અને પેલી ગરીબ વિધવાને ત્યાં તેના છેલ્લા વાછરડાને ખાઈ જવા સારુ વરુ મોકલ્યું; અને વાર્તામાં કદાચ એમ કહેલું હોય કે એથી વિધવા સુખી થઈ ને પેલો શ્રીમંત માણસ દુઃખી થયો.

આવી વાર્તા છેક જ અસંભવિત છે, કેમકે એમાં વર્ણવેલું છે એવું કંઈ પણ કદી બન્યું નથી ને બની શકે પણ નહીં. છતાં એ વાર્તામાં સત્ય સમાયેલું હોય એમ બને; કેમકે એમાં એમ બતાવેલું છે કે જગતમાં હમેશાં શું બનવું જોઈએ — શું સારું છે ને શું નરસું છે, અને માણસે ઈશ્વરની ઇચ્છાને અનુસરવું હોય તો કઈ વસ્તુ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

દંતકથાઓમાં, રૂપકકથાઓમાં, કે પરીકથાઓમાં ગમે તેટલા ચમત્કારો વર્ણવ્યા હોય, ગમે તેટલાં પ્રાણીઓને મનુષ્યની ભાષા બોલતાં બતાવ્યાં હોય, ગમે તેટલી જાદુઈ જાજમો કે પવનપાવડીઓ માણસોને લઈને ઠેરઠેર ઊડતી વર્ણવી હોય, તોપણ — જો એ કથામાં ઈશ્વરના રાજ્યનું સત્ય (નૈતિક સત્ય) સમાયેલું હોય તો એ કથાઓ સાચી ગણાય. અને એમાં જો આ સત્યનો અભાવ હોય તો, તેની જોડે ગમે તેટલા પુરાવા જોડેલા હોય તોપણ, તે કથાઓ જૂઠી ગણાય; કેમકે તેમાં ઈશ્વરના રાજ્યનું સત્ય (નૈતિક સત્ય) નથી. ઈસુ ખ્રિસ્તે ઘણી રૂપકકથાઓ કહેલી છે, ને એમની એ રૂપકકથાઓ સદાકાળને માટે સાચી હતી અને રહેશે. એમણે તો એટલું જ ઉમેરેલું કે 'તમે ધ્યાન દઈને સાંભળજો.'

(૧૮૮૭)

૭

ભાવિ કલાનું સ્વરૂપ

[ટૉલ્સ્ટૉયે પોતાના સાહિત્ય અને કલા વિષેના બધા વિચારો જે ગ્રંથમાં આપ્યા છે તે 'કલા એટલે શું ?' (What Is Art?)માંથી આખા પુસ્તકના સારરૂપ એક પ્રકરણનો અનુવાદ નીચે આપ્યો છે. કલા જેવા લલિત વિષયને વિષે આવા વિચારો કેટલાકને સ્થૂલ, અણઘડ, તરંગી કે કાલગ્રસ્ત લાગે તો નવાઈ નથી. ટૉલ્સ્ટૉયનું પુસ્તક યુરોપમાં પ્રસિદ્ધ થયું ત્યારે ત્યાં પણ કલાના ઉપાસકો અને ભોક્તાઓમાં હાહાકાર મચેલો. આ વિચાર આપણને ગમે એટલા અગવડભરેલા કે અવ્યવહારુ લાગે, તોપણ જે મનોવૃત્તિમાંથી તે ઉદ્ભવ્યા છે તે મનોવૃત્તિ સમજ્યા પછી જણાશે કે ઉપરના એકે આક્ષેપને પાત્ર આ વિચારો નથી. ટૉલ્સ્ટૉયે પોતે બીજે એક ઠેકાણે લખ્યું છે :

"ખેડૂતવર્ગનું ગ્રામીણ જીવન, તેમના ઘર, ખોરાક, રીતભાત વગેરેની સાદાઈ એ બધું, જેને હું પહેલાં નઠારું ને હલકું ગણતો, તે જ બધું હવે મારી નજરે સુંદર ને મહાન દેખાવા લાગ્યું છે. હવે, જે વસ્તુ મને બાહ્ય દેખાવમાં બીજા લોકોથી ચડિયાતો બનાવતી હોય, અથવા જે મને તેમનાથી અળગો કરતી હોય, તે વસ્તુમાં હું ભાગ નથી લઈ શકતો. સહુને માણસ તરીકેનો જે એકમાત્ર ઇલકાબ કે અધિકાર છે તે ઉપરાંતનો કંઈ પણ હક, દરજ્જો કે ઇલકાબ નથી હું પોતે ભોગવતો, નથી કોઈ બીજાનો કબૂલ

રાખતો. હું કીર્તિ ને પ્રશંસા શોધતો નથી. બીજા માણસોથી મને અળગો પાડે એવી સંસ્કારિતા પ્રાપ્ત કરવાનો વિચાર મને ગમતો નથી. મારા આખા જીવનમાં — મારા ઘરમાં, મારા ખોરાકમાં, મારા પહેરવેશમાં, દુનિયા જોડેના મારા વ્યવહારમાં, મનુષ્યજાતિના મોટા ભાગથી અળગો પડવાને બદલે હું તેની તરફ વધારે ને વધારે ખેંચાઉં એવો પ્રયાસ કર્યા વિના મારાથી રહેવાતું જ નથી."

આ સર્વમંગલનો ધર્મ એ ટૉલ્સ્ટૉયના કલાવિષયક વિચારોની, બલ્કે તેમના સમગ્ર જીવનની, ચાવી છે. ગાંધીજી પાસેથી પણ આપણે આ જ જાતના વિચારો નથી સાંભળતા? સર્વમંગલનો આદર્શ ધરાવનાર, ને જે વસ્તુ ગરીબમાં ગરીબ માણસને ન મળે તે પોતાને ન ખપે એવું કઠણ વ્રત ધારણ કરનાર, માણસ એ જીવનવ્યાપી આદર્શને કલાના ક્ષેત્રમાં પણ દાખલ કરે તો ટૉલ્સ્ટૉયે કહ્યું છે એથી બીજું શું કહી શકે? આ વિચારોની પાછળ ટૉલ્સ્ટૉયના આખા જીવનનું મનોમંથન છે, તેમની ઉત્કટ તપસ્યા છે, અને જગતની સર્વોચ્ચ કલાકૃતિઓના અવલોકન અને સેવનમાંથી નીપજતી આર્ષદૃષ્ટિ છે. એટલું ધ્યાનમાં રાખીને આ લખાણ વાંચવાની જરૂર છે.

'કલા એટલે શું?' એ પુસ્તકને વિષે ટૉલ્સ્ટૉયના ચરિત્રલેખક અને તેમનાં પુસ્તકોના અંગ્રેજી અનુવાદ કરનાર એલમર મોડ લખે છે કે "એક અતિ મહાન કલાકારે" લખેલો આ ગ્રંથ તે "આપણી યાદદાસ્તમાં થઈ ગયેલા કોઈ પણ માણસે લખેલા વધારેમાં વધારે જ્ઞાનપૂર્ણ, મહત્ત્વના ને સન્માર્ગદર્શક ગ્રંથોમાંનો એક" છે. વળી તે કહે છે:

"ગયાં બસો વરસમાં કલાને વિષે હજારો પુસ્તકો લખાયાં છે, પણ કલા મનુષ્યના બાકીના જીવન જોડે જે સંબંધ ધરાવે છે તેનું જેટલું સ્પષ્ટ નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે તેટલું બીજે ક્યાંયે થયેલું નથી.

"આ ગ્રંથ કોઈ કલાકાર વિના બીજાથી લખી ન શકાત; તેમજ કલાકાર હોવા ઉપરાંત જેને માનવકલ્યાણમાં ઊંડો ન રસ હોય એવાથી પણ ન લખી શકાત.

"આપણે કલાને નર્યું મનોરંજન, આહ્લાદ કે ચેનનું સાધન ગણીને સંતોષ માનતા હોઈએ તો ટૉલ્સ્ટૉયના સંદેશાની અવગણના કરી શકાય; અને તર્કની વિતંડા કરીને, આ ગ્રંથમાંથી છૂટાંછવાયાં વાક્યો, દૃષ્ટાંતો કે આદર્શ

સ્થિતિની કલ્પનાઓ વીણી કાઢી તેનું નિરસન કરવાનું આપણને પોસાય; પણ માનવજાતિનું જીવન આજે છે તેના કરતાં સારું બનવું જોઈએ, અને એવો સુધારો શક્ય બનાવનાર ભાવનાઓના પ્રચારનો આધાર, મુખ્યત્વે, કલાનો સદુપયોગ થવા પર રહે છે, એમ જો આપણે માનતા હોઈએ, તો આપણે ટોલ્સ્ટોયની આ સર્વોત્તમ કૃતિનો મર્મ સમજી શકીશું, અને ભ્રમ પેદા કરવાને સારુ વિતંડાવાદમાં નહીં ઊતરીએ, એટલું જ નહિ પણ એમનું તત્ત્વજ્ઞાન નિશાળના વિદ્યાર્થીઓને પણ સ્પષ્ટ સમજાય એટલું વિશદ કરી બતાવવાનું આપણને મન થશે."

—અનુવાદક]

જે લોકો ભાવિ કલા વિષે બોલે છે તેઓ માને છે કે આજે જે કલા ઉત્તમ કોટિની મનાય છે તેમાંથી જ કાળે કરીને એક વિશિષ્ટ, સંસ્કારી, નવીન કલાનો વિકાસ થવાનો છે. પણ ખરું જોતાં ભવિષ્યમાં એવી નવી કલા નીપજવી અશક્ય છે, અને નીપજવાની છે પણ નહીં. આપણા ઉપલા વર્ગોની એકલપેટી કલાને આગળનો રસ્તો જડતો નથી. જે રસ્તે તે ચાલી આવી છે તે રસ્તે આગળ વધાય એવું છે જ નહીં. કલાનો ખરો આદર્શ એ છે કે કલાએ ધર્મવૃત્તિને જ અનુસરવું જોઈએ. તેનો ત્યાગ કર્યા પછી આ કલા વધારે ને વધારે સ્વાર્થી બનતી ગઈ છે, વધારે ને વધારે ભ્રષ્ટ થતી ગઈ છે; અને હવે તેને આગળ પગલું માંડવાની જગા રહી નથી. ભવિષ્યની કલા — જે કલ્પનામાં ન રહેતાં ખરેખાત હસ્તીમાં આવવાની છે — આજની કલાના વિસ્તારરૂપ નહીં હોય. ભાવિ કલા તદ્દન જુદા, ને નવા જ, પાયા પર રચાયેલી હશે. આજની ઉપલા વર્ગોની કલા જે મૂળતત્ત્વોને આધારે ચાલે છે તે મૂળતત્ત્વો જોડે ભાવિ કલાને કશો સંબંધ નહીં હોય.

ભાવિ કલા એ આજની જેમ ધનિક વર્ગોના ખોબા જેટલા લોકો સમજી શકે એવી ભાવનાઓનું જ પ્રતિબિંબ નહીં હોય. પણ એ કલાએ પ્રજાની ઊંચામાં ઊંચી ધર્મવૃત્તિનો સાક્ષાત્કાર કર્યો હશે.

મનુષ્યોને ભ્રાતૃભાવની એકતા તરફ આકર્ષે એવી ભાવનાઓનું, અથવા સમસ્ત માનવજાતિને એક કરી શકે એવી સાર્વભૌમ ભાવનાઓનું, પ્રતિબિંબ જેમાં હશે તે જ કલાકૃતિઓ ગણાશે. એવી જ કલાને નોખી પાડી પસંદ કરવામાં આવશે, તેને સમાજમાં પ્રવેશ આપવામાં આવશે, તેનો જ સ્વીકાર અને પ્રચાર કરવામાં આવશે. પણ મનુષ્ય-જાતિએ જેને અજમાવીને ફેંકી દીધાં છે એવાં કાલગ્રસ્ત ધર્મતત્ત્વોમાંથી ઉદ્ભવતી ભાવનાઓને વ્યક્ત કરનારી કલા — એટલે કે સાંપ્રદાયિક, સંકુચિત, દેશાભિમાનની, અને શૃંગારિક કલા, જે વહેમ, અભિમાન, ગુમાન, સૈનિકપૂજા જેવા ભાવોને વ્યક્ત કરે છે, અથવા જે કલા સંકુચિત રાષ્ટ્રપ્રેમને કે વિષયવાસનાને જાગૃત કરે છે, તે બધી કલા — હાનિકારક કલામાં ગણાશે; અને લોકમત તેનો તિરસ્કાર કરી તેને ફેંકી દેશે. બાકીની કલામાંથી, ગણ્યાગાંઠ્યા જ માણસો સમજી શકે એવી ભાવનાઓ વ્યક્ત કરનારી જેટલી કલા હશે તે કશા લેખામાં ગણાશે નહીં; અને તેનો તિરસ્કાર પણ નહીં થાય તેમ સ્વીકાર પણ નહીં થાય. વળી આજની પેઠે કલાનાં રસાસ્વાદ અને વિવેચન કરનાર ધનિક માણસોનો એક જુદો વર્ગ જ નહીં હોય, પણ આખી પ્રજા કલાનાં વિવેચન અને રસાસ્વાદ કરતી થશે. તેથી કોઈ પણ કલાકૃતિ સારી ગણાઈ તેનો સ્વીકાર અને પ્રચાર ત્યારે જ થશે જ્યારે તે મોટે ભાગે અસ્વા-ભાવિક જીવન ગાળનાર ખોબા જેટલા માણસોને નહીં પણ મજૂરીની સ્વાભાવિક સ્થિતિમાં રહેનાર જનસમૂહને સંતોષ આપી શકશે.

અને કલાકારો — એટલે કે કલાના સ્રષ્ટાઓ — આજની જેમ પ્રજાના એક નાના વર્ગમાંથી વીણી કાઢેલા — ધનિક વર્ગના કે તેમને આશ્રયે રહેલા — મૂઠીભર લોકો નહીં હોય; પણ સમસ્ત પ્રજામાંથી જે બુદ્ધિશાળી લોકો કલાના ક્ષેત્રમાં પોતાનાં શક્તિ અને વલણ બતાવી આપશે તે કલાકારો બની શકશે.

ભવિષ્યમાં કલાની પ્રવૃત્તિ સહુને માટે ખુલ્લી રહેશે. આ પ્રવૃત્તિ સહુને માટે ખુલ્લી રહેવાનાં ત્રણ કારણો છે. એક તો, આજની

કલાકૃતિઓને વિરૂપ કરનારું જે અટપટું શાસ્ત્ર છે, ને જેની પાછળ સમય અને શક્તિનો ભારે વ્યય થાય છે, તે ભાવિ કલામાં જરૂરનું નહીં ગણાય; એટલું જ નહીં પણ ઊલટું સ્પષ્ટતા, સાદાઈ અને સંક્ષિપ્તતા એ કલાના ગુણો મનાશે. આ ગુણો મેળવવા માટે શાસ્ત્ર-જ્ઞાનની જરૂર નથી પડતી, પણ અભિરુચિ કેળવવી પડે છે. કલાની પ્રવૃત્તિ આખા જનસમૂહને માટે ખુલ્લી થશે એનું બીજું કારણ એ કે આજે થોડા જ માણસોને ભણાવી શકે એવી જે ખાસ ધંધાદારી નિશાળો છે, તેને બદલે બધા માણસોને પ્રજાકીય પ્રાથમિક નિશાળોનાં લેખનવાચનની સાથે સાથે જ સંગીત અને ચિત્રકલા (ગાયન અને આલેખન) શીખવવામાં આવશે. એટલે ચિત્રકલા અને સંગીતવિદ્યાનાં મૂળતત્ત્વોનું આટલું જ્ઞાન મેળવ્યા પછી જે જે માણસને કોઈ પણ કલાને વિષે પોતાની વિશેષ શક્તિ ને અભિરુચિ જણાશે તેને તે તે કલામાં નૈપુણ્ય મેળવવાની તક મળશે. અને ત્રીજું, આજે ખોટી કલા પાછળ જે શક્તિ વેડફાઈ રહી છે તેનો સદ્વ્યય જનસમૂહમાં સાચી કલા ફેલાવવા પાછળ થશે.

લોકો માને છે કે જો કલા માટે ખાસ નિશાળો નહીં રહે તો કલાનું શાસ્ત્રીય જ્ઞાન નબળું પડશે. આજે જેને કલાનું વિશિષ્ટ લક્ષણ માનવામાં આવે છે એવી કલાની આંટીઘૂંટીઓને જો શાસ્ત્રીય જ્ઞાન કહેવામાં આવતું હોય, તો તે જરૂર નબળું પડશે. પણ જો વિશદતા, સુંદરતા અને સાદાઈ—એટલે કે કલાકૃતિની સાદાઈ—એ જો કલાનું શાસ્ત્ર ગણાતું હોય તો તે નબળું નહીં પડે (એ તો આપણે લોકકલા પરથી પણ જોઈ શકીએ છીએ), પણ ઊલટું સોગણું સુધરશે; પછી ભલેને કલાના શિક્ષણ માટે ખાસ નિશાળો ન હોય, અથવા પ્રજાકીય નિશાળોમાં પણ આલેખન અને સંગીત ન શીખવાતાં હોય. આ શાસ્ત્ર સંપૂર્ણ બનશે એનું કારણ એ કે આજે જે પ્રતિભાશાળી કલાકારો જનસમાજમાં છૂપા પડેલા છે તે બહાર આવી કલાના ક્ષેત્રમાં ભાગ લેતા થશે. તેમને આજની જેમ અટપટા

શાસ્ત્રીય શિક્ષણની જરૂર નહીં રહે. અને તેમની આંખ આગળ સાચી કલાના નમૂના — સાચી કલાના નવા નમૂના — તો પડેલા જ હશે. કલાકારોને માટે આ નમૂના એ જ શાસ્ત્રજ્ઞાનની ઉત્તમ નિશાળ હંમેશાં થતા આવ્યા છે તેમ થઈ પડશે. અત્યારે પણ દરેક સાચો કલાકાર નિશાળમાં અભ્યાસ નથી કરતો, પણ જીવનનો અભ્યાસ કરે છે, મહાન કલાકારોની આદર્શ કૃતિઓનું ધ્યાન ધરે છે. પણ જ્યારે આખી પ્રજાના સૌથી પ્રતિભાશાળી લોકો કલાના ક્ષેત્રમાં ઊતરશે, અને કલાકૃતિઓના નમૂના વધતા જશે ને એ નમૂના લોકોને સહેલાઈથી જોવા મળી શકશે, ત્યારે ભાવિ કલાકારને શાળાનું શિક્ષણ ન મળવાથી નુકસાન નહીં થાય. સમાજમાં ફેલાયેલા સુંદર કલાના સંખ્યાબંધ નમૂનાઓ કલાકારને જે શિક્ષણ આપશે તેનાથી શાળાશિક્ષણની ખોટનો સોગણો બદલો મળી રહેશે.

ભાવિ કલા અને આજની કલા વચ્ચે એક ભેદ તો ઉપર બતાવ્યો તે હશે. બીજો ભેદ આ હશે: ભાવિ કલાના સર્જક કલાકારો ધંધાદારી નહીં હોય, એટલે કે પોતાની કલાનું પારિતોષિક લેનારા અને પોતાની કલા બહાર દુનિયા તરફ નજર સરખી ન કરનારા એવા નહીં હોય. ભાવિ કલાની નિર્મિતિમાં સમાજના સહુ માણસો ભાગ લઈ શકશે; અને જ્યારે જ્યારે તેમનું મન આ પ્રવૃત્તિ તરફ વળશે ત્યારે ત્યારે જ તેઓ એ કામ કરી લેશે.

આપણા સમાજમાં લોકો માને છે કે કલાકારને પોતાના ભરણ-પોષણની ચિંતા કરવી ન પડે તો તે સારું કામ કરી શકે. આ અભિપ્રાય વળી સાબિત કરે છે — જો હજુયે સાબિતીની જરૂર રહી હોય તો — કે આપણે જેને કલા ગણીએ છીએ તે કલા નથી પણ કલાનો આભાસ માત્ર છે. જોડા કે રોટી બનાવવામાં શ્રમવિભાગ બહુ લાભદાયક છે એ સાચું. મોચી કે ભઠિયારાને જો પોતાની રસોઈ રાંધવી ન પડતી હોય કે લાકડાં ફાડી લાવવાં ન પડતાં હોય તો તે વધારે જોડા કે રોટી બનાવી શકે ખરો. પણ કલા એ કંઈ

કારીગરી નથી. કલાકાર પોતે અનુભવેલી લાગણીઓ બીજામાં સંક્રાન્ત કરે તેનું નામ કલા. હવે માણસમાં લાગણી ત્યારે જ ઉદ્દભવે જ્યારે તે સ્વાભાવિક જીવન ગાળીને મનુષ્યમાત્ર અનુભવે છે એવી બધી સ્થિતિમાંથી પસાર થતો હોય. અને તેથી કલાકારોની બધી આર્થિક જરૂરિયાતો પૂરી પાડવી એ તેમની સર્જનશક્તિને માટે ઘાતક વસ્તુ છે. એમ કરવાથી, પોતાનું જીવન તથા અન્યનાં જીવન ટકાવવા અને પોષવા માટે કુદરત સાથે જે લડત માણસમાત્રને ચલાવવી પડે છે તેમાંથી તેઓ છટકી જાય છે; અને તેથી માણસમાત્રને સ્વાભાવિક એવી સૌથી મહત્ત્વની લાગણીઓ અનુભવવાનો સંભવ અને પ્રસંગ તેને પ્રાપ્ત થતા નથી. કલાકાર સામાન્યપણે આપણા સમાજમાં ભોગવે છે એવી સંપૂર્ણ સલામતી ને સુખચેનની સ્થિતિના જેવી કલાકારની સર્જનશક્તિનો ઘાત કરનારી બીજી એકે સ્થિતિ નથી.

ભવિષ્યનો કલાકાર અન્ય મનુષ્યોના જેવું સામાન્ય જીવન ગાળશે; કંઈક મજૂરી કરીને તે પોતાની આજીવિકા મેળવી લેશે. એના જીવનમાં જે ઊંચામાં ઊંચી આત્મશક્તિના ઝબકારા થતા હશે તેનાં ફળ તે વધારેમાં વધારે માણસોને આપવાનો પ્રયત્ન કરશે; કેમકે પોતાના હૃદયમાં ઊઠતી લાગણીઓ વધારેમાં વધારે માણસોમાં ફેલાવવામાં એનો આનંદ ને એની કૃતાર્થતા રહેલાં છે. કલાકાર, જેનો મુખ્ય આનંદ પોતાની કૃતિના બહોળામાં બહોળા પ્રચારમાં રહેલો છે, તે પોતાની કૃતિઓ અમુક કિંમત લીધા વિના કેમ નહીં આપતો હોય એ જ ભવિષ્યનો કલાકાર નહીં સમજી શકે.

કલાના મંદિરમાંથી જ્યાં લગી વેપારીઓને હાંકી કાઢવામાં નહીં આવે ત્યાં લગી કલાનું મંદિર એ મંદિર નહીં બને. ભાવિ કલા તેમને હાંકી કાઢ્યા વિના નહીં રહે.

અને તેથી ભાવિ કલાનું મેં કલ્પેલું સ્વરૂપ આજના સ્વરૂપ કરતાં સર્વથા ભિન્ન હશે. ભાવિ કલામાં લોભ, વિષાદ, અતિતૃપ્તિ

અને શૃંગારના તમામ પ્રકારો જેવી સ્વાર્થી લાગણીઓનું પ્રતિબિંબ નહીં હોય. કેમકે મનુષ્યમાત્રને માટે ફરજરૂપ એવા શ્રમમાંથી જેઓ બળજોરીથી છૂટી ગયા છે એવા જ લોકો ઉપલી લાગણીઓ સમજી શકે છે, ને તેમાં રસ લઈ શકે છે. જે માણસ મનુષ્યમાત્રના જેવું સાધારણ જીવન ગાળતો હોય તેણે અનુભવેલી અને આપણા જમાનાની ધર્મવૃત્તિમાંથી ઉદ્ભવેલી લાગણીઓનો, અથવા મનુષ્યમાત્રના હૃદયમાં ઉદ્ભવતી લાગણીઓનો, સમાવેશ ભાવિ કલામાં થશે.

ભાવિ કલામાં જેનો સમાવેશ થવાનો છે એવી લાગણીઓ આપણા વર્ગના માણસો સમજતા નથી, અથવા કહો કે સમજી શકતા નથી ને સમજવાના નથી. તેમને લાગે છે કે પોતે જેની પાછળ પડેલા છે એ સ્વાર્થી કલામાં જે સુંદર અંશો છે તેને મુકાબલે ઉપલી વસ્તુ સાવ નિર્માલ્ય છે. તેઓ માને છે, "પડોશીપ્રેમની ખ્રિસ્તી ભાવનાને વિષે અમે શી નવી વાત કહી શકીએ ? મનુષ્યમાત્રને સમાન એવી ભાવનાઓ અતિશય નજીવી ને એકસૂરી નથી ?" પણ ખરું જોતાં તો ખ્રિસ્તી — એટલે કે ધાર્મિક — ભાવનાઓ, અને સહુ સમજી શકે એવી ભાવનાઓ જ આપણા જમાનામાં નવી ગણાય એવી છે. આપણા જમાનાની ધર્મવૃત્તિમાંથી ઉદ્ભવતી ભાવનાઓમાં — ખ્રિસ્તી ભાવનાઓમાં — પાર વિનાની નવીનતા ને વિવિધતા રહેલી છે. આનો અર્થ, ઘણા માને છે તેમ, એવો નથી કે ઇસુ ખ્રિસ્તની અને બાઇબલની વાર્તાઓને કલામય રૂપ આપવું, અથવા તો એકતા, ભ્રાતૃભાવ, સમાનતા, સ્નેહ જેવાં ધાર્મિક તત્ત્વોને નવું રૂપ આપી તેની પુનરુક્તિ કરવી. એનો અર્થ તો એ છે કે જીવનની છેક જૂનામાં જૂની; સ્વાભાવિક થઈ પડેલી, અને પૂરેપૂરી પરિચિત થઈ પડેલી ઘટનાઓ તરફ માણસ ધાર્મિક દૃષ્ટિથી જોવા લાગે તે ક્ષણે જ સૌથી નવી, સૌથી અણધારી ને સૌથી હૃદયસ્પર્શી ભાવનાઓ હૃદયમાં જાગૃત કરવાની શક્તિ એ ઘટનાઓમાં છે.

પતિપત્નીનો સંબંધ, માબાપનો બાળકો જોડેનો સંબંધ, મનુષ્યનો પોતાના દેશભાઈઓ જોડેનો તથા પરદેશીઓ જોડેનો સંબંધ, તેમજ હુમલો, બચાવ, માલમિલકત, જમીન, જાનવરો જોડેનો સંબંધ — આના કરતાં જૂના સંબંધો કયા હોઈ શકે? છતાં માણસ આ સંબંધોનો ધાર્મિક દૃષ્ટિએ વિચાર કરવા માંડે કે તરત જ તેના હૃદયમાં અનંત વિવિધતાવાળી, તદ્દન નવી, સાવ અટપટી, ને સૌથી હૃદયસ્પર્શી ભાવનાઓ જાગૃત થાય છે.

એટલે, સાદામાં સાદી અને સહુ સમજી શકે એવી લાગણીઓ પ્રગટ કરનારી ભાવિ કલાનું ક્ષેત્ર સંકુચિત નથી થતું પણ વિસ્તૃત થાય છે. આપણી જૂની કલામાં એક અમુક સ્વાર્થી સ્થિતિના માણસો અનુભવી શકે એવી લાગણીઓ જ કલા દ્વારા પ્રગટ થવાને લાયક ગણાતી. અને એ પણ મોટા ભાગના માણસો ન સમજી શકે એવી અતિશય સંસ્કારી શૈલીમાં પ્રગટ કરવી પડતી. પણ પ્રજાનાં બાળકોની કલા — ટુચકા, કહેવતો, ઉખાણાં, ગીતો, નાચ, બાળકોની રમતો, રમૂજી અનુકરણો — નો આખો વિશાળ પ્રદેશ કલાનો વિષય થવાને નાલાયક ગણાતો.

ભવિષ્યનો કલાકાર સમજશે કે થોડાક પૈસાદાર લોકોને થોડોક વખત રીઝવે અને પછી હમેશને માટે ભુલાઈ જાય એવાં નવલકથા, ગીત કે ચિત્ર રચવા કરતાં લોકોના હૃદયને સ્પર્શી શકે એવી નાનકડી બાળવાર્તા કે ગીત રચવાં, અથવા લોકોને રમૂજ પડે એવાં કોયડા કે ઉખાણાં બનાવવાં, લોકો હસે એવી મજાક કરવી, અને માણસોની પેઢી દર પેઢીને, લાખો બાળકોને તેમજ મોટેરાંને, આનંદ આપે એવું ચિત્ર દોરવું, એ અનંતગણું મહત્ત્વનું ને ફળદાયી છે. માણસમાત્ર સમજી શકે એવી આ સાદી લાગણીઓવાળી કલાનો પ્રદેશ વિશાળ છે, છતાં લગભગ અસ્પૃષ્ટ રહ્યો છે.

આ રીતે ભાવિ કલાનું ક્ષેત્ર સંકુચિત નહીં થાય, એટલું જ નહીં પણ ઊલટું અનંતગણું સમૃદ્ધ થશે. એ જ પ્રમાણે ભાવિ કલાનું સ્વરૂપ આજના સ્વરૂપ કરતાં ઊતરતું નહીં થાય, પણ અનંતગણું ઊંચું

થશે. ઊંચું એટલે સંસ્કારી અને અટપટી શાસ્ત્રીયતાવાળું એ અર્થમાં નહીં; પણ જે લાગણી કલાકારે અનુભવી છે અને જે તે બીજાને જણાવવા ઇચ્છે છે તે લાગણી, સંક્ષેપ, સાદાઈ અને સ્પષ્ટતાથી તેમજ નકામા આડંબર વિના, વ્યક્ત કરવાની શક્તિ જેનામાં છે તે ઊંચું, એ અર્થમાં.

મને યાદ છે એકવાર એક પ્રખ્યાત ખગોળવેત્તા આકાશગંગાના તારાઓના રાસાયણિક પૃથક્કરણ (સ્પેક્ટ્રમ ઍનૅલિસિસ)* ઉપર ભાષણ આપતો હતો, તેને મેં કહ્યું: "તમારી પાસે આટલું જ્ઞાન છે ને ભાષણ કરવાની આટલી શક્તિ છે, ત્યારે તમે વિશ્વરચનાના વિષય પર, પૃથ્વીની સૌથી મહત્ત્વની ગતિઓ વિષે, જાહેર ભાષણ આપો તો કેવું સારું! આકાશગંગાના તારાના રાસાયણિક પૃથક્કરણ વિષેનાં તમારાં આ ભાષણો સાંભળનારમાં ઘણાં માણસો — ખાસ કરીને કેટલીક સ્ત્રીઓ — એવાં છે જેમને દિવસ અને રાત, શિયાળો અને ઉનાળો કેમ થાય છે એની પણ બરોબર ખબર નથી!" પેલો હોશિયાર ખગોળવેત્તા જરાક હસ્યો ને તેણે કહ્યું: "હા, એ સારું થાય ખરું, પણ એ બહુ અઘરું છે. આકાશગંગાના રાસાયણિક પૃથક્કરણ પર ભાષણ આપવું બહુ સહેલું છે."

આ વાત કલાને વિષે પણ સાચી છે. કિલયોપેટ્રાના જમાના વિષે છંદબદ્ધ કાવ્ય લખવું, અથવા નીરોને રોમ બાળતો ચીતરવો, અથવા બ્રૅહમ્સ અને રીચર્ડ સ્ટ્રૉસના જેવું એકાદ ગાયન બનાવવું, અથવા વૅગનરના ભાવનું ઑપેરાનું ગીત રચવું, એ સહેલું છે. પણ એક સાદી વાર્તા કશા નકામા આડંબર વિના, છતાં કહેનારનો ભાવ પૂરેપૂરો આવી જાય એવી રીતે કહેવી, અથવા જોનારના હૃદયને હલાવે ને તેને આનંદ આપે એવું ચિત્ર દોરવું, અથવા ભાવને પૂરો કરે ને સાંભળનારની જીભ પર ચોંટી જાય એવી સાદી, સ્પષ્ટ અર્થવાળી કવિતાની ચાર કડીઓ લખવી, એ એટલું સહેલું નથી.

* 'સ્પેક્ટ્રોસ્કોપ' વડે કરેલું રાસાયણિક પૃથક્કરણ.

આપણા જમાનાના કલાકારો કહે છે: "આપણી આટલી પ્રગતિ થયા પછી દુનિયાની શરૂઆતની સ્થિતિ પર પાછા જવું અશક્ય છે. હવે ન્યાયી યૂસફના જેવી અથવા ઓડીસી જેવી વાર્તાઓ લખવી, મીલોની વીનસના જેવી મૂર્તિઓ ઘડવી, અથવા રાષ્ટ્રગીતો જેવાં ગાયનો બનાવવાં અમારે માટે અશક્ય છે."

હા, આ વસ્તુ આપણા જમાનાના કલાકારો માટે જરૂર અશક્ય છે, પણ ભવિષ્યના કલાકારો માટે અશક્ય નથી. ભવિષ્યનો કલાકાર સાચી કલાનો અભાવ ઢાંકનાર શાસ્ત્રીય સંપૂર્ણતારૂપી ભ્રષ્ટતામાં સપડાશે નહીં. તે ધંધાદારી કલાકાર નહીં હોય, અને પોતાની કલાના વેચીને પૈસા નહીં કરતો હોય; તેથી જ્યારે અંદરથી ન રોકાય એવી ઊર્મિ આવશે ત્યારે જ તે કલાકૃતિ બનાવશે.

આજે જેને કલા ગણવામાં આવે છે તેના અને ભાવિ કલાના આંતર તેમજ બાહ્ય રૂપમાં આવો જમીન–આસમાનનો ફરક હશે. જે ભાવનાઓ મનુષ્યોને એકતા તરફ દોરતી હશે અથવા આજે એક કરતી હશે તેને જ ભાવિ કલાના અંતરંગમાં સ્થાન મળી શકશે; અને કલાનું બાહ્ય રૂપ સહુને સુલભ અને સમજાય એવું હશે. અને તેથી ભવિષ્યમાં સંપૂર્ણતાનો આદર્શ ભાવનાને થોડા જ માણસને સમજાય એવી સંકુચિત બનાવવાનો નહીં હોય, પણ તેને સાર્વભૌમ — સહુને સમજાય એવી વિશાળ—બનાવવાનો હશે; આજની જેમ કલાના બાહ્ય રૂપનાં વિસ્તાર, અસ્પષ્ટતા ને અટપટાપણું વધારવાનો નહીં હોય, પણ ઊલટું સંક્ષેપ, સ્પષ્ટતા અને શબ્દોની સાદાઈ વધારવાનો હશે. જ્યારે કલાનું આવું રૂપાંતર થશે ત્યારે જ તે આજની જેમ લોકોને રાજી રાખી અને ભ્રષ્ટ કરી તેમની સર્વોત્તમ શક્તિને પાયમાલ કરતી અટકશે, અને તેના ખરા કર્તવ્યનું પાલન કરતી થશે. કલા એ ધર્મવૃત્તિને તર્ક અને બુદ્ધિના પ્રદેશમાંથી ખસેડી ભાવનાના—હૃદયના—પ્રદેશમાં લઈ જવા માટેનું એક સાધન છે. ધર્મવૃત્તિ મનુષ્યોને જે સંપૂર્ણતા ને એકતાનો આદર્શ બતાવે છે તેની સમીપ મનુષ્યોને આ ભવે જ લઈ જવાં એ કલાનો ધર્મ છે.

૮

અહિંસા

'તારે હિંસા કરવી નહીં.'

'શિષ્ય એના ગુરુથી શ્રેષ્ઠ નથી: પણ પૂર્ણત્વ પામનારો દરેક જણ તેના ગુરુના જેવો બનશે.'

'કેમકે જેઓ તલવાર ઉપાડશે તેઓ તલવાર વડે નાશ પામશે.'

'તેથી માણસો તમારા પ્રત્યે જે રીતે વર્તે એમ તમે ઇચ્છો તેવી રીતે તમે તેમના પ્રત્યે વર્તો.'

—બાઈબલ

ચાર્લ્સ ૧લો, લુઈ ૧૬મો, અને મેકસીકોના મેકસીમીલિયનની જેમ રાજાઓને મુકદ્દમો ચલાવ્યા પછી દેહાંતદંડ કરવામાં આવે છે; અથવા તો પીટર ૩જો, પૉલ, અને અનેક સુલતાન, શાહ અને ખાન રાજદરબારનાં કાવતરાંમાં જીવ ગુમાવે છે; ત્યારે એ ઘટનાને વિષે ભાગ્યે જ કંઈ કહેવામાં આવે છે. પણ, ફ્રાન્સનો હેનરી ૪થો, રશિયાનો અલેકઝાંડર ૨જો, ઑસ્ટ્રિયાની મહારાણી, ઈરાનનો મરહૂમ શાહ, અને થોડા જ વખત પર હમ્બર્ટની પેઠે, જ્યારે તેમને મુકદ્દમા વિના ને રાજદરબારના કાવતરા વિના મારી નાખવામાં આવે છે ત્યારે એવાં ખૂનોને વિષે રાજામહારાજાઓ અને તેમના મળતિયાઓ

ભારેમાં ભારે આશ્ચર્ય ને રોષ પ્રગટ કરે છે — જાણે તેમણે પોતે તો કદી ખૂનોમાં ભાગ લીધો જ ન હોય, કે તેમાંથી લાભ મેળવ્યો જ ન હોય, કે તેને માટે ઉશ્કેરણી કરી જ ન હોય. પણ વસ્તુતઃ ખૂનથી મરેલા રાજાઓમાં જે નરમમાં નરમ હતા (જેવા કે બીજો અલેકઝાંડર અથવા હમબર્ટ) તેઓ, રણાંગણમાં મરનાર હજારો માણસોનાં ખૂનને માટે ઉશ્કેરણી કરનાર ને એ ખૂનોમાં મદદ દેનાર અને ભાગ લેનાર હતા; તેમના પોતાના દેશમાં જે લોકોને ફાંસી દેવાઈ હશે તે તો વધારામાં. અને જે રાજામહારાજાઓ એથી વધારે ક્રૂર અને ઘાતકી હશે તેમણે તો હજારો જ નહીં પણ લાખો ખૂનોના અપરાધ કરેલા છે.

'આંખના બદલામાં આંખ ફોડવાના ને દાંતના બદલામાં દાંત પાડવાના' નિયમનો ઈસુ ખ્રિસ્તના ઉપદેશમાં નિષેધ કરેલો છે; પણ જેઓ હમેશાં એ નિયમને વળગતા આવ્યા છે, ને હજુ પણ વળગે છે, અને જેઓ ભયાનક પ્રમાણમાં તેનો પ્રયોગ કરે છે — ને જેઓ આંખના બદલામાં આંખ ફોડવાથી જ સંતોષ માનતા નથી, પણ કશા ઘોંચપરોણા વિના લડાઈ જાહેર કરીને હજારોની કતલ થવા દેવાનું ફરમાન કાઢે છે — તેમને, જ્યારે એ જ નિયમ પોતાને લાગુ પાડવામાં આવે ત્યારે રોષ કરવાનો કશો હક નથી. વળી તેમની બાબતમાં તો એ નિયમનો પ્રયોગ એટલા નાના ને નજીવા પ્રમાણમાં થાય છે કે રાજામહારાજાઓના હુકમથી ને તેમની સંમતિથી મરતાં લાખ, કે કરોડ પણ, માણસદીઠ ભાગ્યે જ એક રાજા કે મહારાજાનો જીવ લેવામાં આવે છે. બીજા અલેકઝાંડર ને હમબર્ટ જેવાનાં ખૂનને વિષે રાજામહારાજાઓને રોષ ન ઊપજવો જોઈએ, પણ તેમને તો ઊલટું એમ આશ્ચર્ય થવું જોઈએ કે એવા માણસો માનવજાતિને ખૂનનું જે સતત અને સાર્વત્રિક દૃષ્ટાંત પૂરું પાડે છે તેની તુલનામાં આવાં ખૂનો આટલાં વિરલ હોય છે.

લોકસમૂહને એટલું ધારણ ચડેલું હોય છે કે તેઓ નજર સામે બનતી ચીજોનો અર્થ સમજી શકતા નથી. રાજામહારાજાઓ અને પ્રમુખો તેમનાં તાલીમ પામેલાં લશ્કરોને વિષે કેવી સતત કાળજી રાખે છે તે તેઓ જુએ છે; રાજ્યકર્તાઓ જે લશ્કરી દેખાવો, ક્વાયતો ને વ્યૂહરચનાઓ કરે છે, ને જેને વિષે એકબીજાની આગળ બડાશ હાંકે છે તે તેઓ જુએ છે; અને ટોળે વળેલા લોકો પોતાના જ ભાઈઓને, વિદૂષકો જેવાં ભભકદાર કપડાં પહેરીને, પડઘમ ને શરણાઈના અવાજ પ્રમાણે યંત્રોની પેઠે ચાલતા, અને એક માણસના પોકારે એક જ ક્ષણે એકસંગાથે એકસરખી હિલચાલ કરતા, જુએ છે; છતાં એ બધાનો અર્થ શો તે આ લોકો સમજી શકતા નથી. પણ આ ક્વાયતનો અર્થ બહુ સ્પષ્ટ ને સાદો છે: તે હિંસાની તૈયારી સિવાય બીજું કંઈ જ નથી.......

રાજહત્યા કરનારાઓ જુલમપીડિત પ્રજાનાં દુઃખોથી પેદા થયેલી રોષની અંગત લાગણીથી પ્રેરાઈને, અને એ દુઃખો ઉપજાવનાર અલેકઝાંડર કે કાર્નો કે હમબર્ટ છે એમ માનીને, ખૂન કરતા હોય, અથવા તેઓ વેરની અંગત લાગણીથી પ્રેરાઈને વર્તતા હોય તો, તેમનું વર્તન ગમે તેટલું અનીતિમય હોય તોયે, કંઈ નહીં તો સમજી તો શકાય. પણ માણસોનું એક મંડળ (જેમને અરાજકતાવાદી કહેવામાં આવે છે), જેણે બ્રેસકીને ખૂન કરવા મોકલ્યો હતો, અને જેમનો ડોળો હવે બીજા એક મહારાજા પર છે, તેઓ લોકોની હત્યા કરવા સિવાય માણસજાતની સ્થિતિ સુધારવાનું કંઈ સારું સાધન યોજી શકતા નથી, એમ કેમ બને છે? પેલી પુરાણકથામાંનો રાક્ષસ, જેનું ડોકું જેટલીવાર ઉડાવી દેવામાં આવતું તેટલીવાર નવું ડોકું પેદા થતું, તેના શિરચ્છેદથી જેમ કશો અર્થ સરતો નહીં, તેમ આવા રાજાઓની હત્યા કરવાથી કશો લાભ થતો નથી. રાજામહારાજાઓએ પોતાને માટે બંદૂકના જેવી પ્રથા ઘણા લાંબા વખત પર ગોઠવ

રાખેલી છે: એક ગોળી છૂટે કે બીજી તેની જગા તરત જ લે છે. ‘રાજાજી મૃત્યુ પામ્યા છે, રાજાજી ઘણું જીવો!’ એટલે એમને માર્યાથી શો ફાયદો?

આ માણસોને મારવાથી રાષ્ટ્રો જુલમમાંથી અને માનવી જીવનનો સંહાર કરનારાં યુદ્ધોમાંથી બચી શકશે, એમ અતિશય છીછરો વિચાર કરનાર જ માની શકે.

આપણે એટલું જ યાદ રાખવાનું છે કે રાજ્યના શ્રેષ્ઠાધિકારીને પદે ગમે તેવા માણસો—નિકોલસ કે અલેક્ઝાંડર, ફ્રેડરિક કે વિલહેલ્મ, નૅપોલિયન કે લુઈ, પામરસ્ટન કે ગ્લૅડસ્ટન, મૅકીનલી કે બીજો કોઈ—હતા ત્યારે પણ આવા જુલમો ને આવી લડાઈઓ ચાલતાં. અને આટલું યાદ રાખીએ તો આપણે સમજી શકીએ કે રાષ્ટ્રો જે જુલમો ને લડાઈઓનાં ભોગ થઈ પડે છે તે કોઈ ખાસ વ્યક્તિએ ઉપજાવેલાં નથી હોતાં. રાષ્ટ્રોની આપદા અમુક માણસોએ પેદા કરેલી નથી હોતી, પણ આપણા જમાનાની સમાજવ્યવસ્થાએ પેદા કરેલી હોય છે. એ સમાજવ્યવસ્થામાં લોકો એવા ગંઠાઈ ગયેલા હોય છે કે તેમના પર ખોબા જેટલા માણસોની શિરજોરી, કે ઘણીવાર તો કોઈ એકાદ માણસની શિરજોરી, ચાલે છે; અને કરોડો માણસનાં ભાવિ અને જીવનના સ્વામી તરીકેની તેની અસ્વાભાવિક સ્થિતિથી એ માણસનું મન એવું વિકૃત થઈ ગયેલું હોય છે કે તે હંમેશાં રોગીના જેવી દશામાં હોય છે, તે હમેશાં ઓછેવત્તે અંશે આપવડાઈની ઘેલછાથી ઘેરાયેલો હોય છે, અને તેની અસાધારણ પરિસ્થિતિ જ તેની એ ઘેલછા લોકોની નજરે પડતી અટકાવે છે.

આવા માણસોના છેક બચપણથી માંડીને અંતકાળ લગી તેમની આસપાસ અઢળક ભોગવિલાસની સામગ્રીઓ ખડકાયેલી હોય છે, અને તેમની આજુબાજુ બધે જૂઠ અને ખુશામતનું વાતાવરણ

જામેલું હોય છે. તે ઉપરાંત, તેમનું આખું શિક્ષણ ને તેમના સર્વ વ્યવસાયો એક જ ઉદ્દેશને કેન્દ્રમાં રાખીને ચાલે છે. એ ઉદ્દેશ તે એ કે ભૂતકાળની હત્યાઓ, હત્યા કરવાની આજના જમાનાની સારામાં સારી રીતો, અને ભાવિ હત્યાઓ માટેની સારામાં સારી તૈયારીઓનો અભ્યાસ કરવો. છેક બચપણથી તેઓ હત્યાના સર્વ પ્રકારોને વિષે માહિતી મેળવે છે. તેઓ હમેશાં પોતાની સાથે હત્યાનાં સાધન — જેવાં કે તલવાર યા ખંજર — ફેરવે છે; તેઓ જાતજાતના લશ્કરી પોશાકો પહેરે છે; તેઓ કવાયતો, લશ્કરી દેખાવો અને વ્યૂહરચનાઓમાં હાજરી આપે છે; તેઓ એકબીજાની મુલાકાતે જાય છે, એકબીજાને ખિતાબો આપે છે, ને એકબીજાને પલટણોના નાયક બનાવે છે;—અને તેઓ શું કરી રહ્યા છે તે કોઈ તેમને સાફ શબ્દોમાં કહેતું નથી, કે એમ પણ નથી કહેતું કે હત્યાને માટે તૈયારી કરવામાં રોકાવું એ ઘૃણા ઉપજાવનારું ને અનીતિમય છે; તેઓ તો ઊલટા ચોમેરથી તેમની આ બધી પ્રવૃત્તિને વિષે સ્તુતિ ને સંમતિનાં વચનો જ સાંભળે છે. તેઓ જ્યારે જ્યારે બહાર જાય છે ત્યારે ત્યારે, અને દરેક કવાયત અને લશ્કરી દેખાવો વખતે, લોકોનાં ટોળેટોળાં ઉત્સાહથી તેમનું સ્વાગત કરવા ભેગાં થાય છે; અને તેમને એમ ભાસે છે કે જાણે આખું રાષ્ટ્ર તેમના વર્તનમાં સંમતિનો સૂર પૂરે છે. જે કેટલાંક છાપાં તેમના લગી પહોંચવા દેવામાં આવે છે, અને જે તેમને આખી પ્રજાની — અથવા ઓછું, તેના ઉત્તમ પ્રતિનિધિઓની—લાગણી વ્યક્ત કરતાં જણાય છે, તે છાપાં તેમના પ્રત્યેક વચન અને કાર્યનાં અતિશય કાકલૂદીથી વખાણ કરે છે; પછી ભલેને એ વચન અને કાર્યમાં ગમે તેટલી બેવકૂફી કે દુષ્ટતા કાં ન હોય. તેમની આસપાસના લોકો, પુરુષો તેમજ સ્ત્રીઓ, પાદરીઓ તેમજ સંસારીઓ — માનવી ગૌરવની જેમને મન કિંમત નથી એવાં સહુ માણસો — માર્મિક ખુશામતમાં એકબીજાની સ્પર્ધા કરતાં હોઈ, એકેએક વાતમાં તેમની આગળ હા જી હા કરે છે, દરેક વાતમાં

તેમને છેતરે છે, અને જિંદગી ખરેખર જેવી છે તેવી જોવાનું તેમને માટે અશક્ય કરી મૂકે છે. એવા રાજ્યકર્તાઓ સો વરસ જીવે તોયે તેમને કદી એક પણ સ્વતંત્ર ખવાસનો માણસ જોવા ન મળે કે સત્ય બોલાતું સાંભળવા ન મળે. આ માણસોનાં વચનો ને કાર્યો વિષે સાંભળતાં આપણને ઘણીવાર કંપારી છૂટે છે; પણ એમની સ્થિતિનો જો વિચાર કરી જોઈએ તો આપણને જરૂર સમજાય કે એમની સ્થિતિમાં રહેતો કોઈ પણ માણસ એમની પેઠે જ વર્તે. કોઈ સમજુ માણસ એમની જગાએ આવી પડે તો તે સમજુપણાનું એક જ કામ કરી શકે, અને તે એ કે એવી સ્થિતિમાંથી નીકળી જવું. એ સ્થિતિમાં રહેનાર કોઈ પણ માણસ એમની પેઠે જ વર્તે.

જર્મનીના વિલહેલ્મ જેવા સંકુચિત મનના, કુશિક્ષણ પામેલા, ગર્વિષ્ઠ, ને જર્મન સામ્રાજ્યવાદના આદર્શવાળો માણસ ગમે તેટલી બેવકૂફીની જે વાત કહે તેને માણસો હા જી હા કરીને વધાવી લેતા હોય, અને આખા જગતનાં છાપાં તેને કંઈક અતિશય અગત્યનું ગણી તેના પર વિવેચન કરતાં હોય ત્યારે તેના મગજમાં શું ચાલી રહેતું હશે! 'મારું ફરમાન નીકળતાંવેંત સૈનિકોએ તેમના બાપની પણ હત્યા કરવાને તૈયાર રહેવું જોઈએ,' એમ તે કહે છે ત્યારે લોકો પોકારી ઊઠે છે, 'વાહ વાહ!' તે કહે છે કે બાઇબલનો પ્રચાર બળજબરી ને મારપીટ વડે થવો જોઈએ, ત્યારે લોકો કહે છે, 'હા જી હા, જરૂર.' ચીનની લડાઈમાં કોઈને કેદ પકડવા નહીં પણ સહુને રેંસી નાખવા એમ તે કહે છે ત્યારે તેને કોઈ પાગલખાનામાં નથી મોકલતું, પણ લોકો પોકારે છે, 'હુર્રે', અને તેનાં ફરમાનોનો અમલ કરવા ચીન તરફ વહાણો હંકારી મૂકે છે. અથવા બીજો નિકોલસ (જે સ્વભાવે નમ્ર છે) તેના અમલનો આરંભ કરતાં, સ્વદેશના રાજ્યકારભારની ચર્ચા થવા દેવી જોઈએ એવી ઇચ્છા પ્રગટ કરનારા આદરણીય વૃદ્ધોને સુણાવી દે છે કે સ્વરાજના એવા

ખ્યાલો 'મૂર્ખાઈવાળાં સ્વપ્નાં' છે; અને જે વર્તમાનપત્રકારોને તે મુલાકાત આપે છે ને જે લોકોને મળે છે તેઓ આ વચન માટે તેની સ્તુતિ કરે છે. તે લશ્કરમાં વધારો કરવાનું ફરમાન કાઢે છે; ને તે જ વખતે વિશ્વશાંતિની એક બાલિશ, મૂર્ખતાભરી, ને દંભવાળી યોજના પ્રસિદ્ધ કરે છે; — અને તેનાં ડહાપણ ને સદ્‌ગુણ માટે તેનાં પાર વિનાનાં વખાણ કરવામાં આવે છે. કશી જરૂર વિના તે મૂર્ખાઈથી ને નિર્દયપણે એક આખા રાષ્ટ્રનું — ફીનીશ પ્રજાનું — અપમાન કરી તેના પર જુલમ કરે છે; અને ત્યારે પણ તે સ્તુતિ સિવાય બીજું કશું સાંભળતો નથી. છેવટે તે ચીનમાં હત્યાકાંડ ગોઠવે છે — તેમાં ઘોર અન્યાય, ક્રૂરતા, અને તેની શાંતિની યોજનાઓ જોડે વિસંવાદ રહેલા હોય છે — તોપણ ચોમેરથી લોકો, વિજેતા તરીકે તેમજ પિતાની શાંતિની નીતિ ચાલુ રાખનાર તરીકે, તેની વાહવા બોલે છે.

•

આ માણસોનાં મગજમાં ને હૃદયમાં ખરેખર શું ચાલતું હોવું જોઈએ !

એટલે આ પાપને માટે ખરેખરા મોટામાં મોટા અપરાધી તે આ અલેકઝાંડરો અને હમબર્ટો, અથવા તો વિલહેલ્મો, નિકોલસો ને ચેંબરલેનો* નથી — જોકે તેઓ પ્રજાઓ પરના આ જુલમો અને આ યુદ્ધોને માટે ફરમાનો કાઢે છે ખરા. ખરા અપરાધી તો આ માણસોને બીજા માનવબંધુઓના જીવનસ્વામીની સ્થિતિમાં મૂકનાર અને ટકાવી રાખનાર લોકો છે. અને તેથી આ અલેકઝાંડરો, નિકોલસો, વિલહેલ્મો અને હમબર્ટોને મારવાથી કામ સરવાનું નથી; ખરી જરૂર તો તેઓ જે સમાજવ્યવસ્થામાંથી નીપજવા પામે છે

* રશિયામાં તેમજ આખા યુરોપમાં જોસફ ચેંબરલેનને બોઅર-યુદ્ધને સારુ જવાબદાર ગણવામાં આવતો હતો.

તે વ્યવસ્થાને ટેકો આપવો બંધ કરવાનું છે. અત્યારની સમાજ-વ્યવસ્થા નજીવા અર્થલાભને ખાતર પોતાનાં સ્વાતંત્ર્ય ને માનઆબરૂ વેચનાર લોકોના સ્વાર્થીપણા અને ઘેનને લીધે જ ટકી રહેલી છે.

જે લોકો — કેટલેક અંશે દેશપ્રેમની ને ખોટી રીતે ધાર્મિક મનાતી કેળવણીને લીધે, ને કેટલેક અંશે અંગત લાભોને ખાતર — સીડીને છેક નીચલે પગથિયે ઊભેલા છે તેઓ, તેમની ઉપરના ભાગમાં ઊભેલા ને તેમને અર્થલાભની લાલચ આપનારા લોકોના હુકમથી, પોતાની સ્વતંત્રતા ને મનુષ્ય તરીકેના ગૌરવની ભાવના જતી કરે છે. તેવી જ રીતે, જેઓ સીડીને કંઈક ઉપલે પગથિયે છે તેઓ — ઘેનને પરિણામે નહીં, પણ મુખ્યત્વે લાભ મેળવવાને ખાતર — પોતાની સ્વતંત્રતા ને માનવી ગૌરવની ભાવના જતી કરે છે. અને એની એ જ વસ્તુ એથી પણ ઊંચે ઊભેલા લોકોને વિષે, અને એમ કરતાં કરતાં ઊંચામાં ઊંચે પગથિયે ઊભેલા લોકોને વિષે પણ, બને છે. જે માણસો કે માણસ, સામાજિક શંકુની છેક ઉપલી ટોચે ઊભેલા હોઈ જેમને કશું વધારે પ્રાપ્ત કરવાનું બાકી રહેલું નથી, જેમને માટે સત્તાપ્રેમ અને ગુમાન એ જ પ્રેરક કારણો છે, અને અન્ય માનવીઓને જિવાડવા મારવાની તેમના હાથમાં રહેલી સત્તાથી તથા તેને લીધે નીપજતી આસપાસના માણસોની કાકલૂદી અને ખુશામતને લીધે સામાન્યપણે તેમની બુદ્ધિને એટલો બધો વિકાર ને કેફ ચડેલો હોય છે કે તેઓ, બૂરાં કામ કરવાનું બંધ કર્યા વિના, ખાતરીથી માની લે છે કે તેઓ માનવજાતિના હિતકર્તા છે.

જે લોકો આર્થિક લાભને ખાતર પોતાના મનુષ્ય તરીકેના ગૌરવનો ભોગ આપે છે તેઓ જ આ માણસોને ઉત્પન્ન કરે છે. આ માણસોથી તો તેઓ વર્તે છે એથી જુદી રીતે વર્તી શકાય એમ હોતું જ નથી, અને તેમનાં બેવકૂફી ને દુષ્ટતાનાં કામોને માટે

તેમના પ્રત્યે ક્રોધ કરવો નકામો છે. એવા માણસોને મારવા એ પોતે જ લાડ લડાવીને બગાડેલાં બાળકોને ફટકા મારવા જેવું છે.

પ્રજાઓ પર જુલમ ગુજરે નહીં, આ નકામાં યુદ્ધો થવા પામે નહીં, અને જેઓ આ દુઃખો ઉપજાવતા દેખાય છે તેમના પ્રત્યે માણસો રોષ કરે નહીં ને તેમનો જીવ લે નહીં, તેને માટે એક બહુ જ નાની વસ્તુ કરવી આવશ્યક ભાસે છે. એ આવશ્યક વસ્તુ તે આ છે: માણસોએ વસ્તુસ્થિતિનું ખરું સ્વરૂપ સમજવું જોઈએ, ને તેને ખરે નામે ઓળખવી જોઈએ......

તેથી અલેકઝાંડર, કાર્નો, હમ્બર્ટ અને એમના જેવા બીજા માણસોનાં ખૂન ન કરવાં જોઈએ, પણ તેમને સમજાવવું જોઈએ કે તેઓ પોતે જ ખૂનીઓ છે; અને એ બધા ઉપરાંત તેમને લોકોના જીવ ન લેવા દેવા જોઈએ: માણસોએ એમના હુકમથી હત્યા કરવાની ના પાડવી જોઈએ.

લોકો હજુ એ રીતે વર્તતા ન હોય તો તેનું કારણ માત્ર એટલું જ છે કે સરકારો, પોતાની હસ્તી ટકાવી રખાવવા માટે, લોકો પર પોતાની સંમોહનશક્તિનો પ્રયોગ પ્રયત્નપૂર્વક કરતી રહે છે. અને તેથી, આપણે લોકો ને રાજાઓની યા માંહોમાંહે એકબીજાની હત્યા કરતા રોકવા હોય તો તેને માટે આપણે તેમની હત્યા ન કરવી જોઈએ — કેમકે એવી હત્યાથી તો એમને ચડેલા ઘારણમાં વધારો જ થાય છે[1]— પણ તેમની સંમોહનની સ્થિતિમાંથી તેમને ચડેલા ઘારણમાંથી તેમને જગાડવા જોઈએ.

અને મારા આ લેખથી મેં તેમ કરવાનો પ્રયાસ કર્યો છે.

(ઑગસ્ટ ૧૯૦૦)

૯

ચૂપ નહીં રહેવાય

"સાત જણને ફાંસીની સજા : બેને પીટર્સબર્ગમાં, એકને મોસ્કોમાં, બેને પેનઝામાં, અને બેને રીગામાં. ચાર જણને ફાંસી દેવાઈ: બેને ખેરસોનમાં, એકને વિલનામાં, એકને ઓડેસામાં."

આ હકીકત દરેક છાપામાં રોજ ફરીફરીને આવે છે; અને અઠવાડિયાં સુધી નહીં, મહિનાઓ સુધી નહીં, એક વરસ સુધી નહીં, પણ વરસો સુધી ચાલુ રહે છે. અને આ વસ્તુ રશિયામાં બને છે — જે રશિયામાં લોકો દરેક ગુનેગારને દયાપાત્ર માણસ ગણે છે, અને જ્યાં હજુ છેક હમણાં સુધી દેહાંતદંડને કાયદાની માન્યતા ન હતી! મને યાદ છે કે એની વાત પશ્ચિમ યુરોપના માણસો આગળ કરતાં હું કેટલો ફૂલાતો. પણ બે — ને હવે ત્રણ — વરસથી આપણે ત્યાં ફાંસી, ફાંસી, ફાંસી, અવિરતપણે દેવાતી ચાલી છે!

હું આજનું છાપું હાથમાં લઉં છું.

આજે, ૯મી મેએ, છાપાની એક કંડિકામાં આટલા જ શબ્દો છે: "બાર ખેડૂતોએ એલીઝાબેથગ્રાડ જિલ્લામાં એક જમીનદારની વાડી પર, લૂંટ કરવાના ઇરાદાથી, હુમલો કરેલો તેને માટે તેમને આજે ખેરસોનમાં સ્ટ્રેલબીટ્સ્કી મેદાન પર ફાંસી દેવામાં આવી."

જે માણસોની મહેનતથી આપણે જીવીએ છીએ, જે માણસોને આપણે આપણા હાથમાંનું એકેએક સાધન — દારૂના ઝેરથી માંડીને

આપણે જે ધર્મને પોતે માનતા નથી પણ જે તેમના પર બળજબરીથી ઠોકી બેસાડીએ છીએ તે ધર્મના ભીષણ અસત્ય લગીનું — વાપરીને ભ્રષ્ટ બનાવ્યા છે ને હજુ પણ બનાવીએ છીએ, તે માણસોમાંના બારને દોરડાં વડે ગૂંગળાવીને મારવામાં આવ્યા. અને તે કોણે માર્યા? એ માણસો જે લોકોને અન્ન, વસ્ત્ર ને ઘર પૂરાં પાડતા હતા, અને જે લોકોએ તેમને ભ્રષ્ટ બનાવેલા ને હજુ પણ બનાવે છે તેમણે. જેમની દયા, મહેનત અને સાદાઈ પર જ આખા રશિયન સમાજના જીવનનો આધાર છે તેમાંથી બાર પતિ, પિતા ને પુત્રોને પકડીને કેદમાં નાખવામાં આવે છે ને તેમને બેડીઓ પહેરાવવામાં આવે છે. પછી તેમના હાથ પીઠ પાછળ બાંધવામાં આવે છે — રખેને તેઓ ફાંસીના દોરડાને પકડી લે — અને તેમને ફાંસી આગળ લઈ જવામાં આવે છે. જેમને ફાંસી દેવામાં આવનાર છે તેમના જેવા જ, પણ શસ્ત્રસજ્જ થયેલા, સ્વચ્છ સોલજરી પોશાક ને પગે સરસ બૂટ પહેરેલા, અને હાથમાં બંદૂકવાળા માણસો પેલા સજા પામેલા માણસોની જોડે ચાલે છે. તેમની બાજુમાં એક લાંબા વાળવાળો માણસ ચાલે છે. તેણે સોનેરી કે રૂપેરી કપડાંના ઝભ્ભા પહેર્યા છે, અને હાથમાં ક્રૉસ લીધો છે. આ સરઘસ થોભે છે. આ આખા કામની વ્યવસ્થા જેના હાથમાં છે તે અમલદાર કંઈક બોલે છે; મંત્રી એક કાગળ વાંચે છે; અને કાગળ વંચાઈ રહે છે એટલે પેલો લાંબા વાળવાળો માણસ, જેમને બીજાઓ દોરડાં વડે ગૂંગળાવી મારવાના છે તેમને ઉદ્દેશીને, ઈશ્વર અને ઈસુ ખ્રિસ્ત વિષે કંઈક કહે છે. એ શબ્દો બોલાઈ રહે કે તરત જ ફાંસીખોરો (જે અનેક હોય છે, કેમકે આ અટપટું કામ એકાદ માણસથી ઊકલત નહીં) જરાક સાબુ ઓગાળે છે, અને દોરડાંના ફાંસાને સાબુ લગાડે છે જેથી તેની ગાંઠ વધારે સખત વળે. પછી તેઓ પેલા બાંધેલા માણસોને પકડે છે, તેમને મોઢે માથે ચાદરો ઓઢાડે છે, તેમને ફાંસી આગળ લઈ જાય છે, અને સારી રીતે સાબુ લગાડેલા ફાંસા તેમનાં ગળાંની આસપાસ સેરવે છે.

અને પછી, એક પછી એક, જીવતા માણુસોને બાંકડા પરથી હડસેલી મૂકવામાં આવે છે, બાંકડા તેમના પગ નીચેથી ખેંચી લેવામાં આવે છે, અને તેમનાં શરીરના જ વજનથી એકાએક તેમનાં ગળાંની આસપાસના ફાંસા તંગ થાય છે, ને તેઓ દુ:ખદ રીતે ગૂંગળાઈ જાય છે. જે માણુસો ક્ષણુવાર પર જીવતા હતા તેઓ મડદાં બનીને દોરડાં પરથી લટકે છે, પહેલાં ધીરેધીરે ઝૂલે છે, ને પછી નિશ્ચેષ્ટ બની થંભી જાય છે.

આ બધું ઉપલા વર્ગના સુશિક્ષિત ને જ્ઞાની લોકોએ કાળજી-પૂર્વક યોજી ને ગોઠવી રાખેલું હોય છે. તેઓ આ કામ પરોઢિયે ગુપ્ત રીતે કરવાની ગોઠવણુ કરે છે, જેથી કોઈ તે થતું જોઈ ન જાય; અને તેઓ આ અન્યાયી કામની જવાબદારી તે કામ કરનાર એટલા બધા માણુસોમાં વહેંચી નાખે છે કે તેમાંનો દરેક જણુ માને અને કહે કે 'એને માટે હું જવાબદાર નથી.' તેઓ સૌથી પતિત ને અભાગી માણુસોને શોધી કાઢવાની પેરવી કરે છે; અને, પોતે યોજેલું ને મંજૂર કરેલું આ કામ તેમની પાસે પરાણે કરાવતા છતાં, તેઓ એ કામ કરનાર પ્રત્યે ઘૃણા ધરાવતા હોય એવો ડોળ કરે છે. તેઓ આવી ચાલાકી પણુ કરે છે : સજા ફરમાવે છે લશ્કરી અદાલત, પણુ ફાંસી દેવાતી વખતે હાજર રહેવાનું લશ્કરી લોકોને નહીં પણુ મુલકી અધિકારીઓને હોય છે. અને આ કામ એવા અભાગી, ભર-માયેલા, અવળચંડા ને તિરસ્કૃત માણુસોને હાથે થાય છે જેમને નછૂટકે, લાચારીથી, દોરડાંને સારી રીતે સાબુ લગાડવો પડે છે જેથી તેનો ફાંસો ગળે ચપસીને બેસી જાય; અને પછી તેમને આ જ સુરક્ષિત ઉપલા વર્ગના માણુસોએ વેચવા રાખેલું હળાહળ ઝેર ખરીદીને સારી પેઠે ઢીંચવું પડે છે, જેથી પોતાના આત્મા અને પોતાનું મનુષ્ય તરીકેનું ગૌરવ વધારે જલદી ને સંપૂર્ણુપણે ભૂલી જવાય. એક ડાક્ટર મડદાં આગળ ફરી વળે છે, તેમને તપાસી જુએ છે, અને અમલદારોને

ખબર આપે છે કે કામ બરાબર થયું છે — બારેય જણા ખરેખાત મરી ગયા છે. અને, એક દુઃખદ છતાં અનિવાર્ય કામ પાર પડ્યું એવા ભાન સાથે, અમલદારો પોતાનાં રોજિંદાં કામ કરવા નીકળી પડે છે. પેલાં મડદાં હવે ટાઢાં પડી ગયાં હોઈ, તેમને નીચે ઉતારી દફનાવવામાં આવે છે.

આ વસ્તુ ભયાનક છે!

અને આ કામ એક જ વાર — અને માત્ર રશિયન પ્રજાના શ્રેષ્ઠ વર્ગમાંના આ બાર અભાગી, આડે રસ્તે ચડેલા, માણસોને વિષે જ — નથી થતું; તે અવિરતપણે વરસો સુધી, એવા સેંકડો ને હજારો આડે રસ્તે ચડેલા માણસોને વિષે બને છે. અને એમને આડે રસ્તે ચડાવનાર લોકો જ તેમની આ ભયાનક દુર્દશા કરે છે.

વળી એમની આટલી ભયાનક દુર્દશા જ કરવામાં આવે છે એવું નથી. કેદખાનાંમાં, કિલ્લાઓમાં, અને ગુનેગારોની વસાહતોમાં તેમનાં શરીર પર બીજા સર્વ પ્રકારના ત્રાસ ગુજારવામાં આવે છે; તેને માટે પણ એ જ કારણ આગળ ધરવામાં આવે છે, ને એ કામ એટલા જ ઠંડા પેટના ઘાતકીપણાથી કરવામાં આવે છે.

આ કામ ભયાનક છે, પણ સૌથી ભયાનક વસ્તુ તો એ છે કે એ કામ — મારામારીમાં, યુદ્ધમાં, કે ચોરી યા ખાતરમાં બને છે તેમ — બુદ્ધિને બહેરી કરી નાખનારી લાગણીઓના આવેશમાં કરેલું નથી હોતું; પણ ઊલટું લાગણીને બહેરી કરી નાખનાર બુદ્ધિ ને ગણતરીના કહેવાથી થયેલું હોય છે. એને લીધે જ આ કામો આટલાં વિશેષ ભયાનક બને છે. ભયાનક એટલા માટે કે આ કામો — જે કરનારા, ન્યાયાધીશથી ફાંસીખોરા સુધીના, માણસો તે કરવા રાજી નથી હોતા — બીજા કશા કરતાં વધારે તાદૃશ રીતે પુરવાર કરે છે કે જાલિમપણું — માણસની માણસ ઉપરની સત્તા — માનવી આત્માને કેટલી હાનિકર્તા નીવડે છે.

એક માણસ બીજાની પાસેથી તેની મહેનત, તેના પૈસા, તેની ગાય, તેનો ઘોડો, તેનો છોકરો કે તેની છોકરી સુદ્ધાં પડાવી લઈ શકે છે, એ વસ્તુ જુગુપ્સા ઉપજાવનારી છે. પણ એથી અનેકગણી વધારે જુગુપ્સા ઉપજાવનાર વસ્તુ તો એ છે કે એક માણસ બીજાની પાસે તેના આત્માનો હ્રાસ કરનારું ને તેને આત્માના કલ્યાણથી વંચિત રાખનારું કામ કરાવી શકે છે ને એમ કરીને તેનો આત્મા હરી લઈ શકે છે. આ માણસો, જેઓ ફાંસીઓની યોજના કરે છે, અને લાંચરુશવત, ધમકી અને છેતરપિંડી વડે — ન્યાયાધીશથી ફાંસોખોરા સુધીના — માણસો પાસે આવાં કામો કરાવે છે, તેઓ ઉપર જણાવ્યું તેવું જ વર્તન કરે છે. અને એ કામો તે, ભલે પરાણે ને અનિચ્છાએ પણ, કરનારનું સાચું કલ્યાણ હરી લે છે — પછી ભલેને તે કામો માનવજાતિના હિતને નામે કરવામાં આવ્યાં હોય.

આ વસ્તુ આખા રશિયામાં વરસોથી ચાલી રહી છે તે છતાં મુખ્ય ગુનેગારો — જેમના હુકમથી આ ચીજો કરવામાં આવે છે, ને જેઓ તે અટકાવી શકત — તેઓના મનમાં તો એવી પાકી ખાતરી હોય છે કે આવાં કામો ઉપયોગી જ નહીં પણ અનિવાર્ય હોય છે; અને તેઓ ભાષણો લખે છે, અને ફિનલેંડના લોકોને તેઓ પોતે ચાહે છે એવી ઢબે નહીં પણ અમુક રશિયન અડેખાંઓ ચાહે છે એવી ઢબે રહેવાની ફરજ પાડવા સારુ યોજનાઓ ઘડે છે; અથવા તો એવી મતલબના હુકમો બહાર પાડે છે કે "હુસાર પલટણોમાં માણસોનાં જાકીટોનાં 'કફ' અને 'કૉલર' જાકીટના જેવા જ રંગના હોવા જોઈએ, અને જેઓને અમલદારના જેવાં જાકીટ પહેરવાનો અધિકાર હોય તેમણે રુવાંટીના ઉપરના ભાગમાં કફની આસપાસ ઝૂલ ન રાખવી જોઈએ."

× × ×

આ આખા વિષયમાં સૌથી ભયાનક વસ્તુ તે આ છે: આ જે બધી અમાનુષી હિંસા અને હત્યા થાય છે, અને તે ઉપરાંત આ વસ્તુના ભોગ થનાર માણસો ને તેમનાં કુટુંબોને માથે જે દુઃખો વીતે છે તેને લીધે એથી વધારે ભીષણ બૂરાઈ આખી પ્રજાને માથે આવી પડે છે, કેમકે આ વસ્તુ રશિયન પ્રજાના દરેક વર્ગમાં — જેમ સૂકા ઘાસમાં અગ્નિ ફેલાય તેમ — અધમતા ફેલાવે છે. આ અધમતા સાદા શ્રમજીવી વર્ગમાં વિશેષ વેગથી વધતી જાય છે, કેમકે આ બધા અન્યાયો — ચોર, ડાકુ, ને તમામ વિપ્લવવાદીઓ જે કંઈ કરે છે કે તેમણે કર્યું હશે તેના સરવાળાના સોગણા કરતાં પણ બૂરા છે — એવી રીતે કરવામાં આવે છે જાણે એ કંઈક આવશ્યક, સારી ને અનિવાર્ય વસ્તુ ન હોય; અને જે જુદી જુદી સંસ્થાઓને માણસો ન્યાયના જ નહીં પણ ધર્મના પણ સ્તંભો તરીકે માનતા આવ્યા છે તે — એટલે કે રાજસભા, ધર્મસભા, આમસભા, ચર્ચ (ધર્મસંઘ), અને ઝાર — એ સહુ આ અન્યાયોને ક્ષમ્ય ગણે છે, એટલું જ નહીં પણ એને ટેકો આપે છે.

એટલે સ્વભાવની આ અધમતા ઘણી જ ઝડપથી ફેલાઈ રહી છે.

થોડા વખત પર આખા રશિયામાં બે ફાંસીખોર મળી શકતા નહોતા. ૧૮૮૦ પછીના દસકામાં એક જ ફાંસીખોર હતો. મને યાદ છે વ્લાડીમીર સોલોવિયેવે તે વેળા કેટલા આનંદથી મને કહેલું કે આખા રશિયામાં બીજો ફાંસીખોર મળી શક્યો નહોતો તેથી પેલા એકને જ ઠેકઠેકાણે લઈ જવામાં આવતો. એવું હવે રહ્યું નથી.

મોસ્કોના એક નાના દુકાનદારના વેપારમાં ભલીવાર નહોતી, એટલે તેણે સરકારે ગોઠવેલાં ખૂનો કરવાની નોકરી માટે ઉમેદવારી નોંધાવી, અને તેને ફાંસીએ ચડાવેલા માણસદીઠ સો રૂબલ

(દસ પાઉંડ) મળવા લાગ્યા. તે વડે તેણે પોતાનો વેપાર એટલો વધાર્યો કે તેને આ વધારાના કામની જરૂર રહી નહીં, ને હવે તેણે ફરી પાછો પોતાનો આગલો વેપાર શરૂ કર્યો છે.

ગયે મહિને, બીજી જગાની જેમ, ઓરિયેલ ગામમાં એક ફાંસીખોરની જરૂર હતી. ત્યાં એક માણસ તરત જ મળી ગયો, તેણે એ કામ માથાદીઠ પચાસ રૂબલ લઈને કરવાનો કરાર સરકારી ખૂનોના વ્યવસ્થાપકો જોડે કર્યો. પણ સ્વેચ્છાએ ફાંસીખોર બનેલા આ માણસે, એ કરાર કર્યા પછી, સાંભળ્યું કે બીજાં ગામોમાં વધારે પૈસા અપાય છે; એટલે, ફાંસી દેવાને વખતે, ગુનેગારના માથા પર ચાદર ઓઢાડ્યા પછી, તેને ફાંસી આગળ લઈ જવાને બદલે, પેલો ફાંસીખોર થોભી ગયો, અને ફાંસી અમલદાર પાસે જઈને કહેવા લાગ્યો : "સાહેબ, પચીસ રૂબલ વધારે આપો, નહીં તો હું આ કામ નહીં કરું!" એને એ વધારો મળ્યો, ને તેણે કામ કરી આપ્યું.

થોડા વખત પછી પાંચ માણસોને ફાંસી દેવાની હતી. ફાંસી માટે મુકરર થયેલી તારીખને આગલે દહાડે એક અજાણ્યો માણસ સરકારી ખૂનોના વહીવટદારને ખાનગી કામસર મળવા આવ્યો. વહીવટદાર બહાર આવીને તેને મળ્યો. પેલા અજાણ્યા માણસે કહ્યું:

"તે દહાડે ફલાણાએ આપની પાસેથી જણદીઠ પોણોસો રૂબલ લીધા હતા. મેં સાંભળ્યું છે કે પાંચ જણને કાલે ફાંસી દેવાની છે. મને જો એ આખું કામ સોંપો તો હું જણદીઠ પંદર રૂબલ લઈને તે કરી આપીશ. કામ બરાબર થશે એ વિષે આપ ખાતરી રાખજો."

એ માગણી સ્વીકારાઈ કે નહીં એની તો મને ખબર નથી, પણ તે થયેલી એટલું હું જાણું છું.

સરકારે કરેલા ગુનાઓની અસર ખરાબમાં ખરાબ, ઓછામાં ઓછા નીતિમાન, માણસો પર આ પ્રકારની થાય છે; અને આ

ભયાનક કર્મોની અસર સામાન્ય નીતિભાવનાવાળા મોટા ભાગના માણસો ઉપર પણ થતી જ હોવી જોઈએ. સરકારી અધિકારીઓએ — એટલે કે જે માણસોને લોકો ઉત્તમ પુરુષો તરીકે માન આપવાને ટેવાયેલા છે તેમણે — કરેલાં અતિ બીભત્સ, અમાનુષી, હેવાનિયતનાં કામો વિષે હંમેશાં સાંભળી અને વાંચીવાંચીને સામાન્ય કોટિના મોટા ભાગના — ખાસ કરીને જુવાન — માણસો, જેઓ પોતપોતાનાં કામકાજમાં રચ્યાપચ્યા હોય છે, તેઓ એમ નથી સમજતા કે આવાં ત્રાસદાયક કામો કરનારાઓ લોકોના માનને પાત્ર નથી હોતા. ઊલટા એ સામાન્ય માણસો અનાયાસે એથી ઊલટો મત બાંધે છે, ને એવી દલીલ કરે છે કે લોકોમાં માન પામતા માણસો આપણને ત્રાસદાયક લાગતાં કામો કરે છે, એનો અર્થ એ છે કે એ કામો આપણે માનીએ છીએ એટલાં ત્રાસદાયક ન જ હોઈ શકે.

શિરચ્છેદ, ફાંસી, ખૂન, બૉંબને વિષે લોકો હવે એવી રીતે લખે ને બોલે છે જેવી રીતે અગાઉ તેઓ હવાપાણીને વિષે વાતો કરતા. બાળકો ફાંસીની રમત રમે છે. હાઈસ્કૂલોના છોકરાઓ, જેમનાં મોઢાં પર હજુ મૂછનો દોરો પણ ફૂટયો નથી હોતો, તેઓ — જેમ અગાઉ શિકારે જતા તેમ — હવે ધાડ પાડવા નીકળી પડે છે, ને માણસને મારવા તૈયાર રહે છે. મોટી જમીનજાગીરવાળા લોકોને મારી નાખી તેમની જાગીરો પડાવી લેવી એ હવે ઘણા માણસોને જમીનના સવાલનો સારામાં સારો ઉકેલ લાગે છે.

એકંદરે, સરકારે પોતાનું ધાર્યું કરાવવા માટે મનુષ્યવધની છૂટ આપેલી હોવાથી, એ સરકારના દૃષ્ટાંતની જેમનાં મન પર અવળી અસર પડી છે એવા અભાગી લોકો માને છે કે તમામ ગુના, લૂંટ, ચોરી, જૂઠાણાં, રિબામણી, અને ખૂનો એ સાવ સ્વાભાવિક કામો છે, ને એ કરવાનું માણસને છાજે એવું છે.

હા! આ કામો પોતે તો ભયાનક છે જ, પણ તેનાથી લોકોનાં મન ને આત્મામાં જે અદૃશ્ય બૂરાઈ પેદા થાય છે તેની ભયાનકતાનો કંઈ સુમાર જ નથી.

* * *

તમે કહો છો કે તમે શાંતિ ને સુવ્યવસ્થા ફરી સ્થાપવા માટે આ બધા ત્રાસ ગુજારો છો.

તમે શાંતિ ને સુવ્યવસ્થા ફરી સ્થાપો છો!!

એ પુનઃસ્થાપના તમે કયાં સાધન વડે કરો છો? હે ખ્રિસ્તી સત્તાના પ્રતિનિધિઓ, ચર્ચ (ધર્મસંઘ)નાં માન્યતા ને ઉત્તેજન પામેલા નેતાઓ ને શિક્ષકો! તમે લોકોનાં મનમાંથી ધર્મશ્રદ્ધા ને નીતિભાવનાના રહ્યાસહ્યા અવશેષનો નાશ કરો છો; મોટામાં મોટા ગુના કરો છોઃ જૂઠાણાં, છળકપટ, જાતજાતનાં દેહદંડનો, અને આ છેલ્લો ને સૌથી ભયાનક ગુનો — એકાદ જ ખૂન નહીં પણ અસંખ્ય ખૂનો — કરો છો; અને આ છેલ્લા ગુનાને વાજબી ઠરાવવા તમે જેને 'કાયદા'નું નામ આપીને સત્યનો ધ્વંસ કરો છો તે બેવકૂફી ને અસત્યથી ભરેલી ચોપડીઓમાં તમે પોતે જ લખી રાખેલાં ધારાધોરણોની અમુક અમુક કલમોનો આધાર ટાંકી તમારી બેવકૂફી ઉઘાડી પાડો છો. અને આ બધાં સાધનોનો ઉપયોગ કરીને તમે શાંતિ ને સુવ્યવસ્થા ગયેલી ફરી સ્થાપવા માગો છો!

તમે કહો છો કે લોકોનાં મન મનાવવાનો ને બળવો દબાવી દેવાનો આ જ એકમાત્ર ઉપાય છે; પણ એ વાત દેખીતી રીતે જૂઠી છે! રશિયાના આખા ખેડૂતવર્ગે કરેલી અતિશય પ્રાથમિક ન્યાયની માગણી (એટલે કે જમીનની ખાનગી માલિકીની માગણી)ને તમે સંતોષો નહીં, અને એ માલિકીને ટેકો આપી ટકાવી રાખવાનું ને અનેક રીતે ખેડૂતોને, તથા જે અસ્થિર મનના ને દાઝે બળી રહેલા

લોકોએ તમારી સામે હિંસક લડત આદરી છે તેમને, ખીજવવાનું બંધ કરો નહીં, તો તમે લોકોનાં મન મનાવી શકવાના નથી, એ દીવા જેવી વાત છે. પ્રજાજનોને ત્રાસ આપીને, અને સ્ત્રીઓ તથા બાળકોને સતાવી, દેશવટે કાઢી, જેલમાં નાખી ને ફાંસીએ ચડાવીને તમે એ લોકોને ઠંડા પાડી શકવાના નથી ! મનુષ્યોમાં જન્મસિદ્ધ એવાં બુદ્ધિ ને પ્રેમને તમારા પોતાનાં મનમાં દબાવી દેવાનો તમે ગમે તેટલો કડણ પ્રયાસ કરો તોપણ એ તમારાં મનમાં કાયમ રહેવાનાં જ છે. અને તમારી સુધબુધ ઠેકાણે આવે ને તમે વિચાર કરવા લાગો કે તરત જોઈ શકશો કે તમારા આવા વર્તનથી — એટલે કે આવા ભયાનક ગુનાઓમાં ભાગ લઈને — તમે એ રોગનું નિવારણ કરી શકવાના નથી, પણ તેને ઊંડો ઉતારી વધારે વિકરાવો છો.

આ વાત ઊડીને આંખે વળગે એટલી સ્પષ્ટ છે.

જે ઘટનાઓ બની રહી છે તેનું મૂળ કારણ ભૌતિક ઘટનાઓમાં નથી, પણ સર્વાંશે લોકોની મનોદશા પર આધાર રાખે છે. એ મનોદશા બદલાઈ છે, અને ગમે તેટલા પ્રયત્ન કર્યે તે પાછી અગાઉની સ્થિતિએ પહોંચી શકવાની નથી — જેમ પુખ્ત વયનું માણસ ગમે તેટલા પ્રયત્ન કર્યે ફરી બાળક બની શકતું નથી. સમાજનાં ક્ષોભ કે શાંતિનો આધાર પીટરને ફાંસીએ ચડાવવામાં આવે છે કે જીવતો રહેવા દેવામાં આવે છે તેના પર, અથવા જૉન તાંબોવમાં રહે છે કે નેરચિન્સ્કના કેદખાનામાં રહે છે તેના પર, નથી. સમાજનાં ક્ષોભ કે શાંતિનો આધાર એકલા પીટર કે જૉન પર નહીં, પણ પ્રજાનો ઘણો મોટો ભાગ પોતાની સ્થિતિ વિષે શું ધારે છે તેના ઉપર, અને આ મોટો ભાગ સરકાર, જમીનજાગીર, અને તેમને શીખવાતા ધર્મ વિષે કેવું વલણ ધરાવે છે, ને આ મોટો ભાગ શાને સારું ને શાને નરસું ગણે છે તેના ઉપર જ રહેવાનો. સંસારની ઘટનાઓ ઉપજાવવાની ને અમુક દિશાએ દોરવાની શક્તિ જીવનની

ભૌતિક સ્થિતિમાં નથી, પણ પ્રજાનાં મન અને આત્માની સ્થિતિમાં છે. તમે રશિયન પ્રજાના દસમા ભાગને મારી નાંખો ને તેમનાં શરીરને અનેક પ્રકારની યાતનાઓ પહોંચાડો તોયે, પ્રજાના બાકીના ભાગનાં મન અને આત્માની સ્થિતિ તમે ઇચ્છો છો એવી થવાની નથી.

એટલે, તમે અત્યારે જે કંઈ કરી રહ્યા છો તેનાથી — તમારી તમામ ઝડતીઓ, જાસૂસીઓ, દેશનિકાલની સજાઓ, જેલો, ગુનેગારોની વસાહતો, અને ફાંસીઓથી — લોકો તમે ઇચ્છો છો તે સ્થિતિએ પહોંચતા નથી; પણ ઊલટી તેમની ખીજ વધે છે, અને શાંતિ ને સુવ્યવસ્થાની તમામ શકયતા નાશ પામે છે.

"પણ ત્યારે કરવું શું?" તમે કહો છો. "શું કરવું? અત્યારે જે અન્યાયો ચાલી રહ્યા છે તે કેવી રીતે અટકાવવા?"

એનો જવાબ બહુ જ સાદો છે: "તમે જે કંઈ કરી રહ્યા છો તે કરવું છોડી દો."

ઘણા લોકો તો સારી રીતે જાણે છે કે રશિયન પ્રજાનું મન મનાવવા માટે સૌથી જરૂરની વસ્તુ એ છે કે જમીનને ખાનગી માલિકીમાંથી છોડવવી — જેમ પચાસ વરસ પહેલાં જરૂરની વસ્તુ તે ખેડૂતોને દાસત્વમાંથી મુક્ત કરવાની હતી. પણ 'પ્રજાનું' — આખી પ્રજાનું — મન મનાવવા માટે શું કરવું એની કોઈને પણ જાણ ન હોય તોયે, એટલું તો સહેજે જોઈ શકાય એવું છે કે પ્રજાનું મન મનાવી તેને શાંત પાડવા માટે એવું તો કંઈ ન જ કરવું જોઈએ જેથી પ્રજા ઊલટી છંછેડાય. છતાં તમે અચૂક એ જ વાત કરી રહ્યા છો!

તમે જે કંઈ કરી રહ્યા છો તે પ્રજાને માટે નહીં પણ તમારે પોતાને માટે, તમે જે પદ ભોગવો છો તે ટકાવી રાખવાને, તમે જે

પદને લાભદાયક ગણો છો પણ જે વસ્તુતઃ અતિશય દયાજનક ને ઘૃણાજનક છે તે ટકાવી રાખવાને, કરો છો. એટલે એમ ન કહેતા કે તમે તે પ્રજાને માટે કરો છો; એમ કહેવું સાચું નથી! તમે જે કાળાં કામો કરો છો તે બધાં તમારે માટે છે; તમારાં લોભ, મહેચ્છા, ગુમાન, વેરવૃત્તિ ને સ્વાર્થ સાધવાને માટે છે; જે અધમ દશામાં તમે રહો છો ને જેમાં તમને મજા પડે છે તે દશા જરા વધારે વખત ચાલુ રાખવાને માટે છે.

તમે જે કંઈ કરો છો તે પ્રજાના હિતને માટે કરો છો એમ તમે ગમે એટલું પોકારીને કહો, પણ માણસો હવે તમને વધારે ને વધારે ઓળખવા ને ધિક્કારવા લાગ્યા છે; અને તમારાં સખતી ને દમનનાં પગલાંને વિષે તમે જે અભિપ્રાય તેમની પાસે ધરાવવા ઇચ્છો છો તે નથી ધરાવતા,—એટલે કે એ પગલાંને કોઈ ઉચ્ચતર સામુદાયિક દૈવી શક્તિનું, સરકારનું, કામ નથી ગણતા, પણ બૂરી ને સ્વાર્થી વ્યક્તિઓનાં બૂરાં ને સ્વાર્થનાં કામો ગણે છે.

* * *

વળી તમે કહો છો: "આ બધાની શરૂઆત વિપ્લવવાદીઓ કરે છે, અમે નથી કરતા; અને તેમના ભયાનક ગુનાઓને તો સરકારનાં સખત પગલાં" (તમારા ગુનાઓને તમે એ નામ આપો છો) "વડે જ દબાવી દઈ શકાય."

તમે કહો છો કે વિપ્લવવાદીઓએ કરેલા અત્યાચારો ભયાનક છે.

હું એની ના નથી પાડતો. હું વધારામાં એટલું જ કહું કે એ ભયાનક હોવા ઉપરાંત અક્કલ વિનાના છે, અને — તમારાં પોતાનાં કામોની પેઠે — એથી ધાર્યો હેતુ સરતો નથી. છતાં, એ લોકોનાં કામ — એ બધા બૉંબ ને સુરંગો, ઘૃણાજનક હત્યાઓ ને પૈસાની ચોરીઓ — ગમે તેટલાં અક્કલ વિનાનાં હોય, તોપણ તમે જે કામો કરો છો તેમાં

રહેલી ગુનેગારી ને બેવકૂફી આગળ એ બધાં કામો કશી વિસાતમાં નથી.

તમે જેવાં કામો કરો છો તેવાં જ કામો, ને તે જ હેતુથી, તેઓ કરે છે. તેઓ પણ એવી જ (એનાં પરિણામ અતિ ભયાનક ન હોત તો હું એને 'હાસ્યજનક' કહેત) ભ્રમણામાં પડચા છે, કે માણસો પોતાને ઇષ્ટ ને યોગ્ય લાગે એવી સમાજવ્યવસ્થાની યોજના ઘડે એટલે પછી બીજા લોકોનાં જીવનની વ્યવસ્થા એ યોજના અનુસાર કરવાનો એ માણસોને હક છે ને તેઓ એમ કરી શકશે. આ ભ્રમણા તમારા બંનેના મનમાં છે. આ રીતો તે સર્વ પ્રકારની હિંસા છે — તેમાં પ્રાણહરણનો પણ સમાવેશ થાય છે. અને તેને માટે બહાનું એ અપાય છે કે ઘણાઓના લાભને સારુ કરેલું કુકર્મ અનીતિમય રહેતું નથી; અને તેથી, નીતિનિયમનો ભંગ કર્યા વિના, માણસ જૂઠ, ચોરી, હિંસા વગેરે કરી શકે. શરત એ કે એ કામોનો હેતુ ઘણાઓની સ્થિતિ સુધારવાનો હોવો જોઈએ. એ સ્થિતિ કેવી હોવી જોઈએ એ આપણે જાણીએ છીએ ને એનો ખરો ચિતાર નજર સામે ખડો કરી શકીએ છીએ, એમ આપણે કલ્પી લીધેલું હોય છે.

તમે સરકારી લોકો વિપ્લવવાદીઓનાં કામોને 'અત્યાચારો' ને 'મોટા ગુનાઓ' કહો છો; પણ વિપ્લવવાદીઓએ એવું કંઈ કર્યું નથી કે કરતા નથી જે તમે, તેમના કરતાં ઘણા જ મોટા પ્રમાણમાં, કર્યું ન હોય. તમે જે કંઈ કરો છો તે જ તેઓ પણ કરે છે. તમે ગુપ્તચરો રાખો છો, દગાફટકા કરો છો, અને છાપેલાં જૂઠાણાં ફેલાવો છો; તેવું જ તેઓ પણ કરે છે. તમે સર્વ પ્રકારની હિંસા વાપરીને લોકોની માલમતા પડાવી લો છો, અને તેનો તમને સારામાં સારો લાગે એવો ઉપયોગ કરો છો; તેઓ પણ તેવું જ કરે છે. તમારી નજરે ભયંકર જણાતા લોકોના તમે વધ કરો છો; તેઓ પણ એમ જ કરે છે.

એટલે, જ્યાં સુધી તમે તમારી મુરાદ બર આણવા માટે વિપ્લવવાદીઓના જેવાં જ અનીતિમય સાધનો વાપરો ત્યાં સુધી તમે એમને દોષ ન જ દઈ શકો. તમે તમારાં કામોને સકારણ ને વાજબી ઠરાવવા માટે જે કારણો આપી શકો છો તે જ કારણો તેઓ પણ એટલા જ પ્રમાણમાં આપી શકે છે; વધારામાં એટલું કે તમે એવાં ઘણાં ભૂરાં કામ કરો છો જે તેઓ કરતા નથી — દાખલા તરીકે પ્રજાના પૈસાની બરબાદી કરવી, યુદ્ધની તૈયારી કરવી, યુદ્ધ કરવું, પરદેશી પ્રજાઓને તાબે કરવી ને તેમના પર જુલમ ગુજારવો, અને તે ઉપરાંત બીજું ઘણું.

તમે કહો છો કે તમારે ભૂતકાળની પ્રણાલિકાની રક્ષા કરવાની છે, અને તમારી સામે તમારાં કામોને માટે ભૂતકાળના મહાપુરુષોનાં દૃષ્ટાંતો પડેલાં છે. તેમની પાસે તેમની પણ અગાઉથી ચાલી આવતી — ફ્રેંચ વિપ્લવથી પણ જૂની—પ્રણાલિકાઓ છે. અને મહાપુરુષો, અનુકરણપાત્ર દૃષ્ટાંતો, સત્ય અને સ્વાતંત્ર્યને અર્થે પ્રાણ પાથરનારા શહીદોની તો તમારા કરતાં એમની પાસે જરાય કમી નથી.

એટલે, તમારી બેની વચ્ચે જો કંઈ ભેદ હોય તો તે એટલો જ છે કે તમે દેશમાં ને સમાજમાં જે સ્થિતિ અગાઉ હતી ને આજે છે તેને તેવી ને તેવી કાયમ રાખવા ઇચ્છો છો, અને તેઓ તેમાં ફેરફાર ઇચ્છે છે. અને દરેક ચીજ જેવી હતી તેવી જ હમેશાં ટકી શકે નહીં એવી તેમની જે માન્યતા છે તે તમારી માન્યતાના કરતાં વધારે તથ્યવાળી ગણાત — જો તેમણે તમારી પાસેથી પેલી વિચિત્ર ભ્રમણા ન લીધી હોત તો. આ ભ્રમણા એ છે કે માણસોનો એક સમૂહ ભવિષ્યનાં સર્વ માણસોને કેવા પ્રકારની જીવનવ્યવસ્થા અનુકૂળ થઈ પડશે એ જાણે છે, અને એ પ્રકારની વ્યવસ્થા બળજબરી વાપરીને પેદા કરી શકાય છે. બાકીની બાબતોમાં તો જે તમે કરો છો તે જ તેઓ કરે છે, ને તમે વાપરો છો તે જ સાધનો તેઓ

પણ વાપરે છે. તેઓ સર્વાંશે તમારા શિષ્યો છે. તેમણે તમારી બધી યુક્તિઓ ને કરામતો શીખી લીધી છે. તેઓ તમારા શિષ્યો જ નથી, પણ તમારી કૃતિઓ છે, તમારી સંતતિ છે. તમારી હસ્તી ન હોત તો તેમની પણ ન હોત. એટલે તમે જ્યારે બળજબરી વાપરીને તેમને કચડી નાંખવા મથો છો ત્યારે તમે, પોતાની તરફ ઊઘડતા બારણાને પોતાનું બધું બળ વાપરીને દબાવનારા માણસની પેઠે વર્તો છો.

તમારી ને તેમની વચ્ચે જો કંઈ ભેદ હોય તો ત્રાજવાનું પલ્લું તેમના તરફ નમે એમ છે, તમારા તરફ તો નહીં જ. એમના પક્ષમાં કેટલાક સંજોગો એવા છે જે તેમના દોષોની તીવ્રતા ઓછી કરે છે. એ સંજોગોમાં પહેલો તો એ છે કે તમારે વેઠવાં પડે છે એના કરતાં વધારે અંગત જોખમ ખેડીને તેમને તેમના ગુના કરવા પડે છે; અને જોખમ તથા સાહસ ખેડવાનાં હોય ત્યાં કુમળાં મનના જુવાનોને ઘણી વસ્તુઓ ક્ષમ્ય લાગે છે. બીજો સંજોગ એ કે એમાંનો ઘણો જ મોટો ભાગ સાવ છોકરવાદ હોય છે, ને એવાઓને માટે આડે રસ્તે ચડવું સ્વાભાવિક હોય છે. પણ તમે તો ઘણાખરા પાકટ વયના માણસો હો છો — તમારા જેવાં પાકાં પાનને માટે ડાવકાઈ, ઠરેલપણું, ને ભ્રમણામાં પડેલાઓ પ્રત્યે ઉદારતા એ ગુણો સ્વાભાવિક હોવા જોઈએ. તેમના પક્ષમાં તેમના દોષને કંઈક હળવો બનાવનાર ત્રીજો સંજોગ એ છે કે તેમનાં ખૂનો ગમે તેટલાં બેહૂદાં હોય તોપણ, તમારાં દેશનિકાલની સજાઓ, ફાંસીઓ ને ગોળી-બારોના જેટલી ઠંડા પેટની ને વ્યવસ્થિત ક્રૂરતા તેમાં નથી હોતી. અને વિપ્લવવાદીઓના દોષને કંઈક અંશે ક્ષમ્ય બનાવનાર ચોથો સંજોગ એ છે કે તેઓ સર્વ ધર્મશિક્ષણનો છડેચોક અસ્વીકાર કરે છે, અને સાધ્ય સારું હોય તો ગમે તેવાં સાધનનો ઉપયોગ ઉચિત ગણાય એમ માને છે. તેથી જ્યારે તેઓ મોટા ભાગના કલ્પિત

હિતને ખાતર એક કે અનેક માણસના જીવ લે છે ત્યારે તેમના વર્તનમાં વિસંગતિ કે વિસંવાદ જેવું કંઈ હોતું નથી; જ્યારે તમે સરકારી માણસો — હલકામાં હલકા ફાંસીખોરથી માંડીને ઊંચામાં ઊંચા અમલદાર સુધીના બધા ધર્મને અને ખ્રિસ્તી ધર્મતત્ત્વને ટેકા આપનારા છો, અને એ ધર્મનો તમે જે કામો કરો છો તેની જોડે બિલકુલ મેળ ખાતો નથી.

વળી તમે પાકટ માણસો, બીજા માણસોના નેતાઓ, ખ્રિસ્તી ધર્મને માનનારાઓ, તમે — માંહોમાંહે લડનારાં બાળકોની પેઠે — કહો છો કે "અમે શરૂઆત નહોતી કરી — પેલાઓએ કરી હતી!" તમે, જેમણે પ્રજાના રાજ્યકર્તાનું પદ ધારણ કર્યું છે, તેઓ સારામાં સારી દલીલ એ જ કરી શકો છો. અને તમે કેવી જાતના માણસો છો? તમે જેને ઈશ્વર તરીકે સ્વીકારો છો તેણે તો બીજાના કાજી થવાની ને સજા કરવાની જ નહીં, પણ બીજાને વખોડવાની પણ, સાફ મનાઈ કરી હતી; તેણે સ્પષ્ટમાં સ્પષ્ટ શબ્દોમાં સજામાત્રનો નિષેધ કર્યો હતો, અને કોઈ ગુનો ગમે એટલીવાર થાય તોપણ નિરંતર ક્ષમા કરવાનો ધર્મ ઉપદેશ્યો હતો; તેણે એક ગાલ પર ધોલ મારનાર આગળ બીજો ગાલ ધરવાની, અને અપકારનો બદલો અપકારથી ન વાળવાની, આજ્ઞા કરી હતી; સંગસારીની* સજા પામેલી સ્ત્રીના કિસ્સામાં તેણે સાવ સાદી ને સ્પષ્ટ રીતે બતાવ્યું હતું કે એક માણસથી બીજા માણસના કાજી થવાય નહીં ને તેને સજા કરી શકાય નહીં. તમે, એ ધર્મોપદેશકને ઈશ્વર તરીકે સ્વીકારવા છતાં, કહો છો કે "શરૂઆત પેલાઓએ કરી હતી! તેઓ લોકોને મારે છે, માટે આપણે એમને મારીએ." તમારા બચાવમાં તમને આથી સારી દલીલ જડતી નથી!

* * *

મારા ઓળખીતા એક ચિત્રકારને ફાંસીના પ્રસંગનું ચિત્ર

* માણસને પથરા મારીમારીને પૂરું કરવું તે.

ચીતરવાનો વિચાર આવ્યો; તેમાં ફાંસીખોર ચીતરવા માટે તેને કોઈક માણસ નમૂનારૂપે પોતાની સામે બેસાડવા જોઈતો હતો. તેણે સાંભળ્યું કે મોરક્કોમાં તે વખતે ફાંસીખોરનું કામ એક ચોકીદાર કરતો હતો; તેથી તે ચોકીદારને ઘેર ગયો. ઈસ્ટરનો વખત હતો. કુટુંબનાં માણસો સારામાં સારાં કપડાં પહેરીને ચા પીવા બેઠાં હતાં, પણ ઘરધણી તેમાં ન હતો. પાછળથી ખબર પડી કે અજાણ્યા માણસને જોતાંવેંત તે સંતાઈ બેઠેલો. તેની સ્ત્રી પણ શરમથી ચોભીલી થયેલી લાગી, ને તેણે કહ્યું કે તેનો ધણી ઘેર નથી; પણ તેની નાની છોકરીએ પોગળ ફોડી દેતાં કહ્યું: "બાપા કાતરિયામાં છે." તેને ખબર ન હતી કે તેનો બાપ પોતે કરેલા કામને ખૂરું માનતો હતો, અને તેથી તેને કોઈ પણ માણસને જોતાંવેંત તેની બીક લાગતી. ચિત્રકારે બાઈને સમજાવ્યું: "મારે તમારા પતિની જરૂર મારા ચિત્રને સારુ નમૂના તરીકે બેસવા માટે પડી છે, કેમકે મેં જે ચિત્ર ચીતરવાની યોજના કરી છે તેમાં એમનો ચહેરો બહુ બંધબેસતો આવે છે." (બેશક ચિત્ર શાનું હતું તે તેણે ન કહ્યું.) બાઈની જોડે વાતચીતમાં ઊતર્યા પછી તેને રીઝવવા સારુ ચિત્રકારે તેના નાના દીકરાને પોતાને ત્યાં ચિત્રકામ શીખવવા રાખવાનું વચન આપ્યું, એટલે બાઈને લાલચ લાગી. તે બહાર ગઈ, ને થોડી વાર પછી તેનો ધણી આવ્યો. તેના મોઢા પર ગમગીની, બેચેની, બીક અને શંકાનો ભાવ હતો. ઘણીવાર લગી તો તેણે ચિત્રકાર પાસે એ જ કહેવડાવવાનો પ્રયત્ન કર્યો કે ખાસ તેની જ જરૂર ચિત્રકારને શા માટે પડી છે. કલાકારે તેને કહ્યું: "હું તમને રસ્તામાં મળેલો, અને તમારો ચહેરો મેં દોરવા ધારેલા ચિત્રમાં બંધબેસતો આવે એમ મને લાગેલું." એટલે ચોકીદારે પૂછ્યું: "તમે મને ક્યાં મળેલા? ક્યારે મળેલા? મેં કેવાં કપડાં પહેર્યાં હતાં?" છેવટે તેણે ચિત્રકારની માગણી કબૂલ ન રાખી; તેને દેખીતી એવી બીક ને શંકા હતી કે આમાં ક્યાંક તેને ફસાવી પાડવાની યુક્તિ હોવી જોઈએ.

હા, આ ફાંસીખોર પ્રત્યક્ષ અનુભવે જાણે છે કે પોતે ફાંસીખોર છે; તે જાણે છે કે પોતે જે કામ કરે છે તે ખૂરું છે ને તેથી લોકો તેને ધિક્કારે છે; અને તેથી તે માણસોથી ડરે છે: અને હું માનું છું કે આ ભાન અને માણસોનો આ ડર કંઈ નહીં તો તેના ગુનાના કંઈક અંશને ધોઈ કાઢે છે. પણ તમે — અદાલતના મંત્રીથી માંડીને વડા પ્રધાન અને ઝાર સુધીના જેઓ દરરોજ થતા આ અન્યાયોમાં પરોક્ષપણે ભાગ લેનારા છો, તેમાંના કોઈના મનમાં તમારા દોષોનું ભાન નથી, કે આ ભીષણ કામમાં ભાગ લેવાથી જે શરમ ઊપજવી જોઈએ તે ઊપજતી નથી. એ ખરું છે કે પેલા ફાંસીખોરની પેઠે તમને માણસોનો ડર લાગે છે, અને આ ગુનાઓ માટે જેટલી તમારી જવાબદારી મોટી તેટલો તમને વધારે ડર લાગે છે: સરકારી વકીલ મંત્રીના કરતાં વધારે ડરે છે; અદાલતનો પ્રમુખ સરકારી વકીલના કરતાં વધારે ડરે છે; પ્રાંતનો ગવર્નર પ્રમુખના કરતાં વધારે ડરે છે; પ્રધાનમંડળનો પ્રમુખ એથીયે વધારે, ને ઝાર સૌથી વધારે, ડરે છે. તમને બધાને ડર તો લાગે જ છે. પણ પેલા ફાંસીખોરમાં ને તમારામાં ફરક એટલો છે કે તમારા ડરનું કારણ એ નથી કે તમે ખૂરું કામ કરો છો એવું ભાન તમારા મનમાં છે, પણ તમે માનો છો કે બીજા લોકો ખૂરું કામ કરે છે.

એટલે હું માનું છું કે પેલો અભાગી ચોકીદાર ગમે તેટલી અધોગતિએ પહોંચ્યો હોય તોયે, તમારા કરતાં — આ ભયંકર ગુનાઓમાં ભાગ લેનાર અને અંશતઃ તેના કર્તાઓના કરતાં, તમે જેઓ પોતાને વખોડવા ને દંડવાને બદલે બીજાને વખોડો ને દંડો છો ને માથાં ઊંચાં રાખીને ફરો છો તેમના કરતાં — નીતિની દૃષ્ટિએ એ માણસ એટલે ઊંચે છે કે બેની વચ્ચે સરખામણી જ થઈ શકે એમ નથી.

* * *

હું જાણું છું કે માણસો માટીનાં જ પૂતળાં છે, આપણે બધા નબળાઈથી ભરેલા છીએ, આપણે સહુ ભૂલો કરીએ છીએ, ને એક જણ બીજાનો કાજી બની ન્યાય તોળી શકતો નથી. આ ભયંકર ગુનાઓ માટે જવાબદાર માણસો વિષે મારા મનમાં જે લાગણી પેદા થતી ને થાય છે — અને એ લોકો સામાજિક પ્રતિષ્ઠાની સીડીમાં જેટલે ઊંચે ઊભેલા હોય તેટલી એ લાગણી વધારે — તેની સામે હું ઘણા વખત સુધી લડયો છું. પણ હવે એ લાગણી સામે મારાથી લડી શકાતું નથી, ને હું લડવાનો પણ નથી.

હું લડી શકતો નથી ને લડવાનો નથી. એનું કારણ પહેલું તો એ કે આ લોકો, જેઓ પોતાનાં કાર્યોમાં રહેલો ગુનો પૂરેપૂરો જોઈ શકતા નથી, તેમનાં પોગળ ફોડવાં એ તેમને માટે તેમજ જનસમૂહને માટે આવશ્યક છે; કેમકે જનસમૂહ તો આ લોકોને મળતાં માન અને વખાણથી અંજાઈ જઈ તેમનાં કાળાં કામોને યોગ્ય માને છે ને તેમની નકલ કરવાનો પણ પ્રયત્ન કરે છે. અને બીજું એ કે (હું સાફસાફ કબૂલ કરી દઉં છું) હું આ લોકોનાં પોગળ ફોડું છું તેને લીધે તેઓ એક યા બીજી રીતે તેમના વર્ગમાંથી મારો બહિષ્કાર કરવા પ્રેરાશે. હું જે વર્ગમાં અત્યારે રહું છું, ને જેમાં રહીને મારી આસપાસ થતા આ ગુનાઓમાં હું ભાગીદાર બનું છું એમ મારા મનને અચૂક લાગ્યાં જ કરે છે, તે વર્ગમાંથી મારો બહિષ્કાર થાય એમ હું ઇચ્છું છું.

રશિયામાં અત્યારે જે કંઈ ચાલી રહ્યું છે તે સમાજહિતને નામે, રશિયાની પ્રજાની રક્ષા ને શાંતિને નામે કરવામાં આવે છે. જો એમ હોય તો તેનો અર્થ એવો થાય કે રશિયામાં વસતા માણસોને માટે પણ તે કરવામાં આવે છે. એટલે, મનુષ્યનો જે પ્રથમ અને સૌથી સ્વાભાવિક એવો — તે જે જમીન પર જન્મ્યો છે તે જમીન વાપરવાનો — હક છે તે લોકોની પાસેથી છીનવી લેવાયો હોવાથી

તેઓ જે દારિદ્રય ભોગવે છે તે મારે લીધે. પેલા પાંચ લાખ માણસોને નીરોગી ખેડૂતજીવનમાંથી ઉઠાવી લઈને લશ્કરી પહેરવેશ પહેરાવી લોકોના જીવ લેવાનું શીખવવામાં આવે છે તે મારે માટે. પેલો અસત્ય સેવી નામધારી પાદરીવર્ગ, જેની મુખ્ય ફરજ સાચા ખ્રિસ્તી ધર્મને વિકૃત રૂપ આપવાની ને છુપાવવાની થઈ પડી છે, તે મારે માટે. માણસોને ઠેરઠેર દેશવટે મોકલવામાં આવે છે તે મારે માટે. લાખો ભૂખ્યા મજૂરો કામની શોધમાં ગામેગામ રવડે છે તે મારે લીધે. લાખો અભાગી માણસો કિલ્લાઓ ને કેદખાનામાં, જેમાં એવડી મોટી સંખ્યાને રાખવા માટે પૂરતી જગા નથી તેમાં, મુદતી તાવ અને દાંતનાં પેઢાંના દુખાવાથી મરે છે તે મારે લીધે. દેશનિકાલ થયેલા, કેદખાનામાં પુરાયેલા, ને ફાંસીએ ચડાવાતા માણસોનાં માતપિતા ને સ્ત્રીઓ દુઃખ ભોગવે છે તે મારે લીધે. આ જાસૂસો રખાય છે ને આ લાંચરુશવત અપાય છે તે મારે માટે. કોડીબંધ માણસોને દફનાવાય છે ને સેંકડોને ગોળીએ ઉડાવવામાં આવે છે તે મારે માટે. આ ફાંસીખોરો — જેમને ખોળતાં અગાઉ મુશ્કેલી પડતી પણ જેમને હવે તેમના કામની સૂગ રહી નથી—તેમનું આ ત્રાસજનક કામ ચાલે છે તે મારે માટે; આ સાબુ લગાડેલા ફાંસાવાળી શૂળીઓ ઊભી કરવામાં આવી છે ને તેના પર સ્ત્રીઓ, બાળકો ને ખેડૂતોને લટકાવવામાં આવે છે તે મારે માટે; અને માણસના મનમાં બીજા માનવી ભાઈભાંડુને માટે જે ભયાનક વિખવાદ ભરેલો છે તે પણ મારે માટે.

આ બધું મારે માટે કરવામાં આવે છે, અને આ ભયાનક કામોમાં હું ભાગીદાર છું, એમ કહેતાં વિચિત્ર લાગે છે ખરું; પણ મને એમ લાગ્યા વિના નથી જ રહેતું કે એક તરફ મારો વિશાળ ઓરડો, મારું ભોજન, મારાં કપડાં, મારી ફુરસદ, અને બીજી તરફ મારી પાસે જે કંઈ છે તે મારી પાસેથી લઈ લેવા ઇચ્છનાર માણસોનું કાસળ કાઢવાને થયેલા ભયાનક ગુનાઓ, એ નિઃશંકપણે એકબીજાની

ઉપર આધાર રાખે છે. અને હું જોકે જાણું છું કે આ ઘરબાર વિનાના, દારૂ ભરાઈ રહેલા, અધોગતિએ પહોંચેલા લોકો — જેઓ સરકારની ધાક ન હોય તો હું વાપરું છું તે એકેએક ચીજ મારી પાસેથી પડાવી લે — તેઓની ઉત્પત્તિ એ સરકારનાં કામોમાંથી જ થવા પામી છે. છતાં મને એમ લાગ્યા વિના નથી રહેતું કે અત્યારે મારી શાંતિ ખરેખર રશિયાની સરકારને હાથે ગુજરતા તમામ ત્રાસો ઉપર આધાર રાખે છે.

મારા મનમાં આ ભાન હોઈ હું તે હવે વધારે વાર સહન કરી શકતો નથી, પણ મારે આ અસહ્ય સ્થિતિમાંથી છૂટી જવું જ જોઈએ!

આજની રીતે રહેવું અશક્ય છે! હું પોતે તો એ રીતે નથી રહી શકતો, અને નહીં રહું.

તેથી હું આ લખું છું — અને મારાથી બનશે તે બધાં સાધન વાપરીને તેનો રશિયામાં ને પરદેશોમાં પ્રચાર કરીશ — એમાંથી એક ચીજ બનવી સંભવિત છે: કાં તો આ અમાનુષી કામો અટકાવવામાં આવે; અથવા તો મારો તેની સાથેનો સંબંધ તોડી નાખવામાં આવે ને મને કેદ પૂરવામાં આવે — કેમકે ત્યાં મને સ્પષ્ટપણે ભાન રહેશે કે આ બધા ત્રાસ મારી વતી ગુજારવામાં આવતા નથી; અથવા એથીયે સારું (એટલું સારું છે કે એવા સુખની કલ્પના સ્વપ્નામાં કરવાની પણ મારી હિંમત ચાલતી નથી) એ છે કે, પેલા બાર કે વીસ ખેડૂતોને વિશે કર્યું તેમ, તેઓ મારે માથે ચાદર ને ટોપી ઓઢાડી દે ને મને પણ બાંકડા પરથી હડસેલી મૂકે, જેથી હું મારા પોતાના વજન વડે સાબુથી સુંવાળો બનાવેલો ફાંસો મારા ઘરડા ગળાની આસપાસ તંગ બનાવી દઉં.

* * *

આ બેમાંથી એક ધ્યેય સાધવા માટે હું આ ભયાનક કામોમાં ભાગ લેનાર સહુને ઉદ્દેશીને લખું છું — પોતાનાં ભાંડુ એવાં પુરુષો, સ્ત્રીઓ ને બાળકોને માથે ને ગળે પેલાં ટોપી ને ફાંસો ઘાલનાર માણસોથી — કેદખાનાના ચોકીદારોથી — માંડીને, આ ભયાનક ગુનાઓના મુખ્ય વહીવટદારોને તેને માટે હુકમ આપનાર અમલદારો સુધીના સહુને ઉદ્દેશીને લખું છું.

હે ભાઈઓ! તમે તમારી સુધબુધ ઠેકાણે લાવો, થંભી જાઓ ને વિચાર કરો, તમે શું કરી રહ્યા છો એનો વિચાર કરી જુઓ! તમે કોણ છો તે યાદ કરો!

ફાંસીખોરો, સેનાપતિઓ, સરકારી વકીલો, ન્યાયાધીશો, વડા પ્રધાન કે ઝાર થવા પહેલાં શું તમે માણસ નથી? આજે તમને ઈશ્વરની સૃષ્ટિમાં ડોકિયું કરવા દેવામાં આવે છે, પણ કાલે કદાચ તમારી હસ્તી પણ નહીં હોય, એવી તમારી સ્થિતિ નથી? (ખાસ કરીને તમે સર્વ શ્રેણીના ફાંસીખોરો, જેમને વિષે લોકોનાં મનમાં વિશેષ દ્વેષ છે, તેમણે આ વાત યાદ રાખવી ઘટે છે.) તમે, જેમને ઈશ્વરની સૃષ્ટિની આ ટૂંકી ઝાંખી કરવા મળી છે (કેમકે તમારું ખૂન ન થાય તોપણ, કાળ તો આપણી સહુની પૂંઠે હમેશાં લાગેલો જ છે), તેઓ તમારાં ચિત્ત ઠેકાણે હોય ત્યારે ન સમજતા હો કે લોકોનાં શરીરને ત્રાસ આપવો ને તેમના જીવ લેવા એ તમારો જીવનનો વ્યવસાય નથી — એમ બનવું શક્ય છે શું? તમે ખૂન થવાની બીકે ફફડતા રહો છો છતાં તમારા મનની આગળ, બીજાઓની આગળ, ને ભગવાનની આગળ જૂઠું બોલો, અને તમારાં પોતાનાં મનને ને બીજાઓને ખાતરી આપો કે આ વસ્તુઓમાં ભાગ લઈને તમે કરોડોના કલ્યાણને સારુ કંઈક મહત્ત્વનું ને ભવ્ય કામ કરો છો — એ પણ શક્ય છે શું? તમારાં વાતાવરણથી, ખુશામતથી, અને

રૂઢિગત તર્કજાળથી તમારાં મનને કેફ ચડેલો ન હોય ત્યારે તમે દરેક જણ ન જાણતા હો કે આ બધી ખાલી વાતો છે, અને કાળામાં કાળાં કામ કરવા છતાં તમે પોતાને સારા માણસ માનો એને માટે એ વાતો જોડી કાઢવામાં આવેલી છે — આ જાણ તમને ન હોય એ શક્ય છે ખરું? તમને અચૂક એવી જાણ હોય જ છે કે તમારે, આપણામાંના દરેક જણની જેમ, એક જ સાચું કર્તવ્ય હોઈ શકે, ને તેમાં બીજાં બધાં કર્તવ્ય સમાઈ જાય છે. આ કર્તવ્ય તે એ કે આપણને મળેલા ટૂંકા આવરદામાં આપણને જગતમાં મોકલનાર પરમાત્માની ઇચ્છા અનુસાર રહેવું, અને એની જ ઇચ્છા અનુસાર તેમાંથી વિદાય લેવી. એ પરમાત્મા એક જ વસ્તુ ઇચ્છે છે: મનુષ્યનો મનુષ્ય પ્રત્યે પ્રેમ.

પણ તમે શું કરી રહ્યા છો? તમારું આત્મબળ તમે શામાં વાપરી રહ્યા છો? તમે કોને ચાહો છો? તમને કોણ ચાહે છે? તમારી પત્ની? તમારું બાળક? પણ એ પ્રેમ નથી. પત્ની અને બાળકનો પ્રેમ તે માનુષી પ્રેમ નથી. જાનવરો એવો પ્રેમ એથીયે વધારે માત્રામાં ધરાવે છે. માનુષી પ્રેમ તે માણસનો માણસ પ્રત્યેનો પ્રેમ — દરેક માણસ પ્રત્યેનો ઈશ્વરના સંતાન ને તેથી ભાઈબહેન તરીકેનો પ્રેમ — છે. એ રીતે તમે કોને ચાહો છો? કોઈને નહીં. તમને એ રીતે કોણ ચાહે છે? કોઈ નહીં.

કોઈ ફાંસીખોર યા જંગલી જાનવરને વિષે હોય છે એના જેવી જ બીક લોકોનાં મનમાં તમારે વિષે હોય છે. લોકો તમારી ખુશામત કરે છે તે એટલા માટે કે અંતરમાં તેઓ તમારે વિષે તિરસ્કાર રાખે છે ને તમને ધિક્કારે છે — અને કેટલા બધા ધિક્કારે છે! તમે તે જાણો છો ને માણસોથી ડરો છો.

હા, વિચાર કરી જુઓ — તમે ઊંચામાં ઊંચાથી નીચામાં નીચા લગીના, માનવી હત્યામાં ભાગ લેનારા સહુ, વિચાર કરી જુઓ કે તમે કોણ છો; અને તમે જે કરી રહ્યા છો તે કરવું બંધ કરો. એ કામ બંધ કરો — તમારે પોતાને ખાતર નહીં, તમારા પોતાના વ્યક્તિત્વને ખાતર નહીં, માણસોને ખાતર નહીં, તમને દોષ દેવાતો બંધ થાય એટલા માટે નહીં; પણ તમારા આત્માને ખાતર, તમારા હૃદયમાં વસતા અંતર્યામી ઈશ્વરને ખાતર!

(૧૯૦૮)

૧૦

આજનો જમાનો

આજે માણસનું આખું જીવન જેને તે પોતાનું કર્તવ્ય સમજે છે તેનાથી ઊલટી જ દિશામાં ચાલી રહ્યું છે. સ્વકર્તવ્ય વિષેની તેની સમજ અને તેની રહેણી બેની વચ્ચે ચાલુ વિસંવાદ રહે છે. આ વિસંવાદ જીવનના આર્થિક, રાજકીય ને આંતરરાષ્ટ્રીય એમ પ્રત્યેક ક્ષેત્રમાં વર્તે છે. કેમ જાણે તેની અક્કલ વિસારે પડી ગઈ હોય ને તેની શ્રદ્ધાને થોડા વખત માટે ગ્રહણ લાગ્યું હોય — કેમકે તેનામાં શ્રદ્ધા તો હોવી જ જોઈએ, નહીં તો જીવનમાં કશું સ્થાયિત્વ ન રહે — તેમ, તે પોતાના અંતરાત્માના અવાજથી ને સદ્બુદ્ધિની સલાહથી સાવ ઊલટી જ રીતે વર્તે છે.

આપણા આર્થિક ને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં આપણે પુરાણા યુગોના મૂળભૂત સિદ્ધાંતોને અનુસરીને ચાલીએ છીએ. એ સિદ્ધાંતો આપણી આજની મનોવૃત્તિથી ને આપણી અત્યારની રહેણીથી સાવ ઊલટા છે.

જે માણસ ગુલામીને ઈશ્વરની સરજેલી ને આવશ્યક માનતો હતો તે તેના ગુલામોનો શેઠ બનીને રહે એ યોગ્ય હતું. પણ એવું જીવન આજના વખતમાં શક્ય છે ખરું? પ્રાચીન કાળનો માણસ

પોતાના માનવબંધુઓની મહેનતનો લાભ ઉઠાવવાનું ને સેંકડો વરસ લગી તેના પર જુલમ ગુજારવાનું વાજબી ગણી શકત; એટલા જ માટે કે માણસો ઊંચાં યા નીચાં ભિન્ન ભિન્ન કુળમાં જન્મેલા છે એમ તે માનતો હતો. પ્રાચીન કાળના મોટામાં મોટા ફિલસૂફો, માનવજાતિના શિક્ષકો, એવા જે પ્લેટો અને ઍરિસ્ટૉટલ, તેમણે ગુલામીની હસ્તી યોગ્ય માની હતી, ને તેને કાયદાની માન્યતા હોવા વિષે પુરાવા આપ્યા હતા; એટલું જ નહીં પણ છેક ત્રણુસો વરસ પર જેઓ આદર્શ સમાજસ્થિતિનું વર્ણન આપતા હતા તેઓ એ સ્થિતિ ગુલામો વિનાની ચીતરી શકતા નહોતા.

પ્રાચીન કાળમાં, તેમજ મધ્ય યુગમાં પણ, લોકો પ્રામાણિકપણે એમ માનતા કે માણસો સરખા જન્મતા નથી, અને એકલા ઇરાની, એકલા ગ્રીક, એકલા રોમન, કે એકલા ફ્રેંચ એ જ લોકો આદરને પાત્ર છે., પણ હવે કોઈ એ પ્રમાણે માનતું નથી. આજના જમાનામાં અમીરશાહી અને સ્વદેશપ્રેમના સિદ્ધાંતોની ઉત્સાહભેર વકીલાત કરનારાઓ પોતાનાં જ કથનો સાચાં છે એમ માની શકતા નથી.

આપણે સહુ જાણીએ છીએ, ને જાણ્યા વિના રહી શકતા નથી, કે આપણાં હૃદયમાં ઊંડેઊંડે એવી દૃઢ પ્રતીતિ જન્મથી જડાયેલી હોય છે કે ખ્રિસ્તી ધર્મનો જે મૂળભૂત સિદ્ધાંત છે તે સાચો છે. તે સિદ્ધાંત એ છે કે આપણે સહુ — આપણે દરેક જણ — એક પિતાનાં સંતાન છીએ, પછી ભલે આપણે ગમે ત્યાં રહેતા હોઈએ ને ગમે તે ભાષા બોલતા હોઈએ; વળી આપણે સહુ ભાઈ ભાઈ છીએ, અને આપણા સહુના પિતાએ આપણા હૃદયમાં જે પ્રેમધર્મનું બીજ વાવેલું છે તે ધર્મને જ અનુસરવા આપણે બંધાયેલા છીએ.

આપણા જમાનાનો માણસ ગમે તેવા વિચારનો કે ગમે તેટલું શિક્ષણ પામેલો હોય, ગમે તેવા મત ધરાવતો સુશિક્ષિત ઉદારમતવાદી હોય, ગમે તે વાદને માનનારો ફિલસૂફ હોય, વૈજ્ઞાનિક હોય, અનેકમાંથી કોઈ પણ સંપ્રદાયનો અર્થશાસ્ત્રી હોય, કે કોઈ પણ ધર્મનો અશિક્ષિત અનુયાયી હોય — આજના જમાનામાં દરેક જણ જાણે છે કે જીવન અને આર્થિક સંપત્તિની બાબતમાં સહુ માણસને સરખા હક છે; અને કોઈ પણ માણસ તેના માનવબંધુઓથી ઊંચો કે નીચો નથી, પણ માણસમાત્ર સ્વતંત્ર ને સમાન જન્મેલા છે. દરેક માણસના મનમાં આ વસ્તુની જન્મસિદ્ધ પ્રતીતિ હોય છે. અને છતાં તે તેના માનવબંધુઓને બે વર્ગમાં વહેંચાયેલા જુએ છે — એક વર્ગ દારિદ્રય અને દુઃખ ભોગવે છે, વૈતરું કરે છે ને જુલમો સહન કરે છે; બીજો વર્ગ એદી, જુલમી ને વિલાસી છે. તે આ બધું જુએ છે, એટલું જ નહીં પણ, સ્વેચ્છાએ કે અનિચ્છાએ, તે આ વર્ગોમાંથી એક યા બીજામાં ભળે છે — જોકે એમ કરવું એની બુદ્ધિને રુચતું નથી. તેથી, સમાજમાં પ્રવર્તતા વિસંવાદનું તેમજ તેમાંના પોતાના હિસ્સાનું એમ બે જાતનું ભાન તેના અંતરને કોરે છે.

માણસ માલિક હોય કે ગુલામ, આજના જમાનામાં માણસના મનમાં રહેલું, તેના આદર્શ અને ખરેખરી પરિસ્થિતિ વચ્ચેના વિસંવાદનું, આ દુઃખદ ભાન નિરંતર તેના મનને સતાવે છે; અને એ સ્થિતિને લીધે સમાજમાં જે દુઃખ પેદા થાય છે તે પણ તેની નજરે પડયા વિના રહેતું નથી.

આમવર્ગ — એટલે કે માનવજાતિનો મોટો ભાગ — જે કષ્ટ વેઠે છે ને વૈતરું કરે છે, જેનાં જીવતર નિસ્તેજ ને નીરસ હોય છે ને તેમાં પ્રકાશનું એક કિરણ પણ જોવા જડતું નથી, જે પાર વિનાની હાડમારીઓ ભોગવે છે — તે વર્ગના માણસો, જે પરિસ્થિતિ

છે અને જે હોવી જોઈએ એ વચ્ચેનો, માનવજાતિના મોઢે બોલવાના સિદ્ધાંતો અને તેનાં કર્મો વચ્ચેનો, તીવ્ર ભેદ સ્પષ્ટમાં સ્પષ્ટ રૂપે જુએ છે ને સમજે છે.

આ વર્ગના માણસો જાણે છે કે તેઓ ગુલામની પેઠે વૈતરું કરે છે, દારિદ્રયમાં ને અંધારામાં સબડે છે ને મરે છે, અને સમાજના ખોબા જેવડા વર્ગના મોજશોખ માટે સાધનસામગ્રી પૂરી પાડે છે. આ જાણને લીધે જ એ વર્ગના મનની કડવાશ વધે છે; વસ્તુતઃ એ જ એમના દુઃખનું મુખ્ય લક્ષણ છે.

જૂના જમાનામાં ગુલામ જાણતો કે તે જન્મથી ગુલામ છે; પણ આજના જમાનાનો મજૂર તો પોતે ગુલામ છે એમ મનથી અનુભવતો છે છતાં જાણે છે કે તે ગુલામ ન હોવો જોઈએ; અને જે વસ્તુ તેને મળી શકત, એટલું જ નહીં પણ જે મેળવવાનો તેનો ખરેખરો હક છે, તે વસ્તુ માટેની અતૃપ્ત તૃષ્ણાને લીધે તે મનોવેદના ભોગવે છે. મજૂરવર્ગની સ્થિતિમાંના આ વિસંવાદને લીધે તેમને જે કષ્ટ ભોગવવું પડે છે તે, આ વિસંવાદના જ્ઞાનમાંથી સ્વાભાવિકપણે ઊપજતા દ્વેષ અને મત્સરને લીધે, દસગણું વધી પડે છે.

આપણા જમાનાના મજૂરનું કામ પ્રાચીનકાળના ગુલામના વૈતરા કરતાં ઓછું થકવનારું હોય, અને તે રોજના આઠ કલાકના કામની પ્રથા પડાવવામાં ને રોજના સાડાબાર શિલિંગની મજૂરી મેળવવામાં સફળ થાય તોપણ તેની દશા બૂરી જ રહેવાની, કેમકે તે પોતાને માટે કામ કરતો નથી; તે વિલાસી ને એદી લોકોને તૃપ્ત કરવાને, મૂડીવાળાની, મિલમાલિકની, કે કારખાનદારની સંપત્તિ વધારવાને કામ કરે છે. તે જાણે છે કે આ બધું જે દુનિયામાં ચાલે છે તે દુનિયા કેટલાક સિદ્ધાંતોનો સ્વીકાર કરે છે — દા. ત. શ્રમ એ

સંપત્તિ છે; બીજા માણસની પાસે પોતાના ફાયદાને સારુ શ્રમ કરાવવો એમાં અન્યાય છે; ગેરકાયદેસર કામને માટે કાયદાથી સજા થાય છે; અને એ દુનિયામાં લોકો ઈસુ ખ્રિસ્તનો સિદ્ધાંત માનતા હોવાનો પણ દાવો કરે છે. એ સિદ્ધાંત આપણને એમ શીખવે છે કે મનુષ્યમાત્ર ભાઈ ભાઈ છે; અને માણસની ફરજ છે કે પડોશીની સેવા કરવી ને તેની ગરજનો ગેરલાભ ન ઉઠાવવો.

આજના જમાનાનો મજૂર આ બધું સમજે છે. દુનિયામાં જે સ્થિતિ હોવી જોઈએ અને જે ખરેખાત છે એ બેની વચ્ચેના દુ:ખદ વિસંવાદથી તેના મનને દુઃખ થયા વિના ન જ રહે. એ મજૂર પોતાના મનને કહે છે: "મને જગતે સ્વતંત્ર માણસ, બીજા કોઈ પણ માણસનો સમોવડિયો, ગણવો જોઈએ ને મારી પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ; પણ તેને બદલે હું તો ગુલામ છું, ને મારી પ્રત્યે દ્વેષ ને તિરસ્કાર રાખવામાં આવે છે." પછી તેના મનમાં પણ દ્વેષ જાગે છે; અને તે તેની સ્થિતિમાંથી છૂટી જવા, તેના પર જુલમ કરનાર શત્રુને પછાડવા, ને પોતાનું પ્રાબલ્ય જમાવવા, મથે છે.

પેલા લોકો કહે છે: "મજૂર મૂડીદારની જગા લેવા ઇચ્છે, અથવા ગરીબ માણસ તવંગરનો દ્વેષ કરે, એ અનુચિત છે." પણ આ જૂઠી વાત છે. આ જગતમાં જો ઈશ્વરે જ માલિક અને ગુલામના, તવંગર અને ગરીબના ભેદ સરજ્યા હોય, તો મજૂરે કે ગરીબ માણસે તવંગરની જગા લેવાની ઇચ્છા રાખવી અનુચિત ગણાય ખરી. પણ વસ્તુત: એવું નથી. જે જગતમાં તે આ જગા લેવા ઇચ્છે છે તે જગત ઈસુ ખ્રિસ્તનો ઉપદેશ સ્વીકારવાનો દાવો કરે છે; અને એ ઉપદેશનો પ્રથમ સિદ્ધાંત પિતાપુત્રના સંબંધમાં, અને તેથી ભ્રાતૃત્વ અને સમાનતામાં, મૂર્ત રૂપ ધારણ કરે છે. અને માણસો કબૂલ કરવા ગમે તેટલા નારાજ હોય તોપણ તેમને એટલું તો સ્વીકાર્યે જ

છૂટકો છે કે ખ્રિસ્તી જીવનની પ્રથમ શરતોમાંની એક તે પ્રેમ — શબ્દોમાં નહીં પણ કૃતિમાં પ્રગટ થતો પ્રેમ — છે.

સુશિક્ષિત માણસના મનને આ વિસંવાદોના ભાનથી વધારે દુઃખ થાય છે. તે જો કોઈ પણ જાતની શ્રદ્ધા ધરાવતો હોય તો કદાચ તે ભ્રાતૃત્વમાં — ઓછામાં ઓછું ભાવનાગત માનવતામાં — માનતો હોય; ભાવનાગત માનવતામાં નહીં તો ન્યાયના સિદ્ધાંતમાં માનતો હોય; ન્યાયને વિષે નહીં તો વિજ્ઞાનને વિષે આસ્થા ધરાવતો હોય; અને એ બધો વખત તેના મનમાં એ ભાન તો જાગૃત હોય જ કે તેની રહેણી ખ્રિસ્તી ધર્મ, માનવતા, ન્યાય અને વિજ્ઞાનના એકેએક સિદ્ધાંતની વિરોધી છે.

તે જાણે છે કે તે જે રહેણીમાં ઊછરેલો છે, ને જેના ત્યાગથી તેને ઘણી અગવડ વેઠવી પડે, તે રહેણી એક જ રીતે — એટલે કે દલિત મજૂરવર્ગની પાસે તેને થકવી નાંખનારી ને ઘણીવાર તેના પ્રાણ હરનારી મજૂરી કરાવીને જ — ટકાવી શકાય. એટલે કે એને માટે ખ્રિસ્તી ધર્મ, માનવતા, ન્યાય અને રાજકારણના જે સિદ્ધાંતો માનતો હોવાનો પોતે દાવો કરે છે તે સિદ્ધાંતોનો છડેચોક ભંગ કરીને જ એ રહેણી કાયમ રાખી શકાય. તે કહે છે કે "ભ્રાતૃત્વ, માનવતા, ન્યાય અને રાજકારણના સિદ્ધાંતો વિષેની મારી શ્રદ્ધા કાયમ છે." અને છતાં તેના રોજના જીવનવ્યવહારમાં મજૂરવર્ગ પર જુલમ કર્યા વિના ચાલતું નથી. પોતાના સિદ્ધાંતોને કોરે મૂકીને પણ તે, પોતાની મુરાદ બર લાવવા માટે, હમેશાં એવો જુલમ કરે છે. તે આવી ઢબે રહે છે, એટલું જ નહીં પણ પોતાની સર્વ માન્યતાઓથી સાવ ઊલટી એવી પ્રથાને ટકાવી રાખવામાં પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરે છે.

અમે ભાઈભાંડુ છીએ : છતાં દરરોજ સવારે મારો ભાઈ કે મારી બહેન મારે માટે હલકામાં હલકું ગણાતું કામ કરે છે. અમે ભાઈભાંડુ છીએ : છતાં મને મારી સવારની બીડી, મારી ખાંડ, મારો અરીસો વગેરે મળવાં જ જોઈએ—એ ચીજો બનાવતાં મારાં ભાઈ-બહેનોને તેમનાં આરોગ્યનો ભોગ આપવો પડે છે, અને છતાં તે કારણે હું એ ચીજો વાપરવી બંધ કરતો નથી; ઊલટો હું તેની માગણી પણ કરું છું. અમે ભાઈભાંડુ છીએ : અને છતાં હું કોઈ બેંકમાં, વેપારી પેઢીમાં કે દુકાનમાં કામ કરીને મારી આજીવિકા મેળવું છું, અને મારાં ભાઈબહેનોનાં જીવનની જરૂરિયાતો વધારવાનો પ્રયત્ન હમેશાં કરતો રહું છું. અમે ભાઈભાંડુ છીએ: છતાં ચોર કે વેશ્યાના મુકદ્દમા ચલાવવા, તેમને ગુનેગાર ઠરાવવાં ને તેમને સજા કરવી, કરવા વગેરે કામો માટે મને પગાર મળે છે. જોકે તેમની હસ્તી એ મારી પોતાની રહેણીનું સ્વાભાવિક પરિણામ છે, અને હું બરાબર સમજું છું કે મારે એમને ગુનેગાર ઠરાવવાં કે સજા કરવી એ ઉચિત નથી. અમે સહુ ભાઈભાંડુ છીએ : છતાં, તવંગરો વિલાસ ને એદીપણામાં રહી શકે તે માટે, ગરીબો પાસેથી કર ઉઘરાવીને હું મારી આજીવિકા મેળવું છું. અમે ભાઈભાંડુ છીએ : અને છતાં, જેને વિષે મને પોતાને જરાયે આસ્થા નથી એવો, ખ્રિસ્તી કહેવાતો પણ ખરેખર ભળતો જ એવો, ધર્મસિદ્ધાંત ઉપદેશીને હું પગાર મેળવું છું; અને એમ કરીને માણસોને ખરેખરો ખ્રિસ્તી ધર્મસિદ્ધાંત શોધી કાઢતા રોકું છું; જે વસ્તુ લોકોને સારુ અતિ મહત્ત્વની છે તેની બાબતમાં તેમને છેતરવા માટે મને પાદરી કે બિશપ તરીકેનો પગાર મળે છે. અમે ભાઈભાંડુ છીએ : છતાં હું તેમને માટે ચોપડીઓ લખું, તેમને શિક્ષણ આપું, કે તેમને માટે ડાક્ટર તરીકે દવા લખી આપું, તે બધી સેવા માટે તેમની પાસેથી પૈસા લઉં છું. અમે ભાઈભાંડુ છીએ : છતાં હું ખૂની થવાને લાયક બનવા માટે, યુદ્ધની કળા શીખવા માટે, અથવા દારૂગોળા ને શસ્ત્રસરંજામ બનાવવા ને કિલ્લાઓ બાંધવા માટે પગાર મેળવું છું.

આપણા ઉપલા વર્ગોનું આખું જીવન વિસંવાદોથી ભરેલું છે; અને માણસનો સ્વભાવ જેટલો વધારે લાગણીવાળો તેટલું એ વિસંવાદથી તેને વધારે દર્દ થાય છે.

જાગૃત અંતરાત્માવાળો માણસ આવા જીવનમાં મનની શાંતિ જરાયે ન ભોગવી શકે. અંતરાત્માના ઠપકાને તે દબાવી દઈ શકે એમ માનીએ, તોયે પોતાના મનમાં ઊઠતી ભયની લાગણીને તો તે નહીં જ જીતી શકે.

અમલનો દોર ચલાવનારા વર્ગોનાં જે સ્ત્રીપુરુષોએ પોતાનાં હૈયાં કઠણ બનાવી મૂક્યાં છે અને પોતાના અંતરનાદને દબાવી દેવામાં સફળતા મેળવી છે તેમને પણ, બીજા વર્ગોનાં મનમાં તેમને વિષે જે દ્વેષ ઊપજે છે તેની બીકથી, બેચેની ને દુઃખ તો થાય જ છે. એ દ્વેષની લાગણી મજૂરવર્ગનાં મનમાં છે એ તેઓ સારી પેઠે જાણે છે; તેઓ જાણે છે કે એ દ્વેષ કદી શમી શકવાનો નથી; તેઓ એ પણ જાણે છે કે મજૂરોને તેમની જોડે થતી છેતરપિંડીની ને તેમનાં સહેવાં પડતાં દુઃખોની ખબર છે, અને તેમણે એ ધૂંસરી ફગાવી દેવા અને જુલમગારો પર વેર વાળવા પોતાની સંસ્થાઓ શરૂ કરી છે. મજૂરોનાં મહાજનો, હડતાળો, અને પહેલી મેનાં સભા-સરઘસોથી સૂચવાતી આગામી આપત્તિની બીકથી ઉપલા વર્ગોના સુખમાં ઝેર પડી જાય છે. તેમને માથે જે આપત્તિનો ભય ઝઝૂમી રહ્યો છે તેની તેમને જાણ હોવાથી, તેમનો ભય મજૂરોને પડકારવા ને તેમનો દ્વેષ કરવા તરફ વળે છે. તેઓ જાણે છે કે પીડિતો જોડેના આ કલહમાં પોતે જો ક્ષણવાર પણ દોરી ઢીલી મૂકે તો તેમના બાર વાગી જવાના, કેમકે તેમના ગુલામોનાં મનમાં અત્યારે જ કડવાશ ભરેલી હોઈ તે કડવાશ રોજેરોજના જુલમથી વધતી જવાની. જુલમ કરનારાઓ, જોઈ શકતા હોય તોપણ, જુલમ

કરવો બંધ કરી શકવાના નથી. તેઓ સમજે છે કે તેઓ પોતાની કડકાઈ અણુમાત્ર ઓછી કરે કે તેમનું પોતાનું આવી બનવાનું. એટલે તેઓ, મજૂરોના કલ્યાણમાં આઠ કલાકના રોજની પ્રથામાં, સ્ત્રીઓ તથા બાળકોને મજૂરીએ રાખવા પર અંકુશ મૂકવા વિષેના કાયદામાં, મજૂરોને પેનશનો ને ઇનામો આપવાની બાબતમાં પોતાને રસ હોવાનો ડોળ કરે તોપણ, તેમનો જુલમ ચાલુ રાખે છે. મજૂરોના કલ્યાણને વિષે રસ હોવાનો દેખાવ એ તેમનો નર્યો ડોળ હોય છે; અથવા બહુ બહુ તો માલિકની તેના ગુલામને સારી સ્થિતિમાં રાખવાની સ્વાભાવિક ચિંતા હોય છે. પણ ગુલામ તે બધો વખત ગુલામ જ રહે છે; અને માલિક, જે એ ગુલામ વિના જીવી શકતો નથી, તે તેને મુક્ત કરવાને અગાઉના કરતાં ઓછો રાજી હોય છે.

એક માણસે પોતાના વિરોધીને પછાડ્યો છે ને પછી દાબી રાખ્યો છે—દાબી રાખવાનું કારણ એ નથી કે તે વિરોધીને છટકવા દેવા નથી માગતો; તેનું કારણ તો એ છે કે તે જાણે છે કે તે જરાક પણ ઢીલું મૂકે તો પોતાનો જીવ ખોઈ બેસશે, કેમકે પેલો ચોત થયેલો માણસ વીફરેલો છે ને તેના હાથમાં છરો છે. એ વિરોધીને દબાવી રખાવનાર માણસના જેવી જ લગભગ આજના શાસક વર્ગોની સ્થિતિ મજૂરો જોડેના સંબંધમાં થઈ પડેલી છે.

તેથી, આપણા ધનિક વર્ગોના અંતરાત્મા કોમળ હોય કે કઠોર, તેઓ ગરીબો પાસેથી ઝૂંટવી લીધેલા લાભો ભોગવી શકતા. પ્રાચીનો એ ભોગવી શકતા હતા, કેમકે તેમને પોતાની સ્થિતિમાં ન્યાય રહેલો છે એવી ખાતરી હતી. જીવનના સર્વ સુખોપભોગો પશ્ચાત્તાપ કે ભયથી ખારા બની જાય છે.

આવો આપણા જમાનામાં પ્રવર્તતો આર્થિક વિસંવાદ છે. એથી વધારે ચોંકાવનારો વિસંવાદ તે રાજસત્તાની બાબતમાં છે.

માણસને સહુથી પહેલાં રાજ્યના કાયદાઓને માન આપવાની ટેવો પાડવામાં આવે છે. આજના વખતમાં આપણા જીવનના એકએક કામ પર રાજ્યની દેખરેખ હોય છે, અને તેનાં ફરમાનો મુજબ માણસ પરણે છે ને છૂટાછેડા લે છે, બાળકોને ઉછેરે છે, અને કેટલાક દેશોમાં રાજ્ય કહે તે ધર્મ સ્વીકારે છે. ત્યારે માનવજાતિના જીવનનું નિયમન કરનાર આ જે કાયદો, તે શું છે? લોકોને તેના પર આસ્થા છે ખરી? તેઓ એને સાચો માને છે ખરા? જરાયે નહીં. ઘણાખરા દાખલામાં તેઓ એમાં રહેલો અન્યાય જુએ જાણે છે, એ કાયદાને તેઓ ધિક્કારે છે, ને છતાં તેની આગળ શિર ઝુકાવે છે ને તેને અનુસરે છે. પ્રાચીન લોકો પોતાના કાયદાને માન આપતા ને અનુસરતા એ ઉચિત હતું. એ કાયદો મુખ્યત્વે ધર્મપ્રવણ હતો; અને એ એકમાત્ર સાચો કાયદો છે ને તેને સર્વ માણસોએ માન આપવું ને અનુસરવું જોઈએ એમ એ લોકો ખરા દિલથી માનતા. આપણી સ્થિતિ એવી છે ખરી? આપણે તો કબૂલ કર્યે જ છૂટકો છે કે આપણા રાજ્યનો કાયદો તે શાશ્વત કાયદો નથી, પણ ઘણાં રાજ્યોના ઘણા કાયદામાંનો એક છે; એ બધા કાયદા સરખા અપૂર્ણ છે, અને ઘણીવાર તો સાવ જૂઠા ને અન્યાયી હોય છે. વળી આપણા કાયદાનાં સર્વ અંગોની છાપાંઓએ જાહેર રીતે ચર્ચા કરેલી હોય છે. યહૂદીઓ તેમના કાયદાઓને વશ વર્તીને ચાલતા એ ઉચિત હતું, કેમકે એ કાયદા ખુદ ઈશ્વરને જ હાથે લખાયેલા હતા એ વિષે એમના મનમાં કદી અંદેશો ઊપજ્યો નહોતો. અથવા રોમનોને માટે એ ઉચિત હતું, કેમકે તેઓ માનતા કે તેમને પોતાના કાયદા એગેરિયા પરી તરફથી મળેલા હતા. અથવા, પોતાના કાયદા કરનાર રાજ્યકર્તાઓને ઈશ્વરે ગાદી સોંપી હતી, યા ધારાસભાઓ પાસે બને એટલા સારા કાયદા રચવાની

ઇચ્છા ને શક્તિ બને છે, એમ જે લોકો માને તેઓ પોતાના કાયદા-ઓને અનુસરે એ પણ ઉચિત છે. પણ આપણે તો જાણીએ છીએ કે કાયદા પક્ષાપક્ષીના ઝઘડા, જૂઠા વહેવાર, અને ધનપ્રાપ્તિના લોભ-માંથી પેદા થવા પામે છે; તેમાં ખરો ન્યાય હોતો નથી, ને કદી હોઈ શકે પણ નહીં. અને તેથી, મુલકી કે રાજ્યના કાયદાના અનુ-સરણથી માણસની બુદ્ધિ કદી સંતોષ પામી શકશે એમ માનવું આજના જમાનાના માણસોને માટે સર્વથા અશક્ય છે. માણસો ઘણા વખતથી કળી ગયા છે કે જે કાયદાની પ્રામાણિકતા વિષે જ મૂળમાં શંકા છે તેને અનુસરવામાં કશો અર્થ નથી, અને પોતે મનમાં તેની સત્તા વિષે શંકા ધરાવવા છતાં એને વશ વર્તીને ચાલે તો દુઃખ વેઠ્યા વિના છૂટકો નથી. માણસ જે કાયદાઓનાં અન્યાય, ક્રૂરતા ને કૃત્રિમતા દીવા જેવાં જોતો હોય તે કાયદા જો તેના આખા જીવનને બંધનમાં જકડી રાખતા હોય, ને તેની પાસે જો પરાણે, સજાનો ડર બતાવીને, એ કાયદાનું પાલન કરાવવામાં આવતું હોય, તો દુઃખ થાય જ; એ દુઃખ એણે ભોગવ્યે જ છૂટકો.

દાણનાં નાકાં અને આયાતની જકાતના ગેરલાભ આપણે સમજીએ છીએ; છતાં એ લાગા આપણે આપવા પડે છે. રાજદરબાર ને તેના સંખ્યાબંધ અમલદારોને ટેકો આપવામાં બેવકૂફી છે એમ આપણે જોઈએ છીએ; દેવળોમાં અપાતા ઉપદેશની અસર હાનિકારક છે એમ આપણે કબૂલ કરીએ છીએ; છતાં આપણે પરાણે એ બંનેને ટેકો આપવો પડે છે. અદાલતો જે સજાઓ કરે છે તેમાં ક્રૂરતા ને અન્યાય રહેલાં છે એમ પણ આપણે કબૂલ કરીએ છીએ, છતાં આપણે તેમાં આપણો ભાગ ભજવીએ છીએ; જમીનની આજની વહેંચણી ખોટી ને અન્યાયી છે એમ આપણે જાણીએ ને સ્વીકારીએ છીએ; છતાં આપણે તેને તાબે થવું પડે છે. અને લશ્કરો કે લડાઈઓની જરૂર નથી આપણે કહીએ છીએ; છતાં આપણે માથે લશ્કરોને નભાવવાનો ને લડાઈ કરવાનો બોજો લાદવામાં આવે છે.

પણ આથી ઘણો ભારે એક વિસંવાદ આપણી સામે આપણા આંતરરાષ્ટ્રીય સંબંધોના વિષયમાં આવી પડેલો છે; અને તે ઉકેલ માટે પોકારી રહ્યો છે, કેમકે એમાં માણસની બુદ્ધિ ને માણસની જિંદગી બંનેને માથે ભય ને જોખમ ઝઝૂમે છે. એ વિસંવાદ તે ખ્રિસ્તી ધર્મશ્રદ્ધા અને શસ્ત્રયુદ્ધ બેની વચ્ચે પડેલું મહાસાગર જેવડું અંતર છે. એની આગળ ઉપર ગણાવેલા બીજા વિસંવાદો સાવ નજીવા છે.

આપણું, ખ્રિસ્તી પ્રજાઓનું, આધ્યાત્મિક જીવન એક ને અભિન્ન છે. ઊર્ધ્વગામી ને હિતકારક વિચાર દુનિયાના કોઈ પણ ભાગમાંથી, કોઈ પણ જાતિ કે ધર્મમાંથી ઉદ્ભવ્યો હોય તોપણ તે વિચારના જન્મને આપણે વધાવી લઈએ છીએ; આપણે બીજા દેશોના સમાજસેવકો, કવિઓ, ફિલસૂફો ને વૈજ્ઞાનિકોને પણ આદર આપીએ છીએ; ફાધર ડેમિયનની વીરતા આપણે પોતે કરેલી હોય એટલો ગર્વ એને વિષે આપણે ધરાવીએ છીએ; આપણે ફ્રેંચ, જર્મન, અમેરિકન ને અંગ્રેજ લોકોને ચાહીએ છીએ, ને તેમના ગુણોની તારીફ કરીએ છીએ, એટલું જ નહીં પણ તેમની જોડે હેતભરી મિત્રતા બાંધવા તૈયાર થઈએ છીએ; એમની જોડેના યુદ્ધને એક સાહસ ને પરાક્રમ માનતાં આપણને આઘાત ઊપજે; એટલું જ નહિ પણ ભવિષ્યમાં કોક દિવસ કદાચ આપણી વચ્ચે એવો ખટરાગ પેદા થાય ને તે ખુનામરકીથી જ શમે, અને એ અનિવાર્ય હત્યાકાંડમાં આપણામાંના કોકને પણ ભાગ લેવાનું નોતરું આવે એ સંભવિત છે — એ ચિતાર આપણે જ્યારે નજર આગળ ખડો કરીએ છીએ ત્યારે એ કલ્પનાથી આપણે કંપી ઊઠીએ છીએ.

નેપોલિયનની મોટી લડાઈઓમાં રણાંગણ પર ઊતરેલા તેના કરતાં વધારે સૈનિકોનું ખડું લશ્કર અત્યારે યુરોપ કાયમ નભાવે છે.

થોડાક અપવાદો બાદ કરતાં આપણા ખંડના પ્રત્યેક નાગરિકને વરસો સુધી બરાકોમાં રહેવાની ફરજ પાડવામાં આવે છે. કિલ્લાઓ, દારૂ-ગોળાના કોઠારો, મનવારો બાંધવામાં આવે છે, નવાં નવાં શસ્ત્રાસ્ત્રો શોધી કાઢવામાં આવે છે, અને થોડા વખત પછી પાછાં તે રદ કરી નવાં બનાવવામાં આવે છે; કેમકે, વાસ્તવિક રીતે વિજ્ઞાનનો ઉપયોગ હમેશાં મનુષ્યના કલ્યાણની વૃદ્ધિને અર્થે થવો જોઈએ, પણ દુઃખની વાત છે કે તેનો ઉપયોગ આવા કામમાં ન થતાં મનુષ્યના વિનાશને અર્થે થાય છે, અને તે ઓછામાં ઓછા વખતમાં વધારે ને વધારે માણસોનો સંહાર કરવાનાં નિતનવાં સાધનો શોધ્યાં કરે છે.

માનવી સંહારની આ જબરદસ્ત તૈયારીઓ કરવામાં અને લાખો માણસોનાં આ ખડાં લશ્કરોને કાયમ નભાવવામાં જે અબજો રૂબલ, પાઉંડ, ડૉલર વગેરે દર વરસે ખરચાય છે તેટલી રકમોમાં તો જનસમૂહને કેળવણી આપી શકાય, જાહેર સુખાકારીનાં સૌથી અગત્યનાં કામો ચલાવી શકાય, ને એ રીતે સામાજિક સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આણવામાં સારો ફાળો આપી શકાય.

તેથી, આપણે વિજ્ઞાનના ક્ષેત્રમાં આટલા બધા વિજયો મેળવ્યા હોવા છતાં, આ બાબતમાં યુરોપની સ્થિતિ મધ્ય યુગના જંગલીમાં જંગલી જમાનામાં હતી તેના કરતાં તસુભર આગળ વધવા પામી નથી. આજની સ્થિતિ નથી યુદ્ધની, ને નથી શાંતિની; એને વિષે દરેક જણ અફસોસ કરે છે, ને તેમાંથી છૂટવા તલસે છે. અમે શાંતિ ઇચ્છીએ છીએ એમ સરકારોના અધ્યક્ષો જોરશોરથી કહે છે, અને શાંતિની સ્તુતિથી ભરેલાં ભાષણો કરવામાં હોંશે હોંશે એકબીજાની સ્પર્ધા કરે છે; પણ તે પછી લગભગ તરત જ તેઓ શસ્ત્રસરંજામ વધારવાની દરખાસ્તો પોતાની ધારાસભાઓ આગળ રજૂ કરે છે,

અને કહે છે કે આ સાવચેતીનાં પગલાં શાંતિ જાળવી રાખવાને લેવામાં આવે છે.

પણ આપણે જેને માટે ઝંખીએ છીએ તે આ જાતની શાંતિ નથી, અને એનાથી પ્રજાઓ છેતરાતી નથી. સાચી શાંતિ પરસ્પર વિશ્વાસના પાયા પર રચાયેલી હોય છે; પણ આ ભીષણ શસ્ત્રાસ્ત્રો એટલું તો સૂચવે જ છે કે ઓછામાં ઓછો જુદી જુદી પ્રજાઓ વચ્ચે છૂપો અવિશ્વાસ વર્તે છે. કોઈ માણસ, પડોશીને વિષે મિત્રતા બતાવવાની ઇચ્છાથી, તેને અમુક યોજના વિષે વિચાર કરવા નોતરે, અને તે યોજના કહી બતાવતી વખતે તેની સામે ભરેલો તમંચો તાકી રાખે, તો એવા માણસને વિષે આપણે શું કહીએ?

આમ સરકારો એક તરફ શાંતિની ખોળાધરીઓ આપે છે, ને બીજી તરફ ખડાં લશ્કરો કાયમ રાખે છે: એ બેની વચ્ચેના ભીષણ વિસંવાદનો અંત ગમે તે ભોગે લાવવાને સારા નાગરિકો ઇચ્છે છે.

તુર્કી ને રશિયા બાદ કરતાં બાકીના યુરોપમાં દર સાલ ૬૦ હજાર માણસો આપઘાત કરે છે એ જાણીને છક થઈ જવાય છે; અને આ બધા દાખલા પૂરતા પુરાવા સાથે નોંધાયેલા છે. પણ ભારે અજાયબી તો એ સંખ્યા એથી ઓછી હોત તો ગણાત. આ જમાનામાં જે કોઈ માણસ પોતાના મનની પ્રતીતિઓ ને પોતાનાં કાર્યો વચ્ચેનો વિરોધ તપાસી જુએ તેને લાગે કે પોતે મહાવિપત્તિમાં પડેલો છે. આજના જમાનાના માણસના જીવનમાં રહેણી અને મનની પ્રતીતિ એ બેની વચ્ચે જે બીજા ઘણા જ વિસંવાદ છે તે બાજુએ રાખીએ તોપણ, જો એ માણસ યુરોપની લશ્કરી પરિસ્થિતિ, અને પોતે ખ્રિસ્તાનુયાયી હોવાનો યુરોપ તરફથી થતો દાવો, એ બેની સરખામણી

કરી જુએ, તો માણસજાતમાં બુદ્ધિ જેવી કંઈ વસ્તુ હશે કે કેમ એ વિષે તેને અચૂક શંકા પેદા થાય; અને તે પોતાની જિંદગીનો અંત આણીને જંગલી ને ગાંડી દુનિયામાંથી છુટકારો મેળવવા પ્રેરાય.

આ વસ્તુ પૂરેપૂરી કળાય તો માણસ પાગલ બની જાય ને આપઘાત કરવા જ પ્રેરાય; અને આ બનાવ, ખાસ કરીને સૈનિક-વર્ગમાં, ઘણો જ મામૂલી થઈ પડ્યો છે.

એ પરથી આપણે એ પણ સમજી શકીએ છીએ કે માણસો દારૂ, તમાકુ, ગંજીફા, છાપાંનું વાચન, મુસાફરી, ને સર્વ પ્રકારનાં નાટક તમાશા વગેરે જાતજાતનાં વ્યસનોમાં શા સારુ જોરથી ઝંપલાવે છે. આ બધાં મનોરંજનનું સેવન તેઓ પાર વિનાની ધગશથી કરે છે; જાણે એ ગંભીર વ્યવસાયો ન હોય — અને વસ્તુતઃ છે જ. માણસો પાસે જો દિલ બહેલાવવાનાં આ બધાં સાધનો ન હોત તો તેમાંના અડધા તો તરત જ આપઘાત કરત; કેમકે વિસંવાદોથી ભરેલું જીવન જીવવું એ છેક અસહ્ય છે. અને એવી જિંદગી અત્યારે આપણે ઘણાખરા ગાળી રહ્યા છીએ. આપણા મનની જે ઊંડામાં ઊંડી પ્રતીતિઓ છે તેનાથી સાવ ઊલટી આપણી રહેણી-કરણી છે.

અત્યારની જીવનવ્યવસ્થા બદલાવી જ જોઈએ એવું જે ભાન જગતમાં વધતું જાય છે તેને દબાવી દેવાને ઉપલા વર્ગોના સુશિક્ષિત માણસો વધારે ને વધારે પ્રયત્ન કરી રહ્યા છે. બીજી બાજુ જીવન પોતે વિકસતું ને વધારે ને વધારે જટિલ બનતું જાય છે પણ તેના પ્રવાહની દિશા બદલાતી નથી; તેથી મનુષ્યજીવનનું બસૂરાપણું ને દુઃખ વધતાં જાય છે, અને માણસો ઉપર જણાવેલા વિસંવાદની પરાકાષ્ઠાએ પહોંચે છે. આ પરાકાષ્ઠાનું એક દૃષ્ટાંત સાર્વત્રિક ફરજિયાત સૈન્યભરતીમાં મળે છે......

સમાજપ્રાધાન્યનો સિદ્ધાંત, કુટુંબ, કોમ, અને રાજ્યનાં વધતાં જતાં વર્તુળો દ્વારા, વ્યક્તિને ગૌણ બનાવી સમગ્ર માનવજાતિને સર્વોપરિ મહત્ત્વ અર્પે છે.

સમાજપ્રાધાન્યના સિદ્ધાંત અનુસાર એમ મનાય છે કે, દુનિયાના જીવનવ્યવહારમાં સમગ્ર માનવજાતિનું મહત્ત્વ સૌથી વધારે હોવાથી, દરેક વ્યક્તિ એ સમગ્રના હિતને ખાતર સ્વેચ્છાએ પોતાના હિતનો ભોગ આપશે. કુટુંબ અથવા કોમ જેવા અમુક સમૂહોને વિષે વસ્તુતઃ હમેશાં એમ બનતું આવ્યું પણ છે.

સમાજપ્રાધાન્યના હિમાયતીઓ સામાન્યપણે સદાચારની કલ્પનાની જોડે સત્તાની — બીજા શબ્દમાં કહીએ તો હિંસાની — કલ્પનાનો યોગ સાધવાનો પ્રયત્ન કરે છે; પણ એવો સંયોગ સાવ અશક્ય છે.

સદાચારના સિદ્ધાંતની અસરથી માણસની વાસનાઓમાં પરિવર્તન થાય છે, તેથી તે પોતાનું કર્તવ્ય સ્વેચ્છાએ પાળે છે, જે શ્રેય છે તેને જ પ્રેયરૂપે માને છે. જે માણસ સદાચારના સિદ્ધાંતની અસરને વશ થાય છે તેને સદાચારના નિયમોને અનુસરીને ચાલવામાં મજા પડે છે. બીજી બાજુ સત્તા — તેના રૂઢ અર્થમાં — એ બળજબરીનું એક સાધન છે, અને તેના વડે માણસને તેની ઇચ્છાથી ઊલટી રીતે વર્તવાની ફરજ પાડી શકાય છે. જે માણસ સત્તાને વશ થાય છે તે મનમાં આવે તેમ વર્તતો નથી, ને જોરજુલમની આગળ શિર ઝુકાવે છે. માણસને જે કામનો અણગમો હોય તે તેની પાસે પરાણે કરાવવા માટે શારીરિક હિંસાની ધમકી આપવી જોઈએ, અથવા હિંસા વાપરવી જોઈએ — તેની સ્વતંત્રતા છીનવી લેવી જોઈએ, તેને ફટકા મારવા જોઈએ, તેનાં અંગ છેદવાં જોઈએ, અથવા તો તેને આ સજાઓની ધમકી આપવી જોઈએ. સત્તાનું આવું સ્વરૂપ પૂર્વે હતું ને આજે પણ છે.

આ હકીકતો છુપાવવાને, અને સત્તાનો અર્થ આથી જુદો છે એમ બતાવવાને, રાજ્યકર્તાઓ તરફથી તનતોડ ને અવિરત પ્રયાસો થાય છે. છતાં સત્તાનો અર્થ આટલો જ છે — માણસને જેના વડે બાંધીને ઘસડવામાં આવે છે તે દોરડું ને સાંકળ; જેના વડે તેને ફટકારવામાં આવે છે તે ચાબખો; જેના વડે તેનાં હાથ પગ, નાક, કાન ને માથું કાપી નાંખવામાં આવે છે તે છરો કે કુહાડી. સત્તા એટલે આ બધાં કામો અથવા તેની ધમકી. એ પ્રથા નીરો ને જંઘીસખાનના સમયમાં ચાલુ હતી, અને ફ્રાન્સ ને અમેરિકાનાં પ્રજાસત્તાક રાજ્યો જેવી અતિશય ઉદારતાવાળી સરકારોમાં હજુ પણ ચાલુ છે. માણસો સત્તાને તાબે થાય છે તેનું કારણ એટલું જ છે કે તેમને બીક હોય છે કે જો આપણે સામે થઈશું તો આપણા પર ત્રાસ ગુજરશે. કરોનાં ભરણાં અને સાર્વજનિક કર્તવ્યોના પાલન જેવા રાજ્યના તમામ લાગાઓ, દેશનિકાલ, દંડ વગેરેની સજાઓ — જેને માણસ સ્વેચ્છાએ તાબે થતો દેખાય છે — તેનો અમલ હમેશાં શારીરિક સજાની ધમકી આપીને અથવા તેવી સજા ખરેખાત કરીને કરવામાં આવે છે.

શારીરિક હિંસા એ સત્તાનો મૂળ પાયો છે.

રાજ્યની સત્તા જેટલી જૂની થતી જાય છે તેટલા પ્રમાણમાં તેનું સામર્થ્ય વધતું જાય છે. તેમતેમ રાજ્યની સત્તા, ભલે આંતરિક હિંસાને નાબૂદ કરતી હોય, પણ જીવનમાં બીજા અને નવા પ્રકારની હિંસા દાખલ કરે છે, ને તે હિંસાની ઉગ્રતા ઉત્તરોત્તર વધતી જાય છે. સમાજની અંગભૂત વ્યક્તિઓ એકબીજા સામે જે હિંસા કરે છે તેના કરતાં રાજ્યસત્તાની હિંસા ઓછી દેખીતી ને ઓછી ચોંકાવનારી હોય છે એ ખરું; અને એ હિંસાનું મુખ્ય પ્રગટ રૂપ તે કલહ નથી પણ જુલમ છે એ પણ સાચું; છતાં તે હિંસા મોટામાં મોટા પ્રમાણમાં હસ્તી ધરાવે છે એ વિષે કશો જ સંદેહ નથી.

એથી ઊલટું હોઈ શકે પણ નહીં; કેમકે હાથમાં સત્તા આવવાથી માણસો બગડે છે, એટલું જ નહીં પણ રાજ્યકર્તાઓ પોતાની રૈયતને વધારેમાં વધારે નબળી બનાવી મૂકવા હમેશાં મહેનત કરે છે — કેમકે રૈયત જેટલી નબળી તેટલી તેને તાબે રાખવાની મહેનત ઓછી.

તેથી પીડિત પ્રજાની સામે વપરાયેલી હિંસાને તેની પરાકાષ્ઠાએ પહોંચાડવામાં આવે છે; સોનાનાં ઈંડાં મૂકનારી મરઘીને જાનથી મારવાનું બાકી રાખવામાં આવે છે એટલું જ. પણ અમેરિકાના રેડ ઇંડિયનો, ફીજી દ્વીપવાસીઓ કે હબસીઓની પેઠે જો એ મરઘી ઈંડા મૂકતી બંધ થઈ ગઈ હોય તો તેને મારી નાખવામાં આવે છે; એ ક્રિયાની સામે પરગજુ લોકો સાચી લાગણીથી ગમે તેટલા વિરોધો કે ધમપછાડા કરે તેની કશી પરવા કરવામાં આવતી નથી.

આ કથનની સૌથી સચોટ સાબિતી અત્યારે મજૂરવર્ગની સ્થિતિમાંથી મળી રહે છે. એ લોકો ખરેખાત જિતાયેલા ને પરાધીન માણસો છે.

એમની સ્થિતિ હળવી બનાવવાના પ્રયત્નો કરવાનો ગમે તેટલો ડોળ ઉપલા વર્ગો કરતા હોય, છતાં જગતના તમામ મજૂરો પર જરાયે ચસે નહીં એવું જબરદસ્ત જુલમી શાસન ચાલે છે. એ શાસન કહે છે કે તેમની કાયા માંડ ટકી રહે એટલી જ મજૂરી તેમને અપાય, જેથી તેમને ગરજના માર્યા સારું ખાધા વિના વૈતરું કરવું પડે; અને એ વૈતરાનાં ફળ તેમના માલિકો, બીજા શબ્દમાં કહીએ તો તેમના વિજેતાઓ, ભોગવશે.

હમેશાં એમ બનતું આવ્યું છે કે સત્તા લાંબો વખત ચાલુ રહ્યા ને વધ્યા પછી, તેને તાબે થયેલા લોકોને મળવા ઘટતા લાભ મળતા નથી, પણ ઊલટા તેમને થતા ગેરલાભ વધતા જાય છે.

પણ હજુ હમણાં સુધી એ લોકોને આ વાતની ખબર ન હતી, ને તેઓ તો મોટે ભાગે ભોળપણમાં માનતા કે સરકારો તેમના લાભને માટે ને તેમને વિનાશમાંથી બચાવવા માટે રચાયેલી છે. માણસો સરકારો વિના રહી શકે એ વિચાર સેવવામાં પાર વિનાનો અધર્મ રહેલો છે; અને એ વિચારમાંથી તો અરાજકતા જ પેદા થાય ને પારાવાર દુઃખો નીપજે.

અત્યાર લગી સર્વ રાષ્ટ્રોએ વિકાસ પામતાં પામતાં સરકારનું રૂપ ધારણ કર્યું છે, એટલા માટે માનવજાતિનો વિકાસ સદાકાળ એ જ રસ્તે થઈ શકશે, બીજે રસ્તે નહીં — આ વિચાર લોકો ધરાવતા હતા; અને એ વિચાર પર તેઓને અટળક આસ્થા હતી.

અને એ પ્રમાણે સેંકડો જ નહીં પણ હજારો વરસથી ચાલતું આવ્યું છે; અને સરકારોએ, એટલે કે તેમના પ્રતિનિધિઓએ, લોકોમાં આ ભ્રમ ટકાવી રાખવાનો પ્રયત્ન કર્યો છે ને હજુ કરે છે.

લોકો માને છે કે સરકારો બીજાં રાષ્ટ્રો સામે બચાવ કરવાના સાધન તરીકે લશ્કરો વધારે છે; તેઓ ભૂલી જાય છે કે સરકારને લશ્કરની જરૂર પડે છે તે મુખ્યત્વે પોતાની ગુલામ બનાવેલી રૈયતની સામે ખુદ પોતાનું રક્ષણ કરવા માટે.

આ જરૂર હમેશાં પડેલી છે, અને કેળવણી ફેલાતી ગઈ ને જુદી જુદી પ્રજાઓ વચ્ચે વહેવાર વધતો ગયો તેમ એ જરૂર પણ વધતી ગઈ છે; અને અત્યારે, સામ્યવાદી, સમાજવાદી, અરાજકતાવાદી ને મજૂરોની હિલચાલો ચાલી રહી છે એટલા માટે, એ જરૂર અગાઉના કરતાં ઘણી વધી ગઈ છે ને ઘણી વધારે તાત્કાળિક થઈ પડી છે. સરકારો આ વાત સમજે છે, અને પોતાના બચાવનું મુખ્ય સાધન જે લશ્કર તેમાં ઉમેરો કરે છે.

મજૂરની પાસે જમીન નથી, દરેક માણસને જે જન્મસિદ્ધ હક છે તે — એટલે કે જમીનમાંથી પોતાને અને પોતાના કુટુંબને માટે

આજીવિકાનું સાધન પ્રાપ્ત કરવાનો હક — ભોગવવાની છૂટ તેને નથી, તેનું કારણ એ નથી કે લોકો તેનો વિરોધ કરે છે; તેનું કારણ તો એ છે કે આ હક મજૂરોને આપવાનો કે તેમની પાસેથી છીનવી લેવાનો અધિકાર અમુક વ્યક્તિઓને — એટલે કે જમીનદારોને — અપાયેલો હોય છે. અને આ અકુદરતી વ્યવસ્થા લશ્કરને જોરે ટકાવી રાખવામાં આવે છે. મજૂરોએ રળેલી ને બચાવેલી અઢળક ધનસંપત્તિને સાર્વજનિક મિલકત ન ગણતાં અમુક મૂઠીભર માણસોના ઉપભોગની વસ્તુ ગણવામાં આવે છે; અમુક માણસોને મજૂરો પાસેથી કરો ઉઘરાવવાની સત્તા અને એ પૈસાનો મનમાન્યો ઉપયોગ કરવાનો હક આપવામાં આવેલો છે; મજૂરોની હડતાળોને દબાવી દેવામાં આવે છે, ને મૂડીવાળાઓનાં સંગઠનોને ઉત્તેજન આપવામાં આવે છે; અમુક માણસોને ધર્મના ને સાહિત્યના શિક્ષણની બાબતમાં અને બાળ-કેળવણીના વિષયમાં પસંદગી કરવાની છૂટ અપાયેલી છે; અમુક બીજાઓને માણસમાત્રને માનવા પડે એવા કાયદા ઘડવાનો હક અપાયેલો છે, અને તેઓ માણસોનાં જાનમાલ પર પ્રભુત્વ ભોગવે છે — એ બધાનું કારણ એ નથી કે લોકો એ પ્રમાણે ઇચ્છે છે કે એ બધું નૈસર્ગિક ક્રમે એ પ્રમાણે બનવા પામ્યું છે. એનું કારણ તો એ છે કે સરકારો પોતાના તથા રાજ્યકર્તા વર્ગોના લાભને ખાતર એવી વ્યવસ્થા કરવા ઇચ્છે છે; અને આ બધું શારીરિક હિંસાની મદદ વડે કરવામાં આવે છે.

દરેક માણસને જો આ વાતની ખબર નહીં હોય, તો જ્યારે ચાલુ વ્યવસ્થા બદલવાના પ્રયાસો થશે ત્યારે તેને ખબર પડી રહેશે.

તેથી સર્વ સરકારો અને રાજ્યકર્તા વર્ગોને સૌથી વધારે જરૂર લશ્કરની રહે છે. તેનો હેતુ જે જીવનવ્યવસ્થા ટકાવી રાખવાનો હોય છે તે વ્યવસ્થા લોકોની જરૂરિયાતો જોઈને નથી રચવામાં આવી, એટલું જ નહીં પણ ઘણીવાર તેમને હાનિકારક હોય છે, અને તેમાંથી લાભ તો ફક્ત સરકારને અને રાજ્યકર્તા વર્ગોને જ મળે છે......

આપણને કહેવામાં આવે છે કે રાજ્ય આવશ્યક છે તેનાં આટલાં કારણો છેઃ પહેલું એ કે જો રાજ્ય ન હોય તો હિંસા અને દુર્જનોના હુમલામાંથી કોઈ સુરક્ષિત ન રહે; બીજું એ કે રાજ્ય વિના આપણે જંગલી રહી જઈએ, અને આપણી પાસે ધર્મ, નીતિ, કેળવણી, શિક્ષણ, વેપાર, અવરજવરનાં સાધનો એમાંનું કશું, અથવા બીજી કોઈ પણ સામાજિક સંસ્થા ન હોય; અને ત્રીજું એ કે રાજ્ય ન હોય તો પડોશની પ્રજાઓ આપણા પર ચડાઈ કરે એ દહેશત હમેશાં રહે.

આપણને કહેવામાં આવે છે કે “જો રાજ્ય ન હોત તો આપણે સ્વદેશમાં વસતા દુર્જનોનાં હિંસા અને હુમલાના ભોગ થઈ પડત.”

પણ જેમનાં હિંસા અને હુમલાઓમાંથી આપણને સરકાર અને લશ્કર બચાવે છે તે આ દુર્જનો કોણ છે? ત્રણ કે ચાર સૈકાં પર, જ્યારે માણસો પોતાનાં યુદ્ધકળા ને બાહુબળ માટે ગર્વ ધરાવતા, જ્યારે માણસ પોતાના માનવબંધુઓને મારીને પોતાનું શૂરાતન સિદ્ધ કરતો ત્યારે, કદાચ આવા દુર્જનો હસ્તીમાં હશે. તોપણ, એવા કોઈ અત્યારે આપણને દેખાતા નથી. આપણા જમાનાના માણસો હથિયારો વાપરતા નથી તેમ ફેરવતા નથી; અને પડોશીઓ પ્રત્યે હેત અને દયા રાખવાની શાસ્ત્રાજ્ઞા પર આસ્થા રાખીને તેઓ આપણા પોતાના જેટલા જ શાંતિ માટે ને શાંત જીવન માટે તલસે છે. તેથી જે ડાકુઓના આ અસાધારણ વર્ગની સામે આપણે રાજ્યનું રક્ષણ ખોળીએ છીએ તે વર્ગ જ હવે હસ્તી ધરાવતો નથી.

ખરું જોતાં તો આજકાલ એથી ઊલટી જ વાત કહી શકાય; કેમકે જુનવાણી ને નિર્દય સજાની રીતો, તેમનાં કેદખાનાં, ફાંસીઓ ને વધસ્તંભોને લીધે સરકારોની પ્રવૃત્તિ નીતિની અત્યારે પ્રવર્તતી સામાન્ય કક્ષાથી ઘણી હેઠી ઊતરેલી હોઈ, તેનાથી માણસોનું નીતિનું

ધોરણ ઊંચું ચડવાને બદલે નીચું ઊતરવાની વકી રહે છે, અને તેથી એને લીધે ગુનેગારોની સંખ્યા ઘટવાને બદલે વધવાનો સંભવ રહે છે.

એમ કહેવામાં આવે છે કે "રાજ્ય વિના કેળવણી, નીતિ, ધર્મ, આંતરરાષ્ટ્રીય વહેવાર એ કશાને લગતી એક પણ સંસ્થા હસ્તીમાં ન હોત; અવરજવરનાં ને માલ લઈ જવા લાવવાનાં સાધનો પણ ન હોત. રાજ્ય ન હોત તો આપણને સહુને જરૂરી એવાં તંત્રો વિના આપણે ચલાવવું પડત."

આ જાતની દલીલ સૈકાંઓ પહેલાં જ પાયાદાર ગણી શકાત. દુનિયામાં દેશ દેશ વચ્ચે એટલો ઓછો વહેવાર ને એટલાં ઓછાં અવરજવરનાં સાધનો હતાં, અથવા તેઓ વિચારોની ચર્ચા કે આપલે કરવાને એટલા ઓછા ટેવાયેલા હતા, કે રાજ્યની મદદ વિના વેપાર, ઉદ્યોગ, આર્થિક વહેવાર જેવી સહુના હિતને લગતી બાબતોમાં સહમત થઈ શકતા નહોતા — એવો સમય ક્યારેય પણ હશે તોયે અત્યારે તો એવી સ્થિતિ નથી. બહોળો ફેલાવો પામેલાં અવરજવરનાં, લેવડદેવડનાં ને વિચારવિનિમયનાં સાધનોએ આ પરિણામ નિપજાવ્યું છે કે જ્યારે સમાજો, સંમેલનો, સંસ્થાઓ, પરિષદો, વૈજ્ઞાનિક, આર્થિક કે રાજકીય સભાસમિતિઓ સ્થાપવાની માણસને ઇચ્છા થાય ત્યારે તે સરકારોની મદદ વિના સહેજે ચલાવી શકે છે, એટલું જ નહીં પણ મોટા ભાગના દાખલામાં સરકારો એવા ઉદ્દેશોની સિદ્ધિમાં સહાયક કરતાં વિઘ્નકર્તા જ વધારે નીવડે છે.

ગયા સૈકાના અંત પછી માનવજાતિએ ઉપાડેલી લગભગ દરેક પ્રગતિશીલ હિલચાલ પર સરકારે ટાઢું પાણી રેડ્યું છે, એટલું જ નહીં પણ તેમાં અચૂક આડખીલીઓ નાખી છે. શારીરિક સજા, યાતના અને ગુલામીની પ્રથાઓ નાબૂદ કરવાના પ્રયત્નો એ આ

જાતનો દાખલો છે. વર્તમાનપત્રોની સ્વતંત્રતા અને સભાઓ ભરવાની છૂટ મેળવવાના પ્રયત્નો એ બીજો દાખલો છે. વળી રાજ્યની સત્તાઓ અને સરકારો આજકાલ એમાં સહકાર ન આપીને અટકતી નથી; માણસો જે પ્રવૃત્તિ વડે જીવનના નવા પ્રકારો રચવા મથે છે તે પ્રવૃત્તિમાં તેઓ સીધી રીતે અંતરાયો નાખે છે. મજૂરી ને જમીનના પ્રશ્નોના, રાજકીય અને ધાર્મિક સવાલોના ઉકેલને સરકારી સત્તા ઉત્તેજન તો નથી જ આપતી, પણ ઊલટી છડેચોક તેનો વિરોધ કરે છે.

"રાજ્ય અને સરકારની સત્તા ન હોત તો રાષ્ટ્રોને તેમનાં પડોશીઓ જીતીને તાબે કરી લેત."

આ છેલ્લી દલીલનો જવાબ આપવા જેવો છે. એ પોતે જ પોતાનો રદિયો આપી દે છે.

આપણને કહેવામાં આવે છે કે પડોશી રાજ્યો કદાચ આપણને જીતીને તાબે કરે તેની સામે આપણા બચાવને સારુ સરકાર અને તેનું લશ્કર જરૂરનાં છે. પણ બધી સરકારો એકબીજાને વિષે એ જ વાત કહે છે; અને છતાં આપણે જાણીએ છીએ કે યુરોપનું દરેક રાષ્ટ્ર સ્વતંત્રતા ને ભ્રાતૃત્વના એકસરખા સિદ્ધાંતો માનવાનો દાવો કરે છે, અને તેથી કોઈ પણ રાષ્ટ્રને તેના પડોશીની સામે પોતાનો બચાવ કરવાની જરૂર પડવાની નથી. પણ જંગલી લોકો સામે બચાવ કરવો પડે એમ જો કહેવામાં આવે, તો અત્યારે શસ્ત્રસજ્જ છે તેટલા લશ્કરનો સોમો ભાગ એ કામને માટે પૂરતો છે. શસ્ત્રસજ્જ સૈન્યનો વધારો આપણને આપણા પડોશીઓના આક્રમણના ભયમાંથી બચાવી નથી શકતો, એટલું જ નહીં પણ જે આક્રમણને તે વખોડે છે તે આક્રમણ કરવાને માટે તે ઊલટી તે પેલા રાષ્ટ્રને ઉશ્કેરણી કરી આપે છે.

તેથી જે રાજ્યને નામે માણસને તેની શાંતિ, તેની સલામતી ને તેની જિંદગીનો ભોગ આપવાનું કહેવામાં આવે છે તે રાજ્યનું સ્વરૂપ ને તેનો અર્થ કેવાં છે એનો વિચાર કરી જોનાર કોઈ પણ માણસને એમ માન્યા વિના છૂટકો જ ન થાય કે એવા ભોગ આપવા માટે કશું જ વાજબી કારણ હવે રહ્યું નથી...

આજના જમાનાની ખ્રિસ્તી પ્રજાઓના હાલ પેગન યુગની પ્રજાઓના કરતાં જરાયે ઓછા બૂરા નથી. ઘણી બાબતોમાં, ખાસ કરીને જુલમના વિષયમાં, એમની સ્થિતિ અગાઉના કરતાં બગડી છે. અગાઉના પેગન યુગમાં ક્રૂરતા અને ગુલામીનાં બાહ્ય રૂપો અને માણસની અંતરની ભાવના એ બેની વચ્ચે મેળ હતો, અને એ મેળ વખત જતાં વધતો જ ગયો હતો. પણ આજના જમાનામાં તો ક્રૂરતા ને ગુલામીની બાહ્ય સ્થિતિ માણસોનાં અંતરમાં રહેલી ખ્રિસ્તી ભાવનાની સાવ વિરોધી છે, અને એ બે વચ્ચેનો વિરોધ દર વરસે વધારે ને વધારે સ્પષ્ટ રૂપે પ્રગટ થતો જાય છે.

એ વિરોધમાંથી નીપજતાં દુઃખ અને કષ્ટ સાવ નિરર્થક લાગે છે. એ પ્રસૂતિની દીર્ઘ વેદનાના જેવી વસ્તુ છે. નવા જીવના આગમનને માટે બધી તૈયારી થઈ ચૂકેલી છે, ને છતાં નવો જીવ દેખા દેતો નથી.

ઉપરટપકે જોતાં આ સ્થિતિમાંથી છૂટવાનો કંઈ જ ઉપાય દેખાતો નથી. માણસોને, અને તેથી જગતને, ઈશ્વરે જીવનની ઉચ્ચતર કલ્પના સેવવાની શક્તિ આપી છે; અને એ કલ્પનામાં ગમે એટલાં સખત બંધનો તોડી તેના પાશમાંથી માણસને મુક્ત કરવાની શક્તિ રહેલી છે. એમ જો ન હોત તો આજની સ્થિતિમાંથી મુક્તિ મેળવવાનો કંઈ જ ઉપાય ન રહેત એ સાચું છે.

અને આ મુક્તિદાયક કલ્પના તે માણસોને અઢારસો વર્ષ પૂર્વે અપાયેલી ખ્રિસ્તી જીવનની કલ્પના છે.

ખ્રિસ્તી ધર્મ જીવનને જે રીતે સમજતાં શીખવે છે તે રીતે પોતાના જીવનને સમજતાં ને નિહાળતાં માણસે શીખવું જોઈએ; એટલે કે તેણે એમ સમજવું જોઈએ કે તેના ઉપર નથી તેની પોતાની માલિકી, નથી કુટુંબની, નથી રાજ્યની; તેના પર માલિકી તેને આ સૃષ્ટિમાં મોકલનાર ઈશ્વરની જ છે. તેથી તેણે જાણવું જોઈએ કે તેની ફરજ પોતાના વ્યક્તિત્વના નિયમ અનુસાર, તેમજ પોતાના કુટુંબના કે રાજ્યના કાયદા અનુસાર, ચાલવાની નથી; પણ જે સરજનહારે તેને જીવનદાન દીધું તેની જ આણ સ્વીકારવાની ને તેના જ કાયદાને અનુસરવાની છે. જો તે આટલું સમજે તો તેને લાગશે કે તેના પર હવે કોઈ પણ માનવી સત્તાની આણ રહી નથી; અને એ સત્તાને તે વિઘ્નકર્તા કે અંતરાયરૂપ માનતો મટી જશે.

માણસે માત્ર એટલું જ સમજવાની જરૂર છે કે તેના જીવનનો ઉદ્દેશ તે ઈશ્વરના કાયદાનું પાલન કરવાનો છે; એટલે પછી એ કાયદો માણસની નિષ્ઠાને પૂરેપૂરી રોકી લેનારો હોઈ, માનવી કાયદામાત્રનાં સત્તા અને બંધનોને ફોક કરી મૂકશે.

જે પ્રેમધર્મનું બીજ ઈશ્વરે પ્રત્યેક માનવી આત્મામાં વાવેલું છે ને જેનું ઈસુ ખ્રિસ્તે સિંચન કરેલું છે તે પ્રેમધર્મ દેખાડે તે જ રસ્તે માણસમાત્રે ચાલવું જોઈએ, અને એ જ માણસોનો જીવનપંથ ઉજાળનાર પ્રેમળ જ્યોતિ છે, એમ જે ખ્રિસ્તી માને છે તે માનવી સત્તાની તાબેદારીમાંથી છૂટી જાય છે.

જે માણસ ખ્રિસ્તનો અનુયાયી છે તેના ઉપર ભલે ગમે એટલી હિંસાનો ત્રાસ ગુજરે, ભલે તેની સ્વતંત્રતા છીનવી લઈ તેને કેદખાને નાખવામાં આવે, ભલે તે પોતાના વિષયવિકારનો દાસ હોય — જે માણસ પાપ કરે છે તે પાપનો દાસ છે — પણ તેના અંતરાત્માના અવાજનું વિરોધી હોય એવું કામ તેને ધમકી આપીને તેની પાસે

બળાત્કારે તો નહીં જ કરાવી શકાય, કેમકે સામાજિક જીવનકલ્પના ધરાવનાર માણસોનાં મનમાં જે કષ્ટો ને હાડમારીઓનો અતિશય ડર ને થથરાટ હોય છે તેની આ માણસના મન પર કશીજ અસર થવા પામતી નથી. સામાજિક જીવનકલ્પનાનું ધ્યેય ઐહિક સુખચેન છે; એ સુખચેનનો નાશ કરનાર કષ્ટો ને હાડમારીઓ ખ્રિસ્તીએ કલ્પેલા સુખ ઉપર કશો અસર પાડી શકતાં નથી; કેમકે તેના સુખનો આધાર તો એ ભાન ઉપર રહેલો છે કે પોતે ઈશ્વરની ઇચ્છાનો અમલ કરે છે. એટલું જ નહીં પણ એ ઈશ્વરેચ્છાનો અમલ કરવાને માટે તેના પર એ કષ્ટો ને હાડમારીઓ વરસાવવામાં આવે ત્યારે તો કદાચ એથી એના સુખમાં ને એના મનના આનંદમાં ઊલટો વધારો થાય.

એટલે, જે ખ્રિસ્તી ઈશ્વરની, અંતર્યામીની આજ્ઞાને વશ વર્તીને ચાલવાનું વ્રત લે છે તેનો એ ધર્મ થઈ પડે છે કે બહારના કોઈ પણ કાયદાનાં ફરમાન જ્યારે ઈશ્વરના પ્રેમના કાયદાનાં વિરોધી હોય ત્યારે તે ફરમાનનો અમલ ન કરવો. તેનાથી કોઈ પણ માનવી વ્યક્તિની આજ્ઞાને વશ વર્તવાનો ધર્મ સ્વીકારી શકાય જ નહીં. પોતે 'રૈયત' છે એમ કબૂલ રાખી શકાય જ નહીં. કોઈ ખ્રિસ્તી કોઈ પણ સરકારની આણ માનવાનું ને તેને વશ વર્તવાનું વચન આપે — એવું વચન ને એવું આજ્ઞાપાલન કોઈ પણ રાજ્યનો પાયો છે એમ ગણી શકાય — તો તે ખ્રિસ્તી ધર્મનો હડહડતો દ્રોહ કરે છે; કેમકે અમુક લોકો ભવિષ્યમાં ઘડે એવા એકએક કાયદાનું સંપૂર્ણ પાલન કરવાનું વચન અગાઉથી આપી બેસનાર માણસ, એ વચન આપવામાં જ ખ્રિસ્તી ધર્મનો હડહડતો ઇનકાર ને દ્રોહ કરે છે. કેમકે ખ્રિસ્તી ધર્મનું હાર્દ જ એ છે કે જે કાયદો તેને પોતાના અંતરમાં ભાસે છે તે કાયદાનું — એટલે કે પ્રેમના કાયદાનું — જ ફરમાન સર્વ સંજોગોમાં માનવું......

ખ્રિસ્તી જગતની પાસે કોટકિલ્લા, તોપ, દારૂગોળો, બંદૂક, કેદખાનાં, ફાંસીઓ, દેવળો, કારખાનાં, જકાતી નાકાં, અને મહેલો વગેરે અઢળક સાધનસામગ્રી પડેલી છે; તેને લીધે તેની સ્થિતિ મહાભયાનક થઈ પડી છે. પણ કોટકિલ્લા કે તોપ કે બંદૂક પોતાની મેળે લડાઈ કરી શકતાં નથી, કે કેદખાનાં પોતે પોતાનાં બારણાંને તાળાં વાસી શકતાં નથી, કે ફાંસીઓ પોતે કોઈને લટકાવી શકતી નથી, કે દેવળો પોતે માણસોને આડે રસ્તે દોરી શકતાં નથી, કે જકાતનાં નાકાં પોતે દાણ ઉઘરાવી શકતાં નથી, કે મહેલો ને કારખાનાં પોતે પોતાને બાંધી ને ટકાવી શકતાં નથી. આ બધી ક્રિયાઓ માણસો કરે છે. અને પોતે આ કામ કરવાં જ જોઈએ એવું નથી એમ જ્યારે માણસો સમજશે ત્યારે આ ચીજો બનતી અટકી જશે.

માણસો એ સમજવા લાગ્યા પણ છે. બધા હજુ ભલે નહીં સમજતા હોય, પણ બાકીનું જગત જેમને આખરે અનુસરવાનું છે એવા 'શ્રેષ્ઠ' લોકો તો તે સમજી ચૂક્યા જ છે. જે વસ્તુ એકવાર સમજાઈ તે ન સમજાઈ થવાની નથી; અને આ સમજેલા લોકોએ જે રસ્તે પગલાં માંડ્યાં છે તે રસ્તે જનસમૂહ ચાલી શકશે, એટલું જ નહીં પણ તેને ચાલ્યા વિના છૂટકો નથી.

તેથી આ ભવિષ્યવાણી સમજજો: કે એવો કાળ આવવાનો જ છે, જ્યારે સહુ માણસો ઈશ્વરનો બોલ કાને ધરશે, યુદ્ધની કળાઓ ભૂલી જશે, તલવારો ઓગાળીને હળપૂણી બનાવશે, ને ભાલાં ઓગાળીને દાતરડાં બનાવશે — બીજા શબ્દોમાં કહીએ તો, તમામ કેદખાનાં, કોટકિલ્લા, બરાકો, મહેલો, અને દેવળો ખાલીખમ પડી જશે, અને ફાંસીઓ ને તોપો નકામી થઈ પડશે. આ માત્ર મનોરાજ્ય કે ગગનવિહાર નથી. કેવળ કલ્પનાસૃષ્ટિ નથી, પણ એક નવી ને નિશ્ચિત જીવનપ્રણાલિ છે; અને જગત એ પ્રણાલિ તરફ ઉત્તરોત્તર વધતા જતા વેગથી પ્રગતિ કરી રહ્યું છે.

પણ એ કાળ ક્યારે આવશે ?

અઢારસો વરસ પહેલાં ઈસુ ખ્રિસ્તને આ પ્રશ્ન પુછાયેલો; તેના ઉત્તરમાં તેમણે કહેલું કે જ્યારે મનુષ્યનાં દુ:ખોનો પ્યાલો છલોછલ ભરાઈ રહેશે ત્યારે વર્તમાન જગતનો — એટલે કે પેગન ધર્મપ્રણાલીનો — અંત આવશે; અને તે જ વખતે, સાથેસાથે, ઈશ્વરના રાજ્યના શુભ આગમનના — એટલે કે નવી, અર્થાત્ હિંસાના પાયા પર ન રચાયેલી, પ્રણાલીના ઉદયના — શુભ સમાચાર જગતભરમાં ફેલાવવા રહેશે.

પણ સાથે ઈસુએ એમ પણ કહેલું કે "એ દિવસ ને એ ઘડી ક્યારે આવશે એની નથી માણસને ખબર, ને નથી દેવદૂતોને ખબર, પણ માત્ર મારા પિતાને જ ખબર છે. એટલે તમે જોતા રહેજો : કેમકે તમારા પ્રભુની સવારી કઈ ઘડીએ આવશે એની તમને ખબર નથી."

એ ઘડી ક્યારે આવી પહોંચશે ? ઈસુએ કહેલું કે આપણે તે જાણી શકતા નથી. એટલા માટે જ એ રળિયામણી ઘડી આવે ત્યારે તેને વધાવી લેવાને આપણે નિરંતર તૈયાર રહેવું જોઈએ.

આથી બીજો જવાબ હોઈ શકે જ નહીં. ઈશ્વરના રાજ્યની સ્થાપનાનાં દિવસ અને ઘડીની માણસોને ખબર પડી શકતી નથી, કેમકે એ ઘડીનું આગમન માણસોના પોતાના ઉપર જ અવલંબે છે.

આ જવાબ પેલા ડાહ્યા માણસે આપેલા જવાબના જેવો છે. એક મુસાફરે એને પૂછ્યું કે "શહેર હજુ કેટલું છેટું છે ?" તો કહે : "આગળ ચાલ્યા જાઓ !"

માનવજાતિ જે ધ્યેયને પહોંચવા માગે છે તેના તરફ તે કેવી રીતે આગળ વધશે એ જ જ્યાં આપણે જાણતા નથી, ત્યાં તે હજુ એ ધ્યેયથી દૂર છે કે કેમ એની ખબર આપણને કેવી રીતે પડે ?

માનવજાતિ સતત આગળ વધતી રહે છે કે થંભી જાય છે, પોતાની ગતિનો વેગ વધારે છે કે પીછેહઠ કરે છે, એનો આધાર તેની પોતાની મુનસફી પર છે.

આપણે તો એટલું જ જાણી શકીએ કે આપણે, જેઓ માનવજાતિના અંશો છીએ, તેમણે આ ઈશ્વરના રાજ્યની સ્થાપના કરવા માટે શું કરવું જોઈએ કે શું ન કરવું જોઈએ. અને એ તો આપણે સહુ જાણીએ છીએ; કેમકે, જે ઈશ્વરના રાજ્યનું આપણને વચન અપાયેલું છે, ને જેને માટે દરેક મનુષ્યનું હૃદય તલસે છે, તેની સ્થાપના તત્કાળ થાય એટલા માટે દરેક જણે માત્ર પોતાનું કર્તવ્ય કરવા માંડવું ઘટે છે; ને દરેક જણે માત્ર પોતાના અંતરમાં રહેલો પ્રેમળ જ્યોતિ જેમ પ્રેરે ને રસ્તો બતાવે તે પ્રમાણે ચાલવું રહ્યું છે.

(૧૮૯૩)

[ટૉલ્સ્ટૉય અરાજકતાવાદી છે, એટલે કે જગતમાં કોઈ રાજ્ય કે સરકાર જ ન જોઈએ એમ માનનારા છે, એવો વિચાર પ્રચલિત થયો છે; ને તેના પર આક્ષેપો પણ થયા છે. કોઈ પણ સરકારનાં અમુક બૂરાં કામોને વખોડવાં ને તેમાં સુધારો ઇચ્છવો એ એક વસ્તુ; ને દુનિયામાં સરકાર જ ન જોઈએ એમ કહેવું એ બીજી વસ્તુ. ટૉલ્સ્ટૉયના કહેવાનું તાત્પર્ય આ બીજી જાતનું નથી પણ પહેલી જાતનું છે ને સારાં કામો કરનાર સરકારી તન્ત્ર પણ નાબૂદ કરવું એવો તેમનો આગ્રહ નથી, એમ સૂચવનાર એક અગત્યનો ફકરો તેમના લખાણમાંથી નીચે ટાંક્યો છે. — અનુવાદક]

હિંસા કરવાને સારુ રચાયેલા સરકારના તંત્રને નાબૂદ કરવું, એનો અર્થ એવો તો બિલકુલ થતો નથી કે કાયદાઓમાં કે કાયદાની અદાલતોમાં, કે માલમિલકતમાં, કે પોલીસના નિયમોમાં, કે નાણાંને લગતી વ્યવસ્થામાં, કે લોકકેળવણીમાં જે અંશો બુદ્ધિસંમત ને સારા

હોય ને હિંસા પર રચાયેલા ન હોય તેનો નાશ કરવો. ઊલટું, સરકારનું પશુબળ — જેની જરૂર એને પોતાને પોતાની હસ્તી ટકાવી રાખવા સારુ પડે છે તે બળ — નહીં હોય તો વધારે ન્યાયપૂર્ણ ને બુદ્ધિ-સંમત, તથા હિંસાની મદદ વિના ચાલી શકનારી સમાજની રચના સ્થપાવામાં સુગમતા થશે. ન્યાયની અદાલતો, જાહેર જીવન, અને લોકશિક્ષણ એ બધાંની જેટલે અંશે પ્રજાને ખરેખરી જરૂર હશે તેટલે અંશે તે બધાં ટકશે; પણ તે એવા રૂપમાં કે આજની સરકારમાં છે એવાં દૂષણો તેમાં નહીં હોય. જે વસ્તુ બૂરી હતી અને પ્રજાની ઇચ્છાને છૂટથી પ્રગટ થતી રોકતી હતી તે વસ્તુનો જ માત્ર નાશ થશે.

(મે, ૧૯૦૦)

["ટૉલ્સ્ટૉયના વિચારોએ જગદ્વ્યાપી પ્રમાણ પર ઇતિહાસ નિર્માણ કર્યો એ નિર્વિવાદ વસ્તુ છે; તેથી તેમનાં તાત્ત્વિક લખાણોમાં પરસ્પર-વિરોધી વાતો ગમે તેટલી હોય તોયે, તેની ગણના આપણા જમાનાને ઘડનારાં સૌથી મહત્ત્વના બૌદ્ધિક ને સામાજિક બળોમાં સદાકાળ થશે. આજે પણ તે વાંચનાર વ્યક્તિને એમાંથી ઘણું શીખવાનું મળશે. જગતમાં શાંતિસ્થાપનાને માટે મથનાર અને માનવસમૂહો વચ્ચે સંપ અને શાંતિ પ્રવર્તતાં જોવા ઇચ્છનારને શસ્ત્રયુદ્ધની સામે લડવા માટે આ લખાણોના જેવા સમૃદ્ધ ને વ્યવસ્થિત શસ્ત્રભંડાર બીજે ભાગ્યે જ મળશે. અત્યારે સર્વત્ર રાજ્યની પૂજા ચાલવા લાગી છે, અને આપણા વિચાર ને પુરુષાર્થનાં સર્વ ફળ એને જ ચરણે ધરાવવાં જોઈએ એમ મનાય છે. એવે વખતે, રાજ્યને સર્વસ્વ અર્પણ કરવાની આ મૂર્તિપૂજામાં જેઓ ભાગ લેવા ન માગતા હોય તેમને આ લખાણોમાંથી ઘણું બળ મળી રહેશે. ટૉલ્સ્ટૉયે કરેલી આપણા જમાનાની તલસ્પર્શી ટીકામાં દરેક મુત્સદ્દીને, દરેક સમાજશાસ્ત્રીને પયગંબરી દીર્ઘદૃષ્ટિ દેખાઈ આવશે.

આ પ્રભાવશાળી કવિ, જેમણે સહુને માટે વિચાર કરવાની શક્તિ મેળવવા અને પોતાની વાણી વડે જગતમાં ચાલતા અન્યાય સામે યુદ્ધ ચલાવવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે પોતાનો આત્મા વલોવી નાખ્યો, તેમના દૃષ્ટાંતથી દરેક કલાકારને પોરસ ચડવો જોઈએ. એક શ્રેષ્ઠ કોટિનો કલાકાર જ્યારે સદાચારના પણ દૃષ્ટાંતરૂપ બની જાય છે, સર્વોચ્ચ કલાની સાથે શ્રેષ્ઠ નીતિનો સંયોગ પોતાના જીવનમાં સાધી બતાવે છે, અને પોતાની પ્રખ્યાતિને બળે દોર ચલાવવાને બદલે માનવજાતિનો સેવક બને છે, અને નીતિનિયમનું સામ્રાજ્ય સ્થાપવાની પોતાની લડતમાં જગતની સર્વ સત્તા-ઓમાંથી માત્ર એકની જ — એટલે કે પોતાના વિશુદ્ધ, અકલુષિત અંતરાત્માની જ — આણ સ્વીકારે છે, ત્યારે એ ઘટના હમેશાં અદ્ભુત આનંદ આપનારી થઈ પડે છે."

— સ્ટીફન ઝ્વાઈગ]

૧૧

શું કરવું ?

મહિનાએક પર બે જુવાનો મને મળવા આવ્યા હતા. એકે ટોપી અને ખેડૂતના જેવા ગામડી જોડા પહેર્યા હતા, ને બીજાએ એક કાળે ફૅશનમાં ગણાતી કાળી હૅટ અને ફાટેલા બૂટ પહેર્યાં હતાં.

મેં તેમને પૂછ્યું, “ તમે કોણ છો ?” તેમણે કહ્યું, “ અમે મજૂર છીએ. અમે બળવામાં ભાગ લીધો તેથી અમને મોસ્કોની બહાર કાઢી મૂકવામાં આવ્યા છે.” આમ કહેતાં તેમને જે ગર્વ થતો હતો તે સંતાડવાનો પ્રયત્ન તેમણે કર્યો નહીં. અમારા ગામડા આગળ થઈને જતાં તેમને એક જાગીર પર ચોકીદારની નોકરી મળી ગયેલી, પણ ત્યાં મહિનાથીયે ઓછું રહેલા. મને મળવા આવ્યા તેને આગલે દહાડે તેમને રુખસદ આપવામાં આવી હતી. જાગીરદારનો આરોપ એ હતો કે તેમણે બીજા ખેડૂતોને જાગીરની જમીન પરના પાક ભેળાડી દેવાને ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો હતો. આ બે જણે સહેજ સ્મિત સાથે આરોપનો ઇનકાર કર્યો, ને કહ્યું કે “ અમે કોઈને સમજાવવાનો કે ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો નથી. અમે તો એક દહાડો સાંજે ગામડામાં ગયેલા ને લોકો જોડે સહેજ વાતોચીતો કરેલી એટલું જ.”

બંનેએ વિપ્લવવાદી સાહિત્ય વાંચ્યું હતું; ખાસ કરીને એમાંનો જે વધારે હિંમતબાજ હતો તેણે. તેની આંખો કાળી ને ચમકદાર હતી, દાંત સફેદ હતા, ને તે વારંવાર મોઢું મલકાવતો હતો. બંને જણ 'ભાષણિયો', 'શ્રમજીવીઓ', 'સોશિયલ-ડેમોક્રેટ', 'શોષણ' વગેરે શબ્દો ચોપડીઓમાં વાંચેલા તે વેળા કવેળા વાપરતા હતા.

મેં એમને પૂછ્યું: "તમે શું શું વાંચ્યું છે?" એમાંનો જે કાળો હતો તેણે કહ્યું, "મેં ઘણી પત્રિકાઓ વાંચી છે."

"કઈ કઈ?" મેં પૂછ્યું.

"બધી જાતની. દાખલા તરીકે 'જમીન અને સ્વતંત્રતા'."

પછી મેં તેમને પૂછ્યું, "એવી પત્રિકાઓ વિષે તમે શું ધારો છો?"

કાળાએ જવાબ આપ્યો: "એમાં કહેલી વાતો ખરેખર સાચી હોય છે."

"એમાં તમને એટલું બધું સાચું શું લાગ્યું?" મેં પૂછ્યું.

"કેમ, એમાં કહ્યું છે કે અમે જે રીતે જીવીએ છીએ તે રીતે હવે વધારે વખત જીવવું અશક્ય થઈ પડ્યું છે."

"કેમ અશક્ય છે?"

"કેમ? કેમકે અમારી પાસે નથી જમીન ને નથી કામ, અને સરકાર કશા કારણ વિના વગરવિચારે લોકોને કચડે છે."

પછી બંને જણ એકીસાથે બોલતાં મને કહેવા લાગ્યા કે જે લોકોએ કશો ગુનો નહોતો કર્યો તેમને કોઝેક સોલ્જરોએ તેમની જબ્બર ચાબુકો વડે ફટકાર્યા, પોલીસોએ તેમનામાંથી જે હાથ આવ્યા તેને પકડ્યા, ને તેમનાં પોતાનાં ઘરોમાં તેમના પર ગોળી ચલાવવામાં આવી."

મેં કહ્યું કે સશસ્ત્ર બળવો એ બૂરી ચીજ છે ને એમાં નરી

બેવફૂફી છે. એટલે કાળો હસ્યો ને શાંતિથી બોલ્યો : " અમારો મત એથી જુદો છે."

મેં જ્યારે ખૂનમાં રહેલા પાપની અને ઈશ્વરના કાયદાની વાત કરી, ત્યારે તેમણે એકબીજાને આંખનો અણસારો કર્યો ને કાળાએ ભભા ચડાવ્યા.

તેણે પૂછ્યું : " ઈશ્વરનો કાયદો શું એમ કહે છે કે મહેનત-મજૂરી કરનાર લોકોને ચૂસવા ? એ લોકો પણ પહેલાં એમ માનતા, પણ હવે એમને ખબર પડી ગઈ છે, ને એ વસ્તુ હવે ચાલી શકવાની નથી..."

મેં ઘરમાંથી તેમને કેટલીક નાની ચોપડીઓ — મુખ્યત્વે ધાર્મિક વિષયોની — કાઢીને આપી. તેમણે એનાં નામ જોયાં. એમને ચોપડીઓ ગમી લાગી નહીં.

" તમને એ ગમતી લાગતી નથી. ન ગમે તો ન લઈ જશો."

" શા સારુ નહીં ? " કાળાએ કહ્યું. બંનેએ ચોપડીઓ ખીસાંમાં મૂકી ને વિદાય લીધી.

હું કેટલાક વખતથી છાપાં વાંચતો નહોતો; પણ મારા કુટુંબની વાતચીત પરથી, મારા પર આવેલા કાગળો પરથી, અને મળવા આવનાર લોકોનાં વર્ણનો પરથી, રશિયામાં થોડા વખતથી શું ચાલી રહ્યું છે એની મને ખબર હતી. અને મેં છાપાં વાંચ્યાં નહોતાં તેથી જ મને વધારે સારી રીતે સમજાતું હતું કે આપણા સમાજના અને આમલોકોના વિચારમાં થોડા વખતમાં કેટલો ચોંકાવનારો ફેરફાર થઈ રહ્યો છે. એ ફેરફાર તે આ છે : અગાઉ લોકો સરકારને આવશ્યક માનતા; પણ હવે ખોબા જેટલા માણસોને બાદ કરતાં બધા લોકો સરકારની પ્રવૃત્તિને ગુનારૂપ ને અયોગ્ય માનવા લાગ્યા હતા, અને તમામ તોફાનો ને ઉત્પાતોને માટે એકલી સરકારનો જ વાંક કાઢતા

થયા હતા. એ મત ધરાવનારમાં અધ્યાપકો, ટપાલખાતાના અમલદારો, લેખકો, દુકાનદારો, ડાક્ટરો, અને મજૂરો સહુ હતા. દેશમાં પહેલી સ્થપાયેલી ધારાસભા (ડુમા)ને ઝારે વિખેરી નાંખી તેને લીધે એ લાગણીને જોર મળ્યું હતું; અને સરકાર થોડા વખતથી જે કેર વર્તાવી રહી હતી તેને લીધે એ લાગણી ભભૂકીને ભડકો થયો હતો.

મને આની ખબર હતી. પણ આ બે માણસો જોડેની વાતચીતે મારા મન પર ભારે અસર કરી. એકાદ આઘાત થીજવા માંડેલા પ્રવાહીનું એકાએક બરફનું ચોસલું બનાવી દે, તેમ આ વાતચીતથી મારા મન પર પડેલી છાપે અગાઉની એ પ્રકારની બધી છાપોને એકાએક મગજમાં ભેગી કરી, અને તેને એક નિશ્ચિત ને નિઃશંક પ્રતીતિનું ચોકસ રૂપ આપ્યું.

આ બે જણ જોડેની વાતચીત પછી મને દીવા જેવું દેખાયું કે સરકાર વિપ્લવને દાબી દેવા અત્યારે જે કેર વર્તાવી રહી છે તેનાથી વિપ્લવ દબાતો નથી, એટલું જ નહીં પણ ઊલટો વધારે ભડકે છે; અને વિપ્લવની હિલચાલ સરકારની સખતાઈને લીધે મરી ગયેલી અમુક વખત સુધી કદાચ દેખાય, પણ તે નાશ પામતી નથી. ફક્ત અમુક વખત પૂરતી છુપાઈ જાય છે, અને ફરી નવા ને વધેલા જોશથી ફાટી નીકળ્યા વિના રહેવાની નથી. એ અગ્નિ અત્યારે એવી સ્થિતિમાં છે કે એની સાથેના ગમે તેવા સંસર્ગથી તેની ઝાળમાં વધારો જ થવા પામે. મને સ્પષ્ટ સમજાયું કે આનો ઉપાય તો એક જ છે. તે એ કે સરકારે પોતાની ઇચ્છાનો પરાણે અમલ કરાવવાનો પ્રયત્ન સમૂળગો છોડી દેવો; માણસોને ફાંસી દેવાનું ને કેદમાં પૂરવાનું જ નહીં, પણ તેમને દેશનિકાલ કરવાનું, કનડવાનું, ને તેમના પર મનાઈહુકમો કાઢવાનું બધું બંધ કરવું. હેવાન બનેલા માણસો વચ્ચેના આ ભીષણ કલહનો અંત એ જ રીતે લાવી શકાય.

મને દીવા જેવું દેખાયું કે અત્યારે જે ત્રાસ વર્તી રહ્યો છે અને લોકોનાં મનમાં જે અવળાઈ આવતી જાય છે તેનો એકમાત્ર ઉપાય એ છે કે સરકારે પોતાની સત્તા સ્વેચ્છાએ છોડી દેવી. મારી પાકી ખાતરી થઈ કે સરકારને માટે એ સારામાં સારો માર્ગ છે; સાથે મારી એટલી જ પાકી ખાતરી એ પણ થઈ કે હું એવી કંઈ પણ સૂચના કરીશ તો તેને મારા નર્યા ગાંડપણની નિશાની ગણી કાઢવામાં આવશે. અને તેથી, સરકારનો કેર ચાલુ રહેવાથી સ્થિતિ બગડવાની જ છે, સુધરવાની નથી, એવી મારા મનની પાકી ખાતરી થઈ હોવા છતાં, મેં તેને વિષે લખવાનો, કે બોલવાનો સુધ્ધાં, પ્રયત્ન કર્યો નહીં.

એ વાતને મહિનો થવા આવ્યો છે, અને દુર્ભાગ્યે મારી કલ્પનાને વધારે ને વધારે ટેકો મળતો જાય છે. ફાંસીની સજાઓ વધી છે તેમજ ખૂનો ને લૂંટફાટ પણ વધ્યાં છે. આ વાત હું માણસો જોડેની વાતચીતો પરથી તેમજ અવારનવાર છાપાં પર નજર ફેરવી જોઉં છું તે પરથી જાણું છું. હું જોઉં છું કે લોકોના અને સમાજના મનમાં સરકાર પ્રત્યેની કડવાશ વધતી જાય છે.

બે દિવસ પર હું ઘોડે બેસીને ફરવા નીકળ્યો હતો. એક જુવાન હું જતો હતો તે જ દિશામાં ગાડું હાંકી જતો હતો. તેણે જાકીટ અને વિચિત્ર ભૂરી ટોપી પહેર્યાં હતાં. મને જોઈ તે ગાડા પરથી કૂદી પડ્યો ને મારી પાસે આવ્યો.

ઠીંગણો બાંધો, નાની રાતી મૂછ, રોગી ચહેરો, ચાલાકીની ચમક, ભવાં ચડાવેલી આંખો, અને મોઢા પર અસંતોષની છાયા — એવો એ જુવાનનો દેખાવ હતો.

તેણે મારી પાસે ચોપડીઓ માગી, પણ એ મારી જોડે વાતચીત શરૂ કરવાનું બહાનું હતું એ હું કળી ગયો.

મેં તેને પૂછ્યું, " ક્યાંથી આવો છો ? "

તે દૂરના એક ગામડાનો ખેડૂત હતો. એ ગામના કેટલાક માણસોને થોડા વખત પર કેદમાં પૂરવામાં આવ્યા હતા; ને તેમની બૈરીઓ મને મળવા આવી ગઈ હતી.

એ ગામડાથી હું સારી પેઠે વાકેફ હતો. એ ગામડામાં સરકારી મુક્તિપત્રનો અમલ કરવાનું મારે નસીબે આવ્યું હતું.* ત્યાંના બહાદુર ને દેખાવડા ખેડૂતોને જોઈ હંમેશાં મારી આંખ ઠરતી. ત્યાંના વિશેષ પાણીવાળા વિદ્યાર્થીઓ મારી નિશાળમાં આવતા.

જેલમાં પડેલા ખેડૂતોને વિષે મેં આ જુવાનને પૂછ્યું. તેણે મને કહ્યું કે " એ લોકોએ કશો અપરાધ કર્યો નથી છતાં તેમને પકડીને મારવામાં ને જેલમાં પૂરવામાં આવ્યા છે." જે પ્રતીતિ અને નિઃશંકપણું હમણાં હમણાં મેં સહુમાં જોયાં હતાં તે આ વચનો કહેતી વખતે આ જુવાનમાં પણ જોયાં; અને બધો વાંક એકલી સરકારનો જ છે એવો સંપૂર્ણ વિશ્વાસ બીજાંના જેવો આનામાં પણ જોયો.

એ ખેડૂતો પર શાનો આરોપ મૂકવામાં આવ્યો છે તે હું એની પાસે મહામુસીબતે કઢાવી શક્યો.

વાત એવી નીકળી કે એ લોકો 'ભાષણવાળા' હતા, અને સભાઓ ભરતા તેમાં જમીનદારો પાસેથી જમીનો પડાવી લેવાની જરૂર વિષે ભાષણો આપતા.

મેં આ જુવાનને કહ્યું કે જમીનનો ઉપયોગ કરવાનો સહુનો સરખો હક હિંસા વડે પ્રસ્થાપિત ન કરી શકાય.

---

* લશ્કરમાંથી નીકળ્યા પછી ટૉલ્સ્ટૉયે એક જ સરકારી હોદ્દો ભોગવ્યો હતો, અને તે ૧૮૬૧-રમાં ('Arbiter of the Peace'નો) સરકારી લવાદનો મળતો. એ હોદ્દા પર તેમનું કામ પોતાના જિલ્લામાં જમીનદારો અને નવા મુક્ત થયેલા ગુલામોની વચ્ચેના સંબંધની દેખરેખ રાખવાનું ને તેમની વચ્ચે સુલેહસંપ જાળવવાનું હતું.

તેને એ વાત રુચી નહીં.

"શા માટે નહીં ?" તેણે કહ્યું, "અમે સંગઠિત થઈએ એટલી જ વાર."

"તમે કેવી રીતે સંગઠિત થશો ?" મેં પૂછ્યું.

"એ વખત આવ્યે જોયું જશે."

"એટલે બીજો સશસ્ત્ર બળવો થશે ત્યારે, એમ ?"

"એ દુઃખદ વસ્તુ છે, પણ એ કર્યા વિના છૂટકો રહ્યો નથી."

(આવા દાખલામાં હું હમેશાં કહું છું તેમ) મેં કહ્યું કે "બૂરાઈને બૂરાઈ વડે નહીં પણ બૂરાઈનો ત્યાગ કરીને જ જીતી શકાય."

"પણ એ રીતે જીવવું અશક્ય થઈ પડયું છે. અમારી પાસે નથી કામ ને નથી જમીન. ત્યારે અમારું થાય શું ?" તેણે પૂછ્યું, ને મારી સામે તાકીને જોઈ રહ્યો.

મેં કહ્યું: "હું તમારો દાદો થવા જેટલો ઘરડો છું. હું તમારી સાથે વાદવિવાદ નહીં કરું. પણ તમે જુવાન છો, હજુ તમારી જિંદગીની શરૂઆત છે, એટલે તમને એક વાત કહું. સરકાર જે વસ્તુ કરી રહી છે તે જો ખરાબ છે, તો તમે જે કરી રહ્યા છો કે કરવાની તૈયારી કરો છો તે વસ્તુ પણ એટલી જ ખરાબ છે. તમે જુવાન છો, તમારી ટેવો અત્યારે ઘડાઈ રહી છે, એટલે તમારે એક વસ્તુ કરવી જોઈએ — સન્માર્ગે ચાલો, ને પાપમાં પડશો નહીં કે ઈશ્વરની ઇચ્છાનો અનાદર કરશો નહીં."

તેણે અસંતોષથી માથું ધુણાવ્યું ને બોલ્યો :

"દરેક માણસને તેનો પોતાનો ઈશ્વર હોય છે. કરોડો માણસો — તેવા કરોડો ઈશ્વર."

મેં કહ્યું: "છતાં મારી તમને સલાહ છે કે તમે આ વિપ્લવમાં ભાગ લેવો છોડી દો."

"પણ ત્યારે કરવું શું? અમે દુ:ખ વેઠ વેઠ જ કરીએ એ નહીં ચાલી શકે. ત્યારે અમારે શું કરવું?"

મને લાગ્યું કે અમારી વાતચીતમાંથી કશો સાર નહીં નીકળે; અને હું ઘોડાને હાંકવા જતો હતો, પણ એણે મને અટકાવ્યો.

"એક છાપું છે તેનું લવાજમ ભરવાના પૈસા આપ મને આપશો?" તેણે પૂછ્યું.

મેં ના પાડી, અને હું ખેદ ને વિમાસણ કરતો એનાથી છૂટો પડ્યો.

રશિયામાં અત્યારે ઠેરઠેર હજારો બેકાર મિલમજૂરો રખડે છે તેવો એ હતો. એ ખેડૂત હતો ને ગામડામાં રહેતો હતો. એવા ખેડૂતો સેંકડો કે હજારો નહીં પણ લાખોની સંખ્યામાં છે. અને જે વૃત્તિ એનામાં છે તે વૃત્તિનો ચેપ એ ખેડૂતોમાં વધારે ને વધારે ફેલાતો જાય છે.

ઘેર આવ્યો ત્યાં મેં મારા કુટુંબનાં માણસોને ગમગીનીમાં ડૂબી ગયેલાં જોયાં. તેમણે તરત જ આવેલું છાપું વાંચ્યું હતું.

"આજે બીજી બાવીસ ફાંસી દેવાઈ!" મારી દીકરીએ કહ્યું. "બહુ ભયાનક કહેવાય!"

મેં કહ્યું: "ભયાનક જ નહીં, બેવકૂફ પણ."

"પણ કરવું શું? એ માણસો લોકોને લૂંટે ને મારે છતાં એમને સજા કર્યા વિના છોડી તો ન જ દેવાય," હાજર માણસોમાંથી એકે કહ્યું.

"કરવું શું?" આ જ શબ્દો પેલા બે ભટકેલાઓએ અને આજે મળેલા ખેડૂત-વિપ્લવવાદીએ પણ વાપર્યા હતા.

"આ લાંચિયા સરકાર દેશ અને પ્રજા બંનેની પાયમાલી કરી રહી છે. તે એવફૂફીથી જે ત્રાસ વર્તાવે છે તે હવે સહ્યો જતો નથી. અમારે જે સાધનો વાપરવાં પડે છે તેનો અમને ઘણો અણગમો છે; પણ નહીં તો કરવું શું?" એક તરફથી વિપ્લવવાદીઓ કહે છે.

બીજી તરફથી સંરક્ષણવાદીઓ આજની સ્થિતિ ટકાવવા માગનારાઓ, કહે છે: "જાતે મોટાભા બની બેઠેલા ઢોંગી લોકો સત્તા ઝૂંટવી લે, રશિયા પર મનમાની રીતે અમલ ચલાવે, અને તેને અવળે પાટે ચડાવી પાયમાલ કરી નાંખે, એ કેમ સહ્યું જાય? બેશક તેમની સામે જે કામચલાઉ પગલાં લેવાં પડે છે તે દુઃખદ છે, પણ કરવું શું?"

મારી નજીકના લોકો — વિપ્લવવાદીઓ તેમજ સંરક્ષણવાદીઓ; આજનો પેલો ખેડૂત; બૉંબ બહારથી લાવનારા ને બનાવનારા, અને ખૂનો તથા લૂંટફાટ કરનારા પેલા અભાગી વિપ્લવવાદીઓ; અને એટલા જ દયાપાત્ર ને ભાન ભૂલેલા, લશ્કરી અદાલતો સ્થાપનારા, ગોઠવનારા ને ચલાવનારા, અને ગોળીબારો કરનારા ને ફાંસીઓ દેનારા લોકો — એ બધાનો ચિતાર મારી નજર આગળ ખડો થયો. એ સહુ પોતાના મનને મનાવે છે કે પોતે જે કંઈ કરી રહ્યા છે તે જરૂરનું છે, અને સહુ એક જ વાત કહે છે: "કરવું શું?"

શું કરવું? એમ એ સહુ પૂછે છે, પણ તેઓ એ શબ્દો બોલીને પોતાના પંડને એવો પ્રશ્ન નથી પૂછતા કે "મારે શું કરવું જોઈએ?" આ શબ્દો બોલવામાં તેમનો કહેવાનો આશય એ હોય છે કે અમે જે કામ કરી રહ્યા છીએ તે કરવું મૂકી દઈએ તો સહુની આજના કરતાં બહુ બૂરી વલે થવાની.

આમ આ શબ્દોમાં અતિશય ત્રાસજનક ને અનીતિમય કામોનો ખુલાસો ને બચાવ રહેલો છે. પણ એ શબ્દો સાંભળવાને સહુ

એટલા બધા ટેવાઈ ગયેલા છે કે કોઈને એમ પૂછવાનું સૂઝતું નથી કે "શું કરવું એમ પૂછનારાઓ તમે છો કોણ? તમે એવા તે કોણ છો કે તમને બીજાઓનાં ભાવિ નક્કી કરવાની, અને તેને માટે જેને સહુ માણસો — તમે પોતે પણ — અકારાં ને દુષ્ટ માનો છો એવાં કામો કરવાની, તમારી ફરજ લાગે છે? તમે જે સ્થિતિને બદલવા માગો છો તે તમને રુચે એવી રીતે જ બદલાવી જોઈએ, એમ તમે શા પરથી જાણો છો? તમે જે વસ્તુને સારી ને ઉપયોગી માનો છો તેને ખરાબ ને હાનિકારક ગણનારા તમારા જેવા જ ઘણા માણસો પડ્યા છે, એ તમે નથી જાણતા? અને તમે જે કામો કરો છો તેમાંથી તમે ઇચ્છો છો એવાં પરિણામ નીપજશે, એમ તમે શા પરથી કલ્પી લો છો? કેમકે તમે એમ તો ખસૂસ જાણતા હશો કે કામનાં પરિણામ સામાન્ય રીતે ધાર્યાં હોય તેનાથી ઊલટાં નીવડે છે — ખાસ કરીને આખા રાષ્ટ્રના જીવનને લગતી બાબતોમાં. અને એ બધા ઉપરાંત, જે કામ (તમે ઈશ્વરને માનતા હો તો) ઈશ્વરના કાયદાથી ઊલટું છે, અથવા (તમે સમાજમાં પ્રચલિત નીતિનિયમો સિવાય કશાને ન માનતા હો તો) સાર્વત્રિક પ્રચાર પામેલા નીતિનિયમોથી ઊલટું છે, તે કામ કરવાનો તમને શો હક છે? સાવ સાદાં ને નિર્વિવાદ એવાં જે માનવી કર્તવ્યો છે, ને જેનો તમારાં વિપ્લવવાદી કે સરકારી કામો જોડે કંઈ મેળ ખાય એમ નથી, તે કર્તવ્યોમાંથી તમે પોતાને મુક્ત થઈ ગયેલા માનો છો તે કયા હકથી?

'કરવું શું?' એ તમારો પ્રશ્ન જો ખરેખર પ્રશ્નરૂપે હોય ને બચાવરૂપે ન હોય, અને તમારે એ તમારા પંડને પૂછવો જોઈએ તેમ જો તમે પૂછતા હો, તો એનો સાવ સ્પષ્ટ ને સાદો જવાબ તમને આપોઆપ સૂઝી જાય. એ જવાબ આ છે: ઝાર, ગવર્નર, પોલીસ અમલદારો, ડુમા, કે કોઈ રાજકીય પક્ષ તમારી પાસેથી જે કામ કરાવવા માગે તે તમારે ન કરવાં; પણ જે કામ તમને જગતમાં

મોકલનાર શક્તિ — જે શક્તિને લોકો ઈશ્વર કહેવા ટેવાયેલા છે તે — તમારી પાસે કરાવવા માગે એવાં જ કામ કરવાં. ”

અને ' કરવું શું ? ' એ સવાલનો આ જવાબ અપાય કે તરત જ માણસોનાં મનમાંથી બેવકૂફીનું, ગુના કરાવનારું, ધૂમસ વિખેરાઈ જાય છે. એ ધૂમસની અસરને લીધે માણસો, કંઈક કારણસર, એમ કલ્પી લે છે કે કરોડોનાં ભાવિ નક્કી કરવાની અને એ કરોડોના શંકાસ્પદ લાભને ખાતર અચૂક ને સ્પષ્ટપણે તેમને આફતમાં ઉતારનારાં કામો કરવાની ફરજ ઈશ્વરે તેમને પોતાને માથે નાખેલી છે. પણ, વાસ્તવિક રીતે, આમ માનનારા લોકો સૌથી વધારે ગૂંચવાડામાં પડેલા ને જીવનને સાચે રસ્તેથી સાવ આડા ચડી ગયેલા હોય છે.

જગતમાં એવો એક સામાન્ય કાયદો છે જેને સહુ સમજદાર માણસો સ્વીકારે છે, અને જેને સામાજિક પ્રણાલિકાએ, સર્વ રાષ્ટ્રોના સર્વ ધર્મોએ, તથા સાચા વિજ્ઞાને સંમતિ આપેલી હોય છે. આ કાયદો એ છે કે માણસોએ, પોતાનું ઈશ્વરનિર્મિત કર્તવ્ય પાળવા ને પોતાનું સર્વોત્તમ શ્રેય સાધવા માટે, એકબીજાને મદદ કરવી જોઈએ, એકબીજા પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ, અને ગમે તે સ્થિતિમાં એકબીજાનાં સ્વાતંત્ર્ય ને જીવ પર હુમલો ન કરવો જોઈએ. છતાં વિચિત્ર વાત એ છે કે આપણને બેધડકપણે એમ કહેનારા લોકો પડ્યા છે કે આ કાયદાને અનુસરવાની જરાયે જરૂર નથી; જીવનમાં એવા પ્રસંગો આવે છે જ્યારે માણસોને એથી ઊલટા વર્તવાની છૂટ છે ને તેમણે વર્તવું જોઈએ; અને આખી માનવજાતિને લાગુ પડનારા બુદ્ધિગ્રાહ્ય, સર્વોત્તમ કાયદાના પાલનથી સધાય એનાં કરતાં એ શાશ્વત કાયદાનાં આવાં ઉલ્લંઘનોથી વ્યક્તિઓ તેમજ સમાજો બંનેનું વધારે કલ્યાણ સધાશે.

એક વિશાળ ને અનેક શાખાઓવાળા કારખાનાના મજૂરોને તેમણે શું કરવું ને શું ન કરવું એ વિષે સ્પષ્ટ સૂચનાઓ મળેલી છે, ને તે પ્રમાણે વર્તવાની તેમણે હા પાડેલી છે—જેથી કરીને કારખાનાનું કામ સારું ચાલે ને તેમનું પોતાનું હિત સધાય. પણ કારખાનું શું પેદા કરે છે ને કેવી રીતે પેદા કરે છે એનો જેમને કશો ખ્યાલ નથી એવા લોકો આવી ચડે છે, અને તેઓ મજૂરોને સિસકારીને કહે છે કે "કારખાનું બરાબર ચાલે ને મજૂરોને વધારેમાં વધારે લાભ મળે તે માટે તમારે માલિકના હુકમ પ્રમાણે કામ કરતા મટી જવું, ને એથી સાવ ઊલટું જ કામ કરવું."

માનવજાતિની એકંદર પ્રવૃત્તિમાંથી નીપજનારાં બધાં પરિણામોની કશી ગમ આ લોકોને ન પડતી હોવા છતાં તેઓ જે કામ કરે છે તે ઉપર વર્ણવ્યું તેવું જ નથી ? જે શાશ્વત કાયદાઓ આખી માનવજાતિમાં પ્રચલિત છે, જેને માનવી બુદ્ધિએ કબૂલ રાખેલા છે, અને જે માનવજાતિની અનેકવિધ પ્રવૃત્તિની સફળતા માટે તથા તેની અંગભૂત વ્યક્તિઓના લાભને સારુ ઘડાયેલા છે, તે કાયદાઓને આ માણસો અનુસરતા નથી; એટલું જ નહિ પણ તેમનામાંના જ કેટલાક ઉપજાવી કાઢેલા એકપક્ષી, અલ્પજીવી ઉદ્દેશોની સિદ્ધિને ખાતર તેઓ આ કાયદાઓનો સીધી રીતે ને જાણીબૂજીને ભંગ કરે છે. આવા માણસો સામાન્ય રીતે સૌથી વધારે ભૂલો કરનારા હોય છે; અને આ પ્રકારનો ભંગ કરવામાં તેમનો ખ્યાલ એ હોય છે કે, મનુષ્યમાત્રને લાગુ પડનારા ને મનુષ્યસ્વભાવને સુસંગત એવા પેલા શાશ્વત કાયદાને અનુસરવા કરતાં, તેનો ભંગ કરવાથી વધારે લાભ થશે. પણ તેઓ ભૂલી જાય છે કે બીજા કેટલાક લોકો એથી સાવ ઊલટો ખ્યાલ ધરાવે છે.

હું જાણું છું કે જે માણસોનાં મનને રાજકીય ઘેલછાનો પેલો રોગ વળગેલો છે તેમને 'શું કરવું ?' એ પ્રશ્નનો જે સીધોસાદો જવાબ છે તે તરંગી ને અવહેવારુ જણાશે. એ જવાબ તેમને કહે છે કે સમગ્ર

માનવજાતિને લાગુ પડનારા ઊંચામાં ઊંચા કાયદાને — પ્રેમધર્મને — તમારે અનુસરવું. જે જવાબ તેમને વહેવારુ લાગશે તે તેમને એવી સલાહ આપશે કે જે માણુસોને પોતાનાં કામોના પરિણામ વિષે કશી સમજ નથી, ને આપણે કલાક પછી જીવતા હઈશું કે નહીં એ જેઓ જાણુતા નથી, પણુ દરેક ખૂન ને દરેક હિંસક કૃત્ય ભૂંડું છે એમ જેઓ સારી રીતે જાણે છે, તે માણુસોએ, પોતાના મનમાં આવી સ્પષ્ટ જાણુ છતાં, પોતે બીજા લોકોનું ભાવિ કલ્યાણુ સાધે છે એમ મનસ્વીપણે માની લેવું; અને હમેશાં એમ જ વર્તવું જાણે તેમને અચૂક ખબર હોય કે તેમનાં કામનાં શાં પરિણામ આવશે, જાણે તેઓ એમ ન જાણુતા હોય કે લોકોના જીવ લેવા ને તેમનાં શરીરને ત્રાસ આપવો એ ભૂંડું છે, પણુ જાણે એટલું જ જાણુતા હોય કે અમુક રાજવંશ કે અમુક બંધારણુ સારાં છે.

જેમનાં મનને રાજકીય ઘેલછાનો આવો રોગ વળગેલો છે તેમાંના ઘણાની આવી દશા થશે. પણુ હું માનું છું કે આવા રોગથી પીડાતા માણુસોએ ગુજારેલા ત્રાસ ને અત્યાચારોથી જે લોકો પીડાય છે તેઓ આખરે સમજશે કે માણુસે બીજા માણુસો પર બળાત્કાર ને જોરજુલમ કરવાને વાપરેલી સત્તાને યોગ્ય અને લાભદાયક માનનારા લોકો મહાભ્રમણુામાં પડેલા છે. અને આટલી સમજ પડયા પછી એ લોકો જોઈ શકશે કે બળાત્કાર ને જોરજુલમ કરનારી સત્તામાં ભાગ લેવો યા તેને તાબે થવું તેમાં ગાંડપણુ અને દુષ્ટતા છે. આવી રીતે તેમની આંખ ઊઘડયા પછી તેઓ એ ગાંડપણુ ને દુષ્ટતામાંથી સદાને માટે મુક્તિ મેળવશે. તેઓ સમજશે કે દરેક માણુસે એક વસ્તુ કરવી ઘટે છે — એટલે કે બુદ્ધિસંમત ને મંગલકારી એવું જે આદિકારણુ છે, જેને માણુસો ઈશ્વર કહે છે, ને જેની આજ્ઞાનું જ્ઞાન કોઈ પણુ બુદ્ધિવાળા માણુસને થયા વિના ન જ રહે, તે ઈશ્વરની જ આજ્ઞા સ્વીકારવી ને તે ફરમાવે એવાં જ કામો કરવાં.

હું ચોક્કસ માનું છું કે તમામ માણસો જો પ્રધાનો, પોલીસો, પ્રમુખો, અને અનેક લડાયક કે બિનલડાયક પક્ષના સભ્યો તરીકેનાં પોતાનાં પદ ભૂલી જાય, અને જે કામ કરવાં તેમને દરેકને માટે મનુષ્ય તરીકે સ્વાભાવિક ને કુદરતી હોય એવાં જ કામ કરે — તો માણસના (અને ખાસ કરીને રશિયન પ્રજાના) જીવનમાં આજે જે ત્રાસ ને દુ:ખ ઊભરાયાં છે તે શમી જાય, એટલું જ નહીં પણ ઈશ્વરનું રાજ્ય આ ધરણી પર સ્થપાવા પામે.

આવી રીતે વર્તનારા માણસો જેટલા વધારે નીકળે તેટલો જગતમાં દુરાચાર ઓછો થાય, અને સુવ્યવસ્થા ને સમાજહિત વધારે સધાવા પામે.

(ઑક્ટોબર ૧૯૦૬)

૧૨

એક હિંદુને પત્ર

[હિંદની પરાધીનતા — તેનાં કારણ અને ઉપાય]

(ગાંધીજીની પ્રસ્તાવના સાથે)

પ્રસ્તાવના

નીચેનો કાગળ, 'ફ્રી હિંદુસ્તાન' પત્રના તંત્રીએ લખેલા એક પત્રના જવાબમાં ટૉલ્સ્ટૉયે રશિયન ભાષામાં લખેલા કાગળનો તરજુમો છે. આ કાગળ અનેક જણના હાથમાંથી પસાર થયા પછી છેવટે એક મિત્રની મારફતે મારા હાથમાં આવ્યો. એ મિત્ર ટૉલ્સ્ટૉયનાં લખાણોમાં ઊંડો રસ ધરાવતા હોઈ તેમણે મને પૂછ્યું: "તમને આ પ્રસિદ્ધ કરવા જેવો લાગે છે?" મેં તરત જ હા પાડી, અને કહ્યું કે હું જાતે એનો ગુજરાતી તરજુમો કરીશ, અને હિંદની અનેક ભાષાઓમાં તેના તરજુમા કરી પ્રસિદ્ધ કરવા બીજાઓને સમજાવીશ.

જે કાગળ મારી પાસે આવ્યો તે ટાઈપ કરેલી નકલ હતી. તેથી મેં તે લેખકને મોકલી તપાસ કરી. તેમણે લખ્યું કે એ તેમનો લખેલો છે; અને એ છાપવાની પરવાનગી પણ તેમણે મને આપી.

હું એ મહાન ગુરુનો એક નમ્ર અનુયાયી છું, અને એમને મેં લાંબા વખતથી મારા માર્ગદર્શકોમાંના એક માન્યા છે; એટલે એમના કાગળના — ખાસ કરીને અત્યારે જગતની આગળ રજૂ થતા આના જેવા કાગળના — પ્રકાશનની સાથે મારો સંબંધ હોય એમાં હું માન સમજું છું.

દરેક હિન્દીના મનમાં, તે કબૂલ કરે કે નહીં તોપણ, પોતાના દેશને વિષે ઊંચી આકાંક્ષાઓ રહેલી છે એમ કહેવું સાવ સાચું છે. પણ એ આકાંક્ષાનો અર્થ શો છે તેને વિષે, અને વિશેષે કરીને એ ધ્યેય પ્રાપ્ત કરવા સારુ કેવી રીતે કામ કરવું તેને વિષે, જેટલા હિંદી રાષ્ટ્રવાદી તેટલા મત છે.

એ ધ્યેય પ્રાપ્ત કરવાની એક પ્રચલિત ને જૂની રીત તે હિંસાની છે. સર કરઝન વાઈલીનું ખૂન એ રીતના બૂરામાં બૂરા અને નિંદ્યમાં નિંદ્ય રૂપનું એક ઉદાહરણ હતું. જુલમ અટકાવવાને યા સુધારો કરાવવાને હિંસા-પદ્ધતિનો ત્યાગ કરવો, ને તેની સાથે બૂરાઈ સામે અપ્રતિકારની રીત દાખલ કરવી, એ ધ્યેયને ટોલ્સ્ટોયનું જીવન અર્પણ થયેલું છે. હિંસામાં રહેલા દ્વેષનો સામનો કષ્ટસહનમાં રહેલા પ્રેમથી કરવાનો ઉપદેશ તેઓ આપે છે. પ્રેમના આ મહાન અને દૈવી નિયમને મોળો પાડનારો એક પણ અપવાદ તેઓ કબૂલ રાખતા નથી. માનવજાતિને પીડી રહેલા સર્વ પ્રશ્નોને તેઓ એ નિયમ લાગુ પાડે છે.

ટોલ્સ્ટોય પાશ્ચાત્ય જગતના એક પ્રખરમાં પ્રખર વિચારક છે, એક મોટામાં મોટા લેખક છે, અને હિંસા કેવી હોય છે ને તે શું કરી શકે છે તેની જાતમાહિતી તેમણે સૈનિક તરીકે મેળવી છે. એમના જેવા માણસ જ્યારે આધુનિક વિજ્ઞાન (જેને 'વિજ્ઞાન' એ નામ ખોટી રીતે અપાયેલું છે)ના નિયમને આંખ મીંચીને અનુસરવા માટે જપાનને વખોડી કાઢે, અને એ દેશને માથે 'ભારેમાં ભારે આફતો' આવી પડવાનો ભય રાખે, ત્યારે આપણે થંભી જઈને વિચાર કરવો ઘટે છે કે અંગ્રેજી અમલ સામેની અધીરાઈને લીધે આપણે એક બૂરાઈને સ્થાને બીજી ને વધારે ખરાબ બૂરાઈ તો નથી મૂકવા માગતા? ભારતવર્ષ એ જગતના સર્વ મહાધર્મોની ધાત્રી છે. એ જ્યારે સુધારાની ક્રિયામાંથી પસાર થશે, અને એ ક્રિયાને અંગે આ પવિત્ર ભૂમિમાં બંદૂકોનાં કારખાનાં અને ભૂંડો ઉદ્યોગવાદ — જેણે યુરોપની પ્રજાઓને ગુલામીની દશાએ પહોંચાડી છે, અને માનવજાતિને વારસામાં મળેલી ઉત્તમોત્તમ વૃત્તિઓને એ પ્રજાઓનાં મનમાંથી લગભગ

નિર્મૂળ કરી નાંખી છે — તે દાખલ થશે, ત્યારે ભારતવર્ષ ભલે બીજું ગમે તે રૂપ ધારણ કરે, પણ શાહીવાદી તો નહીં જ રહે.

આપણને હિંદુસ્તાનમાં અંગ્રેજો ન જોઈતા હોય તો તેને માટે આપણે કિંમત આપવી જોઈએ. એ કિંમત શી તે ટોલ્સ્ટોયે બતાવ્યું છે. યાસનાયા પોલિયાનાના એ ઋષિવર ઊંડી ધગશથી કહે છે: "તમે દુષ્કર્મ કરનારનો પ્રતિકાર ન કરશો; પણ સાથે તમે એ દુષ્કર્મમાં — ન્યાયની અદાલતોનો વહીવટ, કરોની ઉઘરાણી, અને સૌથી અગત્યની વસ્તુ તે સૈનિકદળ, એ કશામાં — ભાગ ન લેશો; તો જગતમાં કોઈ તમને ગુલામ નહીં બનાવી શકે." વળી તેઓ કહે છે: "એક વેપારી કંપનીએ વીસ કરોડની પ્રજાને ગુલામ બનાવી. કોઈ વહેમ વિનાના માણસને આ વાત કહો, તો એ શબ્દોનો અર્થ તે સમજી નહીં શકે. ત્રીસ હજાર માણસોએ — તે પણ પહેલવાન નહીં, પણ નબળા ને સાધારણ માણસોએ — વીસ કરોડ બળવાન, ચતુર, સમર્થ અને સ્વાતંત્ર્યપ્રિય લોકોને ગુલામ બનાવ્યા છે, એનો અર્થ શો? એ આંકડા શું સ્પષ્ટપણે નથી બતાવતા કે હિંદીઓને અંગ્રેજોએ ગુલામ નથી બનાવ્યા પણ તેઓ હાથે કરીને ગુલામ બન્યા છે?" આ વચનોમાં રહેલા સત્યને વિષે કોણ શંકા ઉઠાવી શકે?

ટોલ્સ્ટોયે ચાલુ પ્રથાની જે ઝાટકણી કાઢી છે તેનું કેંદ્રવર્તી સત્ય સમજવા માટે, તેઓ કહે છે એ બધું સ્વીકારવાની જરૂર નથી — એમણે આપેલી કેટલીક હકીકતો ખરી નથી. એમના કહેવાનો સારાંશ એ છે કે આત્મા શરીર પર, અને પ્રેમ — જે આત્માનો ગુણ છે — તે આપણાં હૃદયમાં દુર્વિકારો જાગવાથી પેદા થયેલા પશુબળ કે શરીરબળ પર, અમોઘ સત્તા ધરાવે છે.

ટોલ્સ્ટોય જે ઉપદેશ કરે છે તેમાં કશું નવું નથી એ નિઃશંક વાત છે. પણ જૂના સત્યનું એમણે જે નિરૂપણ કર્યું છે તે તાજું લાગે છે, ને હૃદયમાં સોંસરું પેસી જઈ તેના પર ઊંડી અસર કરે છે. તેઓ ઉપદેશ કરે છે તે પોતાનું કહેવું બીજાઓને ગળે ઉતારવા માટે. તેમની ધગશ સાચી છે ને તેમનો નિર્ધાર અડગ છે. તેમનો ઉપદેશ આપણે કાને ધરવો ને અંતરમાં ઉતારવો ઘટે છે.

મોહનદાસ કરમચંદ ગાંધી

(૧૯મી નવેંબર, ૧૯૦૯)

ટૉલ્સ્ટૉયનો પત્ર*

૧

તમારો કાગળ અને તમારા સામયિકના બે અંકો મને મળ્યા છે. બંને વાંચતાં મને બહુ જ રસ પડ્યો છે. એક મોટો સમૂહ નાના સમૂહ પર જુલમ ગુજારે છે ત્યારે તેમાંથી જે અધઃપતન અનિવાર્યપણે નીપજે છે એ વિષયના અભ્યાસમાં મને હમેશાં રસ પડતો, અને થોડા વખતથી તો ઘણો વિશેષ રસ પડે છે. એ વિષય વિષે સામાન્યપણે, અને જે ભીષણ દુઃખોને વિષે તમે તમારા કાગળમાં તેમજ તમે મોકલેલા હિંદુ સામયિકમાં લખ્યું છે તે દુઃખો જે કારણોને લીધે નીપજ્યાં છે ને હજુ નીપજવાં ચાલુ છે તે કારણોને વિષે વિશેષે કરીને, મારા શા વિચારો છે તે તમને ટૂંકામાં સમજાવવાનો પ્રયત્ન હું કરીશ.

શ્રમજીવી મજૂરોનો મોટો વર્ગ ખોબા જેટલા એદી લોકોને તાબે રહે છે, અને આ લોકો મજૂરોની મજૂરી પર જ નહીં પણ તેમનાં જીવન પર પણ અંકુશ ધરાવે છે, એ હકીકત અચંબો પમાડનારી છે. એમ બનવાનું કારણ સદા સર્વત્ર એક જ છે — પછી ભલે જાલિમો અને પીડિતો એક જ જાતિના હોય, અથવા, હિંદુસ્તાનમાં ને બીજે છે તેમ, જાલિમો જુદી પ્રજાના હોય.

આ ઘટના હિંદુસ્તાનમાં વિશેષ વિચિત્ર લાગે છે, કેમકે ત્યાં શરીર અને મનની ભારે શક્તિ ધરાવનારા વીસ કરોડ લોકો વિચારમાં તેમનાથી સર્વથા ભિન્ન, અને નીતિધર્મમાં તેમનાથી અતિશય ઊતરતા, એવા લોકોના એક નાના સમૂહની સત્તાને તાબે પડેલા છે.

* આમાં ટૉલ્સ્ટૉયે આપેલાં કેટલાંક લાંબાં અવતરણો આ અનુવાદમાં છોડી દીધેલાં છે.

તમારા કાગળ પરથી, 'ફ્રી હિંદુસ્તાન'માંના તમારા લેખો પરથી, અને હિંદુ સ્વામી વિવેકાનંદનાં અને બીજાનાં અતિશય રસિક લખાણો પરથી, મને એક વસ્તુ સ્પષ્ટ જણાઈ છે. જેમ આપણા જમાનામાં સર્વ પ્રજાઓનાં દુઃખોની બાબતમાં બને છે તેમ, તમારાં દુઃખનું મૂળ પણ બુદ્ધિગ્રાહ્ય ધર્મશિક્ષણના અભાવમાં રહેલું છે. એવું ધર્મશિક્ષણ જો હસ્તીમાં હોય, તો તે માણસને જીવનનો અર્થ સમજાવી તેને આચરણની દિશા બતાવનાર એક સર્વશ્રેષ્ઠ સિદ્ધાંત પૂરો પાડે; અને આજે ખોટા ધર્મની ને ખોટા વિજ્ઞાનની અતિ શંકાસ્પદ આજ્ઞાઓનો અમલ ચાલે છે, અને તેમાંથી તારવેલા ને 'સુધારા'ને નામે ઓળખાતા જે નિયમો સમાજમાં પ્રવર્તે છે, તેને બદલે સાચા ધર્મશિક્ષણે બતાવેલા સર્વોત્તમ સિદ્ધાંતની સ્થાપના થાય ને તેની આણ વર્તે.

તમારા કાગળ પરથી, 'ફ્રી હિંદુસ્તાન'માંના તમારા લેખો પરથી, ને એકંદરે હિંદી રાજકીય સાહિત્ય પરથી, હું એક બીજી વસ્તુ પણ જોઉં છું. જે ધર્મસિદ્ધાંતોને હિંદુસ્તાનની પ્રજા પૂર્વે માનતી ને અનુસરતી તેમજ આજે પણ માને ને અનુસરે છે તે સિદ્ધાંતોમાં કંઈ પણ મહત્ત્વ કે ઉપયોગિતા છે એમ તમારી પ્રજાના અગ્રણીઓ હવે માનતા નથી; અને તેઓ માને છે કે પ્રજા જે જુલમ વેઠે છે તેમાંથી તેને છોડવવાનો રસ્તો એક જ છે, અને તે એ કે જે અધાર્મિક ને હડહડતી અનીતિવાળી સમાજવ્યવસ્થા નીચે આજે અંગ્રેજો ને બીજી કેવળ નામમાં ખ્રિસ્તી એવી પ્રજાઓ રહે છે તે સમાજવ્યવસ્થા તમારા દેશમાં દાખલ કરવી.

અને છતાં, અંગ્રેજોએ હિંદી પ્રજાને ગુલામ બનાવી છે તેનું એકમાત્ર નહીં તો મુખ્ય કારણ જ એ છે કે એ પ્રજામાં ધાર્મિક ભાવનાનો અને તેમાંથી આચરણને માટે મળતા માર્ગદર્શનનો અભાવ છે. એવો અભાવ આપણા જમાનામાં પૂર્વ અને પશ્ચિમની સર્વ

પ્રજાઓમાં — જપાનથી માંડીને ઇંગ્લંડ અને અમેરિકા સુધીનાં સહુમાં — છે.

૨.

મારા વિચાર તમને સ્પષ્ટપણે સમજાવવા માટે મારે ભૂતકાળ પર જવું જોઈએ. લાખો વરસ પર, અથવા કહો કે દસ હજાર વરસ પર પણ, માણસો કેવી રીતે રહેતાં એ આપણે જાણતા નથી, જાણી શકતા નથી, અને હું તો હામ ભીડીને કહું કે જાણવાની જરૂર પણ નથી. પણ આપણે એટલું ચોકસ જાણીએ છીએ કે આપણને માનવજાતિના જેટલા ભૂતકાળનું જ્ઞાન છે ત્યારથી તે હમેશાં કુટુંબ, કોમ, અને રાષ્ટ્રોના વિશિષ્ટ સમૂહો બાંધીને રહેલી છે; અને એ સમૂહોમાં મોટા ભાગના લોકો એક યા અનેક માણસોના — એટલે કે ખોબા જેટલા માણસોના — અમલની આગળ નમ્રપણે ને રાજીખુશીથી શિર ઝુકાવતા આવ્યા છે, ને તેમનાં મનમાં એવી પ્રતીતિ રહી છે કે એમ કરવામાં જ ઔચિત્ય રહેલું છે. જે પ્રજાઓના ઉદ્ભવને વિષે આપણને કંઈ પણ જ્ઞાન છે તેઓમાં સંજોગો અને મનુષ્યોનાં વ્યક્તિત્વ પરત્વે ઘણા જ ભેદો હતા, છતાં ઉપર જણાવ્યા એ પ્રકારના સંબંધો એ સર્વમાં દેખાતા હતા. અને જેમ જેમ એથી પણ પાછળના જમાના તરફ જઈએ, તેમ તેમ શાસક અને શાસિત બંને વર્ગ વધારે ને વધારે અંશે એમ માનતા દેખાય છે કે જો માણસોએ શાંતિથી ભેગા રહેવું હોય તો આ પ્રકારની વ્યવસ્થા વિના ન જ ચાલી શકે.

એવું બધે જ હતું. પણ, જોકે જીવનનું આ બાહ્ય સ્વરૂપ સૈકાંઓ થયાં હસ્તીમાં હતું અને છે, છતાં ઘણા લાંબા વખત પર — આપણા જમાના પહેલાં હજારો વરસ પર — બળજબરી પર રચાયેલી આ જીવનવ્યવસ્થામાં, જુદી જુદી પ્રજાઓમાં એકનો એક વિચાર અવિરત ને એકધારો ચાલ્યો આવતો હતો; અને તે એ કે

દરેક મનુષ્યમાં એક આત્મતત્ત્વ છે, તેને લીધે જ જીવમાત્ર જીવે છે;* અને એ આત્મતત્ત્વ પોતાના જેવા સ્વભાવવાળી સર્વ ચીજોને પોતાની જોડે એકાકાર કરવા મથે છે, અને પ્રેમ વાટે આ ધ્યેય સાધે છે. આ વિચાર ભિન્ન ભિન્ન સ્થળકાળમાં અતિશય ભિન્ન ભિન્ન રૂપમાં, અને ઓછીવત્તી પૂર્ણતા ને સ્પષ્ટતાથી, પ્રગટ થયો હતો. બ્રાહ્મણધર્મ, યહૂદીધર્મ, જરથોસ્તીધર્મ, બૌદ્ધધર્મ, તાઓ અને કનફ્યુશિયસના સંપ્રદાયો, એ સર્વમાં તેમજ ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામમાં તે પ્રગટ થયો હતો. આ વિચાર ભિન્ન ભિન્ન પ્રજાઓમાં અને ભિન્ન ભિન્ન કાળે ઉદ્‌ભવ્યો છે, એટલી હકીકત જ બતાવી આપે છે કે એ વિચાર મનુષ્યસ્વભાવમાં જન્મજાત છે અને તેમાં સત્ય સમાયેલું છે. પણ આ સત્ય જે લોકોને જણાવવામાં આવેલું તે લોકો એમ માનતા હતા કે સમાજમાં અમુક માણસો બીજા પર અંકુશ ને નિયંત્રણ રાખતા હોય તો જ તે સમાજને ભેગો રાખી ને ટકાવી શકાય; અને તેથી આ સત્યનો સમાજની પ્રચલિત વ્યવસ્થા જોડે બિલકુલ મેળ ખાય એમ લાગ્યું નહીં. વળી એ સત્ય પહેલાં તુટક તુટક રીતે વ્યક્ત કરવામાં આવ્યું હતું. અને તેની ભાષા એટલી અસ્પષ્ટ હતી કે લોકોએ એ તાત્ત્વિક સત્ય કબૂલ તો રાખ્યું, પણ એને પોતાના આચરણના માર્ગદર્શક તરીકે સર્વાંશે સ્વીકારવાનું તેમનાથી બની શક્યું નહીં. વળી બળજબરીના પાયા પર રચાયેલા સમાજમાં આ સત્યના પ્રચારમાં હમેશાં એકની એક જ રીતે અંતરાય આવતો. એટલે કે જે લોકોના હાથમાં સત્તા હતી તેમને લાગતું કે પ્રજા આ સત્યનો સ્વીકાર કરે તો તેમની પોતાની સ્થિતિને ધક્કો પહોંચે; અને તેથી તેમણે જાણીબૂજીને, અથવા કેટલીકવાર અજાણમાં, ટીકાટિપ્પણીઓ આપીને અને મૂળ સત્યથી સાવ વિસંગત એવા ઉમેરા કરીને, એ સત્યને વિકૃત રૂપ આપી દીધું; તે ઉપરાંત

---

* સરખાવો: येन जातानि जीवन्ति ।

તેમણે ખુલ્લંખુલ્લા હિંસા વાપરીને પણ તેનો વિરોધ કર્યો. મૂળ સત્ય એ હતું કે જે આત્મતત્ત્વ જીવનનો પાયો છે, જે પ્રેમરૂપે પ્રગટ થાય છે, અને જે મનુષ્યમાત્રમાં જન્મસિદ્ધ છે, તે આત્મતત્ત્વ જે રીતે દોરે તે રીતે મનુષ્યજીવને ચાલવું જોઈએ. આ સત્યને, મનુષ્યની ચેતના સુધી પરાણે પહોંચવા માટે, કેટલીક વસ્તુઓની સામે લડવું પડ્યું. તે વસ્તુઓમાં એક તો હતી તેના વર્ણનમાં રખાયેલી અસ્પષ્ટતા; બીજી હતી તેની જાણેઅજાણે કરવામાં આવેલી રૂપવિકૃતિ; ત્રીજી હતી ઇરાદાપૂર્વક કરેલી હિંસા — જે હિંસા શાસકો-એ પ્રમાણભૂત ગણેલા ને આ સત્યના વિરોધી એવા ધર્મસિદ્ધાંતો કબૂલ રાખવાની માણસોને ફરજ પાડે છે, ને તે કામમાં જુલમો ને સજાઓનો ઉપયોગ કરે છે. આ સત્ય, જે સંપૂર્ણ સ્પષ્ટતાને પામ્યું નહોતું, તેને આવા અંતરાયો ને આવી રૂપવિકૃતિ સર્વત્ર નડ્યાં: કનફ્યુશિયન સંપ્રદાય તેમજ તાઓ સંપ્રદાયમાં, બૌદ્ધધર્મમાં તેમજ ખ્રિસ્તીધર્મમાં, ઇસ્લામમાં તેમજ તમારા બ્રાહ્મણધર્મમાં.

૩

આવો પ્રવાહ સર્વત્ર ચાલ્યો. પ્રેમ એ સર્વોચ્ચ નીતિધર્મ છે એ વસ્તુનો નિષેધ કે અસ્વીકાર તો ક્યાંયે કરવામાં ન આવ્યો; પણ બધે ઠેકાણે એ સત્યની સાથે સર્વ પ્રકારનાં જૂઠાણાં એટલાં વણી દેવામાં આવ્યાં કે તેનાથી એ સત્યનું રૂપ વિકૃત બની ગયું ને તેમાં શબ્દો સિવાય બીજું કશું જ રહ્યું નહીં. લોકોને એમ શીખવવામાં આવ્યું કે આ સર્વોચ્ચ નીતિધર્મ ફક્ત અંગત જીવનને જ લાગુ પડે છે — જાણે કે ઘરના વાપર માટે છે —, પણ જાહેર જીવનમાં તો સર્વ પ્રકારની હિંસાનો — જેવી કે કારાવાસ, ફાંસી, અને યુદ્ધોનો — ઉપયોગ, દુર્જનોના નાના વર્ગની સામે પ્રજાના વિશાળ સમુદાયની રક્ષા કરવા માટે, કરવાની છૂટ છે; એ ઉપાયમાં પ્રેમનો નર્યો હ્રાસ હોય તોયે તેની પરવા નથી. પણ સાદી અક્કલ તો એમ

કહેતી હતી કે બીજાઓના હિતને માટે સર્વ પ્રકારની હિંસા કોની સામે વપરાવાની છે તેનો નિર્ણય કરવાનો હક કેટલાક માણસો પોતાના હાથમાં રાખવા માગતા હોય, તો તેનું એક પરિણામ અચૂક આવશે: એ હિંસાનો પ્રયોગ જેમના પર થાય તેઓ પાછા પોતા પર હિંસા ગુજારનારાને વિષે એવો જ ક્યાસ બાંધશે, ને લાગ ફાવ્યે તેમની સામે એવી જ હિંસાનો પ્રયોગ કરશે. બ્રાહ્મણ-ધર્મ, બૌદ્ધધર્મ, અને એ સહુ ઉપરાંત ખ્રિસ્તીધર્મના મહાન ધર્મોપદેશકોએ પ્રેમધર્મની આવી વિકૃતિ થવાનો સંભવ અગમચેતીથી માની લીધો હતો; અને તેથી પ્રેમધર્મની એકમાત્ર અનિવાર્ય શરત તરફ ફરીફરીને લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. (એ શરત એ છે કે બૂરાઈનો પ્રતિકાર બૂરાઈથી કરવાને બદલે સર્વ પ્રકારનાં દેહદંડનો, અપમાનો, ને હિંસા સહી લેવાં.) છતાં લોકોએ મનુષ્યની પ્રગતિમાં ઉપયોગી એવી સર્વ ચીજો વિષે બેપરવાઈ રાખી, અને જે વસ્તુઓનો કદી મેળ ખાવો અશક્ય હતો તેને—પ્રેમનો સદ્‌ગુણ, અને પ્રેમની વિરોધી એવી હિંસા વડે બૂરાઈને દબાવવાના પ્રયાસ, એ બેને—ભેળી કરવાનો પ્રયાસ ચાલુ રાખ્યો. આ પ્રકારના શિક્ષણમાં અંતર્ગત વિસંવાદ હતો છતાં તેની જડ એટલી ઊંડી જામી ગઈ કે જે લોકો પ્રેમને સદ્‌ગુણ માને છે તેઓ જ સાથેસાથે હિંસા પર રચાયેલી સમાજવ્યવસ્થાને ધર્મસંમત ગણે છે, અને માણસોને એકબીજાનાં શરીરને ત્રાસ દેવાની જ નહીં પણ એકબીજાના જીવ સુધ્ધાં લેવાની છૂટ આપે છે.

ઘણા વખત લગી માણસો આ સ્પષ્ટ વિસંવાદમાં રહેતા છતાં એ તેમની નજરે ચડેલો નહીં. પણ એવો કાળ આવ્યો જ્યારે અનેક પ્રજાઓના વિચારકોને આ વિસંવાદ વધારે ને વધારે સ્પષ્ટતાથી દેખાવા લાગ્યો. માણસો એકબીજાને મદદ કરે ને ચાહે, પણ એકબીજાનાં શરીર પર ત્રાસ ન ગુજારે ને તેમના જીવ ન લે, એ જ તેમને માટે

સ્વાભાવિક છે — એ પ્રાચીન ને સાદું સત્ય વધારે ને વધારે સ્પષ્ટપણે દેખાતું ગયું; અને એ સત્યનું વિકૃત રૂપ રૂપાળું દેખાડવા માટે જે તાર્કિક યુક્તિઓ વાપરવામાં આવી હતી તેના પર આસ્થા રાખનારા લોકોની સંખ્યા દહાડે દહાડે ઘટતી ગઈ.

જૂના વખતમાં હિંસાનો ઉપયોગ વાજબી ઠરાવવાના અને એમ કરીને પ્રેમધર્મનો ભંગ કરવાના મુખ્ય ઉપાય તરીકે એવો દાવો કરવામાં આવતો કે રાજ્યકર્તાઓને — ઝારો, સુલતાનો, રાજાઓ, શાહો, ને બીજા રાજ્યાધ્યક્ષોને — તેમની રાજસત્તા ઈશ્વર તરફથી મળેલી છે. પણ માનવજાતિનું જીવતર જેમ જેમ લંબાતું ગયું તેમ તેમ રાજ્યકર્તાના આ અસાધારણ, ઈશ્વરદત્ત, હકને વિષેની લોકોની આસ્થા નબળી પડતી ગઈ. ખ્રિસ્તી અને બ્રાહ્મણ જગતમાં, તેમજ બૌદ્ધ અને કનફ્યુશિયન ક્ષેત્રમાં, એ આસ્થા એક જ રીતે ને લગભગ એકી વખતે કરમાઈ ગઈ; અને હમણાંના જમાનામાં તો તે એટલી બધી ઘસાઈ ગઈ છે કે માણસની બુદ્ધિ અને સાચી ધર્મભાવનાની આગળ એનું કશું ચાલતું નથી. પોતાના જેવા જ બીજા લોકોની ઇચ્છાઓ આગળ પોતાની ઇચ્છાઓને ગૌણ માનવી, અને પોતાના હિતનું જ નહીં પણ પોતાની નૈતિક ભાવનાનું પણ વિરોધી હોય એવું કામ બતાવવામાં આવે ત્યારે કરવું, એમાં જે બેવકૂફી ને અનીતિ રહેલી છે તે લોકોને વધારે ને વધારે સ્પષ્ટતાથી દેખાતી ગઈ, અને હવે મોટા ભાગના લોકોને તે દીવા જેવી દેખાય છે. એટલા પરથી કોઈ કદાચ એમ માને કે અનેક પ્રકારના રાજાઓને દૈવી અંશવાળા માનવાનું કહેનાર સર્વ ધાર્મિક પ્રમાણો પરથી લોકોનો વિશ્વાસ ઊઠી ગયા પછી તે લોકો તેઓની તાબેદારીમાંથી છૂટવાનો પ્રયાસ કરશે. પણ દુર્ભાગ્યે એ રાજ્યકર્તાઓ — જેમને અલૌકિક માનવીઓ માનવામાં આવતા હતા — તેમને લોકોને તાબેદારીમાં રાખવાથી લાભ થતો; એટલું જ નહીં પણ આ દૈવી અંશનો ડોળ કરનાર માણસો પરની

આસ્થાને પરિણામે, અને તેમના અમલ દરમ્યાન, સંખ્યામાં ઉત્તરોત્તર વધતા જતા લોકસમૂહો એમની આસપાસ વીંટળાઈ વળતા ને જામી જતા, અને રાજ્ય ચલાવવાનો દેખાવ કરીને લોકોની મહેનતમજૂરી પર તાગડધિન્ના કરતા. અને જ્યારે અલૌકિક અને ઈશ્વરનિર્મિત સત્તાનો જૂનો ભ્રમ ઓસરી ગયો ત્યારે આ માણસો એવો એક નવો ભ્રમ પેદા કરવાની પેરવીમાં પડચા, કે જે અગાઉના ભ્રમની જેમ, જનસમુદાયને આંગળીને વેઢે ગણાય એટલા રાજ્યકર્તાઓની તાબેદારીમાં રાખી શકે.

૪

આને માટે જે કારણો જૂના વખતમાં અપાતાં તે જરીપુરાણાં ને કાલગ્રસ્ત થઈ ગયાં, એટલે તેને બદલે હવે નવાં કારણો અપાવા લાગ્યાં છે. આ નવાં કારણો જૂનાના જેટલાં જ અધૂરાં છે, પણ તે નવાં હોવાથી મોટા ભાગના માણસો તેની વ્યર્થતા તરત જ સમજી શકતા નથી. વળી જેઓ સત્તા ભોગવે છે તેઓ આ નવી ભ્રામક દલીલોનો પ્રચાર કરે છે, અને તેનું સમર્થન એવી ચાલાકીથી કરે છે કે આ દલીલો જે જુલમને વાજબી ઠરાવવા મથે છે તે જુલમથી પીડાનાર લોકોમાંથી પણ ઘણાને એ દલીલો નિરુત્તર કરી દે છે, અને એનો રદિયો આપવો અશકચ છે એમ એ લોકોને ભાસે છે. આ નવાં કારણોને 'વૈજ્ઞાનિક' નામ આપવામાં આવે છે. પણ 'વૈજ્ઞાનિક' શબ્દનો આશય એ જ છે જે અગાઉ 'ધાર્મિક' શબ્દનો હતો. જેમ અગાઉ 'ધાર્મિક' કહેવાતી દરેક વસ્તુ ધાર્મિક કહેવાતી એટલા માટે જ નિર્વિવાદ ને નિઃસંશય ગણાતી, તેમ હવે જે વસ્તુ 'વૈજ્ઞાનિક' કહેવાય છે તે નિર્વિવાદ ને નિઃસંશય ગણાય છે. આપણે જે વિષયની વાત કરીએ છીએ તેમાં હિંસાના પ્રયોગને વાજબી ઠરાવવા માટે ધાર્મિક કારણ — જે હવે કાલગ્રસ્ત થઈ ગયું છે — એ અપાતું કે ઈશ્વરનિર્મિત રાજા એ અલૌકિક વ્યક્તિ છે ('જગતમાં

ઇશ્વરની સત્તા સિવાય બીજી કોઈ સત્તા નથી,' એમ કહેવાતું). તેનું સ્થાન હવે 'વૈજ્ઞાનિક' કારણે લીધું છે. તેમાં પહેલું તો એમ કહેવામાં આવે છે કે મનુષ્યની મનુષ્ય પ્રત્યેની બળજબરી સર્વ યુગોમાં ચાલતી આવી છે; ને તે પરથી એમ ફલિત થાય છે કે એવી બળજબરી ચાલુ રહેવી જોઈએ. માણસોએ પોતાનાં બુદ્ધિ ને અંતરાત્મા દ્વારે તેમ ચાલવાને બદલે, જે રીતે પોતે પરાપૂર્વથી રહેતા આવ્યા છે તેમ હજુ પણ રહેવું— એને 'વિજ્ઞાને' નામ આપ્યું છે 'ઐતિહાસિક નિયમ'. એક બીજું 'વૈજ્ઞાનિક' કારણ એ આપવામાં આવે છે કે વનસ્પતિમાં અને જંગલી પશુઓમાં જેવો અવિરત જીવનસંગ્રામ ચાલે છે ને જેમાં સૌથી લાયક હોય તે જ બચવા પામે છે, તેવો સંગ્રામ મનુષ્યોમાં ચાલવો જોઈએ. પણ મનુષ્યો ને પશુઓ વચ્ચે ભેદ એ છે કે મનુષ્યમાં કુદરતે જન્મથી બુદ્ધિ અને પ્રેમ મૂકેલાં છે; જ્યારે એ શક્તિઓ જીવનસંગ્રામના અને સૌથી લાયક બાકી રહી જવાના નિયમને વશ વર્તનાર પ્રાણીઓમાં નથી હોતી. બીજું 'વૈજ્ઞાનિક' કારણ તે આ પ્રકારનું છે.

ત્રીજું—સૌથી મહત્ત્વનું, અને દુર્ભાગ્યે સૌથી વધારે પ્રચલિત—કારણ તે મૂળે જુગજૂનું ધાર્મિક કારણ જ છે; માત્ર તેમાં સહેજ ફેરફાર કરવામાં આવ્યો છે. તે એ કે જાહેર જીવનમાં મોટા ભાગના લોકોના રક્ષણને માટે કેટલાકોનું દમન કર્યા વિના ચાલી શકતું નથી—એટલે કે, માણસ માણસ વચ્ચેના વહેવારમાં એકલા પ્રેમ પર આધાર રાખવાનું ગમે તેટલું ઇચ્છવાજોગ હોય તોપણ, બળજબરીના ઉપયોગ વિના ચલાવવું અશક્ય છે. ખોટા વિજ્ઞાને આપેલા આ કારણમાં એક જ ફરક છે. "કયા લોકોની સામે હિંસાનો પ્રયોગ કરી શકાય ને કરવો જોઈએ એ ઠરાવવાનો હક અમુક જ માણસોને શા માટે છે ને બીજાઓને કેમ નથી?" એ પ્રશ્ન પુછાય છે ત્યારે, અગાઉ ધર્મ આપતો એનાથી જુદો જવાબ હવે

ખોટું વિજ્ઞાન આપે છે. ધર્મ એમ કહેતો કે એ નિર્ણય કરવાનો હક સાચો છે તે એટલા માટે કે એ દૈવી શક્તિ ધરાવનારા માણસોએ ઉચ્ચારેલો છે. હવે 'વિજ્ઞાન' કહે છે કે આ નિર્ણયો પ્રજાની ઇચ્છા વ્યક્ત કરે છે; કેમકે બંધારણવાળી સરકારના અમલમાં, જે માણસોના હાથમાં તે તે વખતે રાજ્યનું સુકાન હોય તેમનાં સર્વ નિર્ણયો અને કાર્યોમાં પ્રજાની ઇચ્છા જ પ્રગટ થાય છે.

બળજબરીના સિદ્ધાંતના સમર્થનમાં આવાં વૈજ્ઞાનિક કારણો અપાય છે. એ કારણો માત્ર નબળાં જ નથી પણ સાવ નિરર્થક છે. છતાં જેઓ અધિકારપદે આરૂઢ છે તેઓને એ કારણોની એટલી બધી ગરજ હોય છે કે તેઓ જેટલી અંધશ્રદ્ધાથી અગાઉ માનતા કે ઇસુ ખ્રિસ્ત માતાને ઉદરે જન્મ્યા જ નહોતા, તેટલી જ અંધશ્રદ્ધાથી તેઓ હવે આ 'વૈજ્ઞાનિક' કારણોને સાચાં માને છે, અને એટલા જ વિશ્વાસપૂર્વક તેનો પ્રચાર કરે છે. અને આ 'વૈજ્ઞાનિક સત્યો' જે આડંબર અને દબદબાથી રજૂ કરવામાં આવે છે તેનાથી માણસજાતિના, વૈતરાની ઘાણીએ વળગેલા, મોટા ભાગના અભાગિયા લોકો સાવ અંજાઈ જાય છે; ને આ નવી વસ્તુના પ્રભાવને વશ થઈ તેઓ આ વૈજ્ઞાનિક મૂર્ખતાઓને પવિત્ર સત્ય માને છે — જેમ અગાઉ તેઓ 'ધાર્મિક' કારણોને ખરાં માનતા. અને તેથી તેઓ અત્યારના સત્તાધીશો આગળ શિર ઝુકાવવાનું ને તેમનો પડ્યો બોલ ઝીલવાનું ચાલુ રાખે છે. એ સત્તાધીશોનાં હૈયાં અગાઉના જેટલાં જ કઠણ છે, પણ તેમની સંખ્યા હવે વધી છે.

૫

ખ્રિસ્તી જગતમાં આમ ચાલતું અને હજુ પણ ચાલે છે. પણ એટલી આશા હતી ખરી કે બ્રાહ્મણ, બૌદ્ધ અને કનફ્યુશિયન ધર્મની વિશાળ દુનિયામાં તો આ નવો વૈજ્ઞાનિક વહેમ જામવા નહીં પામે; અને હિંસાને વાજબી ઠરાવનાર ધાર્મિક છળ વિશે

ચીન, જપાન અને હિંદના લોકોની આંખ એકવાર ઉઘાડવામાં આવશે કે તરત જ તેઓ માનવજાતિના હૃદયમાં રહેલો જન્મજાત પ્રેમનો સિદ્ધાંત, જેનું પ્રતિપાદન પૂર્વના મહાન ધર્મગુરુઓએ જોશભેર કરેલું, તેને ઓળખી જશે. પણ વસ્તુતઃ બન્યું છે એમ કે અગાઉના ધાર્મિક વહેમનું સ્થાન લેનાર આ વૈજ્ઞાનિક વહેમનો પૂર્વમાં સ્વીકાર કરવામાં આવ્યો છે, ને તેનો પ્રભાવ દહાડે દહાડે વધતો જાય છે.

તમારા લોકોએ જે મૂલભૂત સિદ્ધાંત અનુસાર ચાલવું જોઈએ એમ તમે માનો છો તે સિદ્ધાંત તમે, તમારા સામયિકમાં, નીચેના સૂત્રરૂપે આપ્યો છે : "આક્રમણનો પ્રતિકાર કેવળ વાજબી નથી પણ ધર્મરૂપ છે; અને અપ્રતિકારથી પરમાર્થ કે સ્વાર્થ બેમાંથી એકે સધાતો નથી."

માનવજાતિને દુઃખમાત્રમાંથી ઉગારવાને પ્રેમ એ એકમાત્ર ઉપાય છે; અને તેમાં તમારી પ્રજાને ગુલામીમાંથી છોડવવાનો એકમાત્ર માર્ગ પણ રહેલો છે. ઘણા પ્રાચીન સમયમાં તમારી પ્રજામાં વિશેષ ભાર અને સ્પષ્ટતાપૂર્વક જાહેર કરવામાં આવેલું કે પ્રેમ એ જ મનુષ્યજીવનનો ધાર્મિક પાયો છે. એક તરફ પ્રેમ, અને બીજી તરફ દુર્જનો સામેનો હિંસક પ્રતિકાર, એ બેની વચ્ચે પરસ્પર એટલો બધો વિરોધ છે કે પછી પ્રેમની કલ્પનામાં કશો સાર કે અર્થ રહેતો જ નથી. અને પછી શું પરિણામ આવે છે? હળવે હૈયે અને આ વીસમી સદીમાં તમે, એક ધર્મનિષ્ઠ પ્રજાના એક માણસ, એ પ્રજાના ધર્મસિદ્ધાંતનો ઇનકાર કરો છો; તેમ કરવાનો તમારો હક માનો છો; અને તમને મનમાં ખાતરી છે કે તમને વૈજ્ઞાનિક જ્ઞાનનો પ્રકાશ મળેલો છે. અને હિંસાના ઉપયોગના હિમાયતીઓએ — સત્યના શત્રુઓએ, પહેલાં ઈશ્વરવાદની અને પછી વિજ્ઞાનની ચાકરી કરનારાઓએ — તમારા યુરોપિયન શિક્ષકોએ,

તમારા મનમાં (માઠું ન લગાડશો) જે ગજબ બેવકૂફીની જડ રોપેલી છે તે બેવકૂફીનો તમે પોપટિયા પુનરુચ્ચાર કરો છો.

તમે કહો છો અંગ્રેજોએ તમારા લોકોને ગુલામ બનાવ્યા છે ને તેમને દાસત્વમાં રાખ્યા છે તેનું કારણ એ છે કે તમારા લોકોએ પૂરતી દૃઢતાથી પ્રતિકાર નથી કર્યો ને પશુબળની સામે પશુબળથી ટક્કર નથી ઝીલી.

પણ વસ્તુસ્થિતિ તો એથી સાવ ઊલટી છે. અંગ્રેજોએ હિંદુસ્તાનના લોકોને ગુલામ બનાવ્યા હોય, તો તેનું કારણ એટલું જ છે કે હિંદુસ્તાનના એ લોકોએ પશુબળને સમાજવ્યવસ્થાનો મૂલભૂત સિદ્ધાંત માનેલો ને હજુ માને છે. એ સિદ્ધાંત અનુસાર તેઓ તેમના નાના નાના રાજાઓને તાબે થયા, તેમની તરફથી એકબીજાની જોડે લડયા, યુરોપિયનોની જોડે લડયા, અંગ્રેજોની જોડે અગાઉ લડયા, અને હવે ફરી લડવાની તૈયારી કરે છે.

એક વેપારી કંપનીએ વીસ કરોડની પ્રજાને ગુલામ બનાવી. કોઈ વહેમ વિનાના માણસને આ વાત કહો, તો એ શબ્દોનો અર્થ તે સમજી નહીં શકે. ત્રીસ હજાર માણસોએ — તે પણ પહેલવાન નહીં, પણ નબળા ને સાધારણ માણસોએ — વીસ કરોડ બળવાન, ચતુર, સમર્થ અને સ્વાતંત્ર્યપ્રિય લોકોને ગુલામ બનાવ્યા છે, એનો અર્થ શો ? એ આંકડા શું સ્પષ્ટપણે નથી બતાવતા કે હિંદીઓને અંગ્રેજોએ ગુલામ નથી બનાવ્યા પણ તેઓ હાથે કરીને ગુલામ બન્યા છે ?

હિંદીઓ ફરિયાદ કરે છે કે અંગ્રેજોએ અમને ગુલામ બનાવ્યા છે; એ વાત એના જેવી છે જાણે દારૂડિયાઓ ફરિયાદ કરતા હોય કે "અમારી વચ્ચે આવી વસેલા કલાલોએ અમને ગુલામ બનાવ્યા છે." તમે તેમને કહો છો કે "તમે દારૂ છોડી દઈ શકો છો;" પણ તેઓ જવાબ દે છે કે "અમે દારૂને એટલા ટેવાઈ ગયા છીએ

કે અમારાથી એ પીધા વિના રહેવાતું નથી, અને અમારી શક્તિ ટકાવી રાખવાને અમારે દારૂ પીવો જ જોઈએ." જે કરોડો માણસો પોતાની પ્રજાના કે પારકી પ્રજાના હજારો, યા સેંકડો, માણસોને તાબે થાય છે તેમની પણ એવી જ દશા નથી શું?

હિંદુસ્તાનના લોકોને હિંસા વડે ગુલામ બનાવવામાં આવ્યા હોય, તો તેનું કારણ એ જ છે કે તેઓ પોતે હિંસાની મદદ વડે જીવ્યા છે ને જીવે છે, અને માનવજાતિમાં રહેલા જન્મસિદ્ધ શાશ્વત પ્રેમધર્મને પિછાનતા નથી.

•

જે પ્રેમધર્મ માણસોનાં હૃદયમાં જન્મસિદ્ધ છે, જેની હસ્તીનું તેમને હવે ભાન કરાવવામાં આવ્યું છે, અને જેમાં હિંસક પ્રતિકારનો સર્વથા ત્યાગ આવશ્યક છે, તે પ્રેમધર્મને સર્વાંશે અનુસરીને માણસો વર્તવા લાગશે, અને તેથી હિંસામાં ભાગ લેવાનું છોડી દેશે — એ ઘટના બનશે કે તરત જ, સેંકડો માણસો કરોડોને ગુલામ બનાવવા અસમર્થ થઈ જશે, એટલું જ નહીં પણ કરોડો માણસો સુધ્ધાં કોઈ એકલદોકલને પણ ગુલામ નહીં બનાવી શકે. તમે દુષ્કર્મ કરનારનો પ્રતિકાર ન કરશો; પણ સાથે તમે એ દુષ્કર્મમાં — ન્યાયની અદાલતોનો વહીવટ, કરોની ઉઘરાણી, અને સૌથી અગત્યની વસ્તુ તે સૈનિકદળ, એ કશામાં — ભાગ ન લેશો; તો જગતમાં કોઈ તમને ગુલામ નહીં બનાવી શકે.

૬

દરેક વ્યક્તિ જ્યારે બાળપણમાંથી કિશોરાવસ્થામાં અને યૌવનમાંથી પ્રૌઢાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે તેની જે સ્થિતિ થાય છે તેના જેવી સ્થિતિ અત્યારે પૂર્વની તેમજ પશ્ચિમની પ્રજાઓની થઈ છે. અત્યાર સુધી એ વ્યક્તિના જીવનને જે વસ્તુએ દોર્યું હોય તે વસ્તુ

તે ગુમાવે છે; અને, પોતાની વયને યોગ્ય નવું ધોરણ — નવો ગજ — ન મળ્યો હોવાથી, કશા માર્ગદર્શન વિના રહે છે; અને તેથી તે પોતાના જીવનનાં દુઃખ અને વ્યર્થતા પરથી પોતાનું ધ્યાન ખેંચી લઈ બીજા કશાકમાં પરોવવા માટે તરેહતરેહનાં વ્યવસાયો, ચિંતાઓ, મનોરંજનો, અને કેફો શોધી કાઢે છે. સંભવ છે આવી સ્થિતિ લાંબો વખત પણ પહોંચે.

જ્યારે કોઈ માણસ જીવનની એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે એક કાળ એવો આવે છે જ્યારે તે અગાઉની પેઠે વ્યર્થ પ્રવૃત્તિ અને દોડધામ ચાલુ રાખી નથી શકતો; પણ તેને એમ સમજવું જ પડે છે કે પહેલાં જે વસ્તુ તેના જીવનને દોરતી ને રસ્તો બતાવતી તે વસ્તુને તે વટાવી ગયો છે ખરો, છતાં એનો અર્થ એવો નથી કે તેણે કશી સમજવાળી દોરવણી વિના જ રહેવું જોઈએ; પણ તેણે પોતાની વયને અનુરૂપ એવી જીવનની કલ્પના પોતાના મનમાં ઘડી લેવી જોઈએ, અને તે સ્પષ્ટ રીતે ઘડ્યા ને સમજ્યા પછી તેને અનુસરીને ચાલવું જોઈએ. અને એ રીતે એવો જ કાળ માનવજાતિના જીવનવિકાસમાં આવવો જોઈએ. હું માનું છું એનો કાળ હવે આવી પહોંચ્યો છે — એટલે એમ નહીં કે ૧૯૦૮ની સાલમાં આવ્યો છે; પણ માનવજીવનમાં જે મૂલગત વિસંવાદ રહેલો છે તેની તાણ હવે પરાકાષ્ઠાએ પહોંચી છે. એક બાજુ માણસોને પ્રેમધર્મ કલ્યાણકારક છે એવી જાણ છે; અને બીજી બાજુ અત્યારની જીવનવ્યવસ્થા છે — જેણે સૈકાંઓ લગી જીવનને વ્યર્થતા, ચિંતા, અજંપા ને દુઃખથી ભરી મૂક્યું છે, અને જે હિંસાના ઉપયોગ પર રચાયેલી હોઈ પ્રેમધર્મની સાથે અથડામણમાં આવે છે. આ વિસંવાદની હસ્તી આપણે કબૂલ રાખવી જોઈએ ને તેનો નિકાલ આણવો જોઈએ. એ નિકાલ કાલગ્રસ્ત થઈ ગયેલા હિંસાધર્મને અનુકૂળ નહીં હોય; પણ જે સત્ય અતિ

પ્રાચીન કાળથી મનુષ્યોનાં હૃદયમાં વસેલું છે તેને અનુકૂળ હશે. તે સત્ય એ છે કે પ્રેમધર્મ મનુષ્યસ્વભાવને અનુકૂળ છે ને તેને રુચે એવો છે.

પણ માણસોએ આ સત્ય પૂરેપૂરું સમજવા માટે ધર્મ ને વિજ્ઞાનને લગતા સર્વ વહેમોમાંથી, તેમજ તેમાંથી નીપજતી જે ગેરસમજો ને રૂપવિકૃતિઓએ સૈકાઓ સુધી સત્યદર્શન થતું અટકાવ્યું છે તે બધીમાંથી પણ, સંપૂર્ણ મુક્તિ મેળવવી જોઈએ……

૭

હિંદીઓ તેમજ અંગ્રેજો, ફ્રેંચો તેમજ જર્મનો, તથા રશિયનોને ખરી જરૂર બંધારણો અને વિપ્લવોની નથી; જાતજાતની પરિષદો ને મહાસભાઓની નથી; દરિયાના પાણીની અંદર નૌકાઓ ચલાવવા માટેની તથા હવાઈ કાફલા ચલાવવાની અનેકાનેક તરકીબો-ની નથી; મોટા ધડાકા કરનાર સ્ફોટક દ્રવ્યોની નથી; ધનિક, શાસક વર્ગોના ભોગવિલાસમાં ઉમેરો કરનારી સર્વ પ્રકારની સુખ-સગવડોની નથી; વિજ્ઞાનની અગણિત શાખાઓવાળી નવી નિશાળો કે વિદ્યાપીઠોની નથી; છાપાં ને ચોપડીઓની નથી; ગ્રામોફોનો કે સિનેમાઓની નથી; કલાને નામે ઓળખાતી પેલી બાલિશ ને મોટે ભાગે અનાચારને પોષનારી બેવકૂફીઓની નથી. તેમને ખરી જરૂર માત્ર એક જ વસ્તુની છે; અને તે પેલા સાદા ને સ્પષ્ટ સત્યના — ધાર્મિક ને વૈજ્ઞાનિક વહેમોથી કલુષિત ન થયેલા એવા પ્રત્યેક આત્મામાં સ્થાન પામનારા — જ્ઞાનની. તે સત્ય એ છે કે આપણા જીવનને માટે એક જ કાયદો — એક જ નિયમ — સ્વીકારવા યોગ્ય છે; અને તે પ્રેમનો કાયદો યા પ્રેમધર્મ, જે પ્રત્યેક મનુષ્યને તેમજ સમગ્ર માનવજાતિને પરમ સુખ અપાવે છે. એ પ્રેમધર્મનું દર્શન તમને થતું અટકાવનાર

પેલી કીચ જામી ગયેલી, પહાડ જેવી, લાચારીઓમાંથી તમારાં મનને તમે મુક્ત કરો; એટલે તરત જ આ સત્ય તેને રૂંધી રહેલી, ધર્મનો ખોટો ડોળ કરનારી, ને નિરર્થક એવી વાતોની ઝાડીને ભેદી તમારી આગળ પ્રગટ થશે — નિર્વિવાદ, નિઃસંશય, સનાતન સત્ય, જે મનુષ્યના હૃદયમાં જન્મથી જડાયેલું છે, અને જે જગતના સર્વ મહાધર્મોમાં એકરૂપ છે. તે યથાકાળે પ્રગટ થશે અને માનવજાતિ પાસે પોતાનો સ્વીકાર કરાવશે; અને જે નિરર્થક વસ્તુઓએ તેને ઢાંકી રાખ્યું છે તે આપોઆપ અલોપ થઈ જશે, અને તેની સાથે માનવજાતિ અત્યારે જે દુઃખ ભોગવે છે તેનું પણ નિવારણ થશે.

યાસનાયા પોલયાના,
ડિસેંબર ૧૪, ૧૯૦૮

૧૩

ગાંધીજી જોડેનો પત્રવહેવાર

ગાંધીજી પરનો પત્ર

તમારો કાગળ મને હમણાં જ મળ્યો. તે વાંચતાં મને બહુ રસ પડ્યો ને ઘણો આનંદ આવ્યો. ટ્રાન્સવાલમાંના આપણા પ્રિય ભાઈઓ અને સાથીઓને ભગવાન સહાયતા કરે! અમારે ત્યાં પણ, મૃદુતા ને પશુતા વચ્ચેની, નમ્રતા ને પ્રેમ તથા ગર્વ ને હિંસા વચ્ચેની, આ લડત વધારે ને વધારે ભડકતી જાય છે; અને ખાસ કરીને એને અંગે ધાર્મિક કર્તવ્ય અને રાજ્યના કાયદાઓ વચ્ચે સખત અથડામણ થવા પામી છે, ને માણસોએ લશ્કરી નોકરી કરવાની ના પાડી છે. એવી ના પાડ્યાના પ્રસંગો દહાડે દહાડે વધતા જાય છે.

'એક હિંદુને પત્ર' મેં લખ્યો છે, અને તેનો તરજુમો થાય તો હું બહુ રાજી થઈશ...તમારા સંપાદનમાં હું બહુ ખુશીથી મદદ કરીશ. મારાં લખાણોનો હિંદની ભાષાઓમાં અનુવાદ અને પ્રચાર થાય એથી મને હર્ષ જ થવાપણું હોય.

હું માનું છું કે જે લખાણ ધાર્મિક કર્તવ્ય તરીકે કરવામાં આવ્યું છે તેને અંગે પૈસા આપવાનો સવાલ ન ઊઠવો જોઈએ.

મારાં તમને ભાઈ તરીકેનાં અભિનંદન છે. તમારા સંસર્ગમાં આવવાથી મને આનંદ થયો છે.

લીયો ટૉલ્સ્ટૉય

(લખ્યા તારીખ નથી, પણ ઘણું કરીને માર્ચ ૧૯૧૦માં લખાયો હશે.)

ટૉલ્સ્ટૉયને ગાંધીજીનો પત્ર

જોહાનીસબર્ગ,
૪થી એપ્રિલ ૧૯૧૦

હું લંડનમાં થોડો વખત રહેલો ત્યાંથી મેં આપને એક પત્ર લખ્યો હતો એ આપને યાદ હશે. આપના એક અતિ નિષ્ઠાવાન અનુયાયી તરીકે હું આપને આ કાગળની જોડે મારી લખેલી એક નાનકડી (અંગ્રેજી) ચોપડી મોકલું છું. મારા પોતાના ગુજરાતી લખાણનો મેં કરેલો અંગ્રેજી તરજુમો એમાં છે. ખાસ જાણવા જેવું તો એ છે કે મૂળ ગુજરાતી પુસ્તકને હિંદુસ્તાન સરકારે જપ્ત કર્યું હતું. એટલા માટે મેં આ તરજુમો ઉતાવળે પ્રસિદ્ધ કર્યો. આપના પર કશો બોજો નાંખવાનું મને ન ગમે, પણ જો આપની તબિયત સારી હોય ને આપ આ પુસ્તક જોઈ જવા જેટલો સમય મેળવી શકો, તો એને વિષેની આપની ટીકાને હું કેટલી કીમતી ગણીશ એ મારે કહેવાની જરૂર નથી. સાથેસાથે આપનો એક હિંદુ પરનો જે પત્ર પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપે મને આપેલી તેની પણ થોડીક નકલો આપને મોકલું છું. તેનો તરજુમો હિંદુસ્તાનની એક ભાષામાં પણ થયો છે.

આપનો નમ્ર સેવક
મો૦ ક૦ ગાંધી

ગાંધીજી પર ટૉલ્સ્ટૉયનો પત્ર

યાસનાયા પોલ્યાના,
૮ મી મે, ૧૯૧૦

તમારો કાગળ અને તમારું પુસ્તક 'હિંદ સ્વરાજ' મને હમણાં જ મળ્યાં.

હું તમારું પુસ્તક બહુ રસભેર વાંચી ગયો, કેમકે હું માનું છું કે એમાં ચર્ચેલો સત્યાગ્રહનો પ્રશ્ન એકલા હિંદીઓને માટે જ નહીં પણ આખી માનવજાતિને માટે મહત્ત્વનો છે.

મને તમારો પહેલો કાગળ જડતો નથી. પણ એ શોધતાં શોધતાં ડોકે લખેલું તમારું જીવનચરિત્ર મારા હાથમાં આવ્યું, તે મને બહુ આકર્ષક લાગ્યું; ને તે વાંચવાથી હું તમારે વિષે વધારે જાણી શક્યો ને તમને વધારે સમજી શક્યો.

મારી તબિયત અત્યારે બહુ સારી નથી, અને તેથી ચોપડી ને તમારી એકંદર પ્રવૃત્તિ — જેને વિષે મને ઊંચો અભિપ્રાય છે — એને વિષે મારા હૃદયમાં જે કંઈ છે તે અત્યારે લખતો નથી. પણ હું સાજો થાઉં કે તરત જ લખીશ.

તમારો મિત્ર અને ભાઈ
લીયો ટૉલ્સ્ટૉય

ગાંધીજી પર ટૉલ્સ્ટૉયનો પત્ર

કોચેટી,
૭મી સપ્ટેંબર, ૧૯૧૦

મને તમારું સાપ્તાહિક 'ઇંડિયન ઓપીનિયન' મળ્યું. જે લોકો હિંસક પ્રતિકારનો સર્વથા ત્યાગ કરે છે તેમને વિષે એમાં જે કહેલું છે તે વાંચી મને આનંદ થયો; અને એ વાંચીને મારા મનમાં જે વિચારો ઉદ્‌ભવ્યા તે તમને લખી જણાવવાની ઇચ્છા મને તરત જ થઈ આવી.

હું જેમ વધારે જીવું છું તેમ તેમ — ખાસ કરીને અત્યારે મૃત્યુ નજીક આવતું સ્પષ્ટ જોઉં છું ત્યારે — મારા મનમાં એવી ઉત્કંઠા વધતી જાય છે કે જે વસ્તુ મને બીજી બધીના કરતાં વધારે પ્રબળપણે લાગે છે, અને જે મારા મત પ્રમાણે પારાવાર મહત્ત્વની છે, તે હું સ્પષ્ટ રીતે કહી દઉં. એ વસ્તુ તે જેને આપણે હિંસક પ્રતિકારનો ત્યાગ કહીએ છીએ તે; જેનો ખરો અર્થ છે તાર્કિક યુક્તિબાજીથી વિકૃત ન થવા પામેલો પ્રેમધર્મનો સિદ્ધાંત. પ્રેમ, અથવા બીજા શબ્દોમાં કહીએ તો ઐક્યની સાધના માટેનો માનવી આત્માનો પ્રયત્ન, અને તેને પરિણામે નિષ્પન્ન થતું એકબીજા પ્રત્યેનું નમ્ર ને હેતાળ વર્તન. આ પ્રેમ તે જીવનનો પરમ, એટલું જ નહીં પણ એકમાત્ર, ધર્મ છે — એ દરેક માણસ જાણે છે ને પોતાના હૃદયના ઊંડાણમાં અનુભવે છે (જેમ આપણે બાળકોમાં બહુ જ સ્પષ્ટપણે જોઈએ છીએ); અને જ્યાં સુધી તે દુનિયાદારી વિચારોના જૂઠાણાની જાળમાં ન સપડાય ત્યાં સુધી આ ભાન તેના મનમાં ટકી રહે છે. આ ધર્મની ઘોષણા હિંદી તેમજ ચીની, અને યહૂદી, ગ્રીક તથા રોમન એ સર્વ ફિલસૂફીઓએ કરેલી. હું માનું છું એનું સ્પષ્ટમાં સ્પષ્ટ ઉચ્ચારણ ઈસુ ખ્રિસ્તે કરેલું, ને તેમણે અસંદિગ્ધ શબ્દોમાં કહેલું કે એ જ આખા ધર્મશાસ્ત્રનો સાર અને આધાર છે. એ ઉપરાંત, જે રૂપવિકૃતિથી તેના સ્વીકારમાં અંતરાય આવ્યો છે ને હમેશાં આવવાનો સંભવ છે તે તેઓ કળી ગયા હતા; એટલે સંસારી સ્વાર્થોમાં રચ્યાપચ્યા માણસોની આગળ એ વસ્તુ જે વિકૃત રૂપ ધારણ કરીને ઊભી રહેવાનો ભય છે તેના તરફ તેમણે ખાસ આંગળી ચીંધી હતી. એ વિકૃત રૂપ તે આ: એ લોકો કદાચ પોતાના સ્વાર્થોનો બચાવ પશુબળ વડે કરવાનો — અથવા, ઈસુએ કહેલું તેમ, ઘાનો બદલો ઘાથી વાળવાનો અને ચોરાયેલી માલમતા પશુબળ વાપરીને પાછી મેળવવાનો હક કરતા આવે. તેઓ જાણતા હતા — ને સર્વ બુદ્ધિશાળી માણસોએ જાણવું

જોઈએ—કે પ્રેમ એ સર્વોત્તમ જીવનધર્મ હોઈ તેની સાથે પશુબળના ઉપયોગનો મેળ જરા પણ ખાય નહીં; અને એક પણ દાખલામાં પશુબળનો ઉપયોગ કરવાની પરવાનગી અપાય તો તરત જ પ્રેમ-ધર્મનો હ્રાસ થાય. આખી ખ્રિસ્તી સંસ્કૃતિ, બહારથી આટલી બધી ભવ્ય દેખાતી છતાં, આ વિચિત્ર અને ગંભીર — અંશતઃ ઇરાદા-પૂર્વક પણ મુખ્યત્વે અજાણતાં થયેલાં — ગેરસમજ અને વિસંવાદ પર વિકસેલી છે. પણ વસ્તુતઃ, જો પશુબળથી બચાવ કરવાની છૂટ પ્રેમધર્મની સાથેસાથે અપાય તો પ્રેમધર્મ ટકે નહીં, ટકી શકે નહીં. અને એકવાર પ્રેમધર્મમાં ગાબડું પડ્યું કે પછી બળિયાના બે સિવાય બીજો કશો નિયમ કે કાયદો રહે નહીં. ખ્રિસ્તી સમાજ ૧,૯૦૦ વરસ એ સ્થિતિમાં રહ્યો છે. બેશક જગતમાં માણસો સર્વ કાળે પશુબળને પોતાની સમાજવ્યવસ્થાના મુખ્ય સિદ્ધાંતરૂપ માનીને તેના દોરવ્યા દોરાયા છે. ખ્રિસ્તી અને ઇતર સર્વ પ્રજાઓની વચ્ચેનો ભેદ આટલો જ છે કે બીજા કોઈ પણ ધર્મ કરતાં ખ્રિસ્તી ધર્મમાં પ્રેમધર્મનું પ્રતિપાદન વધારે સ્પષ્ટતા ને ચોકસાઈથી કરવામાં આવેલું છે, તેના અનુયાયીઓએ એ તત્ત્વનો ગંભીરપણે સ્વીકાર કરેલો છે. તે છતાં તેમણે પશુબળનો ઉપયોગ કરવાની છૂટ માની લીધી, અને પોતાનાં જીવન હિંસા પર રચ્યાં. એટલે ખ્રિસ્તી પ્રજાઓના જીવનમાં તેમની વાસ્તવિક માન્યતા, અને જેના પાયા પર તેમનાં જીવન રચાયાં છે તે સિદ્ધાંત, એ બેની વચ્ચેનો વિસંવાદ વધારે પ્રમાણમાં દેખાઈ આવે છે. એક તરફ પ્રેમ છે, જેની આજ્ઞા અનુસાર આચારનો નિયમ ઘડાવો જોઈએ; અને બીજી તરફ પશુબળનો ઉપયોગ છે, જેનાં વિવિધ રૂપો—જેવાં કે સરકારો, ન્યાયની અદાલતો, ને લશ્કરો—ને માન્યતા મળેલી છે, ને જે આવશ્યક ને પ્રતિષ્ઠિત મનાયેલાં છે. જેમ જેમ ખ્રિસ્તી ધર્મના આધ્યાત્મિક જીવનનો વિકાસ થતો ગયો તેમ તેમ આ વિસંવાદ વધતો ગયો છે, અને હમણાંનાં વરસોમાં પરાકાષ્ઠાએ પહોંચ્યો છે.

હવે સવાલ એ છે કે આપણે એમાંથી એક ચીજ પસંદ કરવી જોઈએ — કાં તો આપણે કોઈ પણ ધાર્મિક નીતિનિયમને બિલકુલ ન સ્વીકારતાં, આપણું આચરણ બળિયાના બેને ન્યાયે ચાલવા દેવું જોઈએ; અથવા તો એવી માગણી કરવી જોઈએ કે કરોની ફરજિયાત વસૂલાત સાવ બંધ કરવામાં આવે, અને આપણી કાયદાની ને પોલીસની સર્વ સંસ્થાઓ, અને વિશેષે કરીને લશ્કરી સંસ્થાઓ, નાબૂદ કરવામાં આવે.

આ વસંતમાં, મૉસ્કોની એક કન્યાશાળાની ધર્મશાસ્ત્રની પરીક્ષામાં, પહેલાં શિક્ષકે અને પછી ત્યાં હાજર હતા તે આર્ચબિશપે છોકરીઓને દસ ધર્માજ્ઞાઓ વિષે — ખાસ કરીને છઠ્ઠી વિષે — સવાલો પૂછ્યા. ધર્માજ્ઞાઓ શુદ્ધ રીતે બોલાઈ ગયા પછી આર્ચબિશપ કેટલીક છોકરીઓને એકાદ સવાલ — ને સામાન્યપણે આ પ્રમાણેનો — પૂછતા : " ઈશ્વરના કાયદાએ હમેશાં ને એકેએક દાખલામાં હિંસાની મનાઈ કરી છે ? " બિચારી છોકરીઓને, શિક્ષકે ઊંધે રસ્તે દોરવેલી હોવાથી, એવો જવાબ દેવો પડતો, અને તેઓ દેતી પણ ખરી, કે " હમેશાં નહીં, કેમકે યુદ્ધમાં ને ફાંસીમાં હિંસાની છૂટ છે. " પણ એ અભાગી છોકરીઓમાંની એકને આ જ વધારાનો સવાલ પૂછવામાં આવ્યો — કે હિંસા એ હમેશાં પાપરૂપ છે કે કેમ — (હું તમને આ વાત કહું છું તે જોડી કાઢેલી નથી, પણ ખરેખાત બનેલી ને એ પ્રસંગ નજરે જોનારે મને કહેલી છે) ત્યારે એ છોકરી લાલચોળ થઈ ગઈ, ને તેણે નિશ્ચયપૂર્વક ને લાગણીપૂર્વક કહ્યું : " હંમેશાં ! " આર્ચબિશપે પોતાની હમેશની બધી દલીલબાજી વાપરી તે છતાં તે તો પોતાની જ વાતને મક્કમપણે વળગી રહી — કે બાઈબલના જૂના કરારમાં પણ હિંસાનો સર્વ સંજોગોમાં નિષેધ કરવામાં આવેલો છે; અને ઈસુ ખ્રિસ્તે આપણને કોઈનો જીવ લેવાની જ નહીં, પણ એકંદરે આપણા પડોશીને કંઈ પણ ઈજા

કરવાની, મનાઈ કરેલી છે. આર્ચબિશપનો ભભકો ને વાણીચાતુર્ય કોરે રહી ગયાં, તે નિરુત્તર બની ગયા, ને છોકરીનો વિજય થયો.

હા, આપણે હવા ઉપરના આપણા વિજયની પ્રગતિ વિષે, દેશ દેશ વચ્ચેની અટપટી રાજખટપટો વિષે, અનેક કલબો વિષે, શોધખોળો વિષે, સર્વ તરેહની દળબંધી વિષે, અને કહેવાતી કલા-કૃતિઓ વિષે છાપાંમાં ભલે લખીએ; અને પેલી છોકરીએ કહેલી વાતને હાંસીમાં ઉડાવી પણ શકીએ. પણ આપણે એને સાવ ચૂપ નથી કરી શકવાના, કેમકે દરેક ખ્રિસ્તીના મનમાં, ભલે ગમે તેટલા અસ્પષ્ટ રૂપમાં પણ, એ છોકરીના જેવી જ લાગણી રહેલી છે. સમાજ-વાદ, સામ્યવાદ, અરાજકતાવાદ, મુક્તિફોજો, ગુનાની સંખ્યાનો વધારો, મહેનતમજૂરી ન કરવી પડે એટલી સંપત્તિ, ધનિકોનો વધારે ને વધારે હાંસીપાત્ર બનતો જતો ભોગવિલાસ, અને ગરીબોનાં વધી પડેલાં કષ્ટો, આપઘાતોની સંખ્યામાં ભયાનક વધારો — એ બધાં પેલા આંતરિક વિસંવાદનાં લક્ષણો છે. એ વિસંવાદ શમવો જોઈએ ને જરૂર શમશે. અને બેશક એવી રીતે શમશે કે પ્રેમધર્મનો સ્વીકાર થશે, અને પશુબળ પર આધાર રાખવાનું સદંતર બંધ થઈ જશે. ટ્રાન્સવાલનો મુલક અમને ધરતીને છેડે આવેલો લાગે છે, પણ ત્યાં તમે જે કામ કરી રહ્યા છો તેમાં તો અમને બહુ જ રસ પડે છે; અને તમારું એ કામ જે અતિશય વજનદાર પુરાવો પૂરો પાડે છે તે દુનિયાએ માનવો જ પડશે, અને એકલા ખ્રિસ્તીઓ જ નહીં પણ જગતની સર્વ પ્રજાઓ હવે એમાં ભાગ લઈ શકશે.

હું માનું છું તમને જાણીને આનંદ થશે કે અહીં રશિયામાં પણ એવી એક હિલચાલ ઝપાટાભેર લોકોનું ધ્યાન ખેંચતી જાય છે, અને લશ્કરી નોકરી કરવાની ના પાડયાના દાખલા દર વરસે વધતા જાય છે. પશુબળના ઉપયોગનો સર્વાંશે ત્યાગ કરનારાઓની સંખ્યા તમારી પાસે અને કોઈ પણ જાતની લશ્કરી નોકરી કરવાની ના પાડનાર

માણસોની સંખ્યા અમારી પાસે, ભલે અત્યારે ગમે તેટલી નાની હોય — પણ એ બંને સમૂહ કહી શકશે કે "ઈશ્વર અમારો ભેરુ છે, ને ઈશ્વર મનુષ્ય કરતાં વધારે બળવાન છે."

એક તરફથી ખ્રિસ્તી ધર્મ — અમારે ત્યાં શીખવાય છે એવો લૂલોપાંગળો ખ્રિસ્તી ધર્મ પણ — અંગીકાર કરવો, અને સાથે બીજી તરફથી ઉત્તરોત્તર વધતા જતા પ્રમાણમાં લશ્કરો ને કતલની તૈયારી રાખવાની જરૂર છે એમ માનવું, એ બેની વચ્ચે સ્પષ્ટ વિસંવાદ છે; તે ભગવાનને ત્યાં ધા નાખી રહ્યો છે, અને વહેલો કે મોડો, પણ ઘણું કરીને બહુ થોડા જ વખતમાં, તેના નગ્ન રૂપમાં પ્રગટ થયા વિના નહીં રહે. પણ એ બનાવ કાં તો ખ્રિસ્તી ધર્મનો નાશ કરશે — જોકે રાજ્યની હસ્તી ટકાવવા સારુ એના વિના ચાલે એમ નથી; અથવા તો તે લશ્કરનો અને તેની સાથે સંકળાયેલા પશુબળના ઉપયોગને ઘસડીને ફેંકી દેશે — જોકે એની પણ રાજ્યને જરાયે ઓછી જરૂર નથી. બધી સરકારોને — તમારી બ્રિટિશને તેમજ અમારી રશિયનને — આ વિસંવાદની ખબર છે; અને તેથી એ સરકારો બીજી કોઈ રાજ્યવિરોધી પ્રવૃત્તિનો સામનો કરે તેના કરતાં વધારે કેડ કસીને આ વિસંવાદ ઉઘાડો પડી જતો ને લોકોની જાણમાં આવતો અટકાવવાને સામનો કરશે. આ વાતનો અનુભવ અમને રશિયામાં થઈ ચૂક્યો છે, ને તમારા સાપ્તાહિકમાંના લેખો પણ એની સાક્ષી પૂરે છે. પોતાના પર મોટામાં મોટું સંકટ કઈ દિશાએથી આવી પડવાનો ભય છે તે એ સરકારો જાણે છે; અને તેઓ કેવળ પોતાના સ્વાર્થોની રક્ષા કરવાને જ નહીં પણ ખુદ પોતાની હસ્તીને માટે ખરેખાત લડવાને પણ, આતુરતાથી ટાંપી રહી છે.

લિ. તમારો
લીયો ટૉલ્સ્ટૉય

૧૪

એક જપાનીને પત્ર

મને તમારો અતિ રસિક કાગળ મળ્યો. તેનો જવાબ પૂરી વીગતથી ને મૂલગત પ્રશ્નોની ચર્ચા સાથે આપવાનો નિશ્ચય મેં તે જ વખતે કરેલો. હું એને અતિ અગત્યની બાબત માનું છું. છતાં માંદગી અને બીજાં કારણોને લીધે હું આજ સુધી એ જવાબ લખી શક્યો નથી.

તમારા દેવળમાં તમે આપેલા પ્રવચનનો ઉલ્લેખ તમે કર્યો છે, તે પરથી હું માની લઉં છું કે તમે ખ્રિસ્તી હશો. અને તમારા દેશમાં શિંટો, કનફ્યુશિયન, લુત્સનો અને બૌદ્ધ એમ અનેક ધર્મો પ્રચલિત છે એ હું જાણું છું, એટલે માની લઉં છું કે તમને એ ધર્મોને વિષે પણ માહિતી હશે.

તમે અનેક ધર્મોથી પરિચિત છો એ મારી કલ્પનાને લીધે હું તમારી શંકાઓનો જવાબ બહુ જ ચોકસ રીતે આપી શકું છું. મારો જવાબ એ છે કે તમે ધર્મનાં સનાતન સત્યો તપાસો. આ કે તે ધર્મનાં સનાતન સત્યો તપાસો એમ હું નથી કહેતો. હું તો કહું છું કે તમે એવા ધર્મનાં સનાતન સત્યો તપાસો જે

સમગ્ર માનવજાતિને ગ્રાહ્ય છે અને જે બુદ્ધ, કનફ્યુશિયસ, લુત્સ, ખ્રિસ્ત કે મહમદ જેવા અમુક સંસ્થાપકના વચનને આધારે નથી રચાયેલો, પણ સત્યના નિઃસંશય ને નિર્વિવાદ સ્વરૂપ પર રચાયેલો છે; અને એવું સત્ય પણ એવું છે જે જગતના સર્વ મહાન વિચારકોએ ઉપદેશ્યું છે, અને જે જૂઠા, વિકૃત શિક્ષણથી ગૂંચવાડામાં ન પડેલો પ્રત્યેક મનુષ્ય હવે હૃદયમાં અનુભવે છે ને બુદ્ધિથી સ્વીકારે છે.

જગતના સર્વ મહર્ષિઓએ — વેદના મંત્રદ્રષ્ટાઓ, કનફ્યુશિયસ, લુત્સ, બુદ્ધ, ખ્રિસ્ત, અને મહમદ, તેમજ ગ્રીક અને રોમન સાધુસંતો, માર્કસ ઑરેલિયસ, સૉક્રેટિસ, અને એપિક્ટેટસ એ સહુએ — ઉચ્ચારેલા ઉપદેશનો સાર આ છે : મનુષ્યજીવનના સારરૂપ વસ્તુ તે શરીર નથી પણ આત્મતત્ત્વ છે. એ આત્મા તે આપણાં શરીરમાં વાસ કરે છે ત્યારે સ્થળકાળની મર્યાદામાં રહે છે. તે અચિંત્ય છે, અપ્રમેય છે, છતાં માણસને તેનું ભાન હોય છે; અને જે શરીરમાં તે વસે છે તેમાં નિરંતર ફેરફાર થયાં કરે છે ને મરણ સમયે તે છિન્નભિન્ન થઈ પંચમહાભૂતોમાં મળી જાય છે. પણ આત્મા તો સ્થળકાળના બંધનથી મુક્ત છે ને તેથી તેમાં કશો ફેરફાર થઈ શકતો નથી. એટલે જીવન એ આત્માની, તેને બાંધી રાખનારા ભૌતિક સંજોગોમાંથી, વધતી જતી વિમુક્તિ (આ વસ્તુ શાક્યમુનિના સાચા, શુદ્ધ ઉપદેશમાં બહુ સ્પષ્ટ રીતે બતાવી છે); અને પ્રેમ વાટે આપણામાં રહેલા આ આત્માનું અન્ય ભૂતોમાં રહેલા આત્માની જોડે, તેમજ જેને લોકો ઈશ્વર કહે છે તે પરમાત્મતત્ત્વની જોડે, વધતું જતું ઐક્ય. એ હું માનું છું કે સર્વ મનુષ્યોને સમાન એવું સાચું ધર્મશિક્ષણ છે, ને એને આધારે હું તમારા સવાલોનો જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.

તમે મને જે સવાલો પૂછ્યા છે તે સ્પષ્ટ બતાવે છે કે 'ધર્મ'નો અર્થ તમે સાચું ધર્મશિક્ષણ નથી કરતા, પણ એનું જે

વિકૃત રૂપ માણસોની ભૂલોનું ને તેમનાં દુઃખોનું મુખ્ય કારણ છે તેને તમે 'ધર્મ' કહો છો.

અને ભલે વિચિત્ર લાગે, પણ મારી પાકી ખાતરી છે કે ધર્મ એ જ માણસનું સાચું કલ્યાણ સાધનારી વસ્તુ છે, પણ એનું વિકૃત રૂપ માણસનાં દુઃખોનું મુખ્ય કારણ છે.

તમે લખો છો કે લશ્કરમાં નોકરી કરવાની ના પાડવાથી ના પાડનારનાં સ્વાતંત્ર્ય કે પ્રાણ કદાચ જાય, અને કર આપવાની ના પાડવાથી પૈસાનું ને માલમિલકતનું નુકસાન થવા પામે. આપણને માણસોને આપણાં કામોનાં પરિણામ અગાઉથી જાણવાની શક્તિ ઇશ્વરે નથી આપી, પણ હું કબૂલ કરું છું કે તમે માનો છો એવું બધું થાય. છતાં આ કલ્પિત પરિણામોમાંથી એકને પણ લીધે સાચા ધર્મનિષ્ઠ માણસના સત્યના કે સ્વકર્તવ્યના આકલનમાં તસુભર ફરક ન પડવો જોઈએ.

હું એ બરાબર સમજું છું કે જે લોકો ધર્મને માનતા નથી — જેમકે વિપ્લવવાદીઓ, અરાજકતાવાદીઓ, કે સમાજવાદીઓ — અને જેમની નજર આગળ તેમની સમજ પ્રમાણેનું બહુમતીનું કલ્યાણ સાધવાનું આર્થિક ધ્યેય પડેલું છે, તેઓ કબૂલ નહીં કરે કે લશ્કરમાં નોકરી કરવાની યા કર આપવાની ના પાડવી એ સમજદાર વસ્તુ છે; કેમકે એમના મત પ્રમાણે તો, એથી માત્ર ના પાડનારાઓને નકામું દુઃખ થશે કે કદાચ તેમનું મરણ પણ નીપજે, ને છતાં બહુમતીની સ્થિતિમાં સુધારો તો ન થવા પામે. ધર્મને ન માનનાર લોકોમાં આવી વૃત્તિ હું બરાબર સમજી શકું છું. પણ જે માણસ ધર્મનિષ્ઠ છે, જે અંતર્યામી આત્માની પ્રેરણા અનુસાર ચાલે છે, તેની વાત જુદી છે. એવો માણસ એવી વિમાસણ ન કરે કે મારાં કામોનાં પરિણામ શાં આવશે, યા મારા દેહનું અને મારા સંસારી, ભૌતિક જીવનનું શું થશે. એવો માણસ તો જાણે છે કે તેના દેહનું જીવન

એ તેનું પોતાનું જીવન નથી, અને તેનાં ક્રમ, સાતત્ય અને અંતનો આધાર તેની પોતાની ઇચ્છા પર નથી. એવા માણસને મન એક જ વસ્તુ અગત્યની ને આવશ્યક હોય છે: પોતાનો અંતર્યામી આત્મા જે આજ્ઞા કરે તેનું પાલન કરવું. આપણે જે વિષયની વાત કરીએ છીએ તેમાં એ આત્મા બહુ નિશ્ચિતપણે એમ ફરમાવે છે કે તેણે પ્રેમનો અતિશય હ્રાસ કરનારાં કામોમાં — ખૂનોમાં તેમજ ખૂનોની તૈયારીઓમાં — ભાગ ન લેવો. સંભવ છે કે ધર્મનિષ્ઠ માણસને તેનો સ્વેચ્છાએ સ્વીકારેલો જીવનધર્મ જે આજ્ઞા કરે તેનું પાલન કરવા જેટલું બળ પોતામાં છે એમ એને ન લાગે; અને, એ નિર્બળતાને લીધે, તે વર્તવું ઘટે એમ ન વર્તે. પણ તોયે તેને હમેશાં ખબર તો પડશે જ કે સત્ય શામાં રહેલું છે, ને તેથી પોતાનું કર્તવ્ય શામાં રહેલું છે; અને તે વર્તવું ઘટે એમ ન વર્તતો હોય તોયે એટલું તો જાણશે કે તે ગુનેગાર છે ને તેણે અનુચિત વર્તન કર્યું છે; અને બીજીવાર તેની આગળ પ્રલોભન આવીને ઊભું રહે ત્યારે તે એનું એ પાપ બીજીવાર ન કરવાનો પ્રયત્ન કરશે. પણ તે પરમાત્માની આજ્ઞાના પાલનની શક્યતા વિષે તો શંકા નહીં જ ઉઠાવે; અને તમે કહો છો તે રીતે પોતાના કાર્યને વાજબી ઠરાવવાનો કે માંડવાળ કરવાનો પ્રયત્ન તો નહીં જ કરે.

જીવન વિષેની આવી કલ્પના એ મનોરાજ્ય કે ગગનવિહાર નથી — જીવનની તમામ બુદ્ધિગ્રાહ્ય ને ધાર્મિક સમજ ખોઈ બેઠેલી તમારી પ્રજાને કે ખ્રિસ્તી પ્રજાઓને કદાચ એમ લાગે — પણ આખી માનવજાતિને માટે તે સ્વાભાવિક છે.

એટલે, આજે જે કામચલાઉ, લગભગ પાગલ, દશામાં સર્વ પ્રજાઓ એકબીજાની સામે શસ્ત્રસજ્જ બનીને બેઠી છે, તેનાથી આપણે ટેવાઈ ન ગયા હોઈએ, તો અત્યારે દુનિયામાં જે કંઈ ચાલી રહ્યું છે તે આપણને માની ન શકાય એટલું બેહૂદું લાગે; પણ એ

પાગલપણામાં ભાગ લેવાનો દરેક બુદ્ધિશાળી માણસનો ઇનકાર આપણને હરગિજ બેહૂદો ન લાગે.

માનવજાતિ આજે જે અંધકારમાં રહે છે તે અંધકારમાં, જીવન કેવું હોય ને હોવું જ જોઈએ એની સાચી સમજ ધરાવનારા માણસો ઉત્તરોત્તર વધારે ને વધારે પેદા ન થતા હોત, તો એ અંધકારની સ્થિતિ ખરેખર ભીષણ બની જાત. પણ સદ્ભાગ્યે આવા માણસો હસ્તી ધરાવે છે, અને સત્તાધીશો ગમે તેટલી ધમકીઓ આપે ને સજાઓ કરે તે છતાં તેઓ પોતાને આઝાદ માને છે; અને અક્કલ વિનાના સત્તાધીશો તેમની પાસે જે કરાવવા માગે તે તેઓ નથી કરતા; પણ પ્રત્યેક મનુષ્યના અંતરમાં રહેતો ને સ્પષ્ટ વાણીમાં ને મોટે અવાજે બોલતો અંતર્યામી પરમાત્મા જે કરાવવા માગે તે જ તેઓ કરે છે, એના જ નચવ્યા તેઓ નાચે છે.

એવા દેહસુખમાં ન રાચનારા પણ આત્માનંદમાં મગ્ન ને આત્માની જ આણ સ્વીકારનારા માણસોની સંખ્યા દિનપ્રતિદિન હું હવે, મારા મૃત્યુ પહેલાં, વધતી જોઉં છું, ને મારું મન હરખાય છે. એ માણસોને સરકારના લોકો હત્યારા ખૂનીઓના દળમાં ભળવાનો હુકમ કરે છે, પણ તે હુકમ માનવાની તેઓ શાંતિથી ના પાડે છે, ને એ ઇનકારને માટે દેહ પર બહારથી જે યાતનાઓ ગુજારવામાં આવે તે તેઓ હસતે મોઢે વેઠી લે છે. એવા ઘણા માણસો રશિયામાં છે — એ હજુ નવલોહિયા જુવાનો છે, તેમને વરસો સુધી કડકમાં કડક કારાવાસમાં રાખવામાં આવ્યા છે, છતાં તેઓ મનમાં પરમ સુખ ને શાંતિ અનુભવે છે — એમ તેઓ તેમના કાગળોમાં વર્ણવે છે અથવા તેમને મળવા જનારાઓને કહે છે. સદ્ભાગ્યે હું એમાંથી ઘણાના ગાઢ સંસર્ગમાં આવ્યો છું ને મારા પર તેમના કાગળો આવે છે; અને જો તમને રસ પડે એમ હોય તો એમાંના કેટલાક કાગળો હું તમને મોકલી આપું.

લશ્કરમાં નોકરી કરવાના ઇનકાર વિષે મેં જે કહ્યું, તે કર આપવાના જે ઇનકારને વિષે તમે લખ્યું છે તેને પણ લાગુ પડે છે. ધર્મનિષ્ઠ માણસ પોતાના પરિશ્રમના ફળમાંથી કંઈ ભાગ લઈ જનાર માણસોનો પશુબળથી વિરોધ કરે — પછી ભલે એ લોકો ખાનગી લૂંટારા હોય કે 'સરકાર'ને નામે ઓળખાતા લૂંટારા હોય; પણ, સાથેસાથે, તે કરોના રૂપમાં લોકો પાસેથી લીધેલા પૈસા વડે જે નર્યાં કાળાં કામો કરવામાં આવે છે તેમાં પોતાની રાજીખુશીથી મદદ પણ ન કરે... ....

અંતે હું એટલું કહું કે એકંદર માનવજીવનમાં સુધારો કરવાનો એક જ ઉપાય છે: તે એ કે મનુષ્યમાત્રને સમાન એવું જે એકમાત્ર ધાર્મિક સત્ય છે તેનાં સ્પષ્ટીકરણ અને સાક્ષાત્કાર દિવસે દિવસે વધતાં જાય. સાથે હું એ પણ ઉમેરું કે જપાની પ્રજામાં અત્યારે બાહ્ય વિકાસ, 'સુધારો', 'પ્રગતિ', અને લશ્કરી સત્તા ને કીર્તિની રેલમછેલ છે, છતાં હું કહું કે એ પ્રજા અત્યારે ભારેમાં ભારે દુઃખ અને સંકટની અવસ્થામાં છે; કેમકે એ બહારનો ભભકાટ, અને અધમતાને પહોંચેલા યુરોપ પાસેથી સ્વીકારેલી 'વૈજ્ઞાનિક' જીવનદૃષ્ટિ જ, બીજા કશા કરતાં વધારે અંશે, જપાની પ્રજામાં પેલી કલ્યાણકારી વસ્તુનો — સમગ્ર માનવજાતિને માટે એકસમાન એવા ધાર્મિક સત્યનો — પ્રાદુર્ભાવ થતો અટકાવે છે.

તમે મને — ખાસ કરીને જપાની પ્રજાની આધ્યાત્મિક સ્થિતિ વિષે — જેટલી વધારે વીગતથી જવાબ આપશો ને વધારે માહિતી આપશો તેટલો હું તમારો વધારે આભારી થઈશ.

બાહ્ય ભેદો ગમે તેટલા છતાં —

તમારો સ્નેહાધીન ભાઈ
લીઓ ટૉલ્સ્ટૉય

૧૫

મારું પરિવર્તન

મને છેક બચપણમાં રૂઢિમાન્ય ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશ આપવામાં આવેલો. બાળપણમાં, કિશોરવયમાં ને જુવાનીમાં મને એનું જ શિક્ષણ અપાયેલું. છતાં અઢાર વરસની વયે જ્યારે મેં યુનિવર્સિટીના બીજા વરસમાંથી અભ્યાસ મૂકી દીધો ત્યારે મને અપાયેલા સર્વ ધર્મશિક્ષણ પરથી મારી શ્રદ્ધા ઊડી ગઈ હતી. પંદર વરસની ઉંમરથી મેં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચવા માંડ્યાં હતાં, તેથી મારી અશ્રદ્ધાનું ભાન મને ઘણું વહેલું થવા પામ્યું હતું. સોળમા વરસથી મેં પ્રાર્થના કરવી મૂકી દીધી, અને દેવળની ઉપાસનામાં જવાનું ને ઉપવાસ કરવાનું વિચારપૂર્વક છોડી દીધું, ને એમ કરવામાં હું મારા સિદ્ધાંતનું પાલન કરું છું એમ માન્યું. મારી બચપણની શ્રદ્ધાને મેં ફગાવી દીધી ખરી, તોયે કશાકની ઉપર મારી શ્રદ્ધા રહી હતી —જોકે શાના ઉપર તે હું ચોકસ સમજાવી શકતો નહોતો. હું ઈશ્વરને માનતો હતો — અથવા કહો કે હું ઈશ્વરના અસ્તિત્વનો ઇનકાર કરતો નહોતો — પણ કેવા ઈશ્વરને, તે હું કહી શક્યો ન હોત. હું ઈસુ ખ્રિસ્તની કે તેમના શિક્ષણની પણ અવગણના કરતો નહોતો, પણ એ શિક્ષણમાં શું શું આવી જાય છે એ હું કહી શક્યો ન હોત.

હવે, એ સમયનો વિચાર કરી જોતાં, હું સ્પષ્ટ જોઉં છું કે નરી પશુવૃત્તિ ઉપરાંત મારા જીવન પર સત્તા ચલાવનારી એક જ માન્યતા હતી — મારા મનમાં હતી; મને માત્ર એક એવી આસ્થા હતી કે પૂર્ણત્વની પ્રાપ્તિ શક્ય છે. જોકે એ પૂર્ણત્વનું રૂપ કેવું હોય, ને એમાંથી શાં પરિણામ નીપજે એવાં છે, એ હું કહી શક્યો ન હોત.

મેં બૌદ્ધિક પૂર્ણતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ આદર્યો. મારી જિંદગીએ મને તક આપી તે દરેક દિશામાં મેં અભ્યાસ વધાર્યો. મેં સંકલ્પબળ વધારવાનો પ્રયત્ન કર્યો, ને મારે માટે નિયમો ઘડી તે પરાણે પાળવા માંડ્યા. જેનાથી બળ અને ચપળતા મળે એવો દરેક પ્રકારનો વ્યાયામ કરીને, અને શારીરિક ધીરજ ને સહનશીલતાની ટેવ પાડીને, મેં મારી શરીરશક્તિ ખીલવવાનો બનતો બધો પ્રયત્ન કર્યો. મેં સ્વેચ્છાએ અનેક કષ્ટો વેઠવા માંડ્યા ને અનેક વસ્તુઓ વિના ચલાવી જોવાના પ્રયોગો કરવા માંડ્યા. મેં જે પૂર્ણત્વ પ્રાપ્ત કરવાનો નિર્ધાર કર્યો હતો તેને માટે આ બધું જરૂરનું જણાયું.

બેશક, પહેલાં તો, મને નૈતિક પૂર્ણત્વ જ મારું મુખ્ય ધ્યેય ભાસેલું; પણ થોડા જ વખતમાં તેને બદલે હું સર્વ વિષયની પૂર્ણતાનો આદર્શ સેવતો ને તેનું ચિંતન કરતો થઈ ગયો. બીજા શબ્દોમાં કહું તો, મારી પોતાની કે ઈશ્વરની નજરમાં નહીં પણ બીજા માણસોની નજરમાં સારો દેખાવાની મને ઇચ્છા થવા લાગી. અને જોતજોતામાં, માણસોની નજરમાં સારા દેખાવાના પ્રયત્ને બીજું રૂપ લીધું — મને બીજા માણસો કરતાં વધારે સત્તા મેળવવાની, કીર્તિ, સામાજિક પ્રતિષ્ઠા ને સંપત્તિનો બીજાઓના કરતાં મોટો હિસ્સો મેળવવાની, ઝંખના થવા લાગી ......

ભવિષ્યમાં ક્યારેક હું કદાચ મારી જીવનકથા લખીશ, અને મારી જુવાનીના કરુણ ને બોધપ્રદ બનાવો વીગતવાર વર્ણવીશ. હું

માનું છું મારા જેવા અનુભવો ઘણાઘણાને થયા હશે. મને સદાચારી થવાની પૂરા જિગરથી ઇચ્છા હતી; પણ હું જુવાન હતો, મારામાં વાસનાઓનું જોર હતું, ને સદાચારની મારી સાધનામાં હું એકલો, સાવ એકલો, હતો. જ્યારે જ્યારે હું સદાચારી થવાની મારા હૃદયની ઝંખનાની વાત કરવા જતો ત્યારે દરેક વખતે મને તરછોડવામાં આવતો ને મારી ઠેકડી કરવામાં આવતી. પણ હું હીન વાસનાઓને વશ થતો કે તરત મારી સ્તુતિ કરવામાં આવતી ને મને પ્રોત્સાહન અપાતું.

મહત્ત્વાકાંક્ષા, સત્તાપ્રેમ, ધનની લાલસા, વ્યભિચાર, ગર્વ, ક્રોધ, વેરવૃત્તિ એ બધાં પ્રત્યે લોકોનાં મનમાં ઘણું માન હતું.

હું આ વાસનાઓને વશ થતો ગયો તેમ તેમ મારા મુરબ્બીઓ જેવો બન્યો, ને મને દેખાયું કે તેમને મારે વિષે સંતોષ થવા લાગ્યો હતો. મારી એક માયાળુ ફોઈની પાસે હું રહેતો હતો. તે ખરેખર ભલી બાઈ હતી. તે મને કહેતી કે મારે માટે એક વસ્તુની ઇચ્છા તે સૌથી વધારે રાખતી હતી — તે એ કે કોઈ પરણેલી સ્ત્રી મારી જોડે પ્રેમમાં પડવી જોઈએ. મારા સુખને માટે તેની બીજી ઇચ્છા એ હતી કે મારે લશ્કરી અમલદાર — અને બને તો બાદશાહના અંગરક્ષક — થવું જોઈએ. મારે માટે મોટામાં મોટું સદ્ભાગ્ય તે એ માનતી કે મને કોઈ બહુ જ શ્રીમંત કન્યા મળી જાય, ને તે પહેરામણીમાં બને એટલા વધારે ગુલામ લઈને આવે.

આજે એ વરસોનું સ્મરણ કરતાં મને દર્દ, ત્રાસ ને જુગુપ્સા ઊપજ્યા વિના રહેતાં નથી.

હું યુદ્ધમાં માણસોની હત્યા કરતો; બીજાઓના જીવ લેવા તેમની જોડે દ્વંદ્વયુદ્ધમાં ઊતરતો; પાનાંના જુગારમાં પૈસા ગુમાવતો; ખેડૂતોના પરસેવામાંથી જોરજુલમ કરીને મેળવેલા પૈસા વેડફી નાખતો; ખેડૂતોને નિર્દયપણે સજા કરતો; વંઠેલ સ્ત્રીઓની સાથે રંગરાગ કરવામાં

ગુલતાન રહેતો; અને માણુસોને છેતરતો. જૂઠ, લૂંટ, સર્વ પ્રકારનો વ્યભિચાર, શરાબખોરી, હિંસા, ખૂન!!...એવો એક ગુનો નહોતો જે હું કરતો ન હોઉં; અને છતાં મારી બરોબરીના માણુસો મને એ કારણે પ્રમાણુમાં ઓછો સદાચારી ન ગણુતા.

દસ વરસ લગી મારું જીવન એ રીતે વહ્યું.

એ કાળ દરમ્યાન મેં, ગુમાન, અર્થપ્રેમ ને ગર્વને લીધે, લખવાનું શરૂ કર્યું હતું. મેં માણુસ તરીકે જે રસ્તો પસંદ કરેલો એ જ રસ્તે હું લેખક તરીકે ચાલ્યો. હું લખતો તેને માટે કીર્તિ ને પૈસા મેળવવા સારુ, મારે સારી વાતો હોય તે છુપાવવી પડતી ને જે વાતો બૂરી હોય તે કહેવી પડતી. હું તે પ્રમાણે કરતો પણુ ખરો. હું હતો તેના કરતાં કંઈક વધારે સારા બનવાની ઝંખના એ મારા હૃદયની સાચેસાચી લાગણી હતી. એ ઝંખનાને બેપરવાઈ કે મોજમજાના આવરણુ તળે છુપાવવા સારુ મારે લખતી વખતે મગજમાં કેટલીયે વાર ધડભાંજ કરવી પડતી. એમાં પણુ હું ફાવ્યો, ને મારી વાહવા થઈ.

યુદ્ધ પૂરું થયે, છવ્વીસ વરસની ઉંમરે, હું પીટર્સબર્ગ આવ્યો, ને તે કાળના લેખકોની મેં ઓળખાણુ કરી. મને હાર્દિક આવકાર મળ્યો ને મારી ઘણી ખુશામત થવા લાગી.

મને સ્વસ્થ ચિત્તે અવલોકન કરવાને વખત મળે તે પહેલાં જ, હું જે વર્ગના લેખકોમાં ભળતો તે વર્ગમાં પ્રચલિત મતો, વહેમો ને કલ્પનાઓ મારા પર સવાર થઈ બેઠાં; ને અગાઉ સારા થવા માટે મારા મનમાં જે મથામણુ થતી તે બધીનો પૂરેપૂરો અંત આવી ગયો. મારા જીવનના ભ્રષ્ટાચારની અસરથી આ વિચારોએ મને એક તાત્ત્વિક સિદ્ધાંત પણુ આપી દીધો, ને તેને લીધે હું એ ભ્રષ્ટાચારને સર્વથા ઉચિત માનતો થયો.

મારા આ સહચારી લેખકોએ જીવનને વિષે એ સિદ્ધાંત બાંધ્યો હતો કે જીવન એક વિકાસ છે, અને એ વિકાસમાં મુખ્ય ભાગ અમે પોતે, એટલે કે વિચારકો, ભજવીએ છીએ; અને વિચારકોમાં પણ મોટામાં મોટો પ્રભાવ અમારો, કલાકારો ને કવિઓનો, છે. માણસોને શીખવવું એ અમારો વ્યવસાય છે.

"હું શું જાણું છું? હું શું શીખવી શકીશ?" એ પ્રશ્ન ઊઠવો અતિ સ્વાભાવિક હતો. પણ તેનો ઉત્તર દેવો ટાળવાને સારુ આ સિદ્ધાંતમાં એક એવી કલમ ઉમેરવામાં આવી કે એ ઉત્તર જાણવાની જરૂર નથી, અને કલાકાર ને કવિ અજ્ઞાતપણે શીખવે છે.

હું પોતાને અદ્ભુત કલાકાર ને કવિ માનતો, ને તેથી મેં સહેજે આ સિદ્ધાંતને અપનાવ્યો. હું, કલાકાર અને કવિ, લખતો ને શીખવતો હતો — શું શીખવતો તેની મને ખબર ન હતી. એ કામ કરવા માટે મને પૈસા મળતા; હું લહેરબંધ ખાતોપીતો; સુંદરમાં સુંદર ઘર, સ્ત્રીઓ, સમાજની સોબત બધાનું સુખ મને હતું; મને કીર્તિ વરી હતી. હું શીખવતો તે બહુ સારી વસ્તુ હતી એમાં શંકા જ શી હોય?

આજે જ્યારે હું એ સમયનો વિચાર કરું છું, અને મારી પોતાની તેમજ આ માણસોની મનોદશા યાદ કરું છું (એ મનોદશા હજુ પણ હજારો માણસોમાં જોવા મળે છે), ત્યારે મને તે દયાજનક, ભયાનક ને હાંસીપાત્ર ભાસે છે; પાગલખાના આગળથી આપણે પસાર થઈએ તે વેળા આપણાં મનમાં પેદા થાય છે એવી લાગણીઓ મારા મનમાં જન્મે છે.

તે વેળા અમારાં સહુનાં મનમાં પાકી ખાતરી હતી કે બને તેટલું જલદી ને બને તેટલું વધારે બોલવું, લખવું ને છાપવું એ અમારું કર્તવ્ય છે, ને તેના પર માનવજાતિના કલ્યાણનો આધાર રહેલો છે. અમે હજારો માણસો લખતા, છાપતા ને શીખવતા, અને

બધો વખત એકબીજાનું નિરસન ને ગાળાગાળી કરતા. અમને પોતાને જરાયે ભાન નહોતું કે અમે પોતે તો કશું જાણતા નહોતા, અને જીવનના સાદામાં સાદા પ્રશ્નોનો — દા. ત. શું સાચું છે ને શું ખોટું છે તેનો — અમારી પાસે કશો જવાબ ન હતો. અમે સહુ એકીસાથે બોલતા, ને અમારામાંથી સાંભળતું કોઈ નહીં.

કેટલીકવાર અમે એકબીજાને મદદ કરતા ને પરસ્પર પ્રશંસા કરતા — એ શરતે કે વારો આવ્યે અમને પણ મદદ મળે ને અમારી પણ પ્રશંસા કરવામાં આવે. અને વળી પાછા અમે એકબીજા સામે ઘુરકિયાં કરતા — ટૂંકામાં, અમે પાગલખાનાના દેખાવોનું પુનરાવર્તન કરતા.

આખા રશિયામાં ટપાલ દ્વારા ફેલાવવાના કરોડો શબ્દો બીબાંમાં ગોઠવવા ને છાપવામાં કરોડો મજૂરો પોતાની બધી તાકાત વાપરીને રાતદિવસ કામ કરતા; અને તોયે અમે લોકોને શીખવવાનું ચાલુ રાખતા, પૂરતું શીખવી શકતા નહીં, અને દરમ્યાન ફરિયાદ કરતા કે લોકો અમારી વાત ઝાઝી કાને ધરતા નથી.

ખરેખરી વિચિત્ર દશા કહેવાય; પણ હવે હું તે કળી શકું છું. અમારી બધી દલીલોનો ખરો પ્રેરક હેતુ તે પૈસા ને પ્રશંસા મેળવવાની ઇચ્છા હતી; અને એ મેળવવા માટે અમને ચોપડીઓ ને છાપાં લખવા સિવાય બીજા કોઈ સાધનની ખબર નહોતી; એટલે અમે તે લખતા. પણ અમે આવા નકામા કામમાં રોકાયેલા હોવા છતાં સમાજમાં અમારું પદ બહુ અગત્યનું હતું, એ અમારાં મનની પ્રતીતિ અમારે ટકાવી રાખવી હતી; તેથી અમારા વ્યવસાયને બીજા એક સિદ્ધાંત વડે અમારી પોતાની નજરમાં વાજબી ને ઉપયોગી ઠરાવવો જરૂરી હતો. એટલે અમે નીચેનો સિદ્ધાંત સ્વીકાર્યો :

જગતમાં જે કંઈ છે તે ખરું છે, ઉચિત છે. જે કંઈ છે તે વિકાસને લીધે છે. વિકાસ સંસ્કૃતિમાંથી પેદા થાય છે. ચોપડીઓ

ને છાપાંનો પ્રચાર એ સંસ્કૃતિનું માપ છે. આપણે જે ચોપડીઓ ને છાપાં લખીએ છીએ તેને માટે આપણને પૈસા અને માન મળે છે. તેથી આપણે સૌથી વધારે ઉપયોગી ને સર્વશ્રેષ્ઠ માણસો છીએ!

અમે બધા જો એક મતના હોત તો આ દલીલ છેવટની ને નિર્ણાયક થઈ પડત. પણ અમારામાંનો એક જણ એક મત પ્રગટ કરે કે તેથી સાવ ઊલટો મત બીજા માણસનો નીકળતો; અને તેથી અમને પહેલા માણસનો મત સ્વીકારતાં આનાકાની થતી. પણ એ વાત અમારા ધ્યાનમાં આવતી નહીં; અમને તો પૈસા મળતા, અમારા પક્ષના લોકો અમારી વાહવા બોલાવતા, ને તેથી અમને — દરેક જણને — લાગતું કે અમારી વાત ખરી હતી.

હવે મને સાફ દેખાય છે કે અમારી ને પાગલખાનાના રહીશોની વચ્ચે કશો ફરક ન હતો. એ વખતે મારા મનમાં એ વાતની માત્ર અસ્પષ્ટ આશંકા હતી; અને, બધા પાગલોની પેઠે, હું માનતો કે મારા સિવાયના બીજા બધા પાગલ છે......

બીજાં છ વરસ, મારું લગ્ન થયું ત્યાં સુધી, મેં આ જાતની બેવકૂફીમાં કાઢયાં. એ સમય દરમ્યાન હું પરદેશ ગયો. યુરોપમાંની મારી રહેણીકરણીએ, અને ઘણા વિખ્યાત ને વિદ્વાન વિદેશીઓ જોડેના મારા પરિચયે સાર્વત્રિક પૂર્ણત્વની શકયતાના સિદ્ધાંત ઉપરની મારી આસ્થા વધારે પાકી બનાવી, કેમકે મેં જોયું કે એ લોકોમાં પણ એ જ સિદ્ધાંત પ્રવર્તતો હતો. આ આસ્થા જે રૂપમાં આપણા જમાનાના ઘણાખરા શિષ્ટ ને સંસ્કારી માણસોનાં મનમાં સામાન્યપણે પ્રવર્તે છે તે રૂપમાં મારા મનમાં પણ વસી ગઈ. આ માન્યતાને અમે 'પ્રગતિ' શબ્દ વડે પ્રગટ કરતા. તે વખતે મને ભાસતું કે આ શબ્દમાં કંઈક ખરેખરો અર્થ છે. મારે જીવનને વધારે સારું શી રીતે બનાવવું, એ પ્રશ્ન બીજા

દરેક માણસની જેમ મારા મનને પણ સતાવતો. તેના ઉત્તરમાં હું કહેતો કે મારે પ્રગતિને માટે જીવવું જોઈએ. એક માણસ હોડીમાં બેઠો હતો. હોડીને પાણીનાં મોજાં ને પવન ઘસડી જતાં હતાં. તેને માટે ખરેખરો અગત્યનો એવો જે એક જ સવાલ હતો તે તેને પૂછવામાં આવતો કે "આપણે ક્યાં હંકારવાનું છે?" તો તે કહેતો, "આપણને ક્યાંક લઈ જવામાં આવે છે ખરા." "મારે પ્રગતિ માટે જીવવું જોઈએ," એમ કહેવામાં હું આ માણસના જેવો જ જવાબ આપતો હતો. પણ એ વાત મને તે વખતે સમજાઈ ન હતી.

તે વેળા મને આ સત્ય દેખાતું નહોતું. આપણા જમાનાનો સામાન્ય વહેમ, જે માણસોને જીવન વિષેના પોતાના અજ્ઞાન વિષે દુર્લક્ષ કરવા પ્રેરે છે, તેની સામે ક્વચિત્ મારી બુદ્ધિ નહીં પણ મારી લાગણીઓ પોકાર કરી ઊઠતી.

દાખલા તરીકે, પારીસના મારા નિવાસ દરમ્યાન, એક માણસનો જાહેર રીતે શિરચ્છેદ થતો જોઈને મને ભાન થયેલું કે પ્રગતિને વિષે મારા મનમાં જે વહેમ ભરેલો હતો તેમાં ઝાઝું વજૂદ ન હતું. મેં માથાને ધડથી જુદું પડતું જોયું, અને તે જુદું થઈને એક પેટીમાં પડ્યું તેનો અવાજ સાંભળ્યો ત્યારે હું, મારી બુદ્ધિથી નહીં પણ રગેરગથી, સમજ્યો કે ચાલુ સ્થિતિની યોગ્યતા વિષેનો કે પ્રગતિ વિષેનો કોઈ પણ સિદ્ધાંત આવા કામને વાજબી ઠરાવી શકે નહીં; અને સૃષ્ટિના આદિકાળથી જગતમાં માણસોને, ગમે તે સિદ્ધાન્તને આધારે, આ વસ્તુ ભલે આવશ્યક જણાઈ હોય, પણ મને ખબર પડી કે એ આવશ્યક નથી, એ બૂરી વસ્તુ છે; અને તેથી, મારે સાચું શું ને આવશ્યક શું એનો નિર્ણય માણસો શું કરે છે ને કહે છે તે પરથી નહીં, પ્રગતિના માપ પરથી નહીં, પણ મારા હૃદયમાં જે સાચું લાગે તે પરથી કરવો જોઈએ.

પરદેશથી આવ્યા પછી હું મારે ગામડે જઈ વસ્યો, ને ખેડૂતોને

માટે નિશાળો ચલાવવાનું કામ આદર્યું. સરકાર તરફથી લવાદનો હોદ્દો સ્વીકારી મેં નિરક્ષર લોકોને નિશાળોમાં ભણાવવા માંડ્યું, અને શિક્ષિત વર્ગોને શિક્ષણ આપવા માટે એક છાપું કાઢ્યું. કામ ઠીક ચાલતું દેખાવા લાગ્યું; પણ મને લાગતું હતું કે મારું મન સ્વસ્થ નથી ને થોડા વખતમાં કંઈક ફેરફાર થવાનો છે. જે નિરાશાની સ્થિતિએ હું પંદર વરસ પછી પહોંચ્યો ત્યાં કદાચ હું તે જ વખતે પહોંચી ગયો હોત; પણ જીવનનો એક નવો અનુભવ — કૌટુંબિક જીવનનો લહાવો — આડે આવ્યો, ને તેણે મને સુરક્ષિતતાની આશા આપી.

એક વરસ હું લવાદી, નિશાળો ને મારું છાપું એમાં એટલો ઓતપ્રોત થઈ ગયો, ને એમાં એટલો ગૂંચવાઈ પડ્યો કે મારી હેરાનગતીનો કાંઈ સુમાર રહ્યો નહીં. લવાદીમાં નડતી મુશ્કેલીઓ જીરવવી કઠણ થઈ પડી. નિશાળોની મારી પ્રવૃત્તિનો કશો ઉપયોગ છે કે કેમ એની મને શંકા થવા લાગી. અને છાપામાં હું જે શબ્દ-જાળ રચતો તે મને અકારી થઈ પડી; કેમકે એમાં હમેશાં એક જ વાત રહેતી — તમામ લોકોને શીખવવું; અને કેવી રીતે ને શું શીખવવું એની મને ગમ નથી એ વાત છુપાવવી. આ બધી અકળામણ એટલી વધી પડી કે હું માંદો પડ્યો — માંદગી શારીરિક કરતાં માનસિક વધારે હતી —, બધું કામકાજ છોડી દીધું, અને મેદાનોમાં જવા નીકળી પડ્યો — તાજી હવા ખાવા, દારૂ પીવા, ને પશુજીવન ગાળવા.

ત્યાંથી પાછો આવીને હું પરણ્યો. સુખી કૌટુંબિક જીવનના નવા સંજોગોએ મને સમગ્ર જીવનના અર્થની શોધ સાવ વિસારે પાડી દીધી. આ વખતે મારું જીવન મારું કુટુંબ, મારી સ્ત્રી ને મારાં બાળકો એમાં, અને તેથી જીવનનાં સાધનો વધારવાની ચિંતામાં, સમાઈ ગયું હતું. મારું પોતાનું વ્યક્તિગત પૂર્ણત્વ સાધવાના પ્રયત્નનું

સ્થાન સમાજની પ્રગતિ સાધવાના પ્રયત્ને અગાઉ લીધું હતું. તેમાં પરિવર્તન થઈને ખાસ મારા કુટુંબનું સુખ સાધવાના પ્રયત્ને એ સ્થાન પાછું પ્રાપ્ત કર્યું.

આ રીતે પંદર વરસ વીતી ગયાં. મારે માટે જે એકમાત્ર સત્ય હતું — એટલે કે જીવનનો ઉદ્દેશ આપણું ને આપણા કુટુંબનું વધારેમાં વધારે સુખ સાધવાનો હોવો જોઈએ — તેનો જ ઉપદેશ હું મારાં લખાણોમાં કરતો.

આ રીતે જીવન પસાર થતું હતું; પણ, પાંચ વરસ પર, મારામાં એક વિચિત્ર પ્રકારની મનોદશા પેદા થવા લાગી: કેટલીક પળો એવી આવવા લાગી જ્યારે મને મૂંઝવણ થતી, જીવન જાણે થંભી જતું હોય એમ લાગતું. હું ભટકવા લાગ્યો, ને મન ઉદાસ રહેવા લાગ્યું. પણ એ સ્થિતિ વીતી ગઈ, ને મેં અગાઉની જેમ રહેવું ચાલુ રાખ્યું. આગળ ઉપર મૂંઝવણના એ સમયો વધારે ને વધારે વાર ફરીફરીને આવવા લાગ્યા; ને તે એક જ રૂપ લેતા. જીવન આમ થંભી જતું ત્યારે મારા મનમાં ફરીફરી એના એ જ સવાલ ઊઠતા : " શા માટે ? " ને " શું મેળવવા સારુ ? "

પહેલાં તો મને એમ લાગતું કે એ મુદ્દા વિનાના નિરર્થક પ્રશ્નો છે; મને લાગતું કે એ પ્રશ્નો જે વાત પૂછે છે તે બધી જાણીતી છે, અને હું કોઈ પણ વખતે એના જવાબ ખોળવા માગું તો ઝાઝી મુસીબત વિના મેળવી શકું — અત્યારે તત્કાળ મને એ ઉપાધિમાં પડવું પોસાય એમ નથી, પણ હું જ્યારે વખત કાઢીને એના પર વિચાર કરીશ ત્યારે મને એનો જવાબ મળવાનો જ છે. પણ આ પ્રશ્નો તો મારા મનમાં ફરીફરીને, વધારે ને વધારે વેળા ઊઠવા લાગ્યા, વધારે ને વધારે આગ્રહથી ઉત્તર માગવા લાગ્યા, અને મનમાં એક જગાએ જમાવ કરીને બેઠા.

મારી દશા એવી થવા લાગી જેવી દરેક ઘાતક આંતરિક રોગમાં થાય છે— પહેલાં બેચેનીનાં નજીવાં લક્ષણો દેખાય છે, તેના તરફ દરદી દુર્લક્ષ કરે છે; પછી એ લક્ષણો ટૂંકે ટૂંકે આંતરે ફરીફરીને દેખા દે છે, ને છેવટે એ ભેગાં થઈને એકસરખી વેદના, અટક્યા વિના, થવા લાગે છે. વેદના વધે છે; અને દરદીને નિરાંતે વિચાર કરી જોવાનો વખત મળે તે પહેલાં તો તેને ખબર પડી જાય છે કે જેને તે સહેજ બેચેની માનતો હતો તે તેને સારુ જગતની બીજી કોઈ પણ ચીજ કરતાં વધારે મહત્ત્વની થઈ પડી છે, ને કાળ આવી પહોંચ્યો છે!

મારી આબેહૂબ એવી જ સ્થિતિ થઈ. મને ખબર પડી કે આ એકાદ વાર આવી જનારી બેચેની નથી, પણ કંઈક અતિગંભીર વસ્તુ છે, અને આ પ્રશ્નો ફરીફરીને ઊઠવા ચાલુ રહેશે તો મારે એનો ઉત્તર ખોળી કાઢવો જ પડશે. અને મેં એનો ઉત્તર દેવાનો પ્રયત્ન કર્યો. પ્રશ્નો સાવ બેવકૂફીભર્યા, સાવ સાદા, સાવ છોકરમતવાળા લાગ્યા; પણ મેં તે હાથમાં લઈ તેનો નિર્ણય કરવાનો પ્રયાસ શરૂ કર્યો કે તરત જ મારી એવી ખાતરી થઈ ગઈ કે, એક તો, એમાં છોકરમત કે બેવકૂફી કશું નહોતું, પણ તે જીવનની ઊંડામાં ઊંડી વસ્તુઓને લગતા હતા; અને, બીજું કે હું એનો ઉકેલ આણી શકું એમ હતું નહીં — મારું મન એમાં ગમે તેટલું પરોવું તોપણ એનો ઉકેલ આણી શકાય એમ નહોતું.

મારી સમારાની જાગીરનું કામકાજ, મારા દીકરાની કેળવણી, અને પુસ્તકોનું લેખન હાથમાં લેતા પહેલાં, એ વસ્તુઓ હું શાને સારુ કરું છું એ મારે જાણ્યે છૂટકો હતો. "શાને સારુ" એ કારણ હું ન જાણું ત્યાં લગી મારાથી કંઈ થઈ શકે નહીં. આ દિવસોમાં મારો ઘણો સમય મારાં ઘરબાર ને જમીનજાગીરની વ્યવસ્થામાં

જતો. એ કામ વિષે વિચાર કરતાં કરતાં એકાએક મારા મગજમાં આ સવાલ આવ્યો :

"હવે મારી પાસે સમારા પ્રાંતમાં છ હજાર ડિસ્યેટીન જેટલી જમીન ને ત્રણુસો ઘોડા છે; એ તો ઠીક, પણ પછી શું?"

હું છેક જ શિયાવિયા થઈ ગયો, ને મારે શો વિચાર કરવો એની મને સૂઝ પડી નહીં. બીજે પ્રસંગે, મારે બાળકોને કેવી કેળવણી આપવી એનો વિચાર કરતાં કરતાં હું મનને પૂછવા લાગ્યો, "શાને સારુ?" વળી, લોકોનું કલ્યાણ કયે રસ્તે સારામાં સારું સધાય એનો વિચાર કરતાં કરતાં હું એકદમ બોલી ઊઠ્યો, "પણ મારે એની જોડે શી લેવાદેવા છે?" મારાં પુસ્તકો મને જે ખ્યાતિ અપાવતાં હતાં તેનો વિચાર કરવા લાગ્યો તો મેં મનને કહ્યું : "ભલે, હું ગોગોલ, પુશ્કીન, શેક્સપિયર, ને મોલિયેરના કરતાં — જગતના તમામ લેખકો કરતાં — વધારે પ્રસિદ્ધ થાઉં તો તેથી શું — માનો કે પ્રસિદ્ધ તો થયો, પણ પછી શું?"

મને એનો કંઈ જવાબ ન જડ્યો. એવા પ્રશ્નો રાહ જોતા નથી : તે તાત્કાળિક ઉત્તર માગે છે; ઉત્તર વિના જીવન અશક્ય બની જાય છે; પણ ઉત્તર કંઈ મળ્યો જ નહીં.

મને લાગ્યું કે જે જમીન પર હું ઊભો છું તે સરી પડે છે, મારે ઊભા રહેવાનો કશો આધાર રહ્યો નથી, હું જેને માટે જીવતો હતો તે ચીજ કશી વિસાતમાં નથી, ને મારે જીવવાનું કંઈ કારણ રહ્યું નથી......

મારું જીવન થંભી ગયું. હું શ્વાસ લેતો, ખાતો, પીતો, ઊંઘતો, અને ખાધા, પીધા, ઊંઘ્યા વિના મારાથી રહેવાતું નહીં; પણ મારે કંઈ સાચું જીવન હતું નહીં, કેમકે મારે એવી એકે કામના નહોતી જેની તૃપ્તિને બુદ્ધિની સંમતિ છે એમ હું માની શકું. હું કશાકની ઇચ્છા કરું, તો મને અગાઉથી ખબર હતી કે હું એ ઇચ્છા તૃપ્ત

કરું યા ન કરું, તેમાંથી કંઈ નીપજવાનું નથી. કોઈ પરીએ આવીને હું ઇચ્છું તે બધું મને આપવા માંડ્યું હોત, તો શું કહેવું એની મને ખબર ન પડત. મને આવેશની ક્ષણોમાં, ઇચ્છાઓ તો નહીં કહું, પણ અગાઉની ઇચ્છાઓની તલબ પેદા થતી; પણ શાંતિની ક્ષણોમાં હું સમજતો કે એ ભ્રમણા છે, અને મને ખરેખર કશું મેળવવાની ઇચ્છા નથી. સત્ય જાણવાની પણ ઇચ્છા હું રાખી શકતો નહોતો, કેમકે સત્ય શામાં સમાયેલું છે તેનું અનુમાન હું કરી શકતો હતો.

સાચી વાત એ હતી કે જીવન નિરર્થક થઈ ગયું હતું. જિંદગીનો દરેક દિવસ, તેમાંનું એકેએક પગલું, જાણે મને કરાડની ટોચની નજીક લઈ જતાં હતાં, અને હું સ્પષ્ટ જોતો હતો કે મારી સામે વિનાશ સિવાય બીજું કશું નથી. થોભવું અશક્ય હતું; પાછા વળવું અશક્ય હતું; અને મારી સામે દુઃખ અને સાક્ષાત્ મૃત્યુ, સંપૂર્ણ વિનાશ, સિવાય કશું નથી એ હકીકત નજરે પડે જ નહીં એ રીતે મારી આંખો મીંચી દેવાનું પણ અશક્ય હતું.

આમ મને, નીરોગી ને સુખી માણસને, એમ લાગી ગયું કે હું હવે જીવી શકવાનો નથી—કોઈક અમોઘ શક્તિ મને જીવનમાંથી નાસી જવાને ઘસડી રહી છે. હું આપઘાત કરવા માગતો હતો એમ કહેવાનો આશય નથી.

જે શક્તિ મને જીવનથી આઘો ખેંચી જતી હતી તે કોઈ પણ ઇચ્છાના કરતાં વધારે બળવાન, વધારે સંપૂર્ણ, ને વધારે વ્યાપક હતી; અગાઉ મને જીવન પ્રત્યે જે આસક્તિ હતી તેના જેવી, પણ માત્ર તેનાથી ઊલટી દિશામાં જનારી, એ શક્તિ હતી. મારું બધું બળ વાપરીને હું જીવનથી નાસી છૂટવા મથી રહ્યો હતો. અગાઉ મને જીવન સુધારવાનો વિચાર જેવી સ્વાભાવિકતાથી આવતો હતો તેવી સ્વાભાવિકતાથી હવે આત્મહત્યાનો વિચાર આવવા લાગ્યો. આ વિચારની મને એટલી રઢ લાગી કે એનો અમલ

અતિ ઉતાવળમાં કરવાનું ટાળવાને સારુ મારે મારી જાત પર એક પ્રકારની આત્મપ્રતારણાનો — મનની છેતરપિંડીનો — પ્રયોગ કરવાની ફરજ પડી. હું ઉતાવળે કંઈ પણ પગલું ભરવાને નારાજ હતો — એટલા જ માટે કે મારા વિચારનો ગોટાળો દૂર કરવામાં મારી સર્વ શક્તિ મારે વાપરવી હતી; એ ગોટાળો દૂર ન કરી શકું તો પછી આપઘાત તો હું ગમે ત્યારે કરી શકું એમ હતું. અને હું, સુખી સ્થિતિનો માણસ, મારી નજીકમાં ક્યાંય દોરડું રહેવા ન દેતો —એટલા માટે કે જે ઓરડામાં હું રોજ સાંજે એકલો કપડાં બદલું છું તે ઓરડામાં ગળે ફાંસો ખાઈને જીવ કાઢવાની લાલચ મને ન થવા પામે. વળી મેં બંદૂક લઈને શિકારે જવું બંધ કર્યું, કેમકે એમાં જિંદગીનો અંત આણવાનો બહુ સહેલો રસ્તો મળી જતો હતો. મારે શું જોઈતું હતું તે હું કળી શકતો નહોતો; હું જિંદગીથી ડરતો હતો; હું તેનાથી નાસી છૂટવા ફાંફાં મારતો હતો, અને છતાં એમાંથી કશુંક મેળવવાની આશા મને હતી જ.

મારા જીવનના સર્વ સંજોગો અતિ સુખમય હતા, અને મને પચાસમું વરસ બેઠું ન હતું તે વખતે હું આ સ્થિતિએ પહોંચ્યો હતો. મારે ભલી, હેતાળ ને મનગમતી સ્ત્રી હતી; સરસ બાળકો હતાં; અને જે મોટી જાગીર હતી તે મારી ઝાઝી મહેનત વિના વધતી ને ફાલતી હતી; મને મારા મિત્રો ને ઓળખીતાઓ પહેલાંના કરતાં વધારે માન આપતા હતા; અજાણ્યાઓ મારી સ્તુતિ કરતા હતા; અને ઝાઝી આત્મપ્રતારણા વિના ખ્યાતિ મેળવ્યાનો દાવો હું કરી શકું એમ હતું. વળી હું પાગલ નહોતો કે રોગિષ્ટ મનોદશામાં નહોતો; ઊલટું મારામાં મન ને શરીરની શક્તિ એટલી હતી જેટલી મારા વર્ગના ને મારા જેવી પ્રવૃત્તિ કરનારાઓમાં મેં ભાગ્યે જ જોઈ છે; હું કાપણીમાં ખેડૂતની હારોહાર કામ કરી શકતો, ને એકસામટા આઠ દસ કલાક માનસિક પરિશ્રમ કરી શકતો, છતાં

કશું માઠું પરિણામ આવતું નહીં. આ સંજોગોમાં મારી દશા એવી થઈ પડી કે નિરાંતે જીવવું મને દોહ્યલું થઈ પડયું; અને મને મોતનો ડર હતો એટલે મારે જિંદગીનો અંત ન આણવાને સારુ મારી પોતાની જાત સામે યુક્તિઓ કરવી પડતી.

એ વખતની મારી મનોદશાનું વર્ણન ટૂંકામાં આ પ્રમાણે થઈ શકે એમ મને લાગતું: મારી જિંદગી એ મારી સામે કોઈએ બેવકૂફી ને દુષ્ટતાથી કરેલી ઠેકડી હતી. જેણે મને સરજ્યો હોય એવા 'કોઈ'ની હસ્તી હું સ્વીકારતો ન હતો તે છતાં, મને આ દુનિયામાં જન્મ આપવામાં કોઈએ દુષ્ટતા ને બેવકૂફીથી મારી ઠેકડી કરી છે એ વિચાર મને સાવ સીધોસાદો ને સ્વાભાવિક લાગ્યો.

ભયાનક વસ્તુ તો આ હતી! અને એ ત્રાસમાંથી છૂટવા હું આપઘાત કરવાને તૈયાર હતો. મારું શું થશે એ વિચારથી હું ત્રાસી ઊઠતો; હું જાણતો હતો કે મારી જે સ્થિતિ વસ્તુતઃ હતી તેના કરતાં આ ફફડાટ વધારે ત્રાસદાયક હતો, પણ હું ધીરજ રાખીને અંત આવવાની રાહ જોઈ શકું એમ હતું નહીં. હૃદયની એકાદ નસ તૂટી જશે કે કંઈક અવયવ ફાટી જશે ને અંત આવી જશે — એ દલીલ ગમે તેટલી બુદ્ધિગ્રાહ્ય હોય, તોયે મારાથી ધીરજ રાખીને એ અંત આવવાની રાહ જોઈ શકાય એમ ન હતું. આ અંધકારનો ત્રાસ અસહ્ય હતો, અને હું દોરડા કે બંદૂકની ગોળી વડે છૂટકો મેળવવા તલસી રહ્યો હતો. ને આપઘાતનો વિચાર કરવા સૌથી વધારે પ્રેરનારી લાગણી તે આ હતી...

હું મારા મનને પૂછતો: "એમ તો ન હોય કે મેં કોઈક વસ્તુ પ્રત્યે દુર્લક્ષ કર્યું છે, હું કોઈક વસ્તુ સમજી શક્યો નથી? આ નિરાશાની સ્થિતિ ઘણા માણસોને ભોગવવી પડતી હોય એમ તો ન સંભવે?"

મને સતાવી રહેલા પ્રશ્નોનો ખુલાસો હું માનવી જ્ઞાનના દરેક ક્ષેત્રમાં ખોળવા લાગ્યો; એ ખુલાસો મેં કષ્ટપૂર્વક ને લાંબા વખત લગી ખોળ્યો; એમાં નરી કુતૂહલવૃત્તિ નહોતી. મેં એદીની પેઠે નહીં, પણ કષ્ટપૂર્વક, આગ્રહપૂર્વક, દિવસ ને રાત, એ ખુલાસો ખોળી જોયો; ડૂબતો માણસ સલામતી શોધે એ રીતે ખોળ્યો, પણ મને કશું જડયું નહીં.

મેં જ્ઞાનનાં સર્વ ક્ષેત્રોમાં શોધ કરી જોઈ, છતાં મને કંઈ જડયું નહીં; એટલું જ નહીં પણ વધારામાં મારી એવી ખાતરી થઈ ગઈ કે જે લોકોએ મારી પેઠે શોધ ચલાવી હતી તેમને પણ કંઈ જડયું નહોતું; અને કશું જડયું નહોતું એટલું જ નહીં, પણ તેઓ હતાશ થઈને એવા નિર્ણય પર આવ્યા હતા કે માણસ કંઈ પણ જ્ઞાન નિઃસંશયપણે ધરાવી શકતો હોય તો તે એટલું જ કે જીવન અર્થ વિનાનું છે.

મેં બધી દિશામાં શોધ કરી જોઈ; અને, જીવન અભ્યાસમાં વ્યતીત કરેલું હોવાને લીધે, અને વિદ્વાન વર્ગ જોડે મારો સંબંધ હોવાને લીધે, જ્ઞાનનાં સર્વ વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાતમાં નિષ્ણાત વિદ્વાનોનો લાભ મને મળી શક્યો, અને તેમણે પુસ્તકો વાટે તેમજ અંગત સંપર્ક દ્વારા જ્ઞાનના સર્વ ભંડાર મારી આગળ ખુલ્લા મૂકી દેતાં સંકોચ કે આનાકાની ન કર્યાં. "જીવન એ શું છે?" એ પ્રશ્નના ઉત્તરમાં વિદ્વત્તા જે કહી શકે એમ હતું તે બધું મેં જાણી લીધું.

માનવી જ્ઞાનના વગડામાં હું ભૂલો પડી ગયો હતો. ગણિત અને પ્રયોગાત્મક વિજ્ઞાનોએ મારે માટે એવી સ્પષ્ટ ક્ષિતિજો ખુલ્લી કરી મૂકી હતી જ્યાં ઘર કે વિસામો ક્યાંય મળે એમ ન હતું; અને ફિલસૂફીનો અંધકાર હું જેમ જેમ ડગલું ભરું તેમ તેમ મને લઈ

જઈને વધારે ને વધારે તિમિરમાં નાખતો હતો. એટલે છેવટે હું એવા નિર્ણય પર આવ્યો કે એમાંથી નીકળવાનો કોઈ રસ્તો નથી, ને હોઈ શકે પણ નહીં.

\+ \+ \+

મારી નજરે વિદ્વત્તાનો જે ઝગઝગાટ દેખાતો હતો તેને અનુસરતાં મેં જોયું કે હું ખરા સવાલથી આડો જ ચડી ગયો હતો. મારી આગળ ઊઘડેલી ક્ષિતિજો ભલે ગમે તેટલી મોહક ને સ્પષ્ટ હતી, જ્ઞાનના આ પ્રકારોની અનંતતામાં ઝંપલાવવું ભલે ગમે એટલું મોહક હતું, છતાં એ ક્ષિતિજો જેટલી વધારે સ્પષ્ટ હતી તેટલી મને એની ઓછી જરૂર હતી, તેટલો મને એ મારા પ્રશ્નનો ઓછો ઉત્તર આપતી હતી.

આમ જ્ઞાનનાં ક્ષેત્રો પરના મારા ભ્રમણે મારી નિરાશા મટાડી નહીં પણ ઊલટી વધારી. જ્ઞાનની એક શાખા જીવનના પ્રશ્નનો કશો જ ઉત્તર આપતી નહોતી; બીજી શાખા જે સીધો ઉત્તર આપતી હતી તેણે મારી નિરાશાને સબળ કરી, અને મને દેખાડી આપ્યું કે હું જે સ્થિતિએ પહોંચ્યો છું તેનું કારણ એ નથી કે હું આડે રસ્તે ચડી ગયો છું, કે મારું મન ઠેકાણે નથી; પણ હું જે ધાટીએ વિચાર કરું છું તે ખરી છે, અને માનવજાતિની સૌથી પ્રભાવશાળી બુદ્ધિઓએ જે નિર્ણયો બાંધ્યા છે તેની સાથે મારો નિર્ણય મેળ ખાય છે.

હું છેતરાઈ શકું એમ ન હતું. જગત આખું મિથ્યા છે. જન્મ પામવો એ દુર્ભાગ્ય છે. જીવન કરતાં મૃત્યુ બહેતર છે. જીવનનો બોજો ફગાવી દેવો જોઈએ. આ વિચારો મારા મનને ઘેરી વળ્યા હતા.

મારી સ્થિતિ ભયાનક હતી. હું જાણતો હતો કે બુદ્ધિએ માણસને જે જ્ઞાન આપ્યું છે તેમાંથી મને જીવનની નિઃસારતા વિના

કશું મળી શકે એમ નથી, અને શ્રદ્ધામાંથી મને બુદ્ધિના પાંગળાપણા સિવાય બીજું કશું જાણવા મળે એમ નથી — અને આ બીજી વસ્તુ તો જીવનના મિથ્યાત્વ કરતાંયે બૂરી હતી. બુદ્ધિ પર રચાયેલા જ્ઞાન વડે એમ પુરવાર થતું હતું કે જિંદગી એ બૂરી ચીજ છે, ને તે બૂરી છે એમ માણસો જાણે છે, અને માણસો ધારે તો જીવવાનું બંધ કરી શકે, તે છતાં તેઓ જીવતા રહ્યા છે ને જીવતા રહેશે. જિંદગી નિરર્થક, નિઃસાર ને બૂરી છે એમ લાંબા વખતથી જાણવા છતાં હું પોતે જીવતો રહ્યો હતો. હું શ્રદ્ધા પર આધાર રાખીને ચાલું તો પરિણામ એ આવે કે જીવનનો અર્થ સમજવાને સારુ મારે બુદ્ધિનો — એટલે કે જીવનનો અર્થ પૂછનાર ને જાણવા માગનાર મારા અંશનો જ — ત્યાગ કરવો પડે!...

હું આ નિર્ણય પર આવ્યો ત્યારે સમજ્યો કે બુદ્ધિના પાયા પર રચાયેલા જ્ઞાન પાસેથી મારા પ્રશ્નનો ઉત્તર મેળવવાનો પ્રયત્ન ફોગટ છે, અને આ પ્રકારના જ્ઞાને આપેલા ઉત્તર ઉપરથી એટલું જ દેખાઈ આવે છે કે આ પ્રશ્ન જુદી રીતે ન પૂછવામાં આવે — પ્રશ્નમાં સાન્ત અને અનન્ત, ક્ષર અને અક્ષર વચ્ચેના સંબંધનો સમાવેશ ન કરવામાં આવે — ત્યાં લગી કંઈ પણ ઉત્તર મળી શકે એમ નથી. હું એ પણ સમજ્યો કે શ્રદ્ધાએ આપેલા ઉત્તરો ગમે તેટલા બુદ્ધિરહિત ને બેહૂદા લાગે, તોપણ તેમાં એક લાભ એ રહેલો છે કે તે દરેક પ્રશ્નમાં સાન્તના અનન્ત સાથેના, ક્ષરના અક્ષર સાથેના, સંબંધને સ્થાન આપેલું છે; અને વસ્તુતઃ એ વિના કશો ઉત્તર મળવો શક્ય જ નથી.

"મારે કેવી રીતે જીવવું?" એ પ્રશ્ન હું ગમે તે રૂપમાં પૂછું, તોયે ઉત્તર એ મળે છે કે "ઈશ્વરના કાયદા અનુસાર."

"મારા જીવનમાંથી કશું સાચું ને નિશ્ચિત પરિણામ આવશે ખરું? ને આવશે, તો શું?"

"શાશ્વત યાતના, કે શાશ્વત સુખ."

"મૃત્યુથી નાશ ન પામવું એનો અર્થ શો?"

"અનંત ઈશ્વર સાથેનું ઐક્ય; સ્વર્ગ."

આ રીતે મારે કબૂલ કરવું પડ્યું કે બૌદ્ધિક જ્ઞાન, જેને હું એક કાળે એકમાત્ર સાચું જ્ઞાન માનતો હતો, તે ઉપરાંત પ્રત્યેક જીવતા મનુષ્યમાં એક બીજા પ્રકારનું પણ જ્ઞાન, બુદ્ધિથી ન મળેલું ને બુદ્ધિ ન ચલાવનારું જ્ઞાન પણ હોય છે — જેનું નામ શ્રદ્ધા છે, અને જેને લીધે જીવતર શક્ય બને છે...

હવે હું એવી કોઈ પણ શ્રદ્ધાનો સ્વીકાર કરવા તૈયાર હતો, જે શ્રદ્ધા મારી પાસે બુદ્ધિનો સીધી રીતે ઇનકાર ન કરાવે; કેમકે એમ કરવું એમાં અસત્યાચરણ રહેલું હતું. એટલે મેં બૌદ્ધધર્મ અને ઇસ્લામનો, તેમના ગ્રંથો દ્વારા, અભ્યાસ કર્યો; અને ખ્રિસ્તી ધર્મનો પણ વિશેષ અભ્યાસ કર્યો — તેના ગ્રંથો દ્વારા, તેમજ મારી આસપાસના તેના અનુયાયીઓનાં જીવન નિહાળીને.

સ્વાભાવિક રીતે મારું ધ્યાન સહુથી પહેલું મારી સાવ નજીકના મંડળમાંના શ્રદ્ધાળુ લોકો તરફ — વિદ્વાનો તરફ, રૂઢિગત ધર્મના પાદરીઓ તરફ, વયોવૃદ્ધ સાધુઓ તરફ, એક નવી છાયાવાળા સિદ્ધાંતને ચુસ્તપણે માનનાર પાદરીઓ તરફ, ઉદ્ધારક પર શ્રદ્ધા રાખવાથી મુક્તિ મળે છે એવો ઉપદેશ કરનારા 'નવખ્રિસ્તીઓ' તરફ — ગયું. હું શ્રદ્ધાળુઓ પાસે પહોંચી ગયો, ને તેમને પૂછ્યું કે "તમે શાને વિષે શ્રદ્ધા ધરાવો છો? અને તમને જીવનમાં કંઈ અર્થ શાને લીધે લાગે છે?"

ગમે એટલી દલીલો મારા મનની એવી ખાતરી ન કરાવી શકી કે આ માણસોની શ્રદ્ધા સાચી હતી. ગરીબાઈ, માંદગી ને મોતનો જે ડર મારા મનમાં પ્રબળ હતો તેવા ડરનો તેમની જીવન વિષેની

કલ્પનાએ — તેમની શ્રદ્ધાએ — તેમનાં મનમાંથી નાશ કર્યો છે, એવો પુરાવો આપનારાં એમનાં કામો જો મેં જોયાં હોત તો મારી ખાતરી થઈ શકત. પણ અમારા વર્ગના અનેક શ્રદ્ધાળુઓને મેં એવાં કામો કરતા તો જોયા નહીં. હકીકતમાં એવાં કામો મેં મારા પોતાના વર્ગના છડેચોક અશ્રદ્ધા ધરાવનારાઓમાં જોયાં ખરાં, પણ અમારા વર્ગના ભાવિક ને શ્રદ્ધાળુ કહેવાતા લોકોમાં તે કદી જોયાં નહીં.

ત્યારે હું સમજ્યો કે આ માણસોની શ્રદ્ધા તે હું શોધતો હતો એ જાતની શ્રદ્ધા ન હતી; એ બિલકુલ શ્રદ્ધા જ ન હતી, એક મનમનામણું હતું, મનને આશ્વાસન આપવાની એક તરકીબ હતી. હું સમજ્યો કે આ શ્રદ્ધા સાચું આશ્વાસન આપી શકે એવી ભલે ન હતી, પણ મૃત્યુશય્યાએ પડેલા સોલોમન બાદશાહના પસ્તાવો કરતા મનને કંઈ નહીં તો જરાતરા શાંતિ આપી શકે એમ તો હતું; પણ માનવજાતિના બહુ મોટા ભાગના લોકો, જેઓ બીજાની મહેનત વડે સુખચેન પામવાને નહીં પણ પોતાને માટે જીવતરનાં સાધન પેદા કરી લેવાને સરજાયેલા છે, તેમને કામ આવે એ જાતની શ્રદ્ધા આ ન હતી. માણસજાતે જો જીવવું હોય, અને જીવનના અર્થ વિષેનું ભાન મનમાં જાગ્રત રાખવું હોય, તો આ કરોડો લોકોનાં મનમાં શ્રદ્ધાની કંઈક બીજી અને સાચી કલ્પના હોવી જોઈએ. સોલોમને, શોપનહોરે અને મેં આપઘાત નહોતો કર્યો એ હકીકત જોઈને મારી ખાતરી ન થઈ કે શ્રદ્ધા જેવી કંઈક વસ્તુ હસ્તી ધરાવે છે. પણ આ કરોડો માણસો આજ લગી જીવ્યાં છે ને હજુ જીવે છે એ જોઈને મારી ખાતરી થઈ છે કે જગતમાં શ્રદ્ધા જેવી કંઈક વસ્તુ હોવી જ જોઈએ.

હું ગરીબો, સાદા ને અજ્ઞાન લોકો, યાત્રીઓ, સાધુઓ, ને ખેડૂતોમાંના શ્રદ્ધાળુઓ પાસે જવા લાગ્યો. મારા પોતાના વર્ગના ઢોંગી શ્રદ્ધાળુઓની પેઠે આ જનસમૂહના માણસોના સિદ્ધાંતો પણ

ખ્રિસ્તી હતા. અહીં પણ ખ્રિસ્તી ધર્મનાં સત્યોની સાથે ઘણા વહેમો ભળેલા હતા; પણ એમાં એટલો ફરક હતો કે અમારા વર્ગના શ્રદ્ધાળુઓના વહેમો તેમને માટે સાવ બિનજરૂરી હતા, અને એક પ્રકારે તેમનાં મનનું રંજન કરવા ઉપરાંત તેમનાં જીવન પર એની કશી અસર ન હતી; જ્યારે શ્રદ્ધાળુ મજૂરવર્ગનો વહેમ એમનાં જીવન જોડે એવો વણાઈ ગયેલો હતો કે તેમનાં જીવન એ વહેમ વિના કલ્પવાં અશક્ય હતાં — એ વહેમ હોય તો જ તેઓ જરા પણ જીવી શકે એવું હતું. અમારા વર્ગના શ્રદ્ધાળુઓનું આખું જીવન તેમની શ્રદ્ધાથી સાવ ઊલટી રીતે ચાલતું હતું; જ્યારે જનસમૂહના શ્રદ્ધાળુઓનું આખું જીવન એમની શ્રદ્ધાએ એમને આપેલી જીવનની કલ્પના જોડે પૂરેપૂરું ભળે એવું હતું.

આમ મેં લોકોનાં જીવન અને સિદ્ધાંતોનો અભ્યાસ કરવા માંડ્યો, અને જેમ જેમ હું વધારે અભ્યાસ કરતો ગયો તેમ તેમ મારી પાકી ખાતરી થતી ગઈ કે સાચી શ્રદ્ધા એમનામાં છે, એમની શ્રદ્ધા એમને માટે આવશ્યક વસ્તુ છે, અને તે એકલી જ તેમને જીવનનો અર્થ બતાવે છે ને તેમનું જીવતર શક્ય બનાવે છે. અમારા મંડળમાં મેં જોયું કે શ્રદ્ધા વિનાનું જીવન શક્ય હતું, અને હજારમાં એક જણ પોતાને શ્રદ્ધાળુ કહેવડાવતો નહોતો; તેનાથી સાવ ઊલટું, લોકોમાં હજારમાં એક પણ અશ્રદ્ધાળુ નહોતો. અમારા મંડળમાં આખી જિંદગી આળસ, મોજમજા ને જીવન વિષેના અસંતોષમાં ચાલી જાય છે; તેનાથી સાવ ઊલટું, જનસમૂહમાં માણસોની આખી જિંદગી સખત મજૂરી ને નિશ્ચિંત સંતોષમાં જાય છે. અમારા મંડળમાં માણસો પોતાને ભાગે આવેલાં કષ્ટો ને હાડમારીઓની સામે ધમપછાડા કરે છે ને ધૂંઆપૂંઆ થાય છે; એથી સાવ ઊલટું, આમવર્ગના લોકો વિનાસંકોચે ને ફફડાટ કે ધમપછાડા વિના માંદગી ને દુઃખને માથે ચડાવે છે, અને મનમાં એવી શાંત ને દઢ

પ્રતીતિ રાખે છે કે એ બધી વસ્તુઓ જગતમાં અચૂક હોવાની જ, તે ન હોય એવું બને જ નહીં, અને જે થાય છે તે સારાને જ માટે થાય છે. આપણે જેટલા ઓછા વિદ્વાન તેટલી આપણને જીવનના અર્થ વિષેની સમજ ઓછી, ને આપણે દુઃખ અને મૃત્યુને માત્ર એક ભૂરી ઠેકડી માનવાના — એવો જે નિયમ વર્ણવવામાં આવે છે તે આ જનસમુદાયના લોકો ખોટો પાડે છે; અને તેઓ મનમાં શાંતિ ને વિશ્વાસ રાખીને, ને ઘણીવાર તો હર્ષભેર જીવે છે, દુઃખ વેઠે છે, ને મૃત્યુની સમીપ પહોંચે છે. અમારા વર્ગમાં ભયભીતપણા કે નિરાશા વિનાનું સુખી, શાંત મોત વિરલ અપવાદરૂપ હોય છે; એથી ઊલટું, લોકોમાં બેચેની, ધમપછાડા ને ગમગીનીવાળું મોત એ વિરલમાં વિરલ અપવાદ હોય છે.

અમારે માટે ને સોલોમનને માટે જીવનમાં જે એકમાત્ર સારી વસ્તુ મનાય છે તેનાથી વંચિત હોવા છતાં પરમ સુખ ભોગવનારા આ લોકો માનવજાતિનો બહુ મોટો ભાગ છે. મેં મારી આસપાસ વધારે વિશાળ નજર નાખી જોઈ; માનવજાતિના આમવર્ગના ભૂતકાળના ને વર્તમાનકાળના જીવનનો અભ્યાસ કર્યો; અને મેં જોયું કે બે કે ત્રણ કે દસ નહીં, પણ સેંકડો, હજારો, લાખો માણસો જીવનનો અર્થ એવી રીતે સમજ્યા હતા કે તેઓ જીવી તેમજ મરી શકતા હતા. આ બધા માણસોમાં માંહોમાંહે રીતભાત, મનની શક્તિ, શિક્ષણ અને દરજ્જાના પાર વિનાના ભેદો હતા; પણ એક વિષયમાં તેમનામાં એકતા હતી, તે એ કે કોઈનામાં મારા જેવું અજ્ઞાન ન હતું. એવા આ લોકો જીવન અને મૃત્યુના અર્થથી સારી રીતે વાકેફ હતા, શાંતિથી મહેનતમજૂરી કરતા હતા, કષ્ટ ને હાડમારી વેઠતા હતા, જીવતા ને મરતા હતા, ને આ બધામાં તેમને વ્યર્થ નહીં પણ સારી વસ્તુ દેખાતી હતી.

મને આ માણસો પ્રત્યે આકર્ષણ વધતું ગયું. તેમનાં જીવન વિષે, જીવતાંના જીવન વિષે તથા જેમને વિષે મેં વાંચ્યું ને સાંભળ્યું

તે મરેલાંના જીવન વિષે હું જેમ વધારે જાણતો ગયો તેમ તેમ મને તે વધારે ગમતાં ગયાં, અને મને એ રીતે જીવવું વધારે સહેલું લાગ્યું.

આ રીતે મેં બે વરસ કાઢયાં, અને પછી એક ફેરફાર થયો. એ ફેરફારની લાંબા વખતથી મારી અંદર તૈયારી ચાલી રહી હતી, ને તેનાં લક્ષણ મને હમેશાં ઝાંખી રીતે દેખાતાં હતાં. એ ફેરફાર તે આ : ધનિક ને વિદ્વાન માણસોના અમારા મંડળનું જીવન મને અકારું થઈ પડયું, એટલું જ નહીં પણ મારી નજરે તેમાં કશો અર્થ રહ્યો નહીં. અમારાં બધાં કામો, અમારી દલીલો, અમારાં વિજ્ઞાન અને કળા, એ બધું મને નવે રૂપે દેખાયું. હું સમજ્યો કે એ બધો બાળકોનો ખેલ છે, ને એમાં કશો અર્થ ખોળવાનો પ્રયત્ન નકામો છે. મજૂરવર્ગના, આખી માનવજાતિના, જીવનના સર્જકોના જીવનનું સાચું રહસ્ય મને દેખાયું. હું સમજ્યો કે આ જ સાક્ષાત્ ખરું જીવન છે, એ જીવનને અપાયેલો અર્થ ખરો છે; અને એ અર્થ મેં સ્વીકાર્યો......

આ જ સિદ્ધાંતો વિષે એક કાળે મારા મનમાં સૂગ હતી. જે માણસોની રહેણીકરણી તેનાથી ઊલટી હતી તેઓ જ્યારે એ સિદ્ધાંતો માનતા હોવાનો દાવો કરતા ત્યારે મને તે નિરર્થક ભાસતા હતા. પણ જ્યારે મેં એ સિદ્ધાંતો અનુસાર વર્તનારા માણસો જોયા ત્યારે એના એ જ સિદ્ધાંતો મને આકર્ષક ને બુદ્ધિગ્રાહ્ય લાગ્યા હતા. એ બધું મને યાદ આવ્યું; અને હું સમજ્યો કે મેં એક વેળા શા સારુ એ સિદ્ધાંતોનો અસ્વીકાર કર્યો હતો ને તેને નિરર્થક માન્યા હતા, અને હવે હું કેમ તેનો સ્વીકાર કરતો હતો ને તેને અર્થપૂર્ણ માનતો હતો. મને સમજાયું કે મેં ભૂલ કરી હતી, અને તે ભૂલ કેવી રીતે કરી હતી. મેં ખોટી રીતે વિચારવામાં કરી હતી તેના કરતાં વધારે ભૂલ અનાચારથી વર્તવામાં કરી હતી. મને સમજાયું કે સત્ય મારાથી છુપાયેલું હતું. તેનું કારણ મારી વિચારસરણી ખોટી હતી તેના કરતાં

વધારે તો એ હતું કે મેં વિષયવાસનાઓ તૃપ્ત કરવામાં મચ્યા રહેલા રંગીલા માણસનું જીવન ગાળ્યું હતું. મને સમજાયું કે "મારું જીવન કેવું છે?" એ મારો સવાલ, અને "બૂરું" એ એનો જવાબ, બંને વાસ્તવિક પરિસ્થિતિ રજૂ કરતા હતા. જે જવાબ મને એકલાને લાગુ પડતો હતો તે સમાજના જીવનને લાગુ પાડવામાં મારી ભૂલ રહેલી હતી. મેં પૂછેલું કે "મારું પોતાનું જીવન કેવું છે?" ને જવાબ મળેલો કે "બૂરું ને હાંસીપાત્ર." સાવ સાચું. મારું જીવન — મોજશોખનું, ભોગવિલાસનું જીવન — હાંસીપાત્ર ને બૂરું જ હતું; અને તેથી "જીવન નિરર્થક ને બૂરું છે" એ જવાબ મારા પોતાના જ જીવનને લાગુ પડતો હતો, સમગ્ર માનવજાતિના જીવનને નહીં.

હું આ વેળા જે સત્ય સમજ્યો તે પાછળથી મને બાઇબલના નવા કરારમાં દેખાયું: "માણસોને તેજ કરતાં તિમિર વધારે ગમ્યું કેમકે તેમનાં કામ બૂરાં હતાં. કારણ બૂરું કામ કરનાર દરેક માણસ તેજને ધિક્કારે છે, તેમ તેજની પાસે ઢૂકતો પણ નથી — એટલા માટે કે રખેને તેનાં કામોને માટે ઠપકો મળે."

મને સમજાયું કે જીવનનો અર્થ કળી શકાય તે માટે પહેલી જરૂર તો એ છે કે જીવન બૂરા ને નિરર્થક કરતાં કંઇક વધારે હોવું જોઇએ; અને બીજી એ કે તે અર્થ સમજવા માટે માણસની પાસે બુદ્ધિનું તેજ હોવું જોઇએ. આ દીવા જેવું સત્ય ન સમજતાં હું તેની આસપાસ કૂંડાળામાં કેમ ફર્યા કરતો હતો તે મને સમજાયું. મેં જોયું કે જો આપણે માનવજાતિના જીવન વિષે વિચાર કરવા ને બોલવા માગતા હોઇએ તો આપણે એ જીવનના સમગ્ર રૂપનો વિચાર કરવો જોઇએ, કેવળ એમાંના કેટલાક પરોપજીવી લોકોનો જ નહીં.

આ સત્ય ૨×૨=૪ ના જેવું સત્ય હતું, પણ મેં તે સ્વીકાર્યું નહોતું; કેમકે ૨×૨=૪ એ સ્વીકારવા ઉપરાંત મારે એમ પણ કબૂલ કરવું પડત કે હું બૂરો હતો. ૨×૨=૪ એ સત્ય માનવા કરતાં, હું

સારો હતો એમ માનવું મારે માટે વધારે અગત્યનું હતું, મને વધારે રુચિકર હતું. પછી હું સારા માણસોને ચાહવા લાગ્યો, મને મારા પોતાના પર તિરસ્કાર છૂટ્યો, ને મેં એ સત્ય સ્વીકાર્યું......

બુદ્ધિ પર રચાયેલા સર્વ જ્ઞાનમાં જે ભૂલ અનિવાર્ય છે તેને વિષે મારી પાકી ખાતરી થઈ હતી. એ પ્રતીતિએ મને ખોટી, નિરર્થક દલીલબાજીના પાશમાંથી છૂટવામાં મદદ કરી. સત્યનું જ્ઞાન એ સત્યનું આચરણ કરીને જ મેળવી શકાય, એ પ્રતીતિમાંથી મને મારી પોતાની યોગ્યતા વિષે શંકા ઊપજી; પણ મારી પોતાની સાંકડી વિચારસરણીમાંથી બહાર નીકળીને આસપાસ ખરેખરા શ્રમજીવીઓના સાદા જીવન તરફ નજર નાખતાંવેંત મને સમજાઈ ગયું કે એવું જીવન જ એકમાત્ર સાચું જીવન હતું. મને સમજાયું કે જો મારે જીવન અને તેનો અર્થ ખરેખરાં સમજવાં હોય, તો મારે પરોપજીવીનું નહીં પણ સાચું જીવન ગાળવું જોઈએ; સમગ્ર માનવજાતિ ખરેખર જેમની બનેલી છે તેઓનાં સંયુક્ત જીવન નિહાળતાં જીવનનો જે અર્થ દેખાય છે તે અર્થ સ્વીકારવો જોઈએ, ને તેની બારીક તપાસ કરી જોવી જોઈએ.

હું જે સમયની વાત કરું છું તે સમયે મારી સ્થિતિ આ પ્રમાણે હતી :

એ આખું વરસ, જ્યારે હું મારા મનને લગભગ પ્રતિક્ષણ પૂછતો હતો કે મારે દોરડાથી કે પિસ્તોલથી એ બધી વેદનાનો અંત આણવો કે નહીં, જે વખતે મારું મન મેં વર્ણવેલા વિચારોમાં ગરક થઈ ગયું હતું, તે વખતે મારા હૃદયને એક વેદના ઉપજાવનારી લાગણી પીડી રહી હતી. આ લાગણીને હું ઈશ્વરની શોધ સિવાય બીજું કોઈ નામ આપી શકતો નથી.

કોઈ ઈશ્વર માટેની આ શોધ તે મારી બુદ્ધિનો એક વ્યાપાર નહોતો, પણ એક લાગણી હતી; અને આ હું જાણીબૂજીને કહું છું, કેમકે એ

વસ્તુ મારી વિચારસરણીથી ઊલટી હતી. તે હૃદયમાંથી ઉદ્‌ભવી હતી. એ લાગણી ભયભીતપણાની, અથવા અનાથપણાની, મારાથી અળગી એવી સર્વ ચીજોની વચ્ચે એકલવાયાપણાની, અને કોકની તરફથી—કોની તરફથી એ હું નહોતો જાણતો—મદદ મળી રહેશે એવી આશાની, હતી.

મને યાદ છે કે એક દિવસ વસંતઋતુના આરંભકાળમાં હું વનમાં એકલો હતો, જંગલમાંથી ઊઠતા ધ્વનિઓ કાન દઈને સાંભળતો હતો, ને માત્ર એક જ વસ્તુનો વિચાર કરતો હતો—એ જ વસ્તુ જેનો વિચાર મેં એ વરસથી લાગલાગટ કર્યો હતો: હું ફરી પાછો ઈશ્વરને શોધવા મથતો હતો.

મેં મારા મનને કહ્યું:

"બહુ સારું, ઈશ્વર નથી, મારી પોતાની કલ્પનાઓથી સ્વતંત્ર, મારા પોતાના જીવન જેટલો ખરો, કોઈ ઈશ્વર નથી—એવો કોઈ ઈશ્વર ખસૂસ નથી. ઈશ્વર છે એમ કોઈ પણ વસ્તુ, કોઈ પણ ચમત્કાર, પુરવાર કરી શકે એમ નથી, કેમકે ચમત્કારો મારી પોતાની અબુદ્ધિજનિત કલ્પનાઓમાં જ હસ્તી ધરાવે છે."

પછી મેં મારા મનને પૂછ્યું:

"પણ હું જે ઈશ્વરને ખોળું છું તે ઈશ્વર વિષેની મારી જે કલ્પના છે, તે ક્યાંથી આવે છે?"

અને ફરી, આ વિચાર આવતાં, જીવનમાં હર્ષપૂર્ણ ઊર્મિઓ ઊછળવા લાગી. મારી આસપાસની સર્વ વસ્તુઓ પાછી સજીવન થવા લાગી, તેમાં નવો અર્થ દેખાવા લાગ્યો. પણ મારો આનંદ લાંબો ટક્યો નહિ. બુદ્ધિએ પોતાનું કામ ચાલુ રાખ્યું:

"ઈશ્વર વિષેની કલ્પના એ કંઈ ઈશ્વર નથી. કલ્પના તો મારા અંતરમાં ચાલતો એક વ્યાપાર છે; ઈશ્વર વિષેની કલ્પના એ એક એવી કલ્પના છે જે હું મારી મરજીમાં આવે તે પ્રમાણે

જગવી કે શમાવી શકું છું. એ વસ્તુ હું ખોળું છું તે નથી; જેના વિના જીવન શકય ન રહે એવી ચીજ નથી.

ફરી પાછી મારી આસપાસની ને મારી અંદરની સર્વ વસ્તુઓ મરી જતી દેખાવા લાગી, ને ફરી પાછો મને જીવ કાઢવાનો વિચાર આવવા માંડયો.

આ પછી, જે વ્યાપાર મારા અંતરમાં ચાલ્યો હતો — સેંકડો વખત જે ઉત્સાહ ને નિરુત્સાહની ભરતીઓટ આવેલી—તેનું હું પાછો વળીને અવલોકન કરવા લાગ્યો. મને યાદ આવ્યું કે મેં જ્યારે ઈશ્વરને માનેલો ત્યારે જ હું જીવ્યો હતો. જે સ્થિતિ પહેલાં હતી તે જ અત્યારે હતી; હું ઈશ્વરને યાદ કરું, તેને વિષે આસ્થા રાખું કે તરત જીવતો થતો; તેને ભૂલી જાઉં, તેને ન માનું કે તરત મરી જતો.

આ ઉત્સાહ ને નિરુત્સાહ એ શું હતું? ઈશ્વરના અસ્તિત્વ પરથી મારી શ્રદ્ધા ઊડી જાય છે ત્યારે હું જીવતો નથી રહેતો; તેને હું ખોળી શકીશ એવી ઝાંખી આશા મને ન હોત તો મેં ક્યારનો આપઘાત કર્યો હોત. મને જ્યારે ઈશ્વરનું ભાન હોય છે ને હું તેને ખોળું છું ત્યારે જ હું ખરેખર જીવું છું. "તો પછી એ ઉપરાંત વધારે હું શું ખોળું છું?" મારા અંતરમાંથી એક અવાજ પોકારી ઊઠયો: "આ જ એ છે — એ ઈશ્વર, જેના વિના જીવન શક્ય નથી. ઈશ્વરને જાણવો ને જીવવું એ એક જ વસ્તુ છે. ઈશ્વર એ જ જીવન છે."

ઈશ્વરને ખોળવાને જીવો; તો જીવન ઈશ્વર વિનાનું નહીં રહે. મારી અંદર અને આસપાસ હમેશના કરતાં વધારે વેગથી જીવનનો પ્રવાહ ચાલી રહ્યો; અને તે વખતે મારા અંતરમાં જે જ્યોતિ પ્રકાશ્યો તે ફરી કદી મને છોડી ગયો નહીં.

(૧૮૮૨)

અન્ય ઉપયોગી પુસ્તકો

આત્મકથા	૨-૦-૦
,, (હાથકાગળમાં)	૩-૦-૦
'નીતિનાશને માર્ગે'	૦-૮-૦
અનાસક્તિયોગ	૦-૪-૦
ગીતાબોધ	૦-૩-૦
ગીતાપદાર્થકોષ	૦-૪-૦
હિંદ સ્વરાજ	૦-૪-૦
ગાંધીવિચારદોહન	૦-૧૪-૦
ગીતામંથન	૨-૦-૦
મારી જીવનકથા	૪-૦-૦
ભારતસેવક ગોખલે	૧-૮-૦
હિંદુસ્તાનની ગરીબાઇ	૦-૧૪-૦
આપણો આર્થિક પ્રશ્ન	૧-૦-૦
ઇન્દુને પત્રો	૧-૪-૦
સ્વદેશી સમાજ	૦-૮-૦
મધપૂડો	૧-૦-૦
બાપુ	૦-૧૨-૦
શ્રીમદ્ ભાગવત	૧-૮-૦
સર્વોદયની જીવનકળા	૨-૦-૦
મનુષ્યની સર્વાંગીણ કેળવણી	૦-૧૪-૦
કેળવણીના પાયા	૧-૦-૦
ટૉલ્સ્ટૉય અને શિક્ષણ	૦-૮-૦
કન્યાને પત્રો	૦-૮-૦
ત્યારે કરીશું શું ?	૧-૦-૦
સહાયવૃત્તિ	૧-૪-૦
યંત્રની મર્યાદા	૦-૧૪-૦
નવલગ્રંથાવલિ	૨-૦-૦
ગાંધીજી	૦-૭-૦
સ્ત્રી-પુરુષ-મર્યાદા	૦-૧૨-૦

બે રૂપિયા